ૐ

અહો !

સર્વોત્કૃષ્ટ શાંત રસમય સન્માર્ગ—

અહો !

તે સર્વોત્કૃષ્ટ શાંત રસપ્રધાન માર્ગના

મૂળ સર્વજ્ઞદેવ :—

અહો !

તે સર્વોત્કૃષ્ટ શાંત રસ સુપ્રતીત કરાવ્યો

એવા પરમકૃપાળુ સદ્ગુરુદેવ—

આ વિશ્વમાં સર્વકાળ

તમે

જયવંત વર્તો, જયવંત વર્તો.

—શ્રીમદ્ રાજચંદ્ર (હાથનોંધ. ૩/૨૩)



# પૂજા સંચય

ૐ

## સ્નાત્ર પૂજા

(સ્નાત્ર પૂજાની વિધિ)

પ્રથમ ત્રણ ગઢને બદલે ત્રણ બાજોઠ મૂકીને ઉપલા બાજોઠને મધ્યભાગે કુમકુમનો સાથીયો કરવો, અને તેના આગળ કુમકુમના ચાર સાથિયા કરીને ઉપર અક્ષત નાખવાં તથા ફળ મૂકવાં, વચલા સાથિયા ઉપર રૂપાનાણું મૂકવું, ને ચારે સાથિયા ઉપર કળશ સ્થાપવા. તેમાં પંચામૃત કરી જળ ભરવું તથા વચલા સાથિયા ઉપર થાળ મૂકીને કેસરનો સાથિયો કરી, અક્ષત નાંખી, ફળ મૂકી, ત્રણ નવકાર ગણી પ્રભુને પધરાવવા. પછી બે સ્નાત્રીઆઓને ઊભા રાખીને ત્રણ નવકાર ગણાવવાં. પછી પ્રભુના જમણા પગના અંગૂઠે કળશમાંથી જળ રેડવું ને અંગલૂછણાં ત્રણ કરવાં. પછી કેસરથી પૂજા કરી હાથ ધૂપીને સ્નાત્રીઆના જમણા હાથમાં કેસરનો ચાંલ્લો કરવો. પછી કુસુમાંજલિ (ફૂલ) હોય તે હાથમાં આપવા. પ્રભુની જમણી બાજુએ એક દીપક કરવો તથા ડાબી બાજુએ ધૂપ મૂકવો. પછી નીચે પ્રમાણે કહેવું.

# ૧. પંડિત શ્રી દેવચંદ્રજી કૃત સ્નાત્રપૂજા

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(ઢાળ પહેલીઃ પાંખડી ગાથા)**

ચઉત્તીસે અતિશય જુઓ, વચનાતિશય જુત્ત;
સો પરમેસર દેખી ભવિ, સિંહાસણ સંપત્ત. ૧

(ઢાળ)

સિંહાસણ બેઠા જગભાણ, દેખી ભવિકજન ગુણમણિ ખાણ, જે દીઠે તુજ નિર્મળ નાણ, લહિયે પરમ મહોદય ઠાણ; કુસુમાંજલિ મેલો આદિજિણંદા, તોરાં ચરણકમળ સેવે ચોસઠ ઇંદા, ચોવીસ વૈરાગી, ચોવીસ સોભાગી, ચોવીસ જિણંદા;
કુસુમાંજલિ મેલો આદિજિણંદા. ૧

**(એમ કહી પ્રભુના ચરણે પૂજા કરીએ.)**

(ગાથા)

**જો નિયગુણ પજ્જવ રમ્યો, તસુ અનુભવ એગંત;**
**સુહ પુગ્ગલ આરોપતાં, જો તસુરંગ નિરત્ત. ૨**

(ઢાળ)

જો નિજ આતમ ગુણ આણંદી, પુગ્ગલ સંગે જેહ અફંદી, જે પરમેસર નિજ પદ લીન, પૂજો પ્રણમો ભવ્ય અદીન; કુસુમાંજલિ મેલો શાંતિજિણંદા, તોરાં ચરણકમળ સેવે ચોસઠ ઇંદા, ચોવીસ વૈરાગી, ચોવીસ સોભાગી, ચોવીસ જિણંદા;
કુસુમાંજલિ મેલો શાંતિજિણંદા. ૨

**(એમ કહી પ્રભુના જાનુએ પૂજા કરીએ.)**



(ગાથા)

**નિમ્મલ નાણ પયાસકર, નિમ્મલ ગુણ સંપન્ન;**
**નિમ્મલ ધમ્મોવએસ કર, સો પરમપ્પા ધન્ન. ૩**

(ઢાળ)

લોકાલોક પ્રકાશક નાણી, ભવિજન તારણ જેહની વાણી, પરમાનંદ તણી નીશાણી, તસુ ભગતે મુજ મતિ ઠહરાણી; કુસુમાંજલિ મેલો નેમિજિણંદા, તોરાં ચરણકમળ સેવે ચોસઠ ઇંદા, ચોવીસ વૈરાગી, ચોવીસ સોભાગી, ચોવીસ જિણંદા;
કુસુમાંજલિ મેલો નેમિજિણંદા. ૩

**(એમ કહી પ્રભુના બે હાથે પૂજા કરીએ.)**

(ગાથા)

**જે સિજ્જા સિજ્જંતિ જે, સિજ્જંસંતિ અણંત;**
**જસુ આલંબન ઠવિય મણ, સો સેવો અરિહંત. ૪**

(ઢાળ)

શિવસુખ કારણ જેહ ત્રિકાળે, સમપરિણામે જગત નિહાળે, ઉત્તમ સાધન માર્ગ દેખાડે, ઇંદ્રાદિક જસુ ચરણ પખાળે; કુસુમાંજલિ મેલો પાસજિણંદા, તોરાં ચરણકમળ સેવે ચોસઠ ઇંદા, ચોવીસ વૈરાગી, ચોવીસ સોભાગી, ચોવીસ જિણંદા;
કુસુમાંજલિ મેલો પાસજિણંદા. ૪

**(એમ કહી પ્રભુના બે ખભાએ પૂજા કરીએ.)**

(ગાથા)

**સમ્મદિટ્ઠી દેસ જય, સાહુ સાહુણી સાર;**
**આચારિજ ઉવજ્ઝાય મુણિ, જો નિમ્મલ આધાર. ૫**

(ઢાળ)

ચઉવિહ સંઘે જે મન ધાર્યું, મોક્ષતણું કારણ નિરધાર્યું,
વિવીહ કુસુમવર જાતિ ગહેવી, તસુ ચરણે પણમંત ઠવેવી;
કુસુમાંજલિ મેલો વીરજિણંદા, તોરાં ચરણકમળ સેવે ચોસઠ
ઇંદા, ચોવીસ વૈરાગી, ચોવીસ સોભાગી, ચોવીસ જિણંદા;
કુસુમાંજલિ મેલો વીરજિણંદા. ૫

**(એમ કહી પ્રભુના મસ્તકે પૂજા કરીએ.)**

(ઇતિ પાંખડી ગાથા)

**(પછી અક્ષત લેવા)**

(વસ્તુ છંદ)

**સયલ જિનવર સયલ જિનવર, નમિય મનરંગ,**
**કલ્લાણકવિહિ સંઘવિહ, કરિસ ધમ્મ સુપવિત્ત;**
**સુંદર સય ઈગસત્તરિ તિથ્થંકર, એકસમય વિહરંતિ મહિયલ,**
**ચ્યવન સમય ઇગ વીસ જિણ, જમ્મ સમય ઇગ વીસ;**
**ભત્તિય ભાવે પૂજીયા, કરો સંઘ સુજગીસ. ૧**

**(ઢાળ બીજી)**

(એક દિન અચિરા હુલરાવતી-એ દેશી.)

ભવ ત્રીજે સમકિત ગુણ રમ્યા, જિનભક્તિ પ્રમુખ ગુણ પરિણમ્યા;
તજી ઇંદ્રિય સુખ આશંસના, કરી સ્થાનક વીશની સેવના. ૧

અતિ રાગ પ્રશસ્ત પ્રભાવતા, મન ભાવના એહવી ભાવતા;
સવિ જીવ કરું શાસનરસી, ઇસી ભાવદયા મન ઉલ્લસી. ૨

લહી પરિણામ એહવું ભલું, નિપજાવી જિન પદ નિર્મલું;
આયુબંધ વચ્ચે એક ભવ કરી, શ્રદ્ધાસંવેગ તે થિર ધરી. ૩



ત્યાંથી ચવિય લહે નરભવ ઉદાર, ભરતે તેમ ઐરવતે જ સાર;
મહાવિદેહે વિજયે વર પ્રધાન, મધ્યખંડે અવતરે જિનનિધાન. ૪

**(ઢાળ ત્રીજી : સુપનાની)**

પુણ્યે સુપનહ દેખે, મનમાંહે હર્ષ વિશેષે;
ગજવર ઉજ્જ્વલ સુંદર, નિર્મલ વૃષભ મનોહર. ૧
નિર્ભય કેશરીસિંહ, લક્ષ્મી અતિહી અબીહ;
અનુપમ ફૂલની માળ, નિર્મળ શશી સુકુમાળ. ૨
તેજે તરણી અતિ દીપે, ઇંદ્રધ્વજા જગ ઝીંપે;
પૂરણ કળશ પંડૂર, પદ્મ સરોવર પૂર. ૩
અગ્યારમે રયણાયર, દેખે માતાજી ગુણસાયર;
બારમે ભુવનવિમાન, તેરમે અનુપમ રત્નનિધાન. ૪
અગ્નિશિખા નિરધૂમ, દેખે માતાજી અનુપમ;
હરખી રાયને ભાસે, રાજા અર્થ પ્રકાશે. ૫
જગપતિ જિનવર સુખકર, હોશે પુત્ર મનોહર;
ઇંદ્રાદિક જસુ નમશે, સકલ મનોરથ ફળશે. ૬

(વસ્તુ છંદ)

**પુણ્યઉદય, પુણ્યઉદય, ઉપના જિનનાહ;**
**માતા તવ રયણી સમે, દેખી સુપન હરખંતી જાગીય.**
**સુપન કહી નિજ કંતને, સુપન અરથ સાંભળો સોભાગીય;**
**ત્રિભુવન તિલક મહાગુણી, હોશે પુત્ર નિધાન.**
**ઇંદ્રાદિક જસુ પય નમી, કરશે સિદ્ધિ વિધાન. ૧**

**(ઢાળ ચોથી–ચંદ્રાવલીની દેશીમાં)**

સોહમપતિ આસન કંપીયો, દેઈ અવધિ મન આણંદીયો;
નિજ આતમ નિર્મલ કરણકાજ, ભવજળ તારણ પ્રગટ્યો જહાજ. ૧

ભવઅટવી પારગ સથ્થવાહ, કેવળ નાણાઈય ગુણ અગાહ;
શિવ સાધન ગુણ અંકુરો જેહ, કારણ ઊલટ્યો આષાઢી મેહ. ૨

હરખે વિકસી તવ રોમરાય, વલયાદિકમાં નિજ તનુ ન માય;
સિંહાસનથી ઊઠ્યો સુરિંદ, પ્રણમંતો જિન આનંદકંદ. ૩

સગ અડ પય સામો આવી તથ્થ, કરી અંજલીય પ્રણમીય મથ્થ;
મુખે ભાખે એ ક્ષણ આજ સાર, તિય લોય પહુ દીઠો ઉદાર. ૪

રે રે નિસુણો સુરલોય દેવ, વિષયાનલ તાપિત તુમ સવેવ;
તસુ શાંતિકરણ જળધર સમાન, મિથ્યા વિષ ચૂરણ ગરુડવાન. ૫

તે દેવ સકળ તારણ સમથ્થ, પ્રગટ્યો તસ પ્રણમી હુવો સનાથ;
એમ જંપી શક્રસ્તવ કરેવિ, તવ દેવ દેવી હરખે સુણેવિ. ૬

ગાવે તવ રંભા ગીત ગાન, સુરલોક હુવો મંગલ નિધાન;
નરક્ષેત્રે આરજવંશ ઠામ, જિનરાજ વધે સુર હર્ષ ધામ. ૭

પિતા માતા ઘરે ઉત્સવ અશેષ, જિનશાસન મંગલ અતિ વિશેષ;
સુરપતિ દેવાદિક હર્ષ સંગ, સંયમઅર્થી જનને ઉમંગ. ૮

શુભ વેળા લગને તીર્થનાથ, જનમ્યા ઇંદ્રાદિક હર્ષ સાથ;
સુખ પામ્યા ત્રિભુવન સર્વ જીવ, વધાઈ વધાઈ થઈ અતીવ. ૯

**(આ ઠેકાણે પ્રભુને અક્ષતથી વધાવવા.)**

**(પછી ત્રણ ખમાસમણ દઈ ડાબો ઢીંચણ ઊભો રાખી જમણો ઢીંચણ નીચે રાખીને બેસવું અને નીચે પ્રમાણે ચૈત્યવંદન કહેવું.)**

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ચૈત્યવંદન કરું? ॥ ઇચ્છં ॥

સકલકુશલવલ્લી પુષ્કરાવર્તમેઘો,
દુરિતતિમિરભાનુઃ કલ્પવૃક્ષોપમાનઃ



ભવજલનિધિપોતઃ સર્વસંપત્તિહેતુઃ
સ ભવતુ સતતં વઃ શ્રેયસે શાંતિનાથઃ
શ્રેયસે પાર્શ્વનાથઃ

## જગચિંતામણિ ચૈત્યવંદન સૂત્ર

જગચિંતામણિ! જગનાહ! જગગુરુ! જગરક્ખણ!
જગબંધવ! જગસત્થવાહ! જગભાવવિઅક્ખણ!
અટ્ઠાવય-સંઠવિય-રૂવ! કમ્મટ્ઠવિણાસણ!
ચઉવીસં પિ જિણવરા! જયંતુ અપ્પડિહય-સાસણ! ૧

કમ્મભૂમિહિં કમ્મભૂમિહિં, પઢમસંઘયણિ,
ઉક્કોસય સત્તરિસય, જિણવરાણ વિહરંત લબ્ભઇ,
નવકોડીહિં કેવલીણ, કોડિસહસ્સનવ સાહુ ગમ્મઇ.
સંપઇ જિણવર વીસ મુણિ, બિહું કોડિહિં વરનાણિ,
સમણહ કોડિસહસ્સદુઇ, થુણિજ્જઇ નિચ્ચ વિહાણિ. ૨

જયઉ સામિય! જયઉ સામિય! રિસહ! સત્તુંજિ,
ઉજ્જિંતે પહુ નેમિજિણ! જયઉ વીર! સચ્ચઉરીમંડણ!
ભરુઅચ્છહિં મુણિસુવ્વય! મહુરિ પાસ! દુહદુરિઅખંડણ,
અવર વિદેહિં તિત્થયરા, ચિહું દિસિ વિદિસિ જિં કે વિ;
તીઆણાગયસંપઇઅ, વંદું જિણ સવ્વે વિ. ૩

સત્તાણવઈ સહસ્સા, લક્ખા છપ્પન્ન અટ્ઠકોડીઓ;
બત્તીસય બાસિઆઇં, તિઅલોએ ચેઇએ વંદે. ૪

પન્નરસ કોડિસયાઇં, કોડિ બાયાલ લક્ખ અડવન્ના;
છત્તીસ સહસ અસીઇં, સાસયબિંબાઇં પણમામિ. ૫

## જં કિંચિ સૂત્ર

જં કિંચિ નામ તિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
જાઇં જિણબિંબાઇં, તાઇં સવ્વાઇં વંદામિ. ૧

---

## નમુત્થુણં વા શક્રસ્તવ સૂત્ર

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં; ૧
આઇગરાણં, તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં; ૨
પુરિસુત્તમાણં, પુરિસ-સીહાણં,
પુરિસવરપુંડરીઆણં પુરિસવરગંધહત્થીણં; ૩
લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિઆણં,
લોગપઇવાણં, લોગપજ્જોઅગરાણં; ૪
અભયદયાણં, ચક્ખુદયાણં, મગ્ગદયાણં,
સરણદયાણં, જીવદયાણં, બોહિદયાણં; ૫
ધમ્મદયાણં, ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં,
ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં,
દીવો તાણં સરણ ગઇ પઇટ્ઠા; ૬
અપ્પડિહયવરનાણદંસણધરાણં, વિયટ્ટછઉમાણં; ૭
જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં,
બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં; ૮
સવ્વન્નૂણં સવ્વદરિસીણં, સિવમયલમરુય-
મણંતમક્ખયમવ્વાબાહમપુણરાવિત્તિ સિદ્ધિગઇ-
નામધેયં, ઠાણં સંપત્તાણં, નમો જિણાણં, જિઅ-ભયાણં; ૯
જે અ અઇઆ સિદ્ધા, જે અ ભવિસ્સંતિ ણાગએ કાલે,
સંપઇ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦

---



## જાવંતિ ચેઇયાઇં સૂત્ર

જાવંતિ ચેઇયાઇં, ઉદ્ધે અ અહે અ તિરિઅલોએ અ;
સવ્વાઇં તાઇં વંદે, ઇહ સંતો તત્થ સંતાઇં. ૧

---

ઇચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ
મત્થએણ વંદામિ ।।

---

## જાવંત કે વિ સાહૂ સૂત્ર

જાવંત કે વિ સાહૂ, ભરહેરવય મહાવિદેહે અ;
સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડ વિરયાણં. ૧

---

## પંચપરમેષ્ઠી નમસ્કાર સૂત્ર

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

---

## ઉપસર્ગહર સ્તવન

ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મઘણમુક્કં;
વિસહર વિસનિન્નાસં, મંગલકલ્લાણઆવાસં. ૧
વિસહર ફુલિંગમંતં, કંઠે ધારેઇ જો સયા મણુઓ;
તસ્સ ગહરોગમારી, દુટ્ઠજરા જંતિ ઉવસામં. ૨
ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્ઝ પણામો વિ બહુફલો હોઇ;
નરતિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખદોગચ્ચં. ૩
તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણિ કપ્પપાયવબ્ભહિએ;
પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં. ૪
ઇઅ સંથુઓ મહાયસ ! ભત્તિભરનિબ્ભરેણ હિયએણ;
તા દેવ ! દિજ્જ બોહિં, ભવે ભવે પાસજિણચંદ ! ૫

---

## જયવીયરાય સૂત્ર

જય વીયરાય! જગગુરુ! હોઉ મમં તુહ પભાવઓ ભયવં!
ભવ-નિવ્વેઓ મગ્ગા-ણુસારિઆ ઇટ્ઠફલસિદ્ધિ. ૧
લોગ-વિરુદ્ધચ્ચાઓ, ગુરુજણપૂઆ પરત્થકરણં ચ;
સુહગુરુજોગો તવ્વયણ સેવણા આભવમખંડા. ૨

**(પછી હાથ ધોઈ લૂછી નાખવા, ને એક નવકાર ગણીને કળશને ધૂપ દઈ હાથમાં લઈને લૂગડું ઢાંકી નીચે પ્રમાણે કળશ કહેવો.)**

**(ઢાળ પાંચમી)**

(શ્રી શાન્તિજિનનો કળશ કહીશું, પ્રેમસાગર પૂર—એ દેશી.)

શ્રી તીરથપતિનું કળશ મજ્જન ગાઈએ સુખકાર,
નરખિત્ત મંડણ દુહ વિહંડણ, ભવિક મન આધાર;
તિહાં રાવ રાણા હર્ષ ઉત્સવ, થયો જગ જયકાર,
દિશિકુમરી અવધિ વિશેષ જાણી, લહ્યો હર્ષ અપાર. ૧

નિય અમર અમરી સંગ કુમરી, ગાવતી ગુણછંદ,
જિન જનની પાસે આવી પોહોતી, ગહગહતી આણંદ;
હે માય! તેં જિનરાજ જાયો, શુચિ વધાયો રમ્મ,
અમ જમ્મ નિમ્મલ કરણ કારણ, કરીશ સૂઈકમ્મ. ૨

**(આ ઠેકાણે દર્પણ દેખાડવું તથા ચામર વીંઝવો.)**

તિહાં ભૂમિશોધન, દીપ, દર્પણ, વાય વીંજણ ધાર,
તિહાં કરીય કદલીગેહ, જિનવર જનની મજ્જનકાર;
વરરાખડી જિન પાણિ બાંધી, દિયે એમ આશિષ,
જુગ કોડાકોડી ચિરંજીવો, ધર્મદાયક ઈશ. ૩



**(ઢાળ છઠ્ઠી : એકવીશાની)**

(જગનાયકજી ત્રિભુવન જન હિતકાર એ—એ દેશી)

જિણ રયણીજી, દશદિશિ ઉજ્જ્વલતા ધરે,
શુભ લગનેજી, જ્યોતિષ ચક્ર તે સંચરે;
જિન જનમ્યાજી, જેણે અવસર માતા ઘરે,
તેણે અવસરજી, ઇંદ્રાસન પણ થરહરે.

(ત્રુટક)

થરહરે આસન ઇંદ્ર ચિંતે, કોણ અવસર એ બન્યો,
જિન જન્મ ઉત્સવકાળ જાણી, અતિહી આનંદ ઊપન્યો;
નિજ સિદ્ધિ સંપત્તિ હેતુ જિનવર, જાણી ભક્તે ઉમ્મહ્યો,
વિકસિત વદન પ્રમોદ વધતે, દેવનાયક ગહગહ્યો. ૧

(ઢાળ)

**(આ ઠેકાણે ઘંટનાદ કરવો.)**

તવ સુરપતિજી, ઘંટાનાદ કરાવ એ,
સુરલોકેજી, ઘોષણા એહ દેવરાવ એ;
નરક્ષેત્રેજી, જિનવર જન્મ હુઓ અછે,
તસુ ભગતેજી, સુરપતિ મંદરગિરિ ગછે.

(ત્રુટક)

ગચ્છેતિ મંદર-શિખર ઉપર, ભુવન જીવન જિન તણો,
જિન જન્મઉત્સવ કરણ કારણ, આવજો સવિ સુરગણો;
તમ શુદ્ધ સમકિત થાશે નિર્મલ, દેવાધિદેવ નિહાળતાં,
આપણાં પાતિક સર્વ જાશે, નાથ ચરણ પખાળતાં. ૨

**(આ ઠેકાણે પ્રભુના ચરણને પખાળવાં.)**

(ઢાળ)

એમ સાંભળીજી, સુરવર કોડી બહુ મલી,
જિન વંદનજી, મંદરગિરિ સામા ચલી;

સોહમપતિજી, જિનજનની ઘર આવિયા,
જિનમાતાજી, વંદી સ્વામી વધાવિયા.

**(આ ઠેકાણે પ્રભુને અક્ષતથી વધાવવા.)**

(ત્રુટક)

વધાવિયા જિન હર્ષ બહુલે, ધન્ય હું કૃતપુણ્ય એ,
ત્રૈલોક્યનાયક દેવ દીઠો, મુજ સમો કોણ અન્ય એ;
હે જગત જનની! પુત્ર તુમચો, મેરુ મજ્જન વર કરી,
ઉત્સંગ તુમચે વલીય થાપીશ, આતમા પુણ્યે ભરી. ૩

(ઢાળ)

સુર નાયકજી, જિન નિજ કરકમલે ઠવ્યા,
પંચ રૂપેજી, અતિશે મહિમાએ સ્તવ્યા;
નાટક વિધિજી, તવ બત્રીશ આગળ વહે,
સુર કોડીજી, જિન દર્શનને ઉમ્મહે.

(ત્રુટક)

સુર કોડાકોડી નાચતી વળી, નાથ શુચિ ગુણ ગાવતી,
અપ્સરા કોડી હાથ જોડી, હાવ ભાવ દેખાવતી;
જયો જયો તું જિનરાજ જગગુરુ, એમ દે આશિષ એ,
અમ્હ ત્રાણ શરણ આધાર જીવન, એક તું જગદીશ એ. ૪

(ઢાળ)

સુર ગિરિવરજી, પાંડુક વનમેં ચિહું દિશે,
ગિરિશિલા પરજી, સિંહાસન સાસય વસે;
તિહાં આણીજી, શક્રે જિન ખોળે ગ્રહ્યા,
ચૌસઠ્ઠેજી, તિહાં સુરપતિ આવી રહ્યા.



(ત્રુટક)

આવિયા સુરપતિ સર્વ ભક્તે, કળશ શ્રેણી બનાવ એ,
સિધ્દ્ધાર્થ પમુહા તીર્થ ઔષધિ, સર્વ વસ્તુ અણાવ એ;
અચ્ચુઅપતિ તિહાં હુકમ કીનો, દેવ કોડાકોડીને,
જિન મજ્જનારથ નીર લાવો, સવે સુર કર જોડીને. ૫

**(ઢાળ સાતમી)**

(શાંતિને કારણે ઇંદ્ર કળશા ભરે—એ દેશી)

આત્મસાધન રસી દેવ કોડી હસી,
ઉલ્લસીને ધસી ક્ષીરસાગર દિશી;
પઉમદહ આદિ દહ ગંગ પમુહા નઈ,
તીર્થજળ અમલ લેવા ભણી તે ગઈ. ૧

જાતિ અડ કળશ કરી સહસ અટ્ઠોતરા,
છત્ર ચામર સિંહાસણ શુભતરા;
ઉપગરણ પુપ્ફ ચંગેરી પમુહા સવે,
આગમે ભાષિયા તેમ આણી ઠવે. ૨

તીર્થજળ ભરિય કર કળશ કરી દેવતા,
ગાવતા ભાવતા ધર્મ ઉન્નતિરતા;
તિરિય નર અમરને હર્ષ ઉપજાવતા,
ધન્ય અમ શક્તિ શુચિ ભક્તિ એમ ભાવતા. ૩

સમકિતબીજ નિજ આત્મ આરોપતા,
કળશ પાણી મિષે ભક્તિજળ સીંચતા;
મેરુ સિહરોવરે સર્વ આવ્યા વહી,
શક્ર ઉત્સંગ જિન દેખી મન ગહગહી. ૪

(વસ્તુછંદ)

**હંહો દેવા હંહો દેવા અણાઇ કાલો,**
**અદિટ્ઠ પુવ્વો તિલોયતારણો તિલોય બંધુ,**
**મિચ્છત્તમોહવિદ્ધંસણો અણાઇ તિન્હા વિણાસણો,**
**દેવાહિદેવો દિટ્ઠ બોહિય કામેહિં. ૫**

(ઢાળ)

એમ પભણંત વણ ભવણ જોઈસરા,
દેવ વેમાણિયા ભત્તિ ધમ્માયરા;
કેવિ કપ્પટ્ટિયા કેવિ મિત્તાણુગા,
કેવિ વર રમણી વયણેણ અઈ ઉચ્છુગા. ૬

(વસ્તુછંદ)

**તત્થ અચ્ચુય તત્થ અચ્ચુય ઇંદ આદેસ,**
**કર જોડી સવિ દેવગણ, લેય કલશ આદેસ પામિય;**
**અદ્‌ભુત રૂપ સરૂપ જુએ, કવણ એહ ઉત્સંગે સામિય.**

(ગાથા)

ઇંદ્ર કહે જગતારણો, પારગ અમ પરમેસ;
નાયક દાયક ધમ્મનિહિ, કરિયે તસુ અભિસેસ. ૭

**(એમ કહી કળશમાંથી અડધું જળ**
**નામતા સુધી નીચે પ્રમાણે કહેવું.)**

**(ઢાળ આઠમી)**

(તીર્થ કમલદલ ઉદક ભરીને પુષ્કર સાગર આવે—એ દેશી)

પૂરણ કળશ શુચિ ઉદકની ધારા, જિનવર અંગે નામે,
આતમ નિર્મલ ભાવ કરંતા, વધતે શુભ પરિણામે;



અચ્યુતાદિક સુરપતિ મજ્જન, લોકપાલ લોકાંત,
સામાનિક ઇંદ્રાણી પમુહા, એમ અભિષેક કરંત. ૧

(ગાહા)

**તવ ઇસાણ સુરિંદો, સક્કં પભણેઈ, કરઈ સુપસાઓ;**
**તુમ અંકે મહન્નાહો, પણમિત્તં અમ્હ અપ્પેહ. ૨**

**તા સકિંદો પભણેઈ, સાહમી વચ્છલંમિ બહુ લાહો;**
**આણા એવં તેણં, ગિન્હિહવ્વો ઉક્કયથ્થાભો. ૩**

**(એમ કહી સર્વ સ્નાત્રીઆ કળશ ઢોળે**
**અને મુખથી નીચે પ્રમાણે પાઠ કહે.)**

(ઢાળ)

સોહમ સુરપતિ વૃષભરૂપ કરી, ન્હવણ કરે પ્રભુ અંગ,
કરિય વિલેપણ પુષ્ફમાલ ઠવિ, વર આભરણ અભંગ;
તવ સુરવર બહુ જય જયરવ કરી, નાચે ધરી આનંદ,
મોક્ષમાર્ગ સારથપતિ પામ્યો, ભાંજશું હવે ભવફંદ. ૪

કોડી બત્રીશ સોવન ઉવારી, વાજંતે વરનાદે,
સુરપતિ સંઘ અમર શ્રી પ્રભુને, જનનીને સુપ્રસાદે;
આણી થાપી એમ પયંપે, અમ નિસ્તરિયા આજ,
પુત્ર તમારો ધણી અમારો, તારણ તરણ જહાજ. ૫

માત જતન કરી રાખજો એહને, તુમ સુત અમ આધાર,
સુરપતિ ભક્તિ સહિત નંદીશ્વર, કરે જિનભક્તિ ઉદાર;
નિય નિય કપ્પ ગયા સવિ નિર્જર, કહેતાં પ્રભુ ગુણસાર,
દીક્ષા કેવળજ્ઞાન કલ્યાણક, ઇચ્છા ચિત્ત મઝાર. ૬

ખરતરગચ્છ જિન આણારંગી, રાજસાગર ઉવઝાય,
જ્ઞાનધર્મ દીપચંદ સુપાઠક, સુગુરુતણે સુપસાય;
દેવચંદ્ર જિનભક્તે ગાયો, જન્મ મહોત્સવ છંદ,
બોધબીજ અંકુરો ઊલસ્યો, સંઘ સકલ આનંદ. ૭

**(અત્રે 'ક્ષમાપના'નો પાઠ જે પૃષ્ઠ ૨૭૯ પર છે તે બોલવો.)**

## કળશ

(રાગ — વેલાવલ)

એમ પૂજા ભક્તે કરો, આતમહિત કાજ;
તજિય વિભાવ નિજ ભાવમેં, રમતા શિવરાજ. એમ૦૧

કાળ અનંતે જે હુઆ, હોશે જેહ જિણંદ;
સંપય સીમંધર પ્રભુ, કેવળનાણ દિણંદ. એમ૦૨

જન્મમહોત્સવ એણી પરે, શ્રાવક રુચિવંત;
વિરચે જિન પ્રતિમા તણો, અનુમોદન ખંત. એમ૦૩

દેવચંદ્ર જિન પૂજના, કરતાં ભવ પાર;
જિનપડિમા જિન સારખી, કહી સૂત્ર મઝાર. એમ૦૪

**(પછી પ્રભુજીને શુદ્ધ જળથી પખાળ કરી, અંગલૂહણા ત્રણ કરી, કેસર-ચંદનથી પૂજા કરી, પુષ્પ ચડાવી, ધૂપ કરી, અક્ષત, ફળ, નૈવેદ્ય મૂકી આરતી તથા મંગળ દીવો ઉતારવો.)**

( આરતી તેમજ મંગળ દીવા માટે પૃષ્ઠ ૧૦૯ અને ૧૧૦ જુઓ )

**(ઇતિ પંડિત શ્રી દેવચંદ્રજી કૃત સ્નાત્રપૂજા સમાસ)**

---



પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્ર કૃત

# ૨. શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત. ૧

વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ;
વિચારવા આત્માર્થીને, ભાખ્યો અત્ર અગોપ્ય. ૨

કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ;
માને મારગ મોક્ષનો, કરુણા ઊપજે જોઈ. ૩

બાહ્ય ક્રિયામાં રાચતાં, અંતર્ભેદ ન કાંઈ;
જ્ઞાનમાર્ગ નિષેધતાં, તેહ ક્રિયાજડ આંઈ. ૪

બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણી માંહિ;
વર્તે મોહાવેશમાં, શુષ્કજ્ઞાની તે આંહિ. ૫

વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન;
તેમ જ આતમજ્ઞાનની, પ્રાપ્તિતણાં નિદાન. ૬

ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજભાન. ૭

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ. ૮

સેવે સદ્ગુરુચરણને, ત્યાગી દઈ નિજપક્ષ;
પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ. ૯

આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ;
અપૂર્વ વાણી પરમશ્રુત, સદ્ગુરુ લક્ષણ યોગ્ય.૧૦

પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર;
એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર.૧૧

સદ્‌ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;
સમજ્યાવણ ઉપકાર શો? સમજ્યે જિનસ્વરૂપ.૧૨

આત્માદિ અસ્તિત્વનાં, જેહ નિરૂપક શાસ્ત્ર;
પ્રત્યક્ષ સદ્‌ગુરુયોગ નહિ, ત્યાં આધાર સુપાત્ર.૧૩

અથવા સદ્‌ગુરુએ કહ્યાં, જે અવગાહન કાજ;
તે તે નિત્ય વિચારવાં, કરી મતાંતર ત્યાજ.૧૪

રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ;
પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ.૧૫

પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગથી, સ્વચ્છંદ તે રોકાય;
અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય.૧૬

સ્વચ્છંદ મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુલક્ષ;
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ.૧૭

માનાદિક શત્રુ મહા, નિજછંદે ન મરાય;
જાતાં સદ્‌ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય.૧૮

જે સદ્‌ગુરુ ઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન;
ગુરુ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન.૧૯

એવો માર્ગ વિનય તણો, ભાખ્યો શ્રી વીતરાગ;
મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય.૨૦

અસદ્‌ગુરુ એ વિનયનો, લાભ લહે જો કાંઈ;
મહામોહનીય કર્મથી, બૂડે ભવજળ માંહી.૨૧



હોય મુમુક્ષુ જીવ તે, સમજે એહ વિચાર;
હોય મતાર્થી જીવ તે, અવળો લે નિર્ધાર.૨૨

હોય મતાર્થી તેહને, થાય ન આતમલક્ષ;
તેહ મતાર્થી લક્ષણો, અહીં કહ્યાં નિર્પક્ષ.૨૩

## મતાર્થી-લક્ષણ

બાહ્યત્યાગ પણ જ્ઞાન નહિ, તે માને ગુરુ સત્ય;
અથવા નિજકુળધર્મના, તે ગુરુમાં જ મમત્વ.૨૪

જે જિનદેહપ્રમાણ ને, સમવસરણાદિ સિદ્ધિ;
વર્ણન સમજે જિનનું, રોકી રહે નિજ બુદ્ધિ.૨૫

પ્રત્યક્ષ સદ્‌ગુરુયોગમાં, વર્તે દૃષ્ટિ વિમુખ;
અસદ્‌ગુરુને દૃઢ કરે, નિજમાનાર્થે મુખ્ય.૨૬

દેવાદિ ગતિ ભંગમાં, જે સમજે શ્રુતજ્ઞાન;
માને નિજ મત વેષનો, આગ્રહ મુક્તિ નિદાન.૨૭

લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન;
ગ્રહે નહીં પરમાર્થને, લેવા લૌકિક માન.૨૮

અથવા નિશ્ચયનય ગ્રહે, માત્ર શબ્દની માંય;
લોપે સદ્‌વ્યવહારને, સાધન રહિત થાય.૨૯

જ્ઞાનદશા પામે નહીં, સાધનદશા ન કાંઈ;
પામે તેનો સંગ જે, તે બૂડે ભવ માંહિ.૩૦

એ પણ જીવ મતાર્થમાં, નિજ માનાદિ કાજ;
પામે નહિ પરમાર્થને, અન-અધિકારીમાં જ.૩૧

નહિ કષાય ઉપશાંતતા, નહિ અંતર વૈરાગ્ય;
સરળપણું ન મધ્યસ્થતા, એ મતાર્થી દુર્ભાગ્ય.૩૨

લક્ષણ કહ્યાં મતાર્થીનાં, મતાર્થ જાવા કાજ;
હવે કહું આત્માર્થીનાં, આત્મ-અર્થ સુખસાજ.૩૩

**આત્માર્થી-લક્ષણ**

આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય;
બાકી કુળગુરુ કલ્પના, આત્માર્થી નહિ જોય.૩૪
પ્રત્યક્ષ સદ્‌ગુરુપ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર;
ત્રણે યોગ એકત્વથી, વર્તે આજ્ઞાધાર.૩૫
એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ;
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત.૩૬
એમ વિચારી અંતરે, શોધે સદ્‌ગુરુ યોગ;
કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ.૩૭
કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ.૩૮
દશા ન એવી જ્યાં સુધી, જીવ લહે નહિ જોગ;
મોક્ષમાર્ગ પામે નહીં, મટે ન અંતર રોગ.૩૯
આવે જ્યાં એવી દશા, સદ્‌ગુરુબોધ સુહાય;
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય.૪૦
જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;
જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ.૪૧
ઊપજે તે સુવિચારણા, મોક્ષમાર્ગ સમજાય;
ગુરુશિષ્ય સંવાદથી, ભાખું ષટ્‌પદ આંહી.૪૨

**ષટ્‌પદનામકથન**

'આત્મા છે', 'તે નિત્ય છે', 'છે કર્ત્તા નિજકર્મ';
'છે ભોક્તા' વળી 'મોક્ષ છે','મોક્ષ ઉપાય સુધર્મ'.૪૩



ષટ્‌સ્થાનક સંક્ષેપમાં, ષટ્‌દર્શન પણ તેહ;
સમજાવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનીએ એહ.૪૪

**શંકા—શિષ્ય ઉવાચ**

આત્માના હોવાપણારૂપ પ્રથમ સ્થાનકની શિષ્ય શંકા કહે છેઃ-

નથી દૃષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ;
બીજો પણ અનુભવ નહીં, તેથી ન જીવસ્વરૂપ.૪૫
અથવા દેહ જ આતમા, અથવા ઇંદ્રિય પ્રાણ;
મિથ્યા જુદો માનવો, નહીં જુદું એંધાણ.૪૬
વળી જો આત્મા હોય તો, જણાય તે નહિ કેમ?
જણાય જો તે હોય તો, ઘટ પટ આદિ જેમ.૪૭
માટે છે નહિ આતમા, મિથ્યા મોક્ષ ઉપાય;
એ અંતર શંકા તણો, સમજાવો સદુપાય.૪૮

**સમાધાન—સદ્‌ગુરુ ઉવાચ**

આત્મા છે, એમ સદ્‌ગુરુ સમાધાન કરે છેઃ-

ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;
પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન.૪૯
ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;
પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન.૫૦
જે દ્રષ્ટા છે દૃષ્ટિનો, જે જાણે છે રૂપ;
અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ.૫૧
છે ઇંદ્રિય પ્રત્યેકને, નિજ નિજ વિષયનું જ્ઞાન;
પાંચ ઇન્દ્રીના વિષયનું, પણ આત્માને ભાન.૫૨
દેહ ન જાણે તેહને, જાણે ન ઇંદ્રી, પ્રાણ;
આત્માની સત્તા વડે, તેહ પ્રવર્તે જાણ.૫૩

સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય;
પ્રગટરૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય.૫૪

ઘટ, પટ આદિ જાણ તું, તેથી તેને માન;
જાણનાર તે માન નહિ, કહીએ કેવું જ્ઞાન?૫૫

પરમ બુદ્ધિ કૃશ દેહમાં, સ્થૂળ દેહ મતિ અલ્પ;
દેહ હોય જો આતમા, ઘટે ન આમ વિકલ્પ.૫૬

જડ ચેતનનો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ;
એકપણું પામે નહીં, ત્રણે કાળ દ્વયભાવ.૫૭

આત્માની શંકા કરે, આત્મા પોતે આપ;
શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ.૫૮

**શંકા—શિષ્ય ઉવાચ**

આત્મા નિત્ય નથી, એમ શિષ્ય કહે છે:-

આત્માના અસ્તિત્વના, આપે કહ્યા પ્રકાર;
સંભવ તેનો થાય છે, અંતર કર્યે વિચાર.૫૯

બીજી શંકા થાય ત્યાં, આત્મા નહિ અવિનાશ;
દેહયોગથી ઊપજે, દેહવિયોગે નાશ.૬૦

અથવા વસ્તુ ક્ષણિક છે, ક્ષણે ક્ષણે પલટાય;
એ અનુભવથી પણ નહીં, આત્મા નિત્ય જણાય.૬૧

**સમાધાન—સદ્ગુરુ ઉવાચ**

આત્મા નિત્ય છે, એમ સદ્ગુરુ સમાધાન કરે છે:-

દેહ માત્ર સંયોગ છે, વળી જડ રૂપી દૃશ્ય;
ચેતનનાં ઉત્પત્તિ લય, કોના અનુભવ વશ્ય?૬૨



જેના અનુભવ વશ્ય એ, ઉત્પન્ન લયનું જ્ઞાન;
તે તેથી જુદા વિના, થાય ન કેમે ભાન.૬૩

જે સંયોગો દેખિયે, તે તે અનુભવ દૃશ્ય;
ઊપજે નહિ સંયોગથી, આત્મા નિત્ય પ્રત્યક્ષ.૬૪

જડથી ચેતન ઊપજે, ચેતનથી જડ થાય;
એવો અનુભવ કોઈને, ક્યારે કદી ન થાય.૬૫

કોઈ સંયોગોથી નહિ, જેની ઉત્પત્તિ થાય;
નાશ ન તેનો કોઈમાં, તેથી નિત્ય સદાય.૬૬

ક્રોધાદિ તરતમ્યતા, સર્પાદિકની માંય;
પૂર્વજન્મ સંસ્કાર તે, જીવનિત્યતા ત્યાંય.૬૭

આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય;
બાળાદિ વય ત્રણ્યનું, જ્ઞાન એકને થાય.૬૮

અથવા જ્ઞાન ક્ષણિકનું, જે જાણી વદનાર;
વદનારો તે ક્ષણિક નહિ, કર અનુભવ નિર્ધાર.૬૯

ક્યારે કોઈ વસ્તુનો, કેવળ હોય ન નાશ;
ચેતન પામે નાશ તો, કેમાં ભળે તપાસ.૭૦

**શંકા—શિષ્ય ઉવાચ**

આત્મા કર્મનો કર્તા નથી, એમ શિષ્ય કહે છે:-

કર્ત્તા જીવ ન કર્મનો, કર્મ જ કર્ત્તા કર્મ;
અથવા સહજ સ્વભાવ કાં, કર્મ જીવનો ધર્મ.૭૧

આત્મા સદા અસંગ ને, કરે પ્રકૃતિ બંધ;
અથવા ઈશ્વર પ્રેરણા, તેથી જીવ અબંધ.૭૨

માટે મોક્ષ ઉપાયનો, કોઈ ન હેતુ જણાય;
કર્મતણું કર્ત્તાપણું, કાં નહિ, કાં નહિ જાય.૭૩

**સમાધાન—સદ્‌ગુરુ ઉવાચ**

કર્મનું કર્તાપણું આત્માને જે પ્રકારે છે તે પ્રકારે
સદ્‌ગુરુ સમાધાન કરે છે :-

હોય ન ચેતન પ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ?
જડસ્વભાવ નહિ પ્રેરણા, જુઓ વિચારી ધર્મ.૭૪

જો ચેતન કરતું નથી, નથી થતાં તો કર્મ;
તેથી સહજ સ્વભાવ નહિ, તેમ જ નહિ જીવધર્મ.૭૫

કેવળ હોત અસંગ જો, ભાસત તને ન કેમ?
અસંગ છે પરમાર્થથી, પણ નિજભાને તેમ.૭૬

કર્ત્તા ઈશ્વર કોઈ નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ;
અથવા પ્રેરક તે ગણ્યે, ઈશ્વર દોષ પ્રભાવ.૭૭

ચેતન જો નિજ ભાનમાં, કર્ત્તા આપ સ્વભાવ;
વર્તે નહિ નિજ ભાનમાં, કર્ત્તા કર્મ-પ્રભાવ.૭૮

**શંકા—શિષ્ય ઉવાચ**

તે કર્મનું ભોક્તાપણું જીવને નહીં હોય? એમ શિષ્ય કહે છે :-

જીવ કર્મ કર્ત્તા કહો, પણ ભોક્તા નહિ સોય;
શું સમજે જડ કર્મ કે, ફળ પરિણામી હોય?૭૯

ફળદાતા ઈશ્વર ગણ્યે, ભોક્તાપણું સધાય;
એમ કહ્યે ઈશ્વરતણું, ઈશ્વરપણું જ જાય.૮૦

ઈશ્વર સિદ્ધ થયા વિના, જગત નિયમ નહિ હોય;
પછી શુભાશુભ કર્મનાં, ભોગ્યસ્થાન નહિ કોય.૮૧



**સમાધાન—સદ્‌ગુરુ ઉવાચ**

જીવને પોતાનાં કરેલાં કર્મનું ભોક્તાપણું છે,
એમ સદ્‌ગુરુ સમાધાન કરે છે :-

ભાવકર્મ નિજ કલ્પના, માટે ચેતનરૂપ;
જીવવીર્યની સ્ફુરણા, ગ્રહણ કરે જડધૂપ.૮૨

ઝેર સુધા સમજે નહીં, જીવ ખાય ફળ થાય;
એમ શુભાશુભ કર્મનું, ભોક્તાપણું જણાય.૮૩

એક રાંક ને એક નૃપ, એ આદિ જે ભેદ;
કારણ વિના ન કાર્ય તે, તે જ શુભાશુભ વેદ્ય.૮૪

ફળદાતા ઈશ્વરતણી, એમાં નથી જરૂર;
કર્મ સ્વભાવે પરિણમે, થાય ભોગથી દૂર.૮૫

તે તે ભોગ્ય વિશેષનાં, સ્થાનક દ્રવ્ય સ્વભાવ;
ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ.૮૬

**શંકા—શિષ્ય ઉવાચ**

જીવનો તે કર્મથી મોક્ષ નથી, એમ શિષ્ય કહે છે :-

કર્ત્તા ભોક્તા જીવ હો, પણ તેનો નહિ મોક્ષ;
વીત્યો કાળ અનંત પણ, વર્તમાન છે દોષ.૮૭

શુભ કરે ફળ ભોગવે, દેવાદિ ગતિ માંય;
અશુભ કરે નરકાદિ ફળ, કર્મરહિત ન ક્યાંય.૮૮

**સમાધાન—સદ્‌ગુરુ ઉવાચ**

તે કર્મથી જીવનો મોક્ષ થઈ શકે છે, એમ
સદ્‌ગુરુ સમાધાન કરે છે :-

જેમ શુભાશુભ કર્મપદ, જાણ્યાં સફળ પ્રમાણ;
તેમ નિવૃત્તિ સફળતા, માટે મોક્ષ સુજાણ.૮૯

વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ;
તેહ શુભાશુભ છેદતાં, ઊપજે મોક્ષ સ્વભાવ.૯૦

દેહાદિક સંયોગનો, આત્યંતિક વિયોગ;
સિદ્ધ મોક્ષ શાશ્વત પદે, નિજ અનંત સુખભોગ.૯૧

### શંકા—શિષ્ય ઉવાચ

મોક્ષનો ઉપાય નથી, એમ શિષ્ય કહે છે :-

હોય કદાપિ મોક્ષપદ, નહિ અવિરોધ ઉપાય;
કર્મો કાળ અનંતનાં, શાથી છેદ્યાં જાય?૯૨

અથવા મત દર્શન ઘણાં, કહે ઉપાય અનેક;
તેમાં મત સાચો કયો, બને ન એહ વિવેક.૯૩

કઈ જાતિમાં મોક્ષ છે, કયા વેષમાં મોક્ષ;
એનો નિશ્ચય ના બને, ઘણા ભેદ એ દોષ.૯૪

તેથી એમ જણાય છે, મળે ન મોક્ષ ઉપાય;
જીવાદિ જાણ્યા તણો, શો ઉપકાર જ થાય?૯૫

પાંચે ઉત્તરથી થયું, સમાધાન સર્વાંગ;
સમજું મોક્ષ ઉપાય તો, ઉદય ઉદય સદ્ભાગ્ય.૯૬

### સમાધાન—સદ્ગુરુ ઉવાચ

મોક્ષનો ઉપાય છે, એમ સદ્ગુરુ સમાધાન કરે છે :-

પાંચે ઉત્તરની થઈ, આત્મા વિષે પ્રતીત;
થાશે મોક્ષોપાયની, સહજ પ્રતીત એ રીત.૯૭

કર્મભાવ અજ્ઞાન છે, મોક્ષભાવ નિજવાસ;
અંધકાર અજ્ઞાન સમ, નાશે જ્ઞાનપ્રકાશ.૯૮



જે જે કારણ બંધનાં, તેહ બંધનો પંથ;
તે કારણ છેદક દશા, મોક્ષપંથ ભવઅંત.૯૯

રાગ, દ્વેષ, અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ.૧૦૦

આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસ રહિત;
જેથી કેવળ પામિયે, મોક્ષપંથ તે રીત.૧૦૧

કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્યે આઠ;
તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહું પાઠ.૧૦૨

કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ;
હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ.૧૦૩

કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ;
પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમાં શો સંદેહ?૧૦૪

છોડી મત દર્શન તણો, આગ્રહ તેમ વિકલ્પ;
કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ.૧૦૫

ષટ્પદનાં ષટ્પ્રશ્ન તેં, પૂછ્યાં કરી વિચાર;
તે પદની સર્વાંગતા, મોક્ષમાર્ગ નિર્ધાર.૧૦૬

જાતિ, વેષનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય;
સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય.૧૦૭

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ-અભિલાષ;
ભવે ખેદ અંતર દયા, તે કહિયે જિજ્ઞાસ.૧૦૮

તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્ગુરુ બોધ;
તો પામે સમકિતને, વર્તે અંતર શોધ.૧૦૯

મત દર્શન આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુ લક્ષ;
લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ.૧૧૦

વર્તે નિજ સ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત;
વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકિત.૧૧૧

વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યાભાસ;
ઉદય થાય ચારિત્રનો, વીતરાગપદ વાસ.૧૧૨

કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;
કહીંએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ.૧૧૩

કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય;
તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય.૧૧૪

છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્ત્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ.૧૧૫

એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષ સ્વરૂપ;
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ.૧૧૬

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહીંએ કેટલું? કર વિચાર તો પામ.૧૧૭

નિશ્ચય સર્વે જ્ઞાનીનો, આવી અત્ર સમાય;
ધરી મૌનતા એમ કહીં, સહજસમાધિ માંય.૧૧૮

## શિષ્ય-બોધબીજપ્રાપ્તિકથન

સદ્‌ગુરુના ઉપદેશથી, આવ્યું અપૂર્વ ભાન;
નિજપદ નિજમાંહી લહ્યું, દૂર થયું અજ્ઞાન.૧૧૯



ભાસ્યું નિજસ્વરૂપ તે, શુદ્ધ ચેતનારૂપ;
અજર અમર અવિનાશી ને, દેહાતીત સ્વરૂપ.૧૨૦

કર્ત્તા ભોક્તા કર્મનો, વિભાવ વર્તે જ્યાંય;
વૃત્તિ વહી નિજભાવમાં, થયો અકર્ત્તા ત્યાંય.૧૨૧

અથવા નિજપરિણામ જે, શુદ્ધ ચેતનારૂપ;
કર્ત્તા ભોક્તા તેહનો, નિર્વિકલ્પ સ્વરૂપ.૧૨૨

મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ.૧૨૩

અહો! અહો! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર.૧૨૪

શું પ્રભુચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન.૧૨૫

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ, દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન.૧૨૬

ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાન થકી તરવારવત્, એ ઉપકાર અમાપ.૧૨૭

## ઉપસંહાર

દર્શન ષટે સમાય છે, આ ષટ્ સ્થાનક માંહી;
વિચારતાં વિસ્તારથી, સંશય રહે ન કાંઈ.૧૨૮

આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુઆજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.૧૨૯

જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;
ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ.૧૩૦

નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવાં નો'ય;
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય.૧૩૧

નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ;
એકાંતે વ્યવહાર નહિ, બન્ને સાથ રહેલ.૧૩૨

ગચ્છમતની જે કલ્પના, તે નહિ સદ્વ્યવહાર;
ભાન નહીં નિજરૂપનું, તે નિશ્ચય નહિ સાર.૧૩૩

આગળ જ્ઞાની થઈ ગયા, વર્તમાનમાં હોય;
થાશે કાળ ભવિષ્યમાં, માર્ગભેદ નહિ કોય.૧૩૪

સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય;
સદ્ગુરુઆજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય.૧૩૫

ઉપાદાનનું નામ લઈ, એ જે તજે નિમિત્ત;
પામે નહિ સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત.૧૩૬

મુખથી જ્ઞાન કથે અને, અંતર્ છૂટ્યો ન મોહ;
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ.૧૩૭

દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય;
હોય મુમુક્ષુ ઘટ વિષે, એહ સદાય સુજાગ્ય.૧૩૮

મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત;
તે કહીએ જ્ઞાનીદશા, બાકી કહીએ ભ્રાંત.૧૩૯

સકળ જગત તે એઠવત્, અથવા સ્વપ્ન સમાન;
તે કહીએ જ્ઞાનીદશા, બાકી વાચાજ્ઞાન.૧૪૦



સ્થાનક પાંચ વિચારીને, છઠ્ઠે વર્તે જેહ;
પામે સ્થાનક પાંચમું, એમાં નહિ સંદેહ.૧૪૧

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત.૧૪૨

(શ્રી નડિયાદ, આસો વદ ૧, ગુરુ, ૧૯૫૨)

(શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર પૂજાની દરેક ઢાળના અંતે નીચે જણાવેલ કાવ્ય અને મંત્ર બોલાય છે.)

(કાવ્ય-ઉપજાતિ)

સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી,
આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;
અનાથ એકાંત સનાથ થાશે,
એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે.—શ્રીમદ્ રાજચંદ્ર

(મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય,**
**જન્મજરામૃત્યુનિવારણાય, શ્રીમતે જિનેન્દ્રાય,**
**આત્મસિદ્ધિશાસ્ત્રાય, અષ્ટદ્રવ્યાણિ યજામહે સ્વાહા.**

(ઇતિ શ્રીમદ્ રાજચંદ્ર કૃત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર સમાપ્ત)

## આરતી

જય જય આરતી સદ્ગુરુરાયા,
શ્રીમદ્ રાજચંદ્ર નમું (તુજ) પાયા. જય૦ ૧
પહેલી આરતી મિથ્યા ટાળે,
સમ્યગ્જ્ઞાન પ્રકાશ નિહાળે. જય૦ ૨
બીજી આરતી બીજ ઉગાડે,
દ્વંદ્વાતીતપણાને પમાડે. જય૦ ૩

ત્રીજી આરતી ત્રિકરણ શુદ્ધિ,
થાએ સહેજે નિર્મળ બુદ્ધિ. જય૦ ૪
ચોથી આરતી અનંત ચતુષ્ટય,
પરિણામે આપે પદ અવ્યય. જય૦ ૫
પંચમી આરતી પંચ સંવરથી,
શુદ્ધ સ્વભાવ સહજ લહે અરથી. જય૦ ૬
શ્રીમદ્ સદ્ગુરુરાજ કૃપાએ,
સત્ય મુમુક્ષુપણું પ્રગટાયે. જય૦ ૭

---

## મંગળ દીવો

દીવો રે દીવો પ્રભુ મંગલિક દીવો,
શ્રીમદ્ સદ્ગુરુ શાશ્વત્ જીવો. દીવો૦૧
સમ્યગ્ દર્શન નયન અજવાળે,
કેવલ જ્ઞાન પ્રકાશ નિહાળે. દીવો૦૨
ભવભ્રમતિમિરનું મૂળ નસાવે,
મોહ પતંગની ભસ્મ બનાવે. દીવો૦૩
પાત્ર મુમુક્ષુ ન નીચે રાખે,
તપવે નહિ એ અચરિજ દાખે. દીવો૦૪
કલિમલ સબ ઉત્પત્તિ જાયે,
શ્રીમદ્ સદ્ગુરુ સદાય વરાયે. દીવો૦૫
શ્રોતા વક્તા ભક્ત સકલમેં,
શિવકર વૃદ્ધિ કરે મંગલમેં. દીવો૦૬
શ્રીમદ્ સેવક ભાવ પ્રભાવે,
સેવક સેવ્ય અભેદ સ્વભાવે. દીવો૦૭

---



પંડિત શ્રી વીરવિજયજી કૃત

# ૩. શ્રી પંચકલ્યાણક પૂજા

આ પૂજામાં ઉત્કૃષ્ટ ફળ, નૈવેદ્ય (પકવાન) વગેરે દરેક વસ્તુના આઠ આઠ નંગ લાવવાં, આઠ સ્નાત્રીઆ ઊભા રાખવા, આઠ કળશ પંચામૃતના ભરવા, આઠ દીપક કરવા, અને કુસુમ (ફૂલ), અક્ષત (ચોખા), પ્રમુખ વસ્તુઓ જોઈએ; કદાપિ તે પ્રમાણે જોગ ન બને તેમ હોય તો એકેકી વસ્તુથી પૂજા ભણાવી શકાય.

## વિધિ

૧. પ્રથમ સ્નાત્ર ભણાવવું, પછી સ્નાત્રીઆ રકેબીમાં કુસુમ લઈ ઊભા રહે, અને પૂજા ભણાવનારાઓ પહેલી પૂજા ભણાવી મંત્ર કહે એટલે સ્નાત્રીઆ કુસુમ પ્રભુજીને ચડાવે.

૨. બીજી પૂજામાં લવિંગ, એલચી, સોપારી, નાળિયેર, બદામ, દ્રાક્ષ, બીજોરાં, દાડિમ, નારંગી, આંબા, કેળાં પ્રમુખ સરસ સુગંધિત રમણીય ફળ રકેબીમાં રાખી, રકેબી હાથમાં ધરી પૂજાનો પાઠ કહી છેલ્લો મંત્ર ભણીને પ્રભુ આગળ ફળ ધરે.

૩. ત્રીજી પૂજામાં ઉજ્જ્વળ અખંડ અક્ષત (ચોખા) રકેબીમાં નાંખી, રકેબી હાથમાં ધરી પૂજાનો પાઠ કહી, છેલ્લો મંત્ર ભણી પ્રભુજી આગળ સ્વસ્તિક તથા તંદુલના ત્રણ પુંજ (ઢગલા) કરે.

૪. ચોથી પૂજામાં નિર્મળ જળે ભરેલા કળશ રકેબીમાં રાખી, રકેબી હાથમાં લઈ પ્રભુ આગળ ઊભા રહે, પછી પૂજાનો પાઠ ભણીને છેલ્લો મંત્ર કહી જળપૂજા કરે.

૫. પછી પખાળ કરી અંગલૂહણાથી લૂહીને પાંચમી પૂજામાં કેશરની કચોળી (વાડકી) રકેબીમાં રાખી, રકેબી હાથમાં લઈ, પૂજાનો પાઠ ભણી છેલ્લો મંત્ર કહી ચંદનપૂજા કરે.

૬. છઠ્ઠી પૂજામાં ધૂપધાણું રકેબીમાં રાખી હાથમાં લઈ પૂજાનો પાઠ કહી, છેલ્લો મંત્ર ભણી, પ્રભુની ડાબી બાજુ ધૂપ ઉવેખે.

૭. સાતમી પૂજામાં મૌલીસૂત્ર પ્રમુખની વાટ (દિવેટ) કરી, નિર્મળ સુગંધિત ઘૃતથી કોડિયાં ભરી દીપક કરી રકેબીમાં રાખી, રકેબી હાથમાં લઈ પૂજાનો પાઠ કહી છેલ્લો મંત્ર ભણી, પ્રભુજીની જમણી બાજુએ દીપક રાખીએ.

૮. આઠમી પૂજામાં મોદક, મિસરી, ખાજાં, પતાસાં પ્રમુખ અનેક ઉત્તમ પકવાન રકેબીમાં ભરી હાથમાં ધરી પૂજાનો પાઠ કહી છેલ્લો મંત્ર ભણી પ્રભુ આગળ નૈવેદ્ય ધરે.

છેવટે પૂજાનો કળશ કહી, સ્નાત્રીઆઓ આરતી ઉતારી પ્રભુજીથી અંતરપટ કરી, પોતાના નવ અંગે ચાંલ્લા કરી મંગળ દીવો ઉતારે.

---

## ॥ अथ च्यवनकल्याणके प्रथम पुष्पपूजा ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

(દોહા)

શ્રી સંખેસર સાહિબો, સુરતરુ સમ અવદાત;
પુરિસાદાણી પાસજી, ષટ્દર્શન વિખ્યાત. ૧



પંચમે આરે પ્રાણિયા, સમરે ઊઠી સવાર;
વાંછિત પૂરે દુઃખ હરે, વંદું વાર હજાર. ૨

અવસર્પિણી ત્રેવીશમા, પાર્શ્વનાથ જબ હૂંત;
તસ ગણધર પદ પામીને, થાશો શિવવધૂ કંત. ૩

દામોદર જિનમુખ સુણી, નિજ આતમ ઉદ્ધાર;
તદા અષાઢી શ્રાવકે, મૂર્તિ ભરાવી સાર. ૪

સુવિહિત આચારજ કને, અંજનશલાકા કીધ;
પંચકલ્યાણક ઉત્સવે, માનું વચન જ લીધ. ૫

સિદ્ધસ્વરૂપ રમણ ભણી, નૌતમ પડિમા જેહ;
થાપી પંચકલ્યાણકે, પૂજે ધન્ય નર તેહ. ૬

કલ્યાણક ઉત્સવ કરી, પૂરણ હર્ષ નિમિત્ત;
નંદીસર જઈ દેવતા, પૂજે શાશ્વત ચૈત્ય. ૭

કલ્યાણક પૂજનસહિત, રચના રચશું તેમ;
દુર્જન વિષધર ડોલશે, સજ્જન મનશું પ્રેમ. ૮

કુસુમ ફળ અક્ષત તણી, જળ ચંદન મનોહાર;
ધૂપ દીપ નૈવેદ્યશું, પૂજા અષ્ટ પ્રકાર. ૯

(ઢાળ)

(પ્રથમ પૂરવ દિશે--એ દેશી)

પ્રથમ એક પીઠિકા, ઝગમગે દીપિકા, થાપી પ્રભુ પાસ તે ઉપરે એ;
રજત રકેબીઓ,વિવિધ કુસુમે ભરી, હાથ નરનારી ધરી ઉચ્ચરે એ.૧
કનકબાહુ ભવે, બંધ જિનનામનો, કરિય દશમે દેવલોકવાસી;
સકલસુરથી ઘણી, તેજ કાંતિ ભણી, વીસ સાગર સુખ તે વિલાસી.૨

ક્ષેત્ર દશ જિનવરા, કલ્યાણક પાંચસેં, ઉત્સવ કરત સુર સાથશું એ;
થઈય અગ્રેસરી, સાસય જિનતણી, રચત પૂજા નિજ હાથશું એ.૩
યોગશાસ્ત્રે મતા, માસ ષટ્ થાકતા, દેવને દુઃખ બહુ જાતિનું એ;
તે નવિ નીપજે, દેવ જિન જીવને, જોવતાં ઠાણ ઉપપાતનું એ.૪
મુગતિપુર મારગે, શીતલ છાંહડી, તીર્થની ભૂમિ ગંગાજલે એ;
ચૈત્ય અભિષેકતા, સુકૃતતરુ સિંચતા, ભક્તે બહુલા ભવિ ભવ તરે એ.૫
વારણ ને અસી, દોય વચમાં વસી, કાશી વારાણસી નયરીએ એ;
અશ્વસેન ભૂપતિ, વામા રાણી સતી, જૈનમતિ રતિ અનુસારિયે એ.૬
ચારગતિ ચોપડા, ચ્યવનના ચૂકવી, શિવ ગયા તાસ ઘર નમન જાવે;
બાળરૂપે સુર તિહાં, જનની મુખ જોવતાં, શ્રી શુભવીર આનંદ પાવે.૭

(કાવ્યમ્૦ ઉપજાતિ વૃત્તમ્)

**ભોગી યદાલોકનતોડપિ યોગી, બભૂવ પાતાલપદે નિયોગી;**
**કલ્યાણકારી દુરિતાપહારી, દશાવતારી વરદઃ સ પાર્શ્વઃ ૧**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે જિનેંદ્રાય, પુષ્પાણિ યજામહે સ્વાહા.**

(ઇતિ ચ્યવનકલ્યાણકે પ્રથમ પુષ્પપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ च्यवनकल्याणके द्वितीय फलपूजा ॥

(નમોડર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

કૃષ્ણચતુર્થી ચૈત્રની, પૂર્ણાયુ સુર તેહ;
વામા માત ઉદર નિશિ, અવતરિયા ગુણગેહ. ૧
સુપન ચતુર્દશ મોટકાં, દેખે માતા તામ;
રયણી સમે નિજ મંદિરે, સુખશય્યા વિશ્રામ. ૨



**(ઢાળ)**

(મિથ્યાત્વ વામીને કોશ્યા સમકિત પામી રે–એ દેશી)

રૂડો માસ વસંત ફળી વનરાજી રે, રાયણ ને સહકાર વાલા.
કેતકી જાય ને માલતી રે, ભ્રમર કરે ઝંકાર વાલા,
કોયલ મદભર ટહૂકતી રે, બેઠી આંબાડાળ વાલા;
હંસયુગલ જળ ઝીલતાં રે, વિમળ સરોવર પાળ વાલા,
મંદ પવનની લહેરમાં રે, માતા સુપન નિહાળ વાલા.
રૂડો માસ૦
દીઠો પ્રથમ ગજ ઊજલો રે, બીજે વૃષભ ગુણવંત વાલા,
ત્રીજે સિંહજ કેસરી રે, ચોથે શ્રીદેવી મહંત વાલા;
માલ-યુગલ ફૂલ પાંચમે રે, છઠ્ઠે રોહિણી કંત વાલા,
ઊગતો સૂરજ સાતમે રે, આઠમે ધ્વજ લહકંત વાલા.
રૂડો માસ૦૧
નવમે કળશ રૂપાતણો રે, દશમે પદ્મસર જાણ વાલા,
અગ્યારમે રત્નાકરુ રે, બારમે દેવવિમાન વાલા;
ગંજ રત્નનો તેરમે રે, ચૌદમે વહ્નિ વખાણ વાલા,
ઊતરતાં આકાશથી રે, પેસતાં વદનપ્રમાણ વાલા.
રૂડો માસ૦૨
માતા સુપન લહી જાગિયાં રે, અવધિ જુવે સુરરાજ વાલા,
શક્રસ્તવ કરી વંદિયા રે, જનની ઉદર જિનરાજ વાલા;
એણે સમે ઇંદ્ર તે આવિયા રે, મા આગળ ધરી લાજ વાલા,
પુણ્યવતી તુમે પામિયું રે, ત્રણ ભુવનનું રાજ્ય વાલા.
રૂડો માસ૦૩
ચૌદ સુપનના અર્થ કહી રે, ઇંદ્ર ગયા નિજ ઠામ વાલા,
ચૌસઠ ઇંદ્ર મળી ગયા રે, નંદીસર જિન ધામ વાલા;

ચ્યવનકલ્યાણક ઉત્સવે રે, શ્રી ફળપૂજા ઠામ વાલા,
શ્રી શુભવીર તેણે સમે રે, જગત જીવ વિશ્રામ વાલા.
રૂડો માસ૦૪

(કાવ્યમ્‌૦ ઉપજાતિ વૃત્તમ્)

**ભોગી યદાલોકનતોડપિ યોગી, બભૂવ પાતાલપદે નિયોગી;**
**કલ્યાણકારી દુરિતાપહારી, દશાવતારી વરદઃ સ પાર્શ્વઃ ૧**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે જિનેંદ્રાય, ફલાનિ યજામહે સ્વાહા.**

(ઇતિ ચ્યવનકલ્યાણકે દ્વિતીય ફલપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ जन्मकल्याणके तृतीय अक्षतपूजा ॥

(નમોડર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

રવિઉદયે નૃપ તેડિયા, સુપનપાઠક નિજ ગેહ;
ચૌદ સુપનફળ સાંભળી, વળીય વિસર્જ્યા તેહ. ૧
ત્રણ્ય જ્ઞાનશું ઊપના, ત્રેવીશમા અરિહંત;
વામા ઉરસર હંસલો, દિન દિન વૃદ્ધિ લહંત. ૨
દોહલા પૂરે ભૂપતિ, સખીયો વૃંદ સમેત;
જિન પૂજે અક્ષત ધરી, ચામર પંખા લેત. ૩

**(ઢાળ)**

(ચિત્ત ચોખે ચોરી નવિ કરીએ—એ દેશી)

રમતી ગમતી હમુને સાહેલી, બિહુ મળી લીજીએ એક તાળી;
સખી આજ અનોપમ દિવાળી.
લીલ વિલાસે પૂરણ માસે, પોષ દશમ નિશિ રઢિયાળી. સ૦૧



પશુ પંખી વસિયાં વનવાસી, તે પણ સુખિયાં સમકાળી; સ૦
ઇણ રાતે ઘર ઘર ઉત્સવસે, સુખિયાં જગતમેં નરનારી. સ૦૨
ઉત્તમ ગ્રહ વિશાખાયોગે, જન્મ્યા પ્રભુજી જયકારી; સ૦
સાતે નરકે થયાં અજવાળાં, થાવરને પણ સુખકારી. સ૦૩
માત નમી આઠે દિગ્‌કુમરી, અધોલોકની વસનારી; સ૦
સૂતિ ઘર ઇશાને કરતી, યોજન એક અશુચિ ટાળી. સ૦૪
ઊર્ધ્વલોકની આઠ કુમારી, વરસાવે જળ કુસુમાળી; સ૦
પૂર્વરુચક અટ્ઠ દર્પણ ધરતી, દક્ષિણની અડ કલશાળી. સ૦૫
અડ પચ્છિમની પંખા ધરતી, ઉત્તર અટ્ઠ ચામરધારી; સ૦
વિદિશિની ચઉ દીપ ધરંતી, રુચકદ્વીપની ચઉ બાળી. સ૦૬
કેળતણાં ઘર ત્રણ્ય કરીને, મર્દન સ્નાન અલંકારી; સ૦
રક્ષા પોટલી બાંધી બિહુને, મંદિર મેલ્યાં શણગારી. સ૦૭
પ્રભુ મુખકમળે અમરી ભમરી, રાસ રમંતી લટકાળી; સ૦
પ્રભુ માતા તું જગતની માતા, જગદીપકની ધરનારી. સ૦૮
માજી તુજ નંદન ઘણું જીવો, ઉત્તમ જીવને ઉપકારી; સ૦
છપ્પન દિગ્‌કુમરી ગુણ ગાતી, શ્રી શુભ વીર વચનશાળી. સ૦૯

(કાવ્યમ્‌૦ ઉપજાતિ વૃત્તમ્)

**ભોગી યદાલોકનતોડપિ યોગી, બભૂવ પાતાલપદે નિયોગી;**
**કલ્યાણકારી દુરિતાપહારી, દશાવતારી વરદઃ સ પાર્શ્વઃ ૧**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે જિનેંદ્રાય, અક્ષતાન્ યજામહે સ્વાહા.**

(ઇતિ ચ્યવનકલ્યાણકે તૃતીય અક્ષતપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ जन्मकल्याणके चतुर्थ जलपूजा ॥

(નમોઽર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

(દોહા)

ચલિતાસન સોહમપતિ, રચી વૈમાન વિશાળ;
પ્રભુ જન્મોત્સવ કારણે, આવંતા તત્કાળ. ૧

(ઢાળ)

(કાજ સિદ્ધાં સકળ હવે સાર—એ દેશી)

હવે શક્ર સુઘોષા વજાવે, દેવદેવી સર્વ મિલાવે;
કરે પાલક સુર અભિધાન, તેણે પાલક નામે વિમાન. ૧
પ્રભુ પાસનું મુખડું જોવા, ભવ ભવનાં પાતિક ખોવા;
ચાલે સુર નિજ નિજ ટોળે, મુખ મંગળિક માળા બોલે. પ્રભુ૦૨
સિંહાસન બેઠા ચલિયા, હરિ બહુ દેવે પરવરિયા;
નારી મિત્રના પ્રેર્યા આવે, કોઈક પોતાને ભાવે. પ્રભુ૦૩
હુકમે કેઈ ભક્તિ ભરેવા, વળી કેઈક કૌતુક જોવા;
હય કાસર કેશરી નાગ, ફણી ગરુડ ચઢ્યા કેઈ છાગ. પ્રભુ૦૪
વાહન વૈમાન નિવાસ, સંકીર્ણ થયું આકાશ;
કેઈ બોલે કરતા તાડા, સાંકડાં ભાઈ પર્વના દહાડા. પ્રભુ૦૫
ઇહાં આવ્યા સર્વ આણંદે, જિનજનનીને હરિ વંદે;
પાંચ રૂપે હરિ પ્રભુ હાથ, એક છત્ર ધરે શિર નાથ. પ્રભુ૦૬
બે બાજુ ચામર ઢાળે, એક આગળ વજ ઉલાળે;
જઈ મેરુ ધરી ઉત્સંગે, ઇંદ્ર ચોસઠ મળિયા રંગે. પ્રભુ૦૭
ક્ષીરોદક ગંગા વાણી, માગધ વરદામના પાણી;
જાતિ આઠના કળશ ભરીને, અઢીસેં અભિષેક કરીને. પ્રભુ૦૮



દીવો મંગળ આરતી કીજે, ચંદન કુસુમે કરી પૂજે;
ગીત વાજિંત્રના બહુ ઠાઠ, આલેખે મંગળ આઠ. પ્રભુ૦૯
ઇત્યાદિક ઉત્સવ કરતા, જઈ માતા પાસે ધરતા;
કુંડલયુગ વસ્ત્ર ઓશીકે, દડો ગેડી રતનમયી મૂકે. પ્રભુ૦૧૦
કોડિ બત્રીશ રત્ન રૂપૈયા, વરસાવી ઇંદ્ર ઉચ્ચરિયા;
જિન માતાશું જે ધરે ખેદ, તસ મસ્તક થાશે છેદ. પ્રભુ૦૧૧
અંગૂઠે અમૃત વાહી, નંદીસર કરે અઠ્ઠાઈ;
દેઈ રાજા પુત્ર વધાઈ, ઘર ઘર તોરણ વિરચાઈ. પ્રભુ૦૧૨
દશ દિન ઓચ્છવ મંડાવે, બારમે દિન નાત જિમાવે;
નામ થાપે પાર્શ્વકુમાર, શુભ વીરવિજય જયકાર. પ્રભુ૦૧૩

(કાવ્યમ્‌૦ ઉપજાતિ વૃત્તમ્‌)

**ભોગી યદાલોકનતોઽપિ યોગી, બભૂવ પાતાલપદે નિયોગી;**
**કલ્યાણકારી દુરિતાપહારી, દશાવતારી વરદઃ સ પાર્શ્વઃ ૧**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે જિનેંદ્રાય, જલં યજામહે સ્વાહા.**

(ઇતિ ચ્યવનકલ્યાણકે ચતુર્થ જલપૂજા સંપૂર્ણમ્‌)

---

## ॥ अथ जन्मकल्याणके पंचम चंदनपूजा ॥

(નમોઽર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

(દોહા)

અમૃતપાને ઊછર્યા, રમતા પાર્શ્વકુમાર;
અહિલંછન નવ કર તનુ, વરતે અતિશય ચાર. ૧
યૌવનવય પ્રભુ પામતા, માતપિતાદિક જેહ;
પરણાવે નૃપપુત્રિકા, પ્રભાવતી ગુણગેહ. ૨

ચંદન ઘસી ઘનસારશું, નિજ ઘર ચૈત્ય વિશાળ;
પૂજોપગરણ મેળવી, પૂજે જગતદયાળ. ૩

(ઢાળ)

(બાળપણે યોગી હુઆ, માઈ ભિક્ષા દોને–એ દેશી)

સોના રૂપાકે સોગઠે, સાંયાં ખેલત બાજી;
ઇંદ્રાણી મુખ દેખતે, હરિ હોત હે રાજી. ૧
એક દિન ગંગાકે બીચે, સુર સાથ બહોરા;
નારી ચકોરા અપ્સરા, બહોત કરત નિહોરા. ૨
ગંગાકે જળ ઝીલતે, છાંહી બાદલિયાં;
ખાવન ખેલ ખેલાયકે, સવિ મંદિર વળિયાં. ૩
બેઠે મંદિર માળિયે, સારી આલમ દેખે;
હાથ પૂજાપા લે ચલે, ખાન પાન વિશેષે. ૪
પૂછ્યા પડુત્તર દેત હે, સુનો મોહન મેરે;
તાપસકું બંદન ચલે, ઊઠી લોક સવેરે. ૫
કમઠ યોગી તપ કરે, પંચ અગ્નિકી જ્વાળા;
હાથે લાલકદામણી, ગળે મોહનમાળા. ૬
પાસકુંવર દેખણ ચલે, તપસીપે આયા;
ઓહિનાણે દેખકે, પીછે યોગી બોલાયા. ૭
સુણ તપસી સુખ લેનકું, જપે ફોગટ માલે;
અજ્ઞાનસેં અગ્નિ બીચે, યોગકું પરજાલે. ૮
કમઠ કહે સુણ રાજવી, તુમે અશ્વ ખેલાઓ;
યોગીકે ઘર હે બડે, મત કો બતલાઓ. ૯
તેરા ગુરુ કોન હે બડા, જિને યોગ ધરાયા;
નહિ ઓળખાયા ધર્મકું, તનુકષ્ટ બતાયા.૧૦



હમ ગુરુ ધર્મ પિછાનતે, નહિ કવડી પાસે;
ભૂલ ગયે દુનિયા દિશા, રહતે વનવાસે. ૧૧
વનવાસી પશુપંખિયા, એસે તુમ યોગી;
યોગી નહીં પણ ભોગિયા, સંસારકે સંગી. ૧૨
સંસાર બુરા છોરકે, સુણ હો લઘુરાજા;
યોગી જંગલ સેવતે, લેઈ ધર્મઅવાજા. ૧૩
દયા ધર્મકો મૂલ હે, ક્યા કાન ફુંકાયા;
જીવદયા નહુ જાનતે, તપ ફોકટ માયા. ૧૪
બાત દયાકી દાખિયે, ભૂલચૂક હમારા;
બેર બેર ક્યા બોલણા, એસા ડાક ડમાલા. ૧૫
સાંઈ હુકમસેં સેવકે, બડા કાષ્ઠ ચિરાયા;
નાગ નિકાલા એકિલા, પરજલતી કાયા. ૧૬
સેવક મુખ નવકારસેં, ધરણેંદ્ર બનાયા;
નાગકુમારે દેવતા, બહુ ઋદ્ધિ પાયા. ૧૭
રાણી સાથ વસંતમેં, વનભીતર પેઠે;
પ્રાસાદ સુંદર દેખકે, ઉહાં જાકર બેઠે. ૧૮
રાજિમતીકું છોડકે, નેમ સંજમ લીના;
ચિત્રામણ જિન જોવતે, વૈરાગે ભીના. ૧૯
લોકાંતિક સુર તે સમે, બોલે કર જોરી;
અવસર સંજમ લેનકા, અબ બેર હે થોરી. ૨૦
નિજ ઘર આયે નાથજી, પિયા ખિણ ખિણ રોવે;
માત પિતા સમજાય કે, દાન વરસી દેવે. ૨૧
દીન દુઃખી સુખિયા કિયા, દારિદ્રકું ચૂરે;
શ્રી શુભવીર હરિ તિહાં, ધન સઘળો પૂરે. ૨૨

(કાવ્યમ્ ઉપજાતિ વૃત્તમ્)

**ભોગી યદાલોકનતોઽપિ યોગી, બભૂવ પાતાલપદે નિયોગી;**
**કલ્યાણકારી દુરિતાપહારી, દશાવતારી વરદઃ સ પાર્શ્વઃ ૧**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે જિનેંદ્રાય, ચંદનં યજામહે સ્વાહા.**

(ઇતિ જન્મકલ્યાણકે પંચમ ચંદનપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ दीक्षाकल्याणके षष्ठ धूपपूजा ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

વરસીદાનને અવસરે, દાન લીએ ભવ્ય તેહ;
રોગ હરે ષટ્ માસનો, પામે સુંદર દેહ. ૧

ધૂપઘટા ધરી હાથમાં, દીક્ષા-અવસર જાણ;
દેવ અસંખ્ય મળ્યા તિહાં, માનું સંજમઠાણ. ૨

**(ઢાળ)**

(દેખો ગતિ દૈવની રે—એ દેશી)

ત્રીશ વરસ ઘરમાં વસ્યા રે, સુખભર વામાનંદ;
સંયમ રસિયા જાણીને રે, મળિયા ચોસઠ ઇંદ,
નમો નિત્ય નાથજી રે, નિરખત નયનાનંદ. નમો૦૧

તીર્થોદક વર ઔષધિ રે, મેળવતા બહુ ઠાઠ;
આઠ જાતિ કળશા ભરી રે, એક સહસ ને આઠ. નમો૦૨



અશ્વસેન રાજા ધુરે રે, પાછળ સુર અભિષેક;
સુરતરુ પેરે અલંકર્યા રે, દેવ ન ભૂલે વિવેક. નમો૦૩

વિશાલા નૃપ શિબિકા રે, બેઠા સિંહાસન નાથ;
બેઠી વડેરી દક્ષિણે રે, પટ શાટક લેઈ હાથ. નમો૦૪

વામ દિશે અંબધાતરી રે, પાછળ ધરી શણગાર;
છત્ર ધરે એક યૌવના રે, ઇશાન ફળ કર નાર. નમો૦૫

અગ્નિકોણે એક યૌવના રે, રયણમય પંખો હાથ;
ચલત શિબિકા ગાવતી રે, સર્વ સાહેલી સાથ. નમો૦૬

શક્ર ઈશાન ચામર ધરે રે, વાજિંત્રનો નહિ પાર;
આઠ મંગળ આગળ ચલે રે, ઇંદ્રધ્વજા ઝલકાર. નમો૦૭

દેવ દેવી નર નારિયો રે, જોઈ કરે પ્રણામ;
કુળમાં વડેરા સજ્જના રે, બોલે પ્રભુને તામ. નમો૦૮

જિતનિશાન ચડાવજો રે, મોહની કરી ચકચૂર;
જેમ સંવત્સર દાનથી રે, દારિદ્ર કાઢ્યું દૂર. નમો૦૯

વરઘોડેથી ઊતર્યા રે, કાશીનયરની બહાર;
આશ્રમપદ ઉદ્યાનમાં રે, વૃક્ષ અશોક રસાળ. નમો૦૧૦

અઠ્ઠમ તપ ભૂષણ તજી રે, ઉચ્ચરે મહાવ્રત ચાર;
પોષ બહુલ એકાદશી રે, ત્રણ્યસયાં પરિવાર. નમો૦૧૧

મનઃપર્યવ તવ ઊપનું રે, ખંધ ધરે જગદીશ;
દેવદુષ્ય ઇંદ્રે દિયું રે, રહેશે વરસ ચતતીસ. નમો૦૧૨

કાઉસગ્ગમુદ્રાએ રહ્યા રે, સુર નંદીશ્વર જાત;
માત પિતા વંદી વળ્યાં રે, શ્રી શુભવીર પ્રભાત. નમો૦૧૩

(કાવ્યમ્‌૦ ઉપજાતિ વૃત્તમ્‌)

**ભોગી યદાલોકનતોઽપિ યોગી, બભૂવ પાતાલપદે નિયોગી;**
**કલ્યાણકારી દુરિતાપહારી, દશાવતારી વરદઃ સ પાર્શ્વઃ ૧**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે જિનેંદ્રાય, ધૂપં યજામહે સ્વાહા.**

(ઇતિ દીક્ષાકલ્યાણકે ષષ્ઠ ધૂપપૂજા સંપૂર્ણમ્‌)

---

## ।। अथ केवलज्ञानकल्याणके सप्तम दीपकपूजा ।।

(નમોઽર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

સારથધન ઘરે પારણું, પ્રથમ પ્રભુએ કીધ;
પંચદિવ્ય પ્રગટાવીને, તાસ મુક્તિસુખ દીધ. ૧

જગદીપક પ્રગટાવવા, તપ તપતા રહી રાણ;
તેણે દીપકની પૂજના, કરતાં કેવલનાણ. ૨

**(ઢાળ)**

પ્રભુ પારસનાથ સિધાવ્યા, કાદંબરી અટવી આવ્યા;
કુંડ નામે સરોવર તીરે, ભર્યું પંકજ નિર્મળ નીરે રે.
મનમોહન સુંદર મેળા, ધન્ય લોક નગર ધન્ય વેળા રે. મન૦૧

કાઉસગ્ગ મુદ્રા પ્રભુ ઠાવે, વનહાથી તિહાં એક આવે;
જળ સૂંઢ ભરી નવરાવે, જિન અંગે કમળ ચઢાવે રે. મન૦૨



કલિકુંડ તીરથ તિહાં થાવે, હસ્તી ગતિ દેવની પાવે;
વળી કૌસ્તુભવન આણંદે, ધરણેંદ્ર વિનય ધરી વંદે રે. મન૦૩

ત્રણ્ય દિન ફણી છત્ર ધરાવે, અહિછત્રા નગરી વસાવે;
ચાલતા તાપસ ઘર પૂંઠે, નિશિ આવી વસ્યા વડ હેઠે રે. મન૦૪

થયો કમઠ મરી મેઘમાળી, આવ્યો વિભંગે નિહાળી;
ઉપસર્ગ કર્યા બહુ જાતિ, નિશ્ચલ દીઠી જિનછાતી રે. મન૦૫

ગગને જળ ભરી વાદળિયો, વરસે ગાજે વીજળિયો;
પ્રભુનાસા ઉપર જળ જાવે, ધરણેંદ્ર પ્રિયા સહ આવે રે. મન૦૬
ઉપસર્ગ હરી પ્રભુ પૂજી, મેઘમાળી પાપથી ધ્રૂજી;
જિનભક્તે સમકિત પાવે, બેહુ જન સ્વર્ગ સિધાવે રે. મન૦૭

આવ્યા કાશી ઉદ્યાને, રહ્યા સ્વામી કાઉસગ્ગધ્યાને;
અપૂરવ વીર્ય ઉલ્લાસે, ઘનઘાતી ચાર વિનાસે રે. મન૦૮

ચોરાશી ગયા દિન આખા, વદિ ચૈતર ચોથ વિશાખા;
અટ્ઠમ તરુ ધાતકી વાસી, થયા લોકાલોક-પ્રકાશી રે. મન૦૯

મળે ચોસઠ ઇંદ્ર તે વાર, રચે સમવસરણ મનોહાર;
સિંહાસન સ્વામી સુહાવે, શિર ચામર છત્ર ધરાવે રે. મ૦૧૦

ચોત્રીસ અતિશય થાવે, વનપાળ વધામણી લાવે;
અશ્વસેન ને વામારાણી, પ્રભાવતી હર્ષ ભરાણી રે. મ૦૧૧

સામૈયું સજી સહુ વંદે, જિનવાણી સુણી આણંદે;
સસરો સાસુ વહુ સાથે, દીક્ષા લીધી પ્રભુ હાથે રે. મ૦૧૨

સંઘ સાથે ગણીપદ ધરતા, સુર જ્ઞાન મહોત્સવ કરતા;
સ્વામી દેવછંદે સોહાવે, શુભવીર વચન રસ ગાવે રે. મ૦૧૩

(કાવ્યમ્‌ ઉપજાતિ વૃત્તમ્‌)

**ભોગી યદાલોકનતોઽપિ યોગી, બભૂવ પાતાલપદે નિયોગી;**
**કલ્યાણકારી દુરિતાપહારી, દશાવતારી વરદઃ સ પાર્શ્વઃ ૧**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, દીપં યજામહે સ્વાહા.**

(ઇતિ કેવળજ્ઞાનકલ્યાણકે સપ્તમ દીપકપૂજા સંપૂર્ણમ્‌)

---

## ॥ अथ निर्वाणकल्याणके अष्टम नैवेद्यपूजा ॥

(નમોઽર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

શુભઆદે દશ ગણધરા, સાધુ સોળ હજાર;
અડતીસ સહસ તે સાધવી, ચ્યાર મહાવ્રત ધાર. ૧

એક લખ ચઉસઠ સહસ છે, શ્રાવકનો પરિવાર;
સગવીસ સહસ તે શ્રાવિકા, તિગ લખ ઉપર ધાર. ૨

દેશવિરતિધર એ સહુ, પૂજે જિન ત્રણ્ય કાળ;
પ્રભુ-પડિમા આગળ ધરે, નિત્ય નૈવેદ્યનો થાળ. ૩

**(ઢાળ)**

રંગરસિયા રંગરસ બન્યો, મનમોહનજી;
કોઈ આગળ નવિ કહેવાય, મનડું મોહ્યું રે, મનમોહનજી;
વેધકતા વેધક લહે, મન૰ બીજા બેઠા વા ખાય. મનડું૰ ૧



લોકોત્તર ફળ નીપજે, મન૰ મોટો પ્રભુનો ઉપકાર. મનડું૰
કેવળનાણ દિવાકરુ, મન૰ વિચરંતાં સુરપરિવાર. મનડું૰ ૨

કનકકમળ પગલાં ઠવે, મન૰ જળ બૂંદ કુસુમ વરસાત. મનડું૰
શિરછત્ર વળી ચામર ઢળે, મન૰ તરુ નમતાં મારગ જાત. મનડું૰ ૩

ઉપદેશી કેઈ તારિયા,મન૰ ગુણ પાંત્રીસ વાણી રસાળ. મનડું૰
નરનારી સુર અપ્સરા, મન૰ પ્રભુ આગળ નાટકશાળ. મનડું૰ ૪

અવનીતળ પાવન કરી, મન૰ અંતિમ ચોમાસું જાણ. મનડું૰
સમેતશિખરગિરિ આવિયા, મન૰ ચડતા શિવઘર સોપાન.મનડું૰૫

શ્રાવણ સુદિ આઠમ દિને, મન૰ વિશાખાએ જગદીશ. મનડું૰
અણસણ કરી એક માસનું, મન૰ સાથે મુનિવર તેત્રીસ. મનડું૰ ૬

કાઉસગ્ગમાં મુક્તિ વર્યા, મન૰ સુખ પામ્યા સાદિ અનંત.મનડું૰
એક સમય સમશ્રેણીથી, મન૰ નિઃકર્મા ચઉ દૃષ્ટાંત. મનડું૰ ૭

સુરપતિ સઘળા તિહાં મળે, મન૰ ક્ષીરોદધિ આણે નીર. મનડું૰
સ્નાન વિલેપન ભૂષણે, મન૰ દેવદુષ્યે સ્વામીશરીર. મનડું૰ ૮

શોભાવી ધરી શિબિકા, મન૰ વાજિંત્ર ને નાટક ગીત. મનડું૰
ચંદન-ચય પરજાળતા, મન૰ સુર ભક્તિ શોકસહિત. મનડું૰ ૯

થૂભ કરે તે ઉપરે, મન૰ દાઢાદિક સ્વર્ગે સેવ. મનડું૰
ભાવઉદ્યોત ગયે થકે, મન૰ દિવાળી કરતા દેવ. મનડું૰૧૦

નંદીસર ઉત્સવ કરે, મન૰ કલ્યાણક મોક્ષાનંદ. મનડું૰
વર્ષઅઢીસેં આંતરું, મન૰ શુભવીર ને પાસજિણંદ. મનડું૰૧૧

---

**(અથ ગીત)**

(ઘરે આવો ઢોલા—એ દેશી)

ઉત્સવ રંગ વધામણાં, પ્રભુ પાસને નામે;
કલ્યાણક ઉત્સવ કિયો, ચઢતે પરિણામે. ઉત્સવ૦ ૧

શત વર્ષાયુ જીવીને, અક્ષય સુખ સ્વામી;
તુમ પદ સેવા ભક્તિમાં, નવિ રાખું ખામી. ઉત્સવ૦ ૨

સાચી ભક્તે સાહેબા, રીઝો એક વેળા;
શ્રી શુભવીર હુવે સદા, મનવાંછિત મેળા. ઉત્સવ૦ ૩

(કાવ્યમ્‌૦ ઉપજાતિ વૃત્તમ્‌)

**ભોગી યદાલોકનતોડપિ યોગી, બભૂવ પાતાલપદે નિયોગી;**
**કલ્યાણકારી દુરિતાપહારી, દશાવતારી વરદઃ સ પાર્શ્વઃ ૧**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, નૈવેદ્યં યજામહે સ્વાહા.**

(ઇતિ નિર્વાણકલ્યાણકે અષ્ટમ નૈવેદ્યપૂજા સંપૂર્ણમ્‌)

---

## અથ કળશ

ગાયો ગાયો ગાયો રે, શંખેશ્વરસાહેબ ગાયો.
યાદવલોકની જરા નિવારી, જિનજી જગત ગવાયો;
પંચકલ્યાણક ઉત્સવ કરતાં, અમઘર રંગ વધાયો રે. શંખે૦ ૧

તપાગચ્છ શ્રી સિંહસૂરિના, સત્યવિજય બુધ ઠાયો;
કપૂરવિજયગુરુખિમાવિજયતસ, જશવિજયોમુનિરાયો રે. શંખે૦ ૨



તાસ શિષ્ય સંવેગી ગીતારથ, શાંત સુધારસ નાહ્યો;
શ્રી શુભવિજય સુગુરુ-સુપસાયે, જયકમળા જગ પાયો રે. શંખે૦ ૩

રાજનગરમાં રહી ચોમાસું, કુમતિ-કુતર્ક હઠાયો;
વિજયદેવેંદ્ર સૂરીશ્વર રાજ્યે, એ અધિકાર બનાયો રે. શંખે૦ ૪

અઢારસેં નેવ્યાસી અક્ષયત્રીજ, અક્ષત પુણ્ય ઉપાયો;
પંડિત વીરવિજય પદ્માવતી, વાંછિત દાય સુહાયો રે. શંખે૦ ૫

**(ઇતિ પંડિત શ્રી વીરવિજયજીકૃત પંચકલ્યાણક પૂજા સમાપ્ત)**

---

## શ્રી પંચજ્ઞાનની આરતી

જય પારસ દેવા, પ્રભુ જય પારસ દેવા;
સુરનર કરે તોરી સેવા, ત્રણ જગના દેવા. જયદેવ જયદેવ.૧

પહેલું રે મતિજ્ઞાન, અઠ્ઠાવીસ ભેદે; પ્રભુ૦
અષ્ટકર્મને છેદે, પાપનાં દળ ભેદે. જયદેવ જયદેવ.૨

બીજું રે શ્રુતજ્ઞાન, ચૌદા વીશ જુજા; પ્રભુ૦
ચૌદ પુરવધર સુદ્ધા, ભાગે ભવ ક્ષુધા. જયદેવ જયદેવ.૩

ત્રીજી રે આરતી, અવધિજ્ઞાન કેરી; પ્રભુ૦
મટાડે ભવની ફેરી, સેવા કરું તોરી. જયદેવ જયદેવ.૪

ચોથી રે આરતી, મનપર્યવ જાણો; પ્રભુ૦
દોય ભેદનો રાણો, મુક્તિ સકરાણો. જયદેવ જયદેવ.૫

પંચમી રે આરતી, કેવળ એક ભાખ્યું; પ્રભુ૦
અખંડ સુખ જેણે ચાખ્યું, અજરામર રાખ્યું. જયદેવ જયદેવ.૬

આરતી રે પંચજ્ઞાન, જે કોઈ ગાશે; પ્રભુ૦
સમકિત શુદ્ધ અભ્યાસે, સૌભાગ્ય ગુણ ગાશે; જયદેવ જયદેવ.૭

---

## મંગળ દીવો

દીવો રે દીવો પ્રભુ મંગલિક દીવો;
જ્ઞાન દીવો તુજ ચિરંજીવો. દીવો૦૧

નિશ્ચય દીવે પ્રગટે દીવો;
પ્રગટાવો ભવિ દીલમાં દીવો. દીવો૦૨

પ્રગટ દીવો જ્ઞાની પરમાત્મા;
તેને અર્પણ હો નિજ આત્મા. દીવો૦૩

બહિરાતમતા તજી પ્રભુ-શરણે.
બનો અંતર-આત્મા પ્રભુ-સ્મરણે. દીવો૦૪

પરમાતમતા નિશદિન ભાવે;
આતમ અર્પણતા તો થાવે. દીવો૦૫

આત્મભાવના સતત અભ્યાસે;
નિજ સહજાત્મસ્વરૂપ પ્રકાશે. દીવો૦૬

આત્મદ્રષ્ટિ દીવો જળહળતો;
પ્રગટયો ઉરમાં જન્મ સફળ તો. દીવો૦૭

શ્રીમદ્ સદ્ગુરુ રાજ કૃપાથી;
સ્વરૂપ સિદ્ધિ સાધે મોક્ષાર્થી. દીવો૦૮

---



પંડિત શ્રી વીરવિજયજી કૃત

# ૪. શ્રી દ્વાદશવ્રત પૂજા

### વિધિ

વિશાળ જિનભુવનમાં અથવા પીઠિકાની રચના કરીને ત્યાં મહાવીર પ્રભુની પ્રતિમા સ્થાપન કરવી. વામ (ડાબી) દિશાએ કલ્પવૃક્ષ સ્થાપન કરવો. પછી તે પ્રતિમા આગળ પ્રત્યેક પૂજાદીઠ જે જે વસ્તુ પ્રભુને ચઢે છે, તે ચડાવવી. બાકી દર્પણ, અષ્ટમંગલ અને ધ્વજાઓ, સર્વ મૂકવાં. જઘન્યથી તેર પુરુષ, તેર ઇંદ્રાણી, શેષ વિધિ અષ્ટપ્રકારી પૂજાની રીતે જાણી લેવી. અને એકસો ને ચોવીશ અતિચાર ટાળવા નિમિત્તે એકસો ને ચોવીશ દીપક કરવા.

એ પૂજામાં શ્રાવકના શુદ્ધ સમ્યક્ત્વાદિ બારે વ્રતનો વિધિ-તે સમકિતના પાંચ, બાર વ્રત તથા કર્માદાનના પંચોતેર, સંલેખનાના પાંચ, જ્ઞાનના આઠ, દર્શનના આઠ, ચારિત્રના આઠ, વીર્યના ત્રણ, અને તપના બાર, એ સર્વ મળી એકસો ચોવીશ અતિચારરહિત કહ્યો છે.

**।। श्रावकगुणवर्णनकाव्यम् ।।**

ઉચ્ચૈર્ગુણૈર્યસ્ય નિબદ્ધમૂલં, સત્કીર્ત્તિશાખાવિનયાદિપત્રં;
દાનં ફલં માર્ગ્ગણપક્ષિભોજિ, જીયાચ્ચિરંશ્રાવકકલ્પવૃક્ષઃ ૧

**।। समकितारोपणे प्रथम जलपूजा ।।**

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

(દોહા)

સુખકર શંખેશ્વર પ્રભુ, પ્રણમી શુભગુરુ પાય;
શાસનનાયક ગાઈશું, વર્દ્ધમાન જિનરાય. ૧

સમવસરણ સુરવર રચે, વન મહસેન મઝાર;
સંઘ ચતુર્વિધ થાપીને, ભૂતલ કરત વિહાર. ૨

એક લખ શ્રાવક વ્રતધરા, ઓગણસાઠ હજાર;
સૂત્રઉપાસકે વર્ણવ્યા, દશ શ્રાવક શિરદાર. ૩

પ્રભુ હાથે વ્રત ઉચ્ચરી, બાર તજી અતિચાર;
ગુરુ વંદી જિનની કરે, પૂજા વિવિધ પ્રકાર. ૪

મુનિમારગ ચિંતામણિ, શ્રાવક સુરતરુ સાજ;
બેઉ બાંધવ ગુણઠાણમેં, રાજા ને યુવરાજ. ૫

શિવમારગ વ્રતનો વિધિ, સાતમા અંગ મોઝાર;
પંચમ આરે પ્રાણીને, સુણતાં હોય ઉપકાર. ૬

તેણે કારણ પૂજા રચું, અનુપમ તેર પ્રકાર;
ઊતરવા ભવજલનિધિ, એ છે આરા બાર. ૭

સુરતરુ રૂપાનો કરી, નીલ વરણમેં પાન;
રક્તવરણ ફલ રાજતાં, વામદિશે તસ ઠાણ. ૮

તેર તેર વસ્તુ શુચિ, મેળવીએ નવરંગ;
નર નારી કળશા ભરી, તેર ઠવો જિન અંગ. ૯

ન્હવણ, વિલેપણ, વાસની, માલ, દીપ, ધૂપ, ફૂલ;
મંગલ, અક્ષત, દર્પણે, નૈવેદ્ય, ધ્વજ, ફલપૂર.૧૦

**(ઢાળ)**

(રત્નમાલાની–પ્રથમ પૂરવ દિશે–એ દેશી)

ચતુર ચંપાપુરી, વનમાંહે ઊતરી, સોહમ જંબુને એમ કહે એ;
વીર જિન વિચરતા, નવપુર આવતા, વચન કુસુમે વ્રત મહમહે એ.૧



શાંત સંવેગતા, વસુમતી યોગ્યતા, સમકિત બીજ આરોપ કીજે;
સૃષ્ટિ બ્રહ્માતણી, વિષ્ણુ શંકર ધણી, એક રાખે એક સંહરીજે.૨

ગૌરૂપ ચાટણી, વાવ અમૃતતણી, ત્રિપુરને કેશવા ત્રણ હણીજે;
જૂઠમંડાણની, વાણી પુરાણની, કુગુરુમુખ ડાકિણી દૂરે કીજે.૩

હરિ હર બંભને, દેવી અચંભને, પામી સમકિત નવિ ચિત્ત ધરીજે;
દોષથી વેગળા, દેવ તીર્થંકરા, ઊઠી પ્રભાતે તસ નામ લીજે.૪

અતિશયે શોભતા,અન્યમત થોભતા,વાણીગુણ પાંત્રીસ જાણીયે એ;
નાથ શિવસાર્થવા, જગતના બાંધવા, દેવવીતરાગ તે માનીયે એ.૫

જોગ આચારને, સુગુરુ અણગારને, ધર્મ જયણાયુત આદરો એ;
સમકિત સારને, છંડી અતિચારને, સિદ્ધપડિમાનતિ નિત્યકરો એ.૬

શ્રેણિક ખાયકે, ક્ષીર ગંગોદકે, જિન અભિષેક નિત્ય તે કરે એ;
સિંચી અનુકૂળને, કલ્પતરુ-મૂલને, શ્રી શુભવીરપદ અનુસરે એ.૭

(કાવ્યં : શાર્દૂલવિક્રીડિતંવૃત્તમ્)

**શ્રદ્ધાસંયુતદ્વાદશવ્રતધરાઃ શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ,**
**આનંદાદયદિગ્મિતા સુરભવં, ત્યક્ત્વા ગમિષ્યંતિ વૈ;**
**મોક્ષં તદ્વ્રતમાચરસ્વ સુમતે, ચૈત્યાભિષેકં કુરુ,**
**યેન ત્વં વ્રતકલ્પપાદપફલા સ્વાદં કરોષિ સ્વયમ્. ૧**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે જિનેંદ્રાય, જલં યજામહે સ્વાહા.**

(ઇતિ સમકિતારોપણે પ્રથમ જલપૂજા સંપૂર્ણમ્)

## ॥ प्रथम प्राणातिपातविरमणव्रते द्वितीय चंदनपूजा ॥

(નમોऽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

(દોહા)

દંસણ નાણ ચરણતણા, આઠ આઠ અતિચાર;
અણસણ વીર્યાચારના, પણ તિગ તપના બાર. ૧

સુંદર સમકિત ઉચ્ચરી, લહી ચોથું ગુણઠાણ;
ચઢી પંચમ પગથાલીએ, થૂલ થકી પચ્ચખાણ. ૨

(ઢાળ)

આવો આવો જસોદાના કંત, અમ ઘર આવો રે,
ભક્તિવત્સલ ભગવંત, નાથ શે ના'વો રે;
એમ ચંદનબાળા બોલડે, પ્રભુ આવી રે,
મૂઠી બાકુલા માટે પાછા, વળીને બોલાવી રે. આવો૦૧

સંકેત કરીને સ્વામી, ગયા તુમે વનમાં રે,
થઈ કેવળી કેવળી કીધ, ધરી જો મનમાં રે;
અમે કેસરકેરા કીચ કરીને પૂજું રે,
તોહે પહેલે વ્રત અતિચાર થકી હું ધ્રૂજું રે. આવો૦૨

જીવહિંસાના પચ્ચખાણ, થૂલથી કરીયે રે,
દુવિહં તિવિહેણં પાઠ, સદા અનુસરીયે રે;
વાસી બોળો વિદલ નિશિભક્ષ, હિંસા ટાળું રે,
સવાવિશ્વા કેરી જીવ-દયા નિત્ય પાળું રે. આવો૦૩

દશ ચંદરુઆ દશ ઠામ, બાંધીને રહીયે રે,
જીવ જાયે એહવી વાત, કેહને ન કહીયે રે;
વધ બંધન ને છવિચ્છેદ, ભાર ન ભરીયે રે,
ભાત પાણીનો વિચ્છેદ, પશુને ન કરીયે રે. આવો૦૪



લૌકિક દેવ ગુરુ મિથ્યાત્વ, ત્યાશી ભેદે રે,
તુજ આગમ સુણતાં આજ, હોય વિચ્છેદે રે;
ચોમાસે પણ બહુ કાજ, જયણા પાળું રે,
પગલે પગલે મહારાજ, વ્રત અજવાળું રે. આવો૦૫

એક શ્વાસમાંહે સો વાર, સમરું તમને રે,
ચંદનબાળા જ્યું સાર, આપો અમને રે;
માછી હરિબળ ફળદાય, એ વ્રત પાળી રે,
શુભવીર ચરણ સુપસાય, નિત્ય દિવાળી રે. આવો૦૬

(કાવ્યં : શાર્દૂલવિક્રીડિતંવૃત્તમ્)

**શ્રદ્ધાસંયુતદ્વાદશવ્રતધરાઃ શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ,
આનંદાદયદિગ્મિતા સુરભવં, ત્યક્ત્વા ગમિષ્યંતિ વૈ;
મોક્ષં તદ્વ્રતમાચરસ્વ સુમતે, ચૈત્યાભિષેકં કુરુ,
યેન ત્વં વ્રતકલ્પપાદપફલા સ્વાદં કરોષિ સ્વયમ્. ૧**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,
શ્રીમતે જિનેંદ્રાય, ચંદનં યજામહે સ્વાહા.**

(ઇતિ પ્રથમ પ્રાણાતિપાતવિરમણવ્રતે દ્વિતીય ચંદનપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ द्वितीय मृषावादविरमणव्रते तृतीय वासपूजा ॥

(નમોऽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

(દોહા)

ચૂર્ણ સરસ કુસુમેં કરી, ઘસી કેસર ઘનસાર;
બહુલ સુગંધીવાસથી, પૂજો જગત્દયાળ. ૧

**(ઢાળ)**

(રાગ ભૈરવી–યમુનામાં જઈ પડ્યો રે બાળક–એ દેશી)

મુક્તિસેં જાઈ મળ્યો રે, મોહન મેરો, મુક્તિસેં જાઈ મળ્યો;
મોહસેં ક્યું ન ડર્યો રે, મોહન૦

નામકરમ નિર્જરણા હેતે, ભક્તકો ભાવ ભર્યો રે. મોહન૦
ઉપદેશી શિવમંદિર પહોતે, તોસે બનાવ ઠર્યો રે. મો૦ ૧

આનંદાદિક દશ યું બોલી, તુમ કને વ્રત ઉચ્ચર્યો રે. મો૦
પાંચ મોટકાં જૂઠ ન બોલે, મેં બી આશ ભર્યો રે. મો૦ ૨

બીજું વ્રત ધરી જૂઠ ન બોલું, પણ અતિચારે ડર્યો રે. મો૦
વસુરાજા આસનસેં પડિયો, નરકાવાસ જર્યો રે. મો૦ ૩

માંસાહારી માતંગી બોલે, ભાનુ પ્રશ્ન ધર્યો રે. મો૦
જૂઠા નર પગ ભૂમિશોધન, જળછંટકાવ કર્યો રે. મો૦ ૪

મંત્રભેદ રહ નારી ન કીજે, અછતી આળ હર્યો રે. મો૦
કૂટ લેખ મિથ્યા ઉપદેશે, વ્રતકો પાણી ઝર્યો રે. મો૦ ૫

કમલ શેઠ એ વ્રતસેં સુખિયો, જૂઠસેં નંદ કળ્યો રે. મો૦
શ્રી શુભવીર વચન પરતીતે, કલ્પવૃક્ષ ફળ્યો રે. મો૦ ૬

(કાવ્યં : શાર્દૂલવિક્રીડિતંવૃત્તમ્)

**શ્રદ્ધાસંયુતદ્વાદશવ્રતધરાઃ શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ,**
**આનંદાદયદિગ્મિતા સુરભવં, ત્યક્ત્વા ગમિષ્યંતિ વૈ;**
**મોક્ષં તદ્વ્રતમાચરસ્વ સુમતે, ચૈત્યાભિષેકં કુરુ,**
**યેન ત્વં વ્રતકલ્પપાદપફલા સ્વાદં કરોષિ સ્વયમ્. ૧**



(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે જિનેંદ્રાય, વાસં યજામહે સ્વાહા.**

(ઇતિ દ્વિતીય મૃષાવાદવિરમણવ્રતે તૃતીય વાસપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ तृतीय अदत्तादानविरमणव्रते चतुर्थ पुष्पमालपूजा ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

સુરતરુ જાઈ ને કેતકી, ગૂંથી ફૂલની માળ;
ત્રિશલાનંદન પૂજિયે, વરિયે શિવ વરમાળ. ૧

**(ઢાળ)**

(હું ને અમારો હરજીવનજી–એ દેશી)

પ્રભુ કંઠે ઠવી ફૂલની માળા, થૂલ થકી વ્રત ઉચ્ચરિયે રે,
ચિત્ત ચોખે ચોરી નવિ કરીએ.
સ્વામી અદત્ત કદાપિ ન લીજે, ભેદ અઢારે પરિહરિયે રે,
ચિત્ત ચોખે ચોરી નવિ કરીએ.
નવિ કરિયે તો ભવજળ તરિયે રે ચિત્ત૦ ૧ (એ આંકણી)

સાત પ્રકારે ચોર કહ્યો છે, તૃણતુષ માત્ર ન કર ધરિયે રે ચિત્ત૦
રાજદંડ ઊપજે તે ચોરી, નાઠું પડ્યું વળી વીસરિયે રે ચિત્ત૦
નવિ કરિયે તો ભવજળ તરિયે રે ચિત્ત૦ ૨

કૂડે તોલે કૂડે માપે, અતિચારે નવિ અતિચરિયે રે ચિત્ત૦
આ ભવ પરભવ ચોરી કરતાં, વધ બંધન જીવિત હરિયે રે ચિત્ત૦
નવિ કરિયે તો ભવજળ તરિયે રે ચિત્ત૦ ૩

ચોરીનું ધન ન ઠરે ઘરમાં, ચોર સદા ભૂખે મરિયે રે ચિત્ત૦
ચોરનો કોઈ ધણી નવિ હોવે, પાસે બેઠાં પણ ડરિયે રે ચિત્ત૦
નવિ કરિયે તો ભવજળ તરિયે રે ચિત્ત૦ ૪

પરધન લેતાં પ્રાણ જ લીધા, પંચેન્દ્રિય હત્યા વરિયે રે ચિત્ત૦
વ્રત ધરતાં જગમાં જસ ઉજ્જ્વલ, સુરલોકે જઈ અવતરિયે રે ચિત્ત૦
નવિ કરિયે તો ભવજળ તરિયે રે ચિત્ત૦ ૫

તિહાં પણ સાશય પડિમા પૂજી, પુણ્યતણી પોઠી ભરિયે રે ચિત્ત૦
જળકળશા ભરી જિન અભિષેકે, કલ્પતરુ રૂડો ફળિયે રે ચિત્ત૦
નવિ કરિયે તો ભવજળ તરિયે રે ચિત્ત૦ ૬

ધનદત્તશેઠ ગયો સુરલોકે, એ વ્રત શાખા વિસ્તરિયે રે ચિત્ત૦
શ્રી શુભવીર જિનેશ્વર ભક્તે, સાશયસુખ શિવમંદિરિયે રે ચિત્ત૦
નવિ કરિયે તો ભવજળ તરિયે રે ચિત્ત૦ ૭

(કાવ્યં : શાર્દૂલવિક્રીડિતંવૃત્તમ્)

**શ્રદ્ધાસંયુતદ્વાદશવ્રતધરાઃ શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ,**
**આનંદાદયદિગ્મિતા સુરભવં, ત્યક્ત્વા ગમિષ્યંતિ વૈ;**
**મોક્ષં તદ્વ્રતમાચરસ્વ સુમતે, ચૈત્યાભિષેકં કુરુ,**
**યેન ત્વં વ્રતકલ્પપાદપફલા સ્વાદં કરોષિ સ્વયમ્. ૧**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે જિનેંદ્રાય, પુષ્પમાલાં યજામહે સ્વાહા.**

(ઇતિ તૃતીય અદત્તાદાનવિરમણવ્રતે ચતુર્થ પુષ્પમાલપૂજા સંપૂર્ણમ્)

---



## ॥ चतुर्थ मैथुनविरमणव्रते पंचम दीपकपूजा ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

ચોથું વ્રત હવે વરણવું, દીપકસમ જસ જ્યોત;
કેવળ દીપક કારણે, દીપકનો ઉદ્યોત. ૧

**(ઢાળ)**

(વૃંદાવનના વાસી રે, વિઠલા તેં મુજને વિસારી–એ દેશી)

એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે, એ વ્રત જગમાં દીવો.
પરમાતમ પૂજીને વિધિશું, ગુરુ આગળ વ્રત લીજે;
અતિચાર પણ દૂર કરીને, પરદારા દૂર કીજે. મેરે૦
નિજ નારી સંતોષી શ્રાવક, અણુવ્રત ચોથું પાળે;
દેવ તિરી નર નારી નજરે, રૂપ રંગ નવિ ધારે. મેરે૦ ૧

વ્રતને પીડા કામની ક્રીડા, દુરગંધા જે બાળી;
નાસા વિણ નારી પણ રાગે, પંચાસકમાં ટાળી. મેરે૦
વિધવા નારી, બાળ કુંવારી, વેશ્યા પણ પરજાતિ;
રંગે રાતી દુર્બળ છાતી, નરમારણ એ કાતી. મેરે૦ ૨

પરનારી હેતે શ્રાવકને, નવ વાડ્યો નિરધારી;
નારાયણ ચેડા મહારાજે, કન્યાદાન નિવારી. મેરે૦
ભરતરાયને રાજ ભળાવી, રામ રહ્યા વનવાસે;
ખરદૂષણ નારી સવિકારી, દેખી ન પડ્યા પાસે. મેરે૦ ૩

દશ શિર રાવણ રણમાં રોળ્યો, સીતા સતીમાં મોટી;
સર્વ થકી જો બ્રહ્મવ્રત પાળે, નાવે દાન હેમ કોટી. મેરે૦
વૈતરણીની વેદના માંહે, વ્રત ભાંગે તે પેસે;
વિરતિને પ્રણામ કરીને, ઇંદ્ર સભામાં બેસે. મેરે૦ ૪

મદિરા માંસથી વેદપુરાણે, પાપ ઘણું પરદારા;
વિષકન્યા રંડાપણ અંધા, વ્રતભંજક અવતારા. મેરે૦
વ્રત સંભાળે પાપ પખાળે, સુર તસ વાંછિત સાધે;
કલ્પતરુ ફળદાયક એ વ્રત, જગ જશ કીરતિ વાધે. મેરે૦ ૫

દશમે અંગે બત્રીસ ઓપમ, શીલવતી વ્રત પાળી;
નાથ નિહાળી ચરણે આયો, નેહ નજર તુમ ભાળી. મેરે૦
હાથી મુખસેં દાણો નિકસેં, કીડી કુટુંબ સહુ ખાવે;
શ્રી શુભવીર જિનેશ્વર સાહેબ, શોભા અમ શિર પાવે. મેરે૦ ૬

(કાવ્યં : શાર્દૂલવિક્રીડિતંવૃત્તમ્)

**શ્રદ્ધાસંયુતદ્વાદશવ્રતધરાઃ શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ,**
**આનંદાદયદિગ્મિતા સુરભવં, ત્યક્ત્વા ગમિષ્યંતિ વૈ;**
**મોક્ષં તદ્વ્રતમાચરસ્વ સુમતે, ચૈત્યાભિષેકં કુરુ,**
**યેન ત્વં વ્રતકલ્પપાદપફલા સ્વાદં કરોષિ સ્વયમ્. ૧**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે જિનેંદ્રાય, દીપં યજામહે સ્વાહા.**

(ઇતિ ચતુર્થ મૈથુનવિરમણવ્રતે પંચમ દીપકપૂજા સંપૂર્ણમ્)

---

## ।। પંચમ પરિગ્રહપરિમાણવિરમણવ્રતે ષષ્ઠ ધૂપપૂજા ।।

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

અણુવ્રત પંચમ આદરી, પાંચ તજી અતિચાર;
જિનવર ધૂપે પૂજિયે, ત્રિશલા માત મલ્હાર. ૧



**(ઢાળ)**

(મારી અંબાના માંડવ હેઠ–એ દેશી)

મનમોહનજી જગતાત, વાત સુણો જિનરાજજી રે;
નવિ મળિયો આ સંસાર, તુમ સરીખો રે શ્રીનાથજી રે.(એ આંકણી)

કૃષ્ણાગરુ ધૂપ દશાંગ, ઉખેવી કરું વિનતી રે,
તૃષ્ણા તરુણી રસલીન, હું રઝળ્યો રે ચારે ગતિ રે;
તિર્યંચ તરુનાં મૂળ, રાખી રહ્યો ધન ઉપરે રે,
પંચેંદ્રી ફણીધરરૂપ, ધન દેખી મમતા કરે રે. મન૦૧

સુર લોભી છે સંસાર, સંસારી ધન સંહરે રે,
ત્રીજે ભવ સમરાદિત્ય, સાધુચરિત્રને સાંભળે રે;
નરભવમાંહે ધનકાજ, ઝાઝ ચઢ્યો રણમાં રડ્યો રે,
નીચ સેવા મૂકી લાજ, રાજ્યરસે રણમાં પડ્યો રે. મન૦૨

સંસારમાંહે એક સાર, જાણી કંચન કામિની રે,
ન ગણી જપમાળા એક, નાથ નિરંજન નામની રે;
ભાગ્યે મળિયા ભગવંત, અવસર પામી વ્રત આદરું રે,
ગયો નરકે મમ્મણ શેઠ, સાંભળી લોભથી ઓસરું રે. મન૦૩

નવવિધ પરિગ્રહ પરિમાણ, આનંદાદિકની પરે રે,
અથવા ઇચ્છાપરિમાણ, ધણ ધન્નાદિક ઉચ્ચરે રે;
વળી સામાન્યે ષટ ભેદ, ઉત્તર ચોસઠ દાખિયા રે,
દશવૈકાલિક નિર્યુક્તિ, ભદ્રબાહુ ગુરુ ભાખિયા રે. મન૦૪

પરિમાણથી અધિકું હોય, તો તીરથે જઈ વાવરો રે,
રોકાયે ભવનું પાપ, છાપ ખરી જિનની ધરો રે;
ધનશેઠ ધરી ધનમાન, ચિત્રાવેલીને પરિહરી રે,
શુભવીર પ્રભુને ધ્યાન, સંતોષે શિવસુંદરી રે. મન૦૫

(કાવ્યં : શાર્દૂલવિક્રીડિતંવૃત્તમ્)

**શ્રદ્ધાસંયુતદ્વાદશવ્રતધરાઃ શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ,**
**આનંદાદયદિગ્મિતા સુરભવં, ત્યક્ત્વા ગમિષ્યંતિ વૈ;**
**મોક્ષં તદ્વ્રતમાચરસ્વ સુમતે, ચૈત્યાભિષેકં કુરુ,**
**યેન ત્વં વ્રતકલ્પપાદપફલા સ્વાદં કરોષિ સ્વયમ્. ૧**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે જિનેંદ્રાય, ધૂપં યજામહે સ્વાહા.**

(ઇતિ પંચમ પરિગ્રહપરિમાણવ્રતે ષષ્ઠ ધૂપપૂજા સંપૂર્ણમ્)

---

## ।। षष्ठ दिकपरिमाणव्रते सप्तम पुष्पपूजा ।।

(નમોऽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

ફૂલ અમૂલક મેઘ જ્યું, વરસાવી જિન-અંગ;
ગુણવ્રત ત્રણ્યે તેહમાં, દિશિ પરિમાણને રંગ. ૧

**(ઢાળ)**

સમવસરણ સુરવર રચે રે, પૂજા ફૂલ અશેષ;
સાહિબ શિવ વસિયા;
રાયપસેણી સૂત્રમાં રે, કરે સુરિયાભ વિશેષ. સા૦ ૧
પૂજ્યની પૂજા તેમ કરી રે, કરું આશા પરિમાણ; સા૦
ચાર દિશા વિમલા તમા રે, હિંસાયે પચ્ચખ્ખાણ. સા૦ ૨
આશ કરું અરિહાતણી રે, પંચ તજી અતિચાર; સા૦
તુમ સરીખો દીઠો નહીં રે, જગમાં દેવ દયાળ. સા૦ ૩



વરસી વરસ્યા તે સમે રે, વિપ્ર ગયો પરદેશ; સા૦
સંયમ લેઈ સુખિયો કર્યો રે, લાખિણો દેઈ ખેસ. સા૦ ૪
હું પણ તે દિન કેઈ ગતિ રે, કેવલી જબ જિનરાજ; સા૦
શાસન દેખી તાહરું રે, આવ્યો તુમ શિર લાજ. સા૦ ૫
એ વ્રતથી શિવસુખ લહ્યું રે, જેમ મહાનંદ કુમાર; સા૦
શ્રી શુભવીર જિનેશ્વરુ રે, અમને પણ આધાર. સા૦ ૬

(કાવ્યં : શાર્દૂલવિક્રીડિતંવૃત્તમ્)

**શ્રદ્ધાસંયુતદ્વાદશવ્રતધરાઃ શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ,**
**આનંદાદયદિગ્મિતા સુરભવં, ત્યક્ત્વા ગમિષ્યંતિ વૈ;**
**મોક્ષં તદ્વ્રતમાચરસ્વ સુમતે, ચૈત્યાભિષેકં કુરુ,**
**યેન ત્વં વ્રતકલ્પપાદપફલા સ્વાદં કરોષિ સ્વયમ્. ૧**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે જિનેંદ્રાય, પુષ્પાણિ યજામહે સ્વાહા.**

(ઇતિ ષષ્ઠ દિક્પરિમાણવ્રતે સપ્તમ પુષ્પપૂજા સંપૂર્ણમ્)

---

## ।। सप्तम भोगोपभोगपरिमाणव्रते अष्टम अष्टमांगलिकपूजा ।।

(નમોऽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

અષ્ટ મંગળની પૂજના, કરિયે કરી પ્રણામ;
આઠમી પૂજાએ નમો, ભાવમંગલ જિનનામ. ૧
ઉપભોગે પરિભોગથી, સપ્તમ વ્રત ઉચ્ચાર;
બીજું ગુણવ્રત એહમાં, વીશ તજો અતિચાર. ૨

(ઢાળ)

વ્રત સાતમે વિરતિ આદરું રે લોલ,
કરો સાહેબ જો મુજ મહેર જો;
તુજ આગમ આરીસો જોવતાં રે લોલ,
દૂર દીઠું છે શિવપુર શહેર જો.
મને સંસારશેરી વિસરી રે લોલ,(એ આંકણી)
જિહાં બાર પાડોશી ચાડ જો;
નિત્ય રહેવું ને નિત્ય વઢવાડ જો,
મને સંસારશેરી વિસરી રે લોલ. મને૦ ૧
ફળ તંબોળ અન્ન ઉપભોગમાં રે લોલ,
ઘર નારી ચીવર પરિભોગ જો;
કરી માન નમું નિત્ય નાથને રે લોલ,
જેથી જાયે ભવોભવ શોક જો. મને૦ ૨
પ્રભુ પૂજા રચું અષ્ટ મંગળે રે લોલ,
પરહાંસી તજી અતિ રોષ જો;
અતિ ઉદ્ભટ વેશ ન પહેરીયે રે લોલ,
નવિ ધરીએ મલિનતા વેશ જો. મને૦ ૩
ચાર મોટી વિગય કરી વેગળી રે લોલ,
દશ બાર અભક્ષ્ય નિવાર જો;
તિહાં રાત્રિભોજન કરતાં થકાં રે લોલ,
માંજાર ઘુવડ અવતાર જો. મને૦ ૪
છળે રાક્ષસ વ્યંતર ભૂતડાં રે લોલ,
કેશ કંટક જૂ નો વિકાર જો;
ત્રણ્ય મિત્રચરિત્રને સાંભળી રે લોલ,
કરો રાત્રિભોજન ચોવિહાર જો. મને૦ ૫



ગાડાં વહેલ વેચે ભાડાં કરે રે લોલ,
અંગારકરમ વનકર્મ જો;
સર કૂપ ઉપલ ખણતાં થકાં રે લોલ,
નવિ રહે શ્રાવકનો ધર્મ જો. મને૦ ૬
વિષ, શસ્ત્ર, વેપાર દાંત, લાખનો રે લોલ,
રસ, કેશ, નિલંછનકર્મ જો;
શુક, મેના ન પાળીએ પાંજરે રે લોલ,
વનદાહે દહે શિવશર્મ જો. મને૦ ૭
યંત્રપીલણ, સર નવિ શોષીએ રે લોલ,
તેણે કરજો મયા મહારાજ જો;
નહિ ખોટ ખજાને દીજીએ રે લોલ,
શિવરાજ વધારી લાજ જો. મને૦ ૮
રાજમંત્રી—સુતા ફળ પામતી રે લોલ,
વ્રતસાધક બાધક ટાળ જો;
શુભવીર પ્રભુના નામથી રે લોલ,
નિત્ય પામીએ મંગળમાળ જો. મને૦ ૯

(કાવ્યં : શાર્દૂલવિક્રીડિતંવૃત્તમ્)

**શ્રદ્ધાસંયુતદ્વાદશવ્રતધરાઃ શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ,**
**આનંદાદયદિગ્મિતા સુરભવં, ત્યક્ત્વા ગમિષ્યંતિ વૈ;**
**મોક્ષં તદ્વ્રતમાચરસ્વ સુમતે, ચૈત્યાભિષેકં કુરુ,**
**યેન ત્વં વ્રતકલ્પપાદપફલા સ્વાદં કરોષિ સ્વયમ્. ૧**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, અષ્ટમંગલાનિ યજામહે સ્વાહા.**

(ઇતિ સપ્તમ ભોગોપભોગપરિમાણવ્રતે અષ્ટમ અષ્ટમાંગલિકપૂજા સંપૂર્ણમ્)

## ॥ अष्टम अनर्थदंडविरमणव्रते नवम अक्षतपूजा ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

દંડાયે વિણ હેતુયે, વળગે પાપ પ્રચંડ;
પ્રભુ પૂજી વ્રત કારણે, તે કહું અનર્થ દંડ. ૧
સ્વજન શરીરને કારણે, પાપે પેટ ભરાય;
તે નવિ અનરથ દંડ છે, એમ ભાખે જિનરાય. ૨

**(ઢાળ)**

નેક નજર કરો નાથજી,
જેમ જાયે દાલિદર આજથી જી હો. નેક૦
અમે અક્ષત ઉજ્જ્વલ તંદુલે,
કરી પૂજા કહું જિન આગળે જી હો. નેક૦
આવી પહોતો છું પંચમકાળમાં,
સંસાર દાવાનળ ઝાળમાં જી હો. નેક૦ ૧
ધ્યાન આરત રૌદ્રે મંડિયો,
ઠામ ઠામ અનર્થ દંડિયો જી હો. નેક૦
ઉપદેશ મેં પાપનો દાખિયો,
કૂડી વાતે થયો હું સાખિયો જી હો. નેક૦ ૨
આરંભ કર્યા ઘણી ભાતિના,
મેં યુદ્ધ કર્યાં કેઈ જાતિનાં જી હો. નેક૦
રથ મૂશલ માગ્યાં આપિયાં,
જતાં પંથે તે તરુવર ચાંપિયાં જી હો. નેક૦ ૩
વળી વાદે તે વૃષભ દોડાવિયા,
કરી વાતો ને લોક લડાવિયા જી હો. નેક૦



ચાર વિકથાએ પુણ્યધન હારિયો,
જેમ અનીતિપુરે વ્યવહારિયો જી હો. નેક૦ ૪
તિહાં ચાર ધૂતારા વાણિયા,
ભરે પેટ તે પાપે પ્રાણિયા જી હો. નેક૦
રણઘંટા વચન જો પાળિયું,
તો રત્નચૂડે ધન વાળિયું જી હો. નેક૦ ૫
તેમ અરિહાની આણા પાળશું,
વ્રત લેઈને પાપ પખાળશું જી હો. નેક૦
અતિચાર તે પાંચ નિવારશું,
ગુરુશિક્ષા તે દિલમાં ધારશું જી હો. નેક૦ ૬
વીરસેન કુસુમસિરિ દો જણાં,
વ્રત પાળી થયાં સુખિયાં ઘણાં જી હો. નેક૦
અમે પામીએ લીલવિલાસને,
શુભવીર પ્રભુને શાસને જી હો. નેક૦ ૭

(કાવ્યં : શાર્દૂલવિક્રીડિતંવૃત્તમ્)

**શ્રદ્ધાસંયુતદ્વાદશવ્રતધરાઃ શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ,**
**આનંદાદયદિગ્મિતા સુરભવં, ત્યક્ત્વા ગમિષ્યંતિ વૈ;**
**મોક્ષં તદ્વ્રતમાચરસ્વ સુમતે, ચૈત્યાભિષેકં કુરુ,**
**યેન ત્વં વ્રતકલ્પપાદપફલા સ્વાદં કરોષિ સ્વયમ્. ૧**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, અક્ષતાન્ યજામહે સ્વાહા.**

(ઇતિ અષ્ટમ અનર્થદંડવિરમણવ્રતે નવમ અક્ષતપૂજા સંપૂર્ણમ્)

## ॥ નવમ સામાયિકવ્રતે દશમ દર્પણપૂજા ॥

(નમોऽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

દશમી દર્પણપૂજના, ધરી જિન આગળ સાર;
આતમરૂપ નિહાળીને, કહું શિક્ષાવ્રત ચાર. ૧

**(ઢાળ)**

(સુણ ગોવાલણી—એ દેશી)

હે સુખકારી ! આ સંસાર થકી જો મુજને ઉદ્ધરે,
હે ઉપકારી ! એ ઉપકાર તુમારો કદિય ન વીસરે. (એ ટેક)
નવમે સામાયિક ઉચ્ચરિયે, અમે દર્પણની પૂજા કરિયે;
નિજ આતમરૂપ અનુસરિયે, સમતા સામાયિક સંવરિયે.
હે સુખકારી૰ ૧

સામાન્યે જિહાં મુનિવર ભાળે, અતિચાર પાંચ એહના ટાળે;
સાધુપરે જીવદયા પાળે, નિજઘર ચૈત્યે પૌષધશાળે.
હે સુખકારી૰ ૨

રાજા મંત્રી ને વ્યવહારી, ઘોડા રથ હાથી શણગારી;
વાજિંત્ર ગીત આગળ પાળા, પરશંસે ષટ્ દરશનવાળા.
હે સુખકારી૰ ૩

એવી રીતે ગુરુ પાસે આવી, કરે સામાયિક સમતા લાવી;
ઘડી બે સામાયિક ઉચ્ચરિયે, વળી બત્રીસ દોષને પરિહરિયે.
હે સુખકારી૰ ૪

લાખ ઓગણસાઠ બાણું કોડી, પંચવીશ સહસ નવસેં જોડી;
પંચવીશ પલ્યોપમ ઝાઝેરું, તે બાંધે આયુ સુર કેરું.
હે સુખકારી૰ ૫



સામાયિકવ્રત પાળી યુગતે, તે ભવ ધનમિત્ર ગયો મુગતે;
આગમ રીતે વ્રત હું પાળું, પંચમ ગુણઠાણું અજુવાળું.
હે સુખકારી૰ ૬

તુમે ધ્યેયરૂપ ધ્યાને આવો, શુભવીર પ્રભુ કરુણા લાવો;
નહીં વાર અચળસુખ સાધંતે, ઘડી દોય મળો જો એકાંતે.
હે સુખકારી૰ ૭

(કાવ્યં : શાર્દૂલવિક્રીડિતંવૃત્તમ્)

**શ્રદ્ધાસંયુતદ્વાદશવ્રતધરાઃ શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ,**
**આનંદાદયદિગ્મિતા સુરભવં, ત્યક્ત્વા ગમિષ્યંતિ વૈ;**
**મોક્ષં તદ્વ્રતમાચરસ્વ સુમતે, ચૈત્યાભિષેકં કુરુ,**
**યેન ત્વં વ્રતકલ્પપાદપફલા સ્વાદં કરોષિ સ્વયમ્. ૧**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, દર્પણં યજામહે સ્વાહા.**

(ઇતિ નવમ સામાયિકવ્રતે દશમ દર્પણપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ દશમ દેશાવકાશિકવ્રતે એકાદશ નૈવેદ્યપૂજા ॥

(નમોऽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

વિગ્રહગતિ દૂરે કરી, આપો પદ અણાહાર;
ઇમ કહી જિનવર પૂજિયે, ઠવી નૈવેદ્ય રસાળ. ૧

**(ઢાળ)**

(તેજે તરણીથી વડો રે—એ દેશી)

દશમે દેશાવકાશિકે રે, ચઉદ નિયમ સંક્ષેપ;
વિસ્તારે પ્રભુ પૂજતાં રે, ન રહે કર્મનો લેપ હો જિનજી.

ભક્તિ સુધારસ ઘોળનો રે, રંગ બન્યો હે ચોળનો રે,
પલક ન છોડ્યો જાય. (એ આંકણી) ૧

એક મુહૂરત દિનરાતનું રે, પક્ષ માસ પરિમાણ;
સંવત્સર ઇચ્છા લગે રે, તે રીતે પચ્ચખ્ખાણ હો જિનજી.
ભક્તિ સુધારસ ઘોળનો રે૦ ૨

બારે વ્રતના નિયમનો રે, સંક્ષેપ એહમાં થાય;
મંત્રબળે જેમ વીંછીનું રે, ઝેર તે ડંખે જાય હો જિનજી.
ભક્તિ સુધારસ ઘોળનો રે૦ ૩

ગંઠસી ઘરસી દીપસી રે, એહમાં સર્વ સમાય;
દીપકજ્યોતે દેવતા રે, ચંદવિડંસગરાય હો જિનજી.
ભક્તિ સુધારસ ઘોળનો રે૦ ૪

પણ અતિચાર નિવારીને રે, ધનદ ગયો શિવગેહ;
શ્રી શુભવીરશું માહરે રે, સાચો ધર્મસનેહ હો જિનજી.
ભક્તિ સુધારસ ઘોળનો રે૦ ૫

(કાવ્યં : શાર્દૂલવિક્રીડિતંવૃત્તમ્)

**શ્રદ્ધાસંયુતદ્વાદશવ્રતધરાઃ શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ,**
**આનંદાદયદિગ્મિતા સુરભવં, ત્યક્ત્વા ગમિષ્યંતિ વૈ;**
**મોક્ષં તદ્વ્રતમાચરસ્વ સુમતે, ચૈત્યાભિષેકં કુરુ,**
**યેન ત્વં વ્રતકલ્પપાદપફલા સ્વાદં કરોષિ સ્વયમ્. ૧**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે જિનેંદ્રાય, નૈવેદ્યં યજામહે સ્વાહા.**

(ઇતિ દશમ દેશાવકાસિકવ્રતે એકાદશ નૈવેદ્યપૂજા સંપૂર્ણમ્)

---



## ॥ एकादशम पौषधोपवासव्रते द्वादश ध्वजपूजा ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

પડહ વજાવી અમારીનો, ધ્વજ બાંધો શુભધ્યાન;
પોસહવ્રત અગિયારમે, ધ્વજપૂજા સુવિધાન. ૧

**(ઢાળ)**

(વગડાનો વાસી રે, મોર શિદ મારિયો—એ દેશી)

પ્રભુપડિમા પૂજીને પોસહ કરિયે રે,
વાતને વિસારી રે વિકથા ચારની;
પ્રાયે સુરગતિ સાધે પર્વને દિવસે રે,
ધર્મની છાયા રે તરુ સહકારની;

શીતળ નહિ છાયા રે આ સંસારની,
કૂડી છે માયા રે આ સંસારની;
કાચની કાયા રે છેવટ છારની,
સાચી એક માયા રે જિન અણગારની. ૧(એઆંકણી)

એંશી ભાંગે દેશથકી જે પોસહ રે,
એકાસણ કહ્યું રે શ્રી સિદ્ધાંતમેં;
નિજઘર જઈને જયણા મંગળ બોલી રે,
ભાજનમુખ પૂંજી રે શબ્દવિના જમે.
શીતળ૦ કૂ૦ કા૦ સા૦ ૨

સર્વથી આઠ પહોરનો ચઉવિહાર રે,
સંથારો નિશિ રે કંબલ ડાભનો;
પાંચે પરવી ગૌતમ ગણધર બોલ્યા રે,
પૂરવ આંક તીસગણો છે લાભનો.
શીતળ૦ કૂ૦ કા૦ સા૦ ૩

કાર્તિક શેઠ પામ્યો હરિ અવતાર રે,
શ્રાવક દશ વીશ વરસે સ્વર્ગે ગયા;
પ્રેતકુમાર વિરાધકભાવને પામ્યો રે,
દેવકુમાર વ્રત રે આરાધક થયા.
શીતળ૦ કૂ૦ કા૦ સા૦ ૪

પણ અતિચાર તજી જિનજી વ્રત પાળું રે,
તારક નામ સાચું રે જો મુજ તારશો;
નામ ધરાવો નિર્યામક જો નાથ રે,
ભવોદધિ પાર રે તો ઉતારશો.
શીતળ૦ કૂ૦ કા૦ સા૦ ૫

સુલસાદિક નવ જણને જિનપદ દીધાં રે,
કરમે તે વેળા રે વસિયો વેગળો;
શાસન દીઠું ને વળી લાગ્યું મીઠું રે,
આશાભર આવ્યો રે સ્વામી એકલો.
શીતળ૦ કૂ૦ કા૦ સા૦ ૬

દાયક નામ ધરાવો તો સુખ આપો રે,
સુરતરુની આગે રે શી બહુ માગણી?
શ્રી શુભવીર પ્રભુજી મોંઘે કાળે રે,
દિયંતા દાન રે શાબાશી ઘણી.
શીતળ૦ કૂ૦ કા૦ સા૦ ૭

(કાવ્યં : શાર્દૂલવિક્રીડિતંવૃત્તમ્)

**શ્રદ્ધાસંયુતદ્વાદશવ્રતધરાઃ શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ,**
**આનંદાદયદિગ્મિતા સુરભવં, ત્યક્ત્વા ગમિષ્યંતિ વૈ;**
**મોક્ષં તદ્વ્રતમાચરસ્વ સુમતે, ચૈત્યાભિષેકં કુરુ,**
**યેન ત્વં વ્રતકલ્પપાદપફલા સ્વાદં કરોષિ સ્વયમ્. ૧**



(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે જિનેંદ્રાય, ધ્વજં યજામહે સ્વાહા.**

(ઇતિ એકાદશ પૌષધોપવાસવ્રતે દ્વાદશ ધ્વજપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ द्वादश अतिथिसंविभागव्रते त्रयोदश फलपूजा ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

અતિથિ કહ્યા અણગારને, સંવિભાગવ્રત તાસ;
ફળપૂજા કરી તેરમી, માગો ફળ પ્રભુ પાસ. ૧

**(ઢાળ)**

(ભમરા ! ભૂધર શેં નાવ્યો–એ દેશી)

ઉત્તમ ફળ પૂજા કીજે, મુનિને દાન સદા દીજે;
બારમે વ્રત લાહો લીજે રે, શ્રાવકવ્રત સુરતરુ ફળિયો.
મનમોહન મેળો મળિયો રે. શ્રાવક૦ (એ આંકણી૦) ૧

દેશ કાળ શ્રદ્ધા ક્રમિયે, ઉત્તર પારણે દાન દિયે;
તેહમાં પણ નવિ અતિચરિયે રે. શ્રાવક૦ ૨

વિનતિ કરી મુનિને લાવે, મુનિ બેસણ આસણ ઠાવે;
પડિલાભે પોતે ભાવે રે. શ્રાવક૦ ૩

દશ ડગલાં પૂંઠે જાવે, મુનિદાને જે નવિ આવે;
વ્રતધારી તે નવિ ખાવે રે. શ્રાવક૦ ૪

મુનિ અછતે જમે દિશિ દેખી, પોસહ પારણવિધિ ભાખી;
ધર્મદાસ ગણી છે સાખી રે. શ્રાવક૦ ૫

એકાદશ પડિમા વહિયા, સુર ઉપસર્ગે નવિ પડિયા;
કામદેવ પ્રભુમુખ ચડિયા રે. શ્રાવક૦ ૬
ગુણકર શેઠ ગયો મુક્તે, હું પણ પાળું એ યુક્તે;
શ્રી શુભવીર પ્રભુ ભક્તે રે. શ્રાવક૦ ૭

**(અથ સર્વોપરી ગીતં)**

વિરતિપણે હું વિનવું, પ્રભુ અમ ઘર આવો;
સેવક સ્વામીભાવથી, નથી કોઈનો દાવો. વિ૦૧
લીલવિલાસી મુક્તિના, મુજ તેહ દેખાવો;
મનમેલો મેલી કરી, ફોગટ લલચાવો. વિ૦૨
રંગ રસીલા રીઝીને, ત્રિશલાસુત આવો;
થાયે સેવક તુમ આવતે, ચૌદરાજમાં ચાવો. વિ૦૩
પંથવચ્ચે પ્રભુજી મળ્યા, હજુ અરધે જાવો;
નિર્ભય નિજપુર પામવા, પ્રભુ પાકો વોળાવો. વિ૦૪
શ્રેણી ચઢી શૈલેશિયે, પરિશાટન ભાવો;
એક સમય શિવમંદિરે, જ્યોતે જ્યોતિ મિલાવો. વિ૦૫
નાટક દુનિયા દેખતે, નવિ હોય અભાવો;
શ્રી શુભવીરને પૂજતાં, ઘેર ઘેર વધાવો. વિ૦૬

(કાવ્યં : શાર્દૂલવિક્રીડિતંવૃત્તમ્)

**શ્રદ્ધાસંયુતદ્વાદશવ્રતધરાઃ શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ,**
**આનંદાદયદિગ્મિતા સુરભવં, ત્યક્ત્વા ગમિષ્યંતિ વૈ;**
**મોક્ષં તદ્વ્રતમાચરસ્વ સુમતે, ચૈત્યાભિષેકં કુરુ,**
**યેન ત્વં વ્રતકલ્પપાદપફલા સ્વાદં કરોષિ સ્વયમ્. ૧**



(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે જિનેંદ્રાય, ફલં યજામહે સ્વાહા.**

(ઇતિ દ્વાદશ અતિથિસંવિભાગવ્રતે ત્રયોદશ ફલપૂજા સંપૂર્ણમ્)

---

**અથ કળશ**

(રાગ ધન્યાશ્રી)

ગાયો ગાયો ગાયો રે, મહાવીર જિનેશ્વર ગાયો.
વીરમુખે વ્રત ઉચ્ચરિયાં જેમ, નરનારી સમુદાયો;
એકસો ચોવીશ અતિચાર પ્રમાણે, ગાથાએ ભાવ બનાયો રે.
મહાવીર૦ ૧
વ્રતધારીને પૂજાનો વિધિ, ગણધર સુત્ર ગૂંથાયો;
નિર્ભય દાવે શિવપુર જાવે, જેમ જગમાલ છપાયો રે.
મહાવીર૦ ૨
તપગચ્છ શ્રી વિજયસિંહસૂરિના, સત્યવિજય સત્ય પાયો;
કપૂરવિજય ગુરુ ખિમાવિજય તસ, જસવિજયો મુનિરાયો રે.
મહાવીર૦ ૩
શ્રી શુભવિજય સુગુરુ સુપસાયે, શ્રુતચિંતામણિ પાયો;
વિજયદેવેંદ્ર સૂરીશ્વરરાજ્યે, એ અધિકાર રચાયો રે.
મહાવીર૦ ૪
કષ્ટ નિવારે વાંછિત સારે, મધુરે કંઠે મલ્હાયો;
રાજનગરમાં પૂજા ભણાવી, ઘર ઘર ઉત્સવ થાયો રે.
મહાવીર૦ ૫

મુનિ[૭] વસુ[૮] નાગ[૮] શશી[૧] સંવત્સર (૧૮૮૭), દિવાળી દિન ગાયો;
પંડિત વીરવિજય પ્રભુધ્યાને, જગ જસ—પડહ વજાયો રે.
મહાવીર૦ ૬

**(ઇતિ પંડિત શ્રી વીરવિજયજી કૃત શ્રી દ્વાદશવ્રત પૂજા સમાપ્ત)**

---

## શ્રી શાંતિજિન આરતી

જય જય આરતી શાંતિ તુમારી,
તોરા ચરણકમલકી મેં જાઉં બલિહારી. જય૦ ૧

વિશ્વસેન અચિરાજિકે નંદા,
શાંતિનાથ મુખ પૂનમચંદા. જય જય૦ ૨

ચાલીશ ધનુષ સોવનમય કાયા,
મૃગલંછન પ્રભુચરણ સુહાયા. જય જય૦ ૩

ચક્રવર્ત્તી પ્રભુ પાંચમા સોહે,
સોળમા જિનવર જગ સૌ મોહે. જય જય૦ ૪

મંગળ આરતી ભોરહિં કીજે,
જન્મ જન્મનો લાહો લીજે. જય જય૦ ૫

કરજોડી સેવક ગુણ ગાવે,
સો નર નારી અમરપદ પાવે. જય જય૦ ૬

---



## મંગળ દીવો

દીવો રે દીવો પ્રભુ મંગલિક દીવો;
જ્ઞાન દીવો તુજ ચિરંજીવો. દીવો૦૧

નિશ્ચય દીવે પ્રગટે દીવો;
પ્રગટાવો ભવિ દીલમાં દીવો. દીવો૦૨

પ્રગટ દીવો જ્ઞાની પરમાત્મા;
તેને અર્પણ હો નિજ આત્મા. દીવો૦૩

બહિરાતમતા તજી પ્રભુ-શરણે.
બનો અંતર-આત્મા પ્રભુ-સ્મરણે. દીવો૦૪

પરમાતમતા નિશદિન ભાવે;
આતમ અર્પણતા તો થાવે. દીવો૦૫

આત્મભાવના સતત અભ્યાસે;
નિજ સહજાત્મસ્વરૂપ પ્રકાશે. દીવો૦૬

આત્મદ્રષ્ટિ દીવો જળહળતો;
પ્રગટયો ઉરમાં જન્મ સફળ તો. દીવો૦૭

શ્રીમદ્ સદ્ગુરુ રાજ કૃપાથી;
સ્વરૂપ સિદ્ધિ સાધે મોક્ષાર્થી. દીવો૦૮

---

પંડિત શ્રી વીરવિજયજી કૃત

## ૫. શ્રી ચોસઠ પ્રકારી પૂજા

(તત્ર)

## प्रथम दिवसेऽध्यापनीय ज्ञानावरणीयकर्मसूदनार्थं प्रथम पूजाष्टक प्रारंभ

(આ પૂજામાં જોઈતી ચીજોનાં નામ)

(૧. કૂવાનું શુદ્ધ જળ, ૨. કેશર, ૩. કેતકી જાઈનાં ફૂલ, ૪. અગરબત્તી ધૂપ, ૫. પંચદિવેટનો દીવો, ૬. ઉજ્જ્વલ તંદુલ, ૭. ઉત્તમ નૈવેદ્ય, ૮. ઉત્તમ ફળ.)

### ॥ अथ प्रथम जलपूजा प्रारंभ ॥

(નમોऽર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

શ્રી શંખેશ્વર સાહિબો, સમરી સરસતી માય;
શ્રી શુભવિજય સુગુરુ નમી, કહું તપફળ સુખદાય. ૧

જ્ઞાન થકી સવિ જાણતા, તે ભવ મુગતિ જિણંદ;
વ્રત ધરી ભૂતળ તપ તપ્યા, તપથી પદ મહાનંદ. ૨

દાનશક્તિ જો નહિ હુવે, તો તનુશક્તિ વિચાર;
તપ તપિયે થઈ યોગ્યતા, અલ્પ કષાય આહાર. ૩

પરનિંદા છંડી કપટ, વિધિ ગીતારથ પાસ;
આચાર દિનકરે દાખિયો, તે તપ કર્મ વિનાશ. ૪



વિવિધ પ્રકારે તપ કહ્યાં, આગમ રયણની ખાણ;
તેહમાં કર્મસૂદન તપે, દિન ચઉસઠ્ઠિ પ્રમાણ. ૫

જ્ઞાનાવરણી કર્મ અડ, પચ્ચખ્ખાણે છેદાય;
ઉપવાસાદિક અડ કવળ, અંતિમ તિમ અંતરાય. ૬

ઉજમણું તપ પૂરણે, શક્તિતણે અનુસાર;
તરુવર રૂપાનો કરો, ઘાતિયાં શાખા ચાર. ૭

ચાર પ્રશાખા પાતલી, કર્મનો ભાવ વિચાર;
ઇગસય અડવન પત્ર તસ, કાપવા કનક કુઠાર. ૮

ચોસઠ મોદક મૂકિયે, પુસ્તક આગળ સાર;
ચોસઠ કળશા નામિયે, જિન પડિમા જયકાર. ૯

પૂજા સામગ્રી રચી, ભરી ફળ નૈવેદ્ય થાળ;
જ્ઞાનોપગરણ મેળવી, જ્ઞાનભક્તિ મનોહાર.૧૦

જળકળશા ચોસઠ ભરી, ધરિયે પુરુષને હાથ;
તીર્થોદક કળશા ભરી, ચોસઠ કુમરી હાથ.૧૧

ચોસઠ વસ્તુ મેળવી, મંડલ રચિયે સાર;
મંગળદીવો રાખિયે, પુસ્તક મધ્ય વિશાલ.૧૨

સ્નાત્રમહોત્સવ કીજિયે, પૂજા અષ્ટ પ્રકાર;
જ્ઞાનાવરણ હઠાવવા, અડ અભિષેક ઉદાર.૧૩

(ઢાળ પહેલી)

(રાગ-જોગા આશાવરી-મોતીવાળા ભમરજી—એ દેશી)

ચરમ પ્રભુમુખ ચંદ્રમા, સખી ! દેખણ દીજે;
હાથ આરિસા બિંબ રે, સખી ! મુને દેખણ દીજે.
છપ્પન્ન દિગ્કુમરી કહે, સખી૰ વિકસિત મેઘકદંબ રે. સખી૰૧

ભવમંડળમેં ન દેખીઓ, સખી૦ પ્રભુજીનો દેદાર રે, સખી૦
કૃત્ય કરી ઘેર જાવતી, સખી૦ ખેલત બાળ કુમાર રે. સખી૦૨
યૌવનવય સુખ ભોગવે, સખી૦ શ્રી મહાવીર કુમાર રે, સખી૦
જ્ઞાનથી કાળ ગવેષિયો, સખી૦ આપ હુઆ અણગાર રે. સખી૦૩
ગુણઠાણું લહી બારમું, સખી૦ જ્ઞાનાવરણી હણ્યું જેમ રે, સખી૦
કેવળ લહી મુગતે ગયા, સખી૦ અમે પણ કરશું તેમ રે. સખી૦૪
સ્વામી સેવાથી લહે, સખી૦ સેવક સ્વામીભાવ રે, સખી૦
સાલંબન નિરાલંબને, સખી૦ કરશું એહવો બનાવ રે. સખી૦૫
તીસકોડાકોડી સાગરુ, સખી૦ થિતિ અંતર્મુહૂર્ત લગીસ રે, સખી૦
બંધ ચતુર્વિધ ચેતશું, સખી૦ પગઈ ઠિઈ રસ દેસ રે. સખી૦૬
સૂક્ષ્મ બંધ ઉદય વળી, સખી૦ ઉદીરણ સત્તા ખીણ રે, સખી૦
સ્નાતક સ્નાનમિષે હુવે, સખી૦ જ્ઞાન પડલ મલહીણ રે. સખી૦૭
સર્વાંગે સ્નાતક થઈ, સખી૦ કરશું સાહેલી રંગ રે, સખી૦
સહજાનંદ ઘરે રમો, સખી૦ શ્રી શુભવીરને સંગ રે. સખી૦૮

(કાવ્યં ઉપજાતિવૃત્તમ્)

**તીર્થોદકૈર્મિશ્રિતચંદનૌઘૈઃ, સંસારતાપાહતયે સુશીતૈઃ**
**જરાજનિપ્રાંતરજોઽભિશાંત્યૈ, તત્કર્મદાહાર્થમજં યજેઽહં. ૧**

(દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**સુરનદીજલપૂર્ણઘટૈર્ઘનૈ, – ઘુસૃણમિશ્રિતવારિભૃતૈઃ પરૈ;**
**સ્નપય તીર્થકૃતં ગુણવારિધિં, વિમલતાં ક્રિયતાં ચ નિજાત્મનઃ ૨**
**જનમનોમણિભાજનભારયા, – શમરસૈકસુધારસધારયા;**
**સકલબોધકલારમણીયકં, – સહજસિદ્ધમહં પરિપૂજયે. ૩**



(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, અજ્ઞાનોચ્છેદકાય,**
**જલં યજામહે સ્વાહા.**

(ઇતિ આજ્ઞાનોચ્છેદકાર્યં પ્રથમ જલપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ અથ દ્વિતીય ચંદનપૂજા પ્રારંભ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

મૂલ પ્રકૃતિયે એક એ, ઉત્તરપ્રકૃતિ પાંચ;
મોહ સમે પણ નવિ સમે, વિણ ખાયકની આંચ. ૧
તિણે તેહિ જ વિધિ સાધવા, પૂજો અરિહા અંગ,
સિદ્ધસ્વરૂપ હૃદય ધરી, ઘોળી કેસરરંગ. ૨

**(ઢાળ બીજી)**

બીજી ચંદનપૂજના રે, કેસરનો કરી ઘોળ, પ્રભુપદ પૂજીયે.
બાહિર રંગ ગવેષીને રે, રંગ અભ્યંતર ચોળ, પ્રભુપદ પૂજીયે.
પૂજીયે જિન પૂજીયે રે; આનંદરસ કલ્લોલ,
પ્રભુપદ પૂજીયે રે. (એ આંકણી) ૧
ધુર પગઇ ધુર કર્મની રે, બંધ ત્રિભંગ પ્રકાર; પ્રભુ૦
ખય ઉપશમ ગુણ નીપજે રે, અડવીશ ઉપર ચાર. પ્રભુ૦ ૨
ત્રણસેં ચાળીશ ઉત્તરુ રે, બહવાદિક પદ બાર; પ્રભુ૦
પૂજ્ય વિશેષાવશ્યકે રે, નંદીસૂત્ર મોઝાર. પ્રભુ૦ ૩
બંધહેતુ છતે પામિયે રે, મતિ આવરણ બલેણ; પ્રભુ૦
ધ્રુવબંધી પ્રકૃતિ ટળે રે, જબ લહે ખાયક શ્રેણ. પ્રભુ૦ ૪

જિમ રોહે નૃપ રીઝવ્યો રે, રીઝવવો એક સાંઈ; પ્રભુ૦
શ્રી શુભવીરને આશરે રે, નાસે કર્મ બલાય. પ્રભુ૦ ૫

(કાવ્યં૦ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**જિનપતેર્વરગંધસુપૂજનં, જનિજરામરણોદ્‌ભવભીતિહૃત્;**
**સકલરોગવિયોગવિપદ્ધરં, કુરુ કરેણ સદા નિજપાવનમ્. ૧**
**સહજકર્મકલંકવિનાશનૈ, – રમલભાવસુવાસનચંદનૈઃ**
**અનુપમાનગુણાવલિદાયકં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય,મતિજ્ઞાનાવરણનિવારણાય,**
**ચંદનં યજામહે સ્વાહા.**

(ઇતિ મતિજ્ઞાનાવરણનિવારણાર્થં દ્વિતીય ચંદનપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ तृतीय पुष्पपूजा प्रारंभ ॥

(નમોઽર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

શ્રુતજ્ઞાનાવરણી તણો, તું પ્રભુ ટાળણહાર;
ક્ષણમેં શ્રુતકેવળી કર્યા, દેઈ ત્રિપદી ગણધાર. ૧
સુમનસવૃષ્ટિ તેણે સમે, સમવસરણ મોઝાર;
કરતા સુમનસ સુમનસા, પ્રભુપૂજા દિલ ધાર. ૨

**(ઢાળ ત્રીજી)**

(દ્વેષ ન ધરીએ લાલન દ્વેષ ન ધરીએ—એ દેશી)

સમવસરણે શ્રુતજ્ઞાન પ્રકાશે,
પૂજે સુરવર ફૂલની રાશે; સ્વામી ફૂલની રાશે.



કેતકી જાયનાં ફૂલ મંગાવો,
ભેદત્રિકે કરી પૂજા રચાવો. સ્વામી૦ ૧
પ્રભુપદ પ્રણમી શ્રી શ્રુત માગો,
શ્રુતજ્ઞાનાવરણ તે જેમ જાય ભાગો. સ્વામી૦
ખય ઉપશમગુણ જિમ જિમ થાવે,
તિમ તિમ આતમ ગુણ પ્રગટાવે. સ્વામી૦ ૨
મતિ વિણ શ્રુત ન લહે કોઈ પ્રાણી,
સમકિતવંતની એહ નિશાની. સ્વામી૦
કૃત્યાદિક શ્રુતનાણ જણાવે,
ખીર નીર જિમ હંસ બતાવે. સ્વામી૦ ૩
ગીતારથ વિણ ઉગ્રવિહારી,
તપિયા પણ મુનિ બહુલ સંસારી. સ્વામી૦
અલ્પાગમ તપ ક્લેશ તે જાણો,
ધર્મદાસગણિ વચન પ્રમાણો. સ્વામી૦ ૪
ભેદ ચતુર્દશ વીશ વખાણો,
ઓર રીત મતિજ્ઞાન સમાણો. સ્વામી૦
મતિશ્રુત નાણે ચઉ શિવ જાવે,
શ્રુતકેવલી શુભવીર વધાવે. સ્વામી૦ ૫

(કાવ્યં૦ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**સુમનસાં ગતિદાયિ વિધાયિનાં, સુમનસાં નિકરૈઃ પ્રભુપૂજનમ્;**
**સુમનસાં સુમનોગુણસંગિના, જન ! વિધેહિ નિધેહિ મનોર્ચ્ચને. ૧**
**સમયસારસુપુષ્પસુમાલયા, સહજકર્મકરેણ વિશોધયા;**
**પરમયોગબલેન વશીકૃતં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, શ્રુતજ્ઞાનાવરણનિવારણાય,**
**કુસુમાનિ યજામહે સ્વાહા.**

(ઇતિ શ્રુતજ્ઞાનાવરણનિવારણાર્થં તૃતીય પુષ્પપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ चतुर्थ धूपपूजा प्रारंभ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

અવધિજ્ઞાનાવરણના, ક્ષયથી હુઆ ચિદ્રૂપ;
તે આવરણ દહન ભણી, ઊર્ધ્વગતિરૂપ ધૂપ. ૧

**(ઢાળ ચોથી)**

(જિનવર જગતદયાળ ભવિયાં! જિનવર જગતદયાળ-એ દેશી)

એ ગુણ જ્ઞાન રસાળ, ભવિયાં! એ ગુણ જ્ઞાન રસાળ;

ધૂપઘટા કરી જ્ઞાનછટા વરી, અવધિ આવરણ પ્રજાળ, ભ૦
ષટ્ ભેદાંતર વૃદ્ધિની રચના, જાણે ક્ષેત્ર ને કાળ. ભ૦એ૦૧

અંગુલ આવલી સંખમસંખે, પૂરણ કિંચૂણ કાળ; ભ૦
પૂર્ણાવલિ અંગુલ પુહુત્તે, હસ્તે મુહૂર્ત્ત વિચાલ. ભ૦એ૦૨

કોશ દિનાંતર યોજન દિન નવ, દ્રવ્યપર્યાય વિશાળ; ભ૦
પણવીશ યોજન પક્ષ અધૂરે, પક્ષે ભરત નિહાળ. ભ૦એ૦૩

જંબૂદ્વીપ તે માસ અધિકે, વરસે અઢી દ્વીપ ભાળ; ભ૦
રુચકદ્વીપ તે વર્ષ પુહુત્તે, સંખ્યાતે સંખ્યાતો કાળ. ભ૦એ૦૪



કાળ અસંખ્ય દ્વીપ સંખમસંખા, જ્ઞાન પ્રત્યક્ષ ત્રિકાળ; ભ૦
એકસમે અઠ અધિક શત સીઝે, ટાળી ભવજંજાળ. ભ૦એ૦૫

શિવરાજ ઋષિ વિભંગને ટાળી, વરિયા શિવ વરમાળ; ભ૦
સાયરદ્વીપ અસંખ્ય દિખાવે, શ્રી શુભવીર દયાળ. ભ૦એ૦૬

(કાવ્યં દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**અગરુમુખ્યમનોહરવસ્તુના, સ્વનિરુપાધિગુણૌઘવિધાયિનઃ**
**પ્રભુશરીરસુગંધસુહેતુના, રચય ધૂપનપૂજનમર્હતઃ ૧**
**નિજગુણાક્ષયરૂપસુધૂપનં, સ્વગુણઘાતમલં પ્રવિકર્ષણમ્**
**વિશદબોધમનંતસુખાત્મકં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, અવધિજ્ઞાનાવરણનિવારણાય,**
**ધૂપં યજામહે સ્વાહા.**

(ઇતિ અવધિજ્ઞાનાવરણનિવારણાર્થં ચતુર્થ ધૂપપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ पंचम दीपकपूजा प्रारंभ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

મનપજ્જવ આવરણતમ, હરવા દીપકમાળ;
જ્યોતસેં જ્યોત મિલાઈયે, જ્ઞાન વિશેષ વિશાળ. ૧

**(ઢાળ પાંચમી)**

જ્યોતિ ઝગમગે રે, અઢી દ્વીપ પ્રમાણ,
દો ભેદે કરી રે, અઢી અંગુલનો તરતમ જાણ;

જેહ વિપુલમતિ રે, તેહને તે ભવ પદ નિર્વાણ,
મુનિવેષ જ વિના રે, નવિ ઊપજે દો ભેદે નાણ.
જ્યોતિ ઝગમગે રે૦ ૧

વિમલા તમા દિશા રે, જાણે જ્યોતિષ-વ્યંતર ઠાણ,
તિર્છાલોકમાં રે, ભાખ્યું એહ પ્રમાણ;
અધોલોકમાં રે, યોજન સો અધિકેરા જાણ,
સંજ્ઞી જીવના રે, જાણે મનચિંતન મંડાણ.
જ્યોતિ ઝગમગે રે૦ ૨

ઋજુમતિ દ્રવ્યથી રે, અનંત અનંત પ્રદેશ વિચાર,
અસંખિત ભવ કહે રે, પલિય અસંખમ ભાગ ત્રિકાળ;
સવિ પરજાયનો રે, ભાગ અનંતો મનથી સાર,
ચારે ભાવથી રે, અધિકા વિપુલમતિ અણગાર.
જ્યોતિ ઝગમગે રે૦ ૩

મતિ શ્રુત નાણશું રે, મનપજ્જવ પામ્યા મુનિરાય,
ખાયકભાવથી રે, એક સમય દશ મુક્તિ જાય;
ખય ઉપશમ પદે રે, મુનિવરને સાતે ગુણઠાણ,
શ્રી શુભવીરથી રે, જંબૂસ્વામી લગે એ નાણ.
જ્યોતિ ઝગમગે રે૦ ૪

(કાવ્યં દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**ભવતિ દીપશિખાપરિમોચનં, ત્રિભુવનેશ્વરસદ્મનિશોભનમ્;**
**સ્વતનુકાંતિકરં તિમિરં હરં, જગતિ મંગલકારણમાતરમ્. ૧**
**શુચિમનાત્મચિદુજ્જ્વલદીપકૈ – ર્જ્વલિતપાપ પતંગસમૂહકૈઃ**
**સ્વકપદં વિમલં પરિલેભિરે, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**



(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, મનઃપર્યાવરણોચ્છેદકાય,**
**દીપં યજામહે સ્વાહા.**

(ઇતિ મનઃપર્યાવરણોચ્છેદકાર્થં પંચમ દીપકપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ षष्ठ अक्षतपूजा प्रारंभ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

ઘનઘાતી ઘાતે કરી, જેહ થયા મુનિભૂપ;
બહિરાતમ ઉચ્છેદીને, અંતર આતમરૂપ. ૧

**(ઢાળ છઠ્ઠી)**

અક્ષતપદ વરવા ભણી, સુણો સંતાજી,
અક્ષતપૂજા સાર, ગુણવંતાજી;
અક્ષત ઉજ્જ્વલ તંદુલા, સુ૦ ઉજ્જ્વલ જ્ઞાન ઉદાર. ગુ૦ ૧
પંચમ પગઇ ટાળવા, સુ૦ વરવા પંચમ જ્ઞાન. ગુ૦
ત્રિશલાનંદ નિહાળિયે, સુ૦ બાર વરસ એક ધ્યાન. ગુ૦ ૨
નીંદ સ્વપ્ન જાગરદિશા, સુ૦ તે સવિ દૂરે હોય. ગુ૦
દેખે ઉજાગરદિશા, સુ૦ ઉજ્જ્વલ પાયા દોય. ગુ૦ ૩
લહી ગુણઠાણું તેરમું, સુ૦ ધુરસમયે સાકાર. ગુ૦
ભાવજિનેશ્વર વંદિયે, સુ૦ નાઠા દોષ અઢાર. ગુ૦ ૪
છતી પર્યાયે જ્ઞાનથી, સુ૦ જાણે જ્ઞેય અનંત. ગુ૦
શ્રી શુભવીરની સેવના, સુ૦ આપે પદ અરિહંત. ગુ૦ ૫

(કાવ્યં દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**ક્ષિતિતલેઽક્ષતશર્મનિદાનકં, ગણિવરસ્ય પુરોઽક્ષતમંડલં;**
**ક્ષતવિનિર્મિતદેહનિવારણં, ભવપયોધિસમુદ્ધરણોદ્યતમ્. ૧**
**સહજભાવસુનિર્મલતંદુલૈ – ર્વિપુલદોષવિશોધકમંગલૈઃ**
**અનુપરોધસુબોધવિધાયકં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, કેવલજ્ઞાનાવરણનિવારણાય,**
**અક્ષતં યજામહે સ્વાહા.**

(ઇતિ કેવલજ્ઞાનાવરણનિવારણાર્થં ષષ્ઠ અક્ષતપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ सप्तम नैवेद्यपूजा प्रारंभ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

બાહ્યરૂપ આહારે વધે, રૂપાંતર અણાહાર;
અણાહારી પદ પામવા, ઠવો નૈવેદ્ય રસાળ. ૧

**(ઢાળ સાતમી)**

(રાગ-બિલાવલ)

નૈવેદ્ય પ્રભુ આગળ ધરી, બહુ છંદી વાજે;
જ્ઞાનાવરણ નિવારિયે, રુચકાંતર ભાંજે,
હાંહાં રે તવ સાંઈ નિવાજે, હાંહાં રે જિનશાસન રાજે.
નૈવેદ્ય પ્રભુ આગળ ધરી૦ ૧

અજ્ઞાની પુણ્ય પાપનો, નવિ ભેદ તે જાણે;
નય ગમ ભંગ પ્રરૂપણા, હઠવાદે તાણે,
હાંહાં રે એક આપ વખાણે, હાંહાં રે બંધ ઉદય ન જાણે.
નૈવેદ્ય પ્રભુ આગળ ધરી૦ ૨



આશાતના કરે જ્ઞાનની, જયણા નવિ પાળે;
સુગુરુ વચન નવિ સદ્દહે, પડ્યો મોહની જાળે,
હાંહાં રે તે અનંતે કાળે, હાંહાં રે નરભવ ન નિહાળે.
નૈવેદ્ય પ્રભુ આગળ ધરી૦ ૩

રોહિત મત્સ્યની ઉપમા, સિદ્ધાંતે લગાવે;
જ્ઞાનદશા શુભવીરનું, જો દર્શન પાવે,
હાંહાં રે અજ્ઞાન હઠાવે, હાંહાં રે જ્યોતિ નયન જગાવે.
નૈવેદ્ય પ્રભુ આગળ ધરી૦ ૪

(કાવ્યં દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**અનશનં તુ મમાસ્ત્વિતિ બુદ્ધિના, રુચિરભોજનસંચિતભોજનમ્;**
**પ્રતિદિનં વિધિના જિનમંદિરે, શુભમતે બત ઢૌક્ય સુચેતસા. ૧**
**કુમતબોધવિરોધનિવેદકૈ – ર્વિહિતજાતિજરામરણાંતકૈઃ**
**નિરશનૈઃ પ્રચુરાત્મગુણાલયં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, અજ્ઞાનોચ્છેદકાય,**
**નૈવેદ્યં યજામહે સ્વાહા.**

(ઇતિ અજ્ઞાનોચ્છેદકાર્થં સપ્તમ નૈવેદ્યપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ अष्टम फलपूजा प्रारम्भ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

બંધોદય સત્તા ધ્રુવા, પાંચે પયડી જોય;
દેશઘાતિની ચાર છે, કેવળ સર્વથી હોય. ૧

જ્ઞાનાચારે વરતતાં, ફળ પ્રગટે નિરધાર;
તેણે ફળપૂજા પ્રભુતણી, કરિયે વિવિધ પ્રકાર. ૨

**(ઢાળ આઠમી)**

એ પાંચે આવરણનો, બંધ દશમ ગુણઠાણ;
ઉદય ઉદીરણ સત્તા, ખીણ કહે જગભાણ. ૧

જ્ઞાનથી સાસ ઉસાસમાં, કઠિન કરમ ક્ષય જાય;
ફળવંચકતા તસ ટળે, જોગાવંચક થાય. ૨

અરિહા પણ તપ કરતા, એકાકી રહી રાણ;
અણહુંતા સુરકોડી, સેવે પૂરણ નાણ. ૩

જ્ઞાનદશા વિણુ તપ જપ, કિરિયા કરત અનેક;
ફળ નવિ પામે રાંક તે, રણમાં રોલ્યો એક. ૪

તેલીબળદ પરેં કષ્ટ કરે, જીઉ વિણ શ્રુતલહેર;
નિશદિન નયન મીંચાણે, ફરતો ઘેરનો ઘેર. ૫

જ્ઞાન પ્રથમ પછી જયણા, દશવૈકાલિક વાણ;
જ્ઞાનીને સુરતરુ ઉપમા, જ્ઞાનથી ફળ નિર્વાણ. ૬

કર્મસૂદન તપ પૂરણ, ફળપૂજા ફળ સાર;
શ્રી શુભવીરના જ્ઞાનને, વંદિયે વાર હજાર. ૭

(કાવ્યં૰ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**શિવતરોર્ફલદાનપરૈર્નવૈ–ર્વરફલૈઃ કિલ પૂજય તીર્થપમ્;**
**ત્રિદશનાથનતક્રમપંકજં,–નિહતમોહમહીધરમંડલમ્. ૧**
**શમરસૈકસુધારસમાધુરૈ–રનુભવાખ્યફલૈરભયપ્રદૈઃ**
**અહિતદુઃખહરં વિભવપ્રદં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**



(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, પ્રથમ કર્મોચ્છેદનાય,**
**ફલં યજામહે સ્વાહા.**

(ઇતિ પ્રથમકર્મોચ્છેદનાર્થે અષ્ટમ ફલપૂજા સંપૂર્ણમ્)

---

## અથ કળશ

ગાયો ગાયો ગાયો રે, મહાવીર જિનેશ્વર ગાયો.
ત્રિશલામાતા પુત્ર નગીનો, જગનો તાત કહાયો;
તપ તપતાં કેવળ પ્રગટાયો, સમવસરણ વિરચાયો રે. મ૰ ૧

રયણ સિંહાસન બેસી ચૌમુખ, કર્મસૂડણ તપ ગાયો;
આચાર દિનકરે વર્દ્ધમાનસૂરિ, ભવિ ઉપગારે રચાયો રે. મ૰ ૨

પ્રવચનસારોદ્ધાર કહાવે, સિદ્ધસેન સૂરિરાયો;
દિન ચઉસટ્ઠિ પ્રમાણે એ તપ, ઉજમણે નિરમાયો રે. મ૰ ૩

ઉજમણાથી તપફળ વાધે, ઇમ ભાખે જિનરાયો;
જ્ઞાન ગુરુ ઉપગરણ કરાવો, ગુરુગમ વિધિ વિરચાયો રે. મ૰ ૪

આઠ દિવસ મળી ચોસઠ પૂજા, નવ નવ ભાવ બનાયો;
નરભવ પામી લાહો લીજે, પુણ્યે શાસન પાયો રે. મ૰ ૫

વિજય જિનેંદ્રસૂરીશ્વર રાજ્યે, તપગચ્છ કેરો રાયો;
ખુશાલવિજય માનવિજયવિબુધના, આગ્રહથી વિરચાયો રે. મ૰ ૬

વડઓશવાલ ગુમાનચંદસુત, શાસનરાગ સવાયો;
ગુરુભક્તિ શા ભવાનચંદ નિત્ય, અનુમોદનફળ પાયો રે. મ૰ ૭

મૃગ બળદેવમુનિ રથકારક, ત્રણ્ય હુવા એક ઠાયો;
કરણ કરાવણ ને અનુમોદન, સરિખાં ફળ નિપજાયો રે. મ૰ ૮

શ્રી વિજયસિંહ સૂરીશ્વર કેરા, સત્યવિજય બુધ ગાયો;
કપૂરવિજય તસ ખિમાવિજય જસ, વિજય પરંપર ધ્યાયો રે. મ૦ ૯

પંડિત શ્રી શુભવિજય સુગુરુ મુજ, પામી તાસ પસાયો;
તાસ શિષ્ય ધીરવિજય સલૂણા,આગમ રાગ સવાયો રે.મ૦૧૦

તસ લઘુબાંધવ રાજનગરમેં, મિથ્યાત્વપુંજ જલાયો;
પંડિત વીરવિજય કવિરચના, સંઘ સકળ સુખદાયો રે.મ૦૧૧

પહેલો ઉત્સવ રાજનગરમેં, સંઘ મળી સમુદાયો;
કરતા જેમ નંદીશ્વર દેવા, પૂરણ હર્ષ સવાયો રે.મ૦૧૨

(કવિત)

શ્રુતજ્ઞાન અનુભવ તાન મંદિર, બજાવત ઘંટો કરી,
તવ મોહપુંજ સમૂલ જલતે, ભાંગતે સગ ઠીકરી;
હમ રાજતે જગ ગાજતે દિન, અખયતૃતીયા આજથેં,
શુભવીર વિક્રમ વેદ મુનિ વસુ, ચંદ્ર વર્ષ વિરાજતે. ૧
(સંવત ૧૮૭૪)

**(ઇતિ પ્રથમ દિવસેઽધ્યાપનીય જ્ઞાનાવરણીયકર્મસૂદનાર્થં પ્રથમ પૂજાષ્ટકં સંપૂર્ણમ્)**

---

## શ્રી મહાવીરસ્વામીની આરતી

જય દેવ જય દેવ, જય સુખના સ્વામી; (પ્રભુ જય૦ ૨)
તુજને વંદન કરીએ, (૨) ભવભવના ભામી. જયદેવ૦ ૧

સિદ્ધારથના સુત, ત્રિશલાના જાયા; (પ્રભુ ત્રિશલાના૦ ૨)
જસોદાના છો કંથજી, (૨) ત્રિભુવન જગ રાયા. જયદેવ૦ ૨



બાળપણામાં આપ, ગયા રમવા કાજે; (પ્રભુ ગયા૦ ૨)
દેવતાએ દીધો પડછાયો, (૨) બીવરાવવા કાજે. જયદેવ૦ ૩

એકવારનું રૂપ, લીધું છે નાગનું; (પ્રભુ લીધું છે૦ ૨)
બીજીવારનું રૂપ, (૨) લીધું બાળકનું. જયદેવ૦ ૪

બાળક બીના સઉ, પોતે નથી બીતા; (પ્રભુ પોતે૦ ૨)
દેવતાનું કાંઈ ન ચાલ્યું, (૨) હારી જતા રેતા. જયદેવ૦ ૫

એવા છે ભગવાન, મહાવીર તમે જાણો; (પ્રભુ મહાવીર૦ ૨)
વંદે છે સઉ તેને, (૨) નમે રાય રાણો. જયદેવ૦ ૬

---

## મંગળ દીવો

ચારો મંગળ ચાર, આજ ઘેર પ્રભુજી પધાર્યા.
પહેલે મંગળ પ્રભુજીને પૂજું, ઘસી કેસર ઘનસાર.
આજ ઘેર પ્રભુજી પધાર્યા.

બીજે મંગળ અગર ઉખેવું, કંઠ ઠવું ફૂલહાર.
આજ ઘેર પ્રભુજી પધાર્યા.

ત્રીજે મંગળ આરતી ઉતારું, ઘંટ બજાવું રણકાર.
આજ ઘેર પ્રભુજી પધાર્યા.

ચોથે મંગળ પ્રભુ ગુણ ગાઉં, નાચું થેઈ થેઈકાર.
આજ ઘેર પ્રભુજી પધાર્યા.

રૂપચંદ કહે નાથ નિરંજન, ચરણકમળ બલિહાર,
આજ ઘેર પ્રભુજી પધાર્યા.

---

## अथ द्वितीय दिवसेऽध्यापनीय दर्शनावरणीयकर्मसूदनार्थं द्वितीय पूजाष्टक प्रारम्भ

(આ પૂજામાં જોઈતી ચીજોનાં નામ)

(૧. નદીનાં જળ, ૨. ચંદન કેશર, ૩. મરુઆ ડમરાનાં ફૂલ, ૪. અષ્ટાંગ ધૂપ, ૫. નવ દિવેટનો દીવો તથા બીજો બે દિવેટનો દીવો, ૬. કમોદના ચોખા, ૭. નૈવેદ્ય, ૮. ફળ.)

### ॥ अथ प्रथम जलपूजा प्रारंभ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

દર્શનાવરણ તે વરણવું, નવ પગઇ દુરદંત;
દરિસણ નિદ્રા ભેદથી, ચઉ પણ કહે અરિહંત.૧

બંધોદય સત્તા ધુવા, પયડિ નવ તિમ પંચ;
નિદ્રા અધુવોદય કહી, સર્વઘાતિ પણ પંચ.૨

દંસણ તિગ દેશઘાતિયાં, કેવળ દંસણ એક;
સર્વઘાતિ એ દાખિયો, વાદલ મેઘ વિવેક.૩

વિકટ નિકટ ઘટ પટ લહે, જિમ આવરણ વિયોગ;
જ્ઞાનાંતર ક્ષણથી સહુ, સામાન્યે ઉપયોગ.૪

એ આવરણબળે કરી, ન લહ્યું દર્શન નાથ;
નૈગમદર્શને ભટકિયો, પાણી વલોવ્યું હાથ.૫

પૂરણ દર્શન પામવા, ભજિયે ભવિ ભગવંત;
દૂર કરે આવરણને, જિમ જળથી જળકંત.૬



**(ઢાળ પહેલી)**

(નમો રે નમો શ્રી શેત્રુંજા ગિરિવર—એ દેશી)

માગધ ને વરદામ પ્રભાસહ, ગંગાનીર વિવેક રે;
દર્શનાવરણ નિવારણ કારણ, અરિહાને અભિષેક રે.
નમો રે નમો દર્શનદાયકને. ૧

દર્શનદાયક શ્રી જિનવર તું, લાયકતાને લાગ રે;
પ્રીત પટંતર દોય ન છાજે, જો હોય સાચો રાગ રે. નમો૦૨

રાગ વિના નવિ રીઝે સાંઈ, નીરાગી વીતરાગ રે;
જ્ઞાનનયન કરી દર્શન દેખે, તે પ્રાણી વડભાગ રે. નમો૦૩

ચઉ દંસણ પ્રતિ સૂક્ષ્મબંધે, ઉદયાદિક ખીણ અંત રે;
તે આવરણ કઠિન મલ ખાલી, સ્નાતક સંત પ્રસંત રે. નમો૦૪

ગ્રંથિ વિકટ જે પોળ પોળિયો, રોકે દર્શન ભૂપ રે;
શ્રી શુભવીર જો નયન નિહાળે, સેવક સાધનરૂપ રે. નમો૦૫

(કાવ્યં૦ ઉપજાતિવૃત્તમ્)

**તીર્થોદકૈર્મિશ્રિતચંદનૌઘૈઃ, સંસારતાપાહતયે સુશીતૈઃ,
જરાજનિપ્રાંતરજોઽભિશાંત્યૈ, તત્કર્મદાહાર્થમજં યજેઽહં. ૧**

(દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**સુરનદીજલપૂર્ણઘટૈર્ઘનૈ, — ર્ઘુસૃણમિશ્રિતવારિભૃતૈઃ પરૈ;
સ્નપય તીર્થકૃતં ગુણવારિધિં, વિમલતાં ક્રિયતાં ચ નિજાત્મનઃ ૨
જનમનોમણિભાજનભારયા, — શમરસૈકસુધારસધારયા;
સકલબોધકલારમણીયકં, — સહજસિદ્ધમહં પરિપૂજયે. ૩**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, બંધોદયનિવારણાય, જલં યજામહે સ્વાહા.**

(ઇતિ બંધોદયનિવારણાર્થં પ્રથમ જલપૂજા સંપૂર્ણમ્)

---

## ।। અથ દ્વિતીય ચંદનપૂજા પ્રારંભ ।।

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

ઉપદેશક નવ તત્ત્વના, પ્રભુ નવ અંગ ઉદાર;
નવ તિલકે ઉત્તર નવ, પગઈ ટાળણહાર. ૧

**(ઢાળ બીજી)**

(રસિયા, દિલ દીઠી જ્યોતિ જગીરી—એ દેશી)

તુજ મૂરતિ મોહનગારી રસિયા, તુજ મૂરતિ મોહનગારી;
દ્રવ્યહ ગુણ પરજાય ને મુદ્રા, ચઉગુણ પડિમા પ્યારી, રસિયા૦
નયગમ ભંગ પ્રમાણે ન નિરખી, કુમતિ કદાગ્રહ ધારી. રસિયા૦૧

જિનવર તીરથ સુવિહિત આગમ, દર્શને નયણ નિવારી; રસિયા૦
ચક્ષુર્દર્શનાવરણ કર્મ તે, બાંધે મૂઢ ગમારી. રસિયા૦૨

કાણા નિશદિન જાત્યંધાપણું, દુખિયા દીન અવતારી; રસિયા૦
દર્શનાવરણ પ્રથમ ઉદયેથી, પરભવ એહ વિચારી. રસિયા૦૩

અલ્પ તેજ નયનાતપ દેખી, જુએ આડા કર ધારી, રસિયા૦
જાણું પૂરવભવ કુમતિની, હજીય ન ટેવ વિસારી. રસિયા૦૪



જયણાયુત ગુરુ આગમ પૂજો, જિનપડિમા જયકારી; રસિયા૦
શ્રી શુભવીરનું શાસન વર્તે, એકવીશ વરસ હજારી. રસિયા૦૫

(કાવ્યં૦ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**જિનપતેર્વરગંધસુપૂજનં, જનિજરામરણોદ્ભવભીતિહૃત્;**
**સકલરોગવિયોગવિપદ્ધરં, કુરુ કરેણ સદા નિજપાવનમ્. ૧**
**સહજકર્મકલંકવિનાશનૈ, – રમલભાવસુવાસનચંદનૈઃ**
**અનુપમાનગુણાવલિદાયકં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, ચક્ષુર્દર્શનાવરણનિવારણાય,**
**ચંદનં યજામહે સ્વાહા.**

(ઇતિ ચક્ષુર્દર્શનાવરણનિવારણાર્થં દ્વિતીય ચંદનપૂજા સંપૂર્ણમ્)

---

## ।। અથ તૃતીય પુષ્પપૂજા પ્રારમ્ભ ।।

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

ફૂલ અમૂલક પૂજના, ત્રિશલાનંદન પાય;
સુરભિ દુરભિ નાસાપ્રમુખ, અચક્ષુઆવરણ હઠાય. ૧

**(ઢાળ ત્રીજી)**

ડમણો મરૂઓ કેતકી ફૂલે, પૂજાફળ પરકાશ્યાંજી;
ભોગીનિવાસા સંયુત આશા, લક્ષણવંતી નાસા.
ભવભવ ઠરિયેજી; જિન ગુણ માળ રસાળ, કંઠે ધરિયેજી.
(એ આંકણી) ૧

ગુણબહુમાન જિનાગમ વાણી, કાને ધરી બહુમાનેજી;
દ્રવ્ય ભાવ બહિરાતમ ટાળી, પરભવ સમજે સાને. ભવ૦૨
પ્રભુ ગુણ ગાવે ધ્યાન મલ્હાવે, આગમ શુદ્ધ પ્રરૂપેજી;
મૂરખ મૂગા ન લહે પરભવ, ન પડે વળી ભવકૂપે. ભવ૦૩
પરમેષ્ઠીને શીશ નમાવે, ફરસે તીરથ ભાવેજી;
વિનય વૈયાવચ્ચાદિક કરતાં, ભરતેશર સુખ પાવે. ભવ૦૪
જિમ જિમ ક્ષયઉપશમ આવરણા, તિમ ગુણ આવિર્ભાવેજી;
શ્રી શુભવીર વચન રસલબ્ધે, સંભિન્નશ્રોત જણાવે. ભવ૦૫

(કાવ્યં૦ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**સુમનસાં ગતિદાયિ વિધાયિનાં, સુમનસાં નિકરૈઃ પ્રભુપૂજનમ્;**
**સુમનસાં સુમનોગુણસંગિના, જન ! વિધેહિ નિધેહિ મનોર્ચ્ચને. ૧**
**સમયસારસુપુષ્પસુમાલયા, સહજકર્મકરેણ વિશોધયા;**
**પરમયોગબલેન વશીકૃતં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, અચક્ષુર્દર્શનાવરણનિવારણાય,**
**પુષ્પાણિ યજામહે સ્વાહા.**

(ઇતિ અચક્ષુર્દર્શનાવરણનિવારણાર્થં તૃતીય પુષ્પપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ चतुर्थ धूपपूजा प्रारंभ ॥

(નમોऽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

અવધિદર્શનાવરણ ક્ષય, ઉપશમ ચઉગતિ માંહિ;
ક્ષાયકભાવે કેવળી, નમો નમો સિદ્ધ ઉચ્છાહિ. ૧



**(ઢાળ ચોથી)**

અવધિ રૂપી ગ્રાહકો, ખટભેદ વિશેષે,
અવધિદર્શન તેહનું, સામાન્યે દેખે. ૧

એ ગુણ લેઈ ઊપન્યો, પરભવથી સ્વામી;
આ ભવમાં સુખિયા અમે, તુમ દર્શન પામી. (એ આંકણી)
દેવ નિરય ગતિથી લહે, ગુણથી નર તિરિયા;
કાઉસગ્ગમાં મુનિ હાસ્યથી, હેઠા ઊતરિયા. એ ગુણ૦૨
પરિણામે ચઢતી દશા, રૂપીદ્રવ્ય અનંતા;
જઘન્યથી ઉત્કૃષ્ટથી, સવિ દ્રવ્ય મુણંતા. એ ગુણ૦૩
ક્ષેત્ર અસંખ્ય અંગુલ લઘુ, ગુરુલોક અસંખા;
ભાગ અસંખ્ય લઘુઆવલિ, ઉત્સર્પિણી અસંખા. એ ગુણ૦૪
ચાર ભાવ દ્રવ્ય એકમાં, લઘુભાવ વિશેષે;
અસંખ્ય પર્યવ દ્રવ્યને, ગુરુદર્શન દેખે. એ ગુણ૦૫
નંદીસૂત્રે એણીપરે, કહ્યું અવધિનાણ;
નિરાકાર ઉપયોગથી, દર્શન પરિમાણ. એ ગુણ૦૬
વિભંગે પણ દાખિયું, દર્શન સિદ્ધાંતે;
તત્ત્વારથ ટીકા કહે, સમકિત એકાંતે. એ ગુણ૦૭
તસ આવરણ દહન ભણી, ધૂપપૂજા કરીએ;
શ્રી શુભવીર શરણ લહી, ભવસાગર તરીએ. એ ગુણ૦૮

(કાવ્યં૦ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**અગરુમુખ્યમનોહરવસ્તુના, સ્વનિરુપાધિગુણૌઘવિધાયિનઃ**
**પ્રભુશરીરસુગંધસુહેતુના, રચય ધૂપનપૂજનમર્હતઃ ૧**

**નિજગુણાક્ષયરૂપસુધૂપનં, સ્વગુણઘાતમલં પ્રવિકર્ષણમ્**
**વિશદબોધમનંતસુખાત્મકં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, અવધિઆવરણનિવારણાય,**
**ધૂપં યજામહે સ્વાહા.**

(ઇતિ અવધિઆવરણનિવારણાર્થં ચતુર્થ ધૂપપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ पंचम दीपकपूजा प्रारम्भ ॥

(નમોઽર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

કેવલદર્શનાવરણનો, તું પ્રભુ ટાળણહાર;
જ્ઞાનદીપકથી દેખિયે, મોટો તુજ આધાર. ૧

**(ઢાળ પાંચમી)**

દીપક દીપતો રે, લોકાલોક પ્રમાણ;
દર્શન દીવડો રે, હણી આવરણ લહે નિર્વાણ.
દીપક દીપતો રે, લોકાલોક પ્રમાણ. (એ આંકણી)

ક્ષાયક ભાવે અનાદિ ચેતન, આઠ પ્રદેશ ઉઘાડા રે;
અવરનું દર્શન દેખણ ભમિયો, પણ આવરણ તે આડાં. દી૦ ૧

તુમ સેવે તે તુમ સમ હોવે, શક્તિ અપૂરવ યોગે રે;
ક્ષપકશ્રેણિ આરોહી અરિહા, ધ્યાન શુકલ સંયોગે. દી૦ ૨

ઘનઘાતીનો ઘાત કરીને, પ્રથમ સમય સાકારે રે;
સમયાંતર દર્શન ઉપયોગે, દર્શનાવરણ વિદારે. દી૦ ૩



મૂલ એક બંધ ચાર સત્તોદય, ઉત્તર પણ એક બાંધે રે;
બેતાળીસ ઉદયે પંચાશી, સત્તા હણી શિવ સાધે. દી૦ ૪

ઝગમગ ઝાળા દીપક પૂજા, કરતાં કોડી દિવાજા રે;
શ્રી શુભવીર જિનેશ્વર રાજા, રાજ્યે રૈયત તાજા. દી૦ ૫

(કાવ્યં૦ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**ભવતિ દીપશિખાપરિમોચનં, ત્રિભુવનેશ્વરસદ્મનિશોભનમ્;**
**સ્વતનુકાંતિકરં તિમિરં હરં, જગતિ મંગલકારણમાતરમ્. ૧**
**શુચિમનાત્મચિદુજ્જ્વલદીપકૈ – ર્જ્વલિતપાપ પતંગસમૂહકૈઃ**
**સ્વકપદં વિમલં પરિલેભિરે, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, કેવલદર્શનાવરણનિવારણાય,**
**દીપં યજામહે સ્વાહા.**

(ઇતિ કેવલદર્શનાવરણનિવારણાર્થં પંચમ દીપકપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ षष्ठ अक्षतपूजा प्रारम्भ ॥

(નમોઽર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

નિદ્રા દુગદલ છેદવા, કરવા નિર્મલ જાત;
અક્ષત નિર્મલ પૂજના, પૂજો શ્રી જગતાત. ૧

**(ઢાળ છઠ્ઠી)**

હવે નિદ્રા પાંચને ફેટી રે, મોહરાય તણી એ ચેટી રે;
સર્વઘાતી પયડી મોટી રે, નિદ્રા દુગ બહેનો છોટી રે.

એ બહેનો જગત પિતરાણીરે, નાના મોટા મૂંઝવ્યા પ્રાણી રે,
ભાનુદત્ત પૂરવધર પડિયારે, દીપજ્યોતે જોયા નવિ જડિયા રે. એ૦૧
(એ આંકણી)

સુખે જાગે આળસ મેટી રે, તે નિદ્રા બાળવધૂટી રે;
ઊભાં બેઠાં નયણાં ઘૂટી રે, જબ લાગે વયણની સોટી રે. એ૦૨

તવ નયણથી નીંદ વછૂટી રે, પ્રચલા લક્ષણ ગતિ ખોટી રે;
દ્વાદશાંગી ગણિરૂપ પેટી રે, મુનિનયણે નિદ્રા પલેટી રે. એ૦૩

પૂરવધર પણ શ્રુત મેટી રે, રહ્યા નિગોદમાં દુઃખ વેંટી રે;
અપૂર્વે બંધથી છૂટી રે, સત્તાઉદયે બારમે ખૂટી રે. એ૦૪

મુનિરાજ મળીને લૂંટી રે, અપ્રમત્તને દંડે કૂટી રે;
છળ જોતી ને રોતી વખૂટી રે, ધ્યાન લહેર બગાડે બૂટી રે. એ૦૫

શુભવીર સમા નહીં માટી રે, નિદ્રાની વનકટી કાટી રે;
થઈ સાદિ અનંતની છેટી રે, શિવસુંદરી સહેજે ભેટી રે. એ૦૬

(કાવ્યં૦ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**ક્ષિતિતલેઽક્ષતશર્મનિદાનકં, ગણિવરસ્ય પુરોઽક્ષતમંડલં;**
**ક્ષતવિનિર્મિતદેહનિવારણં, ભવપયોધિસમુદ્ધરણોદ્યતમ્. ૧**
**સહજભાવસુનિર્મલતંદુલૈ – ર્વિપુલદોષવિશોધકમંગલૈઃ**
**અનુપરોધસુબોધવિધાયકં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, નિદ્રાપ્રચલાવિચ્છેદનાય,**
**અક્ષતાન્ યજામહે સ્વાહા.**

(ઇતિ નિદ્રાપ્રચલાવિચ્છેદનાર્થં ષષ્ઠ અક્ષતપૂજા સંપૂર્ણમ્)

---



## ॥ अथ सप्तम नैवेद्यपूजा प्रारंभ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

આહારે ઊંઘ વધે ઘણી, નિદ્રા દુઃખભંડાર;
નૈવેદ્ય ધરી પ્રભુ આગળે, વરિયે પદ અણાહાર. ૧

**(ઢાળ સાતમી)**

થીણદ્ધી ત્રિક સાંભળો રે, નિદ્રા જે દુઃખદાય; સલૂણા,
બંધ બીજા ગુણઠાણસેં રે, છટ્ઠે ઉદય મુનિરાય, સલૂણા,
જિમ જિમ જિનવર પૂજિયે રે,
તિમ તિમ ધ્રૂજે કર્મ, સલૂણા. ૧

સંપ કરી સત્તા રહે રે, નવમાને એક ભાગે, સ૦
નિદ્રા નિદ્રા તેહમાં રે, કષ્ટે કરી જે જાગે. સ૦
જિમ જિમ જિનવર પૂજિયે રે૦ ૨

પ્રચલાપ્રચલા ચાલતાં રે, નયણે નીંદ તુખાર; સ૦
જાગે રણસંગ્રામમાં રે, વીજળી જ્યું ઝબકાર. સ૦
જિમ જિમ જિનવર પૂજિયે રે૦ ૩

દિનચિંતા રાત્રે કરે રે, કરણી જે નર નાર; સ૦
બળદેવનું બળ તે સમે રે, નરકગતિ અવતાર. સ૦
જિમ જિમ જિનવર પૂજિયે રે૦ ૪

એમ વિશેષાવશ્યકે રે, વરણવિયો અધિકાર; સ૦
સાધુમંડળીમાં રહે રે, એક લઘુ અણગાર. સ૦
જિમ જિમ જિનવર પૂજિયે રે૦ ૫

થીણદ્ધી નિદ્રાવશે રે, હણિયો હસ્તી મહંત; સ૦
સૂતો ભરનિદ્રાવશે રે, ભૂતળિયે દોય દંત. સ૦
જિમ જિમ જિનવર પૂજિયે રે૦ ૬

અંગ અશુચિ શિષ્યનું રે, સંશય ભરિયા સાધ; સ૦
જ્ઞાની વયણે કાઢિયો રે, હંસ વનેથી વ્યાધ, સ૦
જિમ જિમ જિનવર પૂજિયે રે૦ ૭

ષટ્ માસે નિદ્રા લહે રે, શેઠવધૂ દૃષ્ટાંત; સ૦
નીંદવિયોગે કેવલી રે, શ્રી શુભવીર ભણંત. સ૦
જિમ જિમ જિનવર પૂજિયે રે૦ ૮

(કાવ્યં૦ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**અનશનં તુ મમાસ્ત્વિતિ બુદ્ધિના, રુચિરભોજનસંચિતભોજનમ્;**
**પ્રતિદિનં વિધિના જિનમંદિરે, શુભમતે બત ઢૌક્ય સુચેતસા. ૧**
**કુમતબોધવિરોધનિવેદકૈ — ર્વિહિતજાતિજરામરણાંતકૈઃ**
**નિરશનૈઃ પ્રચુરાત્મગુણાલયં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, થીણદ્ધીત્રિકદહનાય,**
**નૈવેદ્યં યજામહે સ્વાહા.**

(ઇતિ થીણદ્ધીત્રિકદહનાર્થં સપ્તમ નૈવેદ્યપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ અથ અષ્ટમ ફલપૂજા પ્રારંભ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

વિવિધ ફળે પ્રભુ પૂજતાં, ફળ પ્રગટે નિર્વાણ;
દર્શનાવરણ વિલય હુવે, વિઘટે બંધનાં ઠાણ. ૧



**(ઢાળ આઠમી)**

હોરી ખેલું મેરે સાહબિયા, સંગે રંગે સુણ હો ભઈયા, હોરી૦
અબીર ગુલાલ સુગંધ વિખરિયા, કનક કચોળી કેસરિયાં. હોરી૦૧

ખારેક બીજોરા ફળ ટેટી, પૂજે ફળ થાળે ભરિયાં;
ફાગ ગાન ગુણ તાન બજૈયા, દર્શનાવરણ ભયે ડરિયાં. હોરી૦૨

એ પ્રભુદર્શન વિણ ભવ ફરિયા, કુદેવ કુતીર્થ વર્ણવિયા;
કુગુરુ કુશાસ્ત્ર પ્રશંસા કરિયા, મિથ્યાત્વધર્મ હૈયે ધરિયા. હોરી૦૩

બહોત દુઃખે બહુ શોકે ભરિયાં, સમકિત દૂષણ આચરિયા;
કુવ્રત પાળે ને ચાલે અનઈયા, પરમેષ્ઠી ગુરુ ઓળવિયા. હોરી૦૪

પડણિયા ગુરુ અપચ્ચખાણિયા, ભગવઈ ભાખે ગણધરિયા;
દર્શનાવરણી કર્મ ઘેરૈયા, તીસ કોડાકોડી સાગરિયા. હોરી૦૫

ઐસે બંધકો ધંધ ઘટૈયા, સાંયુંકી આણા શિર ધરિયા;
શ્રૃંગી લવણ મધુરી લહેરિયા, શ્રી શુભવીર પ્રભુ મળિયા. હોરી૦૬

(કાવ્યં૦ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**શિવતરોર્ફલદાનપરૈર્નવૈ — ર્વરફલૈઃ કિલ પૂજય તીર્થપમ્;**
**ત્રિદશનાથનતક્રમપંકજં, — નિહતમોહમહીધરમંડલમ્. ૧**
**શમરસૈકસુધારસમાધુરૈ — રનુભવાખ્યફલૈરભયપ્રદૈઃ**
**અહિતદુઃખહરં વિભવપ્રદં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, દ્વિતીય કર્મદહનાય,**
**ફલં યજામહે સ્વાહા.**

(ઇતિ દ્વિતીય કર્મદહનાર્થં અષ્ટમ ફલપૂજા સંપૂર્ણમ્)

---

## અથ કળશ

ગાયો ગાયો ગાયો રે, મહાવીર જિનેશ્વર ગાયો.
ત્રિશલામાતા પુત્ર નગીનો, જગનો તાત કહાયો;
તપ તપતાં કેવળ પ્રગટાયો, સમવસરણ વિરચાયો રે. મ૦ ૧

રયણ સિંહાસન બેસી ચૌમુખ, કર્મસૂડણ તપ ગાયો;
આચાર દિનકરે વર્દ્ધમાનસૂરિ, ભવિ ઉપગારે રચાયો રે. મ૦ ૨

પ્રવચનસારોદ્ધાર કહાવે, સિદ્ધસેન સૂરિરાયો;
દિન ચઉસઠ્ઠિ પ્રમાણે એ તપ, ઉજમણે નિરમાયો રે. મ૦ ૩

ઉજમણાથી તપફળ વાધે, ઇમ ભાખે જિનરાયો;
જ્ઞાન ગુરુ ઉપગરણ કરાવો, ગુરુગમ વિધિ વિરચાયો રે. મ૦ ૪

આઠ દિવસ મળી ચોસઠ પૂજા, નવ નવ ભાવ બનાયો;
નરભવ પામી લાહો લીજે, પુણ્યે શાસન પાયો રે. મ૦ ૫

વિજય જિનેંદ્રસૂરીશ્વર રાજ્યે, તપગચ્છ કેરો રાયો;
ખુશાલવિજય માનવિજયવિબુધના, આગ્રહથી વિરચાયો રે. મ૦ ૬

વડઓશવાલ ગુમાનચંદસુત, શાસનરાગ સવાયો;
ગુરુભક્તિ શા ભવાનચંદ નિત્ય, અનુમોદનફળ પાયો રે. મ૦ ૭

મૃગ બળદેવમુનિ રથકારક, ત્રણ્ય હુવા એક ઠાયો;
કરણ કરાવણ ને અનુમોદન, સરિખાં ફળ નિપજાયો રે. મ૦ ૮

શ્રી વિજયસિંહ સૂરીશ્વર કેરા, સત્યવિજય બુધ ગાયો;
કપૂરવિજય તસ ખિમાવિજય જસ, વિજય પરંપર ધ્યાયો રે. મ૦ ૯

પંડિત શ્રી શુભવિજય સુગુરુ મુજ, પામી તાસ પસાયો;
તાસ શિષ્ય ધીરવિજય સલૂણા,આગમ રાગ સવાયો રે.મ૦૧૦



તસ લઘુબાંધવ રાજનગરમેં, મિથ્યાત્વપુંજ જલાયો;
પંડિત વીરવિજય કવિરચના, સંઘ સકળ સુખદાયો રે.મ૦૧૧

પહેલો ઉત્સવ રાજનગરમેં, સંઘ મળી સમુદાયો;
કરતા જેમ નંદીશ્વર દેવા, પૂરણ હર્ષ સવાયો રે.મ૦૧૨

(કવિત)

શ્રુતજ્ઞાન અનુભવ તાન મંદિર, બજાવત ઘંટો કરી,
તવ મોહપુંજ સમૂલ જલતે, ભાંગતે સગ ઠીકરી;
હમ રાજતે જગ ગાજતે દિન, અખયતૃતીયા આજથેં,
શુભવીર વિક્રમ વેદ મુનિ વસુ, ચંદ્ર વર્ષ વિરાજતે. ૧

(સંવત ૧૮૭૪)

**(ઇતિ દ્વિતીય દિવસેઽધ્યાપનીય દર્શનાવરણીયકર્મસૂદનાર્થં દ્વિતીય પૂજાષ્ટકં સંપૂર્ણમ્)**

---

## શ્રી આદિજિન આરતી

જય જય આરતી આદિ જિણંદા,
નાભિરાયા મરૂદેવીકો નંદા. જય૦ ૧

પહેલી આરતી પૂજા કીજે,
નરભવ પામી લહાવો લીજે. જય૦ ૨

દૂસરી આરતી દીન દયાળા,
ધુળેવ મંડપમાં જગ અજવાળ્યાં. જય૦ ૩

તીસરી આરતી ત્રિભોવન દેવા,
સુરનર ઇંદ્ર કરે તોરી સેવા. જય૦ ૪

ચોથી આરતી ચઉગતિ ચૂરે,
મનવાંછિત ફળ શિવસુખ પૂરે. જય૦ ૫
પંચમી આરતી પુન્ય ઉપાયો,
મુળચંદજી રિખવ ગુણ ગાયો. જય૦ ૬

---

## મંગળ દીવો

દીવો રે દીવો પ્રભુ મંગલિક દીવો,
આરતી ઉતારણ બહુ ચિરંજીવો;
સોહામણો ઘેર પરવ દીવાળી,
અમર ખેલે અમરા બાળી;
દીપાળ ભણે એણે કુળ અજુઆળી,
ભાવે ભગતે વિઘન નિવારી;
દીપાળ ભણે એણે એ કળિકાળે,
આરતી ઉતારી રાજા કુમારપાળે;
અમ ઘેર મંગલિક તુમ ઘેર મંગલિક,
મંગલિક ચતુર્વિધ સંઘને હોજો;
દીવો રે દીવો પ્રભુ મંગલિક દીવો,
આરતી ઉતારણ બહુ ચિરંજીવો.

---



# अथ तृतीय दिवसेऽध्यापनीय वेदनीयकर्मनिवारणार्थं तृतीय पूजाष्टक प्रारंभ

(આ પૂજામાં જોઈતી ચીજોનાં નામ)

(૧. કસ્તૂરી બરાસવાળું જળ, ૨. કેસર, બરાસ, ૩. ફૂલ-પગર કરીએ, ૪. પંચાંગ ધૂપ, ૫. બે દિવેટનો દીપક, ૬. કમોદશાલિ અખંડ, ૭. નૈવેદ્ય, ૮. ફળ.)

## ॥ अथ प्रथम जलपूजा प्रारंभ ॥

(नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः)

**(દોહા)**

ત્રીજું અઘાતી વેદની, જાવ લહે શિવશર્મ;
સંસારે સવિ જીવને, તબ લગે એહિ જ કર્મ. ૧
બંધોદય અધ્રુવ કહી, ધ્રુવ સત્તાએ હોય;
પયડિ અઘાતી જાણિયે, શાતા અશાતા દોય. ૨
કર્મ વિનાશીને હુવા, સિદ્ધ બુદ્ધ ભગવાન;
તે કારણ જિનરાજની, પૂજા અષ્ટ વિધાન. ૩
ન્હવણ વિલેપન કુસુમની, જિન પુર ધૂપ પ્રદીપ;
અક્ષત નૈવેદ્ય ફળતણી, કરો જિનરાજ સમીપ. ૪

**(ઢાળ પહેલી)**

ન્હવણની પૂજા રે, નિરમળ આતમા રે;
તીર્થાદિકનાં જળ મેલાય, મનોહર ગંધે તે ભેલાય. ન્હવણ૦૧
સુરગિરિ દેવા રે, સેવા જિનતણી રે;
કરતાં ન્હવણ તે નિર્મળ થાય, કનક રજત મણિ કળશ ઢળાય. ન્હ૦૨

સુરવહુ નાચે રે, માચે રંગશું રે;
ગાયન દેવ તે જિનગુણ ગાય, વૈશાલિક મુખદર્શન થાય. ન્હ૦૩

ચિહુંગતિ માંહે રે, ચેતન રોળિયો રે;
સુર નર જે સુખિયા સંસાર, નારક તિરિ દુઃખનો ભંડાર. ન્હ૦૪

રૂચે વશ સુખમાં રે, સ્વામી ન સાંભર્યા રે;
તેણે હું રઝળ્યો કાળ અનંત, મલિન રતન નવિ તેજ ઝગંત. ન્હ૦૫

પ્રભુ નવરાવી રે, મેલ નિવારશું રે;
વેદની વિઘટે મણિ ઝલકંત, શ્રી શુભવીર મળે એકંત. ન્હ૦૬

(કાવ્યં૦ ઉપજાતિવૃત્તમ્)

**તીર્થોદકૈર્મિશ્રિતચંદનૌઘૈઃ, સંસારતાપાહતયે સુશીતૈઃ,**
**જરાજનિપ્રાંતરજોઽભિશાંત્યૈ, તત્કર્મદાહાર્થમજં યજેઽહં. ૧**

(દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**સુરનદીજલપૂર્ણઘટૈર્ઘનૈ, — ર્ઘુસૃણમિશ્રિતવારિભૃતૈઃ પરૈ;**
**સ્નપય તીર્થકૃતં ગુણવારિધિં, વિમલતાં ક્રિયતાં ચ નિજાત્મનઃ ૨**
**જનમનોમણિભાજનભારયા, — શમરસૈકસુધારસધારયા;**
**સકલબોધકલારમણીયકં, — સહજસિદ્ધમહં પરિપૂજયે. ૩**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, વેદનીયકર્મનિવારણાય,**
**જલં યજામહે સ્વાહા.**

(ઇતિ વેદનીયકર્મનિવારણાર્થં પ્રથમ જલપૂજા સંપૂર્ણમ્)

---



## ॥ अथ द्वितीय चंदनपूजा प्रारंभ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

વેદનીય કર્મતણી કહું, ઉત્તર પયડી દોય;
જાસ વિવશ ભવચોકમાં, મૂંઝાણા સહુ કોય. ૧

**(ઢાળ બીજી)**

તન વિકસે મન ઉલ્લસે રે, દેખી પ્રભુની રીત;
દાયક દિલ વસિયા;
ઝૂરણ લાગી જીભડી રે, પૂરણ બાંધી પ્રીત. દા૦ ૧

નયનજ્યોતિ સમ પ્રીતડી રે, એક સુરત દોય કાન; દા૦
વેદની હરિ ધનવંતરી રે, કરિયે આપ સમાન. દા૦ ૨

વેદની ઘર વાસો વસ્યો રે, નડિયા નાથ કુનાથ; દા૦
પાણી વલોવ્યું એકલું રે, ચતુર ન ચઢિયો હાથ. દા૦ ૩

ખડ્ગધાર મધુલેપશું રે, તેહવો એ સંસાર; દા૦
લક્ષણ વેદનીકર્મનું રે, ફળ કિંપાક વિચાર. દા૦ ૪

તુજ શાસન પામ્યે થકે રે, લાધ્યો કર્મનો મર્મ; દા૦
કોડી કપટ કોઈ દાખવે રે, પણ ન તજું તુજ ધર્મ. દા૦ ૫

પૂજ્ય મળે પૂજા રચું રે, કેસર ઘોળી હાથ; દા૦
શ્રી શુભવીરવિજય પ્રભુ રે, મળિયો અવિહડ સાથ. દા૦ ૬

(કાવ્યં૦ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**જિનપતેર્વરગંધસુપૂજનં, જનિજરામરણોદ્ભવભીતિહૃત્;**
**સકલરોગવિયોગવિપદ્ધરં, કુરુ કરેણ સદા નિજપાવનમ્. ૧**

**સહજકર્મકલંકવિનાશનૈ, – રમલભાવસુવાસનચંદનૈઃ**
**અનુપમાનગુણાવલિદાયકં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય, શ્રીમતે વીરજિનેન્દ્રાય, વેદનીયલક્ષણકર્મનિવારણાય, ચંદનં યજામહે સ્વાહા.**

(ઇતિ વેદનીયલક્ષણકર્મનિવારણાર્થં દ્વિતીય ચંદનપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ तृतीय पुष्पपूजा प्रारंभ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

બળિયો સાથ મળે થકે, ચોરતણું નહીં જોર;
જિનપદ ફૂલે પૂજતાં, નાસે કર્મ કઠોર. ૧

**(ઢાળ ત્રીજી)**

(રાગ સારંગ-હો ધન્ના-એ દેશી)

કર્મ કઠોર દૂરે કરો રે મિત્તા,
પામી શ્રી જિનરાજ,
ફૂલ પગર પૂજા રચો રે મિત્તા,
પામી નરભવ આજ રે.
રંગીલા મિત્તા, એ પ્રભુ સેવોને.
એ પ્રભુ સેવો સાનમાં રે મિત્તા
પામો જેમ શિવરાજ રે. રંગીલા૦ એ૦ ૧

વેદની વશ તુમે કાં પડો રે મિત્તા
જેહને પ્રભુશું વેર;



સાહિબ વેરી ન વિસસો રે મિત્તા
તો હોય સાહિબ મહેર રે. રંગીલા૦ એ૦ ૨

છઠ્ઠા ગુણઠાણા લગે રે મિત્તા
બંધ અશાતા જાણ;
શાતા બાંધે કેવલી રે મિત્તા
તેરમે પણ ગુણઠાણ રે. રંગીલા૦ એ૦ ૩

શાતા અશાતા એક પદે રે મિત્તા
ચરમ ગુણે પરિહાર;
સત્તા ઉદયથી કેવલી રે મિત્તા
સહે પરિસહ અગિયાર રે. રંગીલા૦ એ૦ ૪

તીસ કોડાકોડી સાગરુ રે મિત્તા
લઘુ સાતૈયા ત્રિભાગ;
બંધ અશાતા વેદની રે મિત્તા
હવે શાતા સુવિભાગ રે. રંગીલા૦ એ૦ ૫

પન્નર કોડાકોડી સાગરુ રે મિત્તા
લઘુ દોય સમય તે થિર;
ગોયમ સંશય ટાળિયો રે મિત્તા
ભગવઈમાં શુભવીર રે. રંગીલા૦ એ૦ ૬

(કાવ્યં૦ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**સુમનસાં ગતિદાયિ વિધાયિનાં, સુમનસાં નિકરૈઃ પ્રભુપૂજનમ્;**
**સુમનસાં સુમનોગુણસંગિના, જન ! વિધેહિ નિધેહિ મનોર્ચ્ચને. ૧**
**સમયસારસુપુષ્પસુમાલયા, સહજકર્મકરેણ વિશોધયા;**
**પરમયોગબલેન વશીકૃતં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, વેદનીયબંધનિવારણાય,**
**પુષ્પાણિ યજામહે સ્વાહા.**

(ઇતિ વેદનીયબંધનિવારણાર્થં તૃતીય પુષ્પપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ चतुर्थ धूपपूजा प्रारंभ ॥

(નમોऽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

ઉત્તરાધ્યયને થિતિ લઘુ, અંતરમુહૂર્ત્ત કહાય;
પન્નવણામાં બાર તે, શાતા બંધ સંપરાય. ૧
શાતાવેદની બંધનું, ઠાણ પ્રભુપુર ધૂપ;
મિચ્છત દુર્ગન્ધ દૂરે ટળે, પ્રગટે આત્મસ્વરૂપ. ૨

**(ઢાળ ચોથી)**

(વિમળાચળ વેગે વધાવો – એ દેશી)

ચઉમાસી પારણું આવે, કરી વિનતિ નિજ ઘર જાવે;
પ્રિયા પુત્રને વાત જણાવે, પટકૂળ જરી પથરાવે રે.
મહાવીર પ્રભુ ઘર આવે, જીરણ શેઠજી ભાવના ભાવે રે. મ૦૧
ઊભી શેરીયે જળ છંટકાવે, જાય કેતકી ફૂલ બિછાવે;
નિજ ઘર તોરણ બંધાવે, મેવા મીઠાઈ થાળ ભરાવે રે. મ૦૨
અરિહાને દાન જ દીજે, દેતાં દેખી જે રીઝે;
ષટ્માસી રોગ હરીજે, સીઝે દાયક ભવ ત્રીજે રે. મ૦૩
તે જિનવર સનમુખ જાવું, મુજ મંદિરિયે પધરાવું;
પારણું ભલી ભક્તે કરાવું, જુગતે જિનપૂજા રચાવું રે. મ૦૪



પછી પ્રભુને વોળાવા જઈશું, કર જોડી સામા રહીશું;
નમી વંદી પાવન થઈશું, વિરતિ અતિ રંગે વહીશું રે. મ૦૫
દયા, દાન, ક્ષમા, શીલ ધરશું, ઉપદેશ સજ્જનને કરશું;
સત્ય જ્ઞાનદશા અનુસરશું, અનુકંપા લક્ષણ વરશું રે. મ૦૬
એમ જીરણશેઠ વદંતા, પરિણામની ધારે ચઢંતા;
શ્રાવકની સીમે ઠરંતા, દેવદુંદુભિ નાદ સુણંતા રે. મ૦૭
કરી આયુ પૂરણ શુભભાવે, સુરલોક અચ્યુતે જાવે;
શાતાવેદની સુખ પાવે, શુભવીર વચનરસ ગાવે રે. મ૦૮

(કાવ્યં૦ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**અગરુમુખ્યમનોહરવસ્તુના, સ્વનિરુપાધિગુણૌઘવિધાયિનઃ**
**પ્રભુશરીરસુગંધસુહેતુના, રચય ધૂપનપૂજનમર્હતઃ ૧**
**નિજગુણાક્ષયરૂપસુધૂપનં, સ્વગુણઘાતમલં પ્રવિકર્ષણમ્**
**વિશદબોધમનંતસુખાત્મકં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, શાતાબંધાપહાય,**
**ધૂપં યજામહે સ્વાહા.**

(ઇતિ શાતાબંધાપહાર્થં ચતુર્થ ધૂપપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ पंचम दीपक पूजा प्रारंभ ॥

(નમોऽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

શાતાબંધક પ્રાણિયા, દીપે એણે સંસાર;
તેણે દીપકપૂજા કરી, હરિયે દુઃખ અંધાર. ૧

(ઢાળ પાંચમી)

(ચતુરા ચેતો ચૈતનવાલી–એ દેશી)

સાંભળજો મુનિ સંયમરાગે, ઉપશમ શ્રેણે ચઢિયા રે;
શાતાવેદની બંધ કરીને, શ્રેણી થકી તે પડિયા રે. સાં૦૧

ભાખે ભગવઈ છઠ્ઠતપ બાકી, સાત લવાયુ ઓછે રે;
સર્વારથસિદ્ધે મુનિ પોહોતા, પૂર્ણાયુ નવિ છોછે રે. સાં૦૨

શય્યામાં પોઢ્યા નિત્ય રહેવે, શિવમારગ વિસામો રે;
નિર્મળ અવધિનાણે જાણે, કેવલી મન પરિણામો રે. સાં૦૩

તે શય્યા ઉપર ચંદરૂએ, ઝુંબખડે છે મોતી રે;
વિચલું મોતી ચોસઠમણનું, ઝગમગ જાલિમ જ્યોતિ રે. સાં૦૪

બત્રીશ મણના ચઉ પાખલિયે, સોલમણાં અડ સુણિયાં રે;
આઠમણાં સોળસ મુગતાફળ, તિમ બત્રીસ ચઉમણિયાં રે. સાં૦૫

દોમણ કેરાં ચોસઠ મોતી, ઈગસય અડવીસ મણિયાં રે;
દોસય ને વળી ત્રેપન મોતી, સર્વ થઈને મળિયાં રે. સાં૦૬

એ સઘળાં વિચલા મોતીશું, આફળે વાયુ-યોગે રે;
રાગ રાગિણી નાટક પ્રગટે, લવસત્તમ સુરભોગે રે. સાં૦૭

ભૂખ તરસ છીપે રસલીના, સુર સાગર તેત્રીશ રે,
શાતા લહેરમાં ક્ષણ ક્ષણ સમરે, વીરવિજય જગદીશ રે. સાં૦૮

(કાવ્યં દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**ભવતિ દીપશિખાપરિમોચનં, ત્રિભુવનેશ્વરસદ્મનિશોભનમ્;**
**સ્વતનુકાંતિકરં તિમિરં હરં, જગતિ મંગલકારણમાતરમ્. ૧**
**શુચિમનાત્મચિદુજ્જ્વલદીપકૈ – ર્જ્વલિતપાપ પતંગસમૂહકૈઃ**
**સ્વકપદં વિમલં પરિલેભિરે, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**



(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, શાતોત્તરસુખપ્રાપણાય,**
**દીપં યજામહે સ્વાહા.**

(ઇતિ શાતોત્તરસુખપ્રાપણાર્થં પંચમ દીપકપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ षष्ठ अक्षतपूजा प्रारंभ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

(દોહા)

અક્ષતપૂજાએ કરી, પૂજો જગતદયાળ;
હવે અશાતાવેદની, બંધનાં ઠાણ નિહાળ. ૧

(ઢાળ છઠ્ઠી)

(બટાઉની દેશી)

પ્રભુ! તુજ શાસન મીઠડું રે, સમતાસાધન સાર,
યોગનાલિકા રૂઅડી, તે તો જ્ઞાનીને ઘરબાર રે;
હું રોળ્યો એણે સંસાર રે, ગુણ અવગુણ સરિખા ધાર રે,
હીરો હાથ ખોળ્યો અંધાર રે, ન કરી જ્ઞાનીશું ગોઠડી મેરે લાલ.૧

શોક કર્યો સંસારમાં રે, પરને પીડા દીધ,
ત્રાસ પડાવ્યા જીવને, જીવ બંધીખાને લીધ રે;
મુનિરાજની નિંદા કીધ રે, મુનિ સંતાપ્યા બહુ વિધ રે,
રાજા દેવસેનાભિધ રે, એક સરિયશતક પરસિદ્ધ રે.
ન કરી જ્ઞાનીશું ગોઠડી મેરે લાલ.૨

માણસના વધ આચર્યા રે, છેદન ભેદન તાસ,
થાપણ રાખી ઓળવી, કરી ચાડી પડાવ્યા ત્રાસ રે;

દમિયા પર ક્રોધ નિવાસ રે, કેઈ ઝુઝવિયા રહી પાસ રે,
કેઈ જીવની ભાંગી આશ રે, થયો કરપી કપિલાદાસ રે.
ન કરી જ્ઞાનીશું ગોઠડી મેરે લાલ.૩

એમ અશાતાવેદની રે, બાંધે પ્રાણી અનંત,
સૂત્રવિપાકે સાંભળો, મૃગાપુત્ર તણો દૃષ્ટાંત રે;
સુણી કંપે સમકિતવંત રે, સુખ અક્ષય પામે એકાંત રે,
કરો અક્ષતપૂજા સંત રે, શુભવીર ભજો ભગવંત રે;
ન કરી જ્ઞાનીશું ગોઠડી મેરે લાલ.૪

(કાવ્યં દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**ક્ષિતિતલેઽક્ષતશર્મનિદાનકં, ગણિવરસ્ય પુરોઽક્ષતમંડલં;**
**ક્ષતવિનિર્મિતદેહનિવારણં, ભવપયોધિસમુદ્ધરણોદ્યતમ્. ૧**
**સહજભાવસુનિર્મલતંદુલૈ – ર્વિપુલદોષવિશોધકમંગલૈઃ**
**અનુપરોધસુબોધવિધાયકં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, અશાતાબંધસ્થાનનિવારણાય,**
**અક્ષતં યજામહે સ્વાહા.**

(ઇતિ અશાતાબંધસ્થાનનિવારણાર્થં ષષ્ઠ અક્ષતપૂજા સંપૂર્ણમ્)

---

## ।। अथ सप्तम नैवेद्यपूजा प्रारंभ ।।

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

(દોહા)

ન કરી નૈવેદ્ય પૂજના, ન ધરી ગુરુની શીખ;
લહે અશાતા પરભવે, ઘર ઘર માગે ભીખ. ૧



**(ઢાળ સાતમી)**

(ઈમન રાગિણી–મારી સહી રે સમાણી–એ દેશી)

તુજ શાસનરસ અમૃત મીઠું, સંસારમાં નવિ દીઠું રે,
મનમોહન સ્વામી.
દીઠું પણ નવિ લાગ્યું મીઠું, નારક દુઃખ તેણે દીઠું રે મન૦૧

દશવિધ વેદન અતુલ તે પાવે, દુઃખમાં કાળ ગમાવે રે મન૦
પરમાધામી દુઃખ ઉપજાવે, ભવભાવનાએ ભાવે રે મન૦૨

જેમ વિષભુક્તિ તલાર અવાજા, એક નગરે એક રાજા રે મન૦
શત્રુસૈન્ય સમાગમ પહેલો, ગામ ગામ વિષ ભેળ્યો રે મન૦૩

ધાન્ય મીઠાઈ મીઠા જળમાં, ગોળ ખાંડ તરુ ફળમાં રે મન૦
પડહો વજાવી એમ ઉપદેશે, જે મીઠાં જળ પીશે રે મન૦૪

ભક્ષ ભોજ્ય રસ લીના ખાશે, તે યમમંદિર જાશે રે મન૦
દૂરદેશાગત ભોજન કરશે, ખારાં પાણી પીશે રે મન૦૫

તે ચિરંજીવ લહે સુખશાતા, કદીય ન હોય અશાતા રે મન૦
નૃપઆણા કરી તે રહ્યા સુખિયા, બીજા મરણ લહે દુખિયા રે મન૦૬

વિષમિશ્રિત વિષયારસ જુત્તા, બ્રહ્મદત્ત નરક પહુત્તા રે મન૦
મેઘકુમાર ધન્નો સુખભાજા, શ્રી શુભવીર તે રાજા રે મન૦૭

(કાવ્યં દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**અનશનં તુ મમાસ્ત્વિતિ બુદ્ધિના, રુચિરભોજનસંચિતભોજનમ્;**
**પ્રતિદિનં વિધિના જિનમંદિરે, શુભમતે બત ઢૌક્ય સુચેતસા. ૧**
**કુમતબોધવિરોધનિવેદકૈ – ર્વિહિતજાતિજરામરણાંતકૈઃ**
**નિરશનૈઃ પ્રચુરાત્મગુણાલયં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, અશાતોદયનિવારણાય,**
**નૈવેદ્યં યજામહે સ્વાહા.**

(ઇતિ અશાતોદયનિવારણાર્થં સપ્તમ નૈવેદ્યપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ अष्टम फलपूजा प्रारंभ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

આત્મિક ફળ પ્રગટાવિયું, ટાળી શાત અશાત;
ત્રિશલાનંદન આગળે, ફળપૂજા પરભાત. ૧

**(ઢાળ આઠમી)**

(નંદકુમાર કેડે પડ્યો, કેમ જળ અમે ભરિયે ?- એ દેશી)

વીરકુંવરની વાતડી કેને કહીયે, કેને કહીયે રે કેને કહીયે;
નવિ મંદિર બેસી રહીયે, સુકુમાર શરીર. વીર૦ (એ આંકણી)

બાળપણાથી લાડકો નૃપ ભાવ્યો, મળી ચોસઠ ઇંદ્રે મલ્હાવ્યો;
ઇંદ્રાણી મળી હુલરાવ્યો, ગયો રમવા કાજ. વીર૦ ૧

છોરુ ઉછાંછલાં લોકનાં કેમ રહીયે, એની માવડીને શું કહીયે;
કહીયે તો અદેખાં થઈયે, નાસી આવ્યાં બાળ. વીર૦ ૨

આમલકી ક્રીડાવશે વીંટાણો, મોટો ભોરીંગ રોષે ભરાણો;
હાથે ઝાલી વીરે તાણ્યો, કાઢી નાખ્યો દૂર. વીર૦ ૩

રૂપ પિશાચનું દેવતા કરી ચળિયો, મુજ પુત્રને લેઈ ઉછળિયો;
વીર મુષ્ટિ પ્રહારે વળિયો, સાંભળિયે એમ. વીર૦ ૪



ત્રિશલામાતા મોજમાં એમ કહેતી, સખીઓને ઓળંભા દેતી;
ક્ષણ ક્ષણ પ્રભુ નામ જ લેતી, તેડાવે બાળ. વીર૦ ૫

વાટ જોવંતા વીરજી ઘેર આવ્યા, ખોળે બેસારી હુલરાવ્યા;
માતા ત્રિશલાએ નવરાવ્યા, આલિંગન દેત. વીર૦ ૬

યૌવનવય પ્રભુ પામતાં પરણાવે, પછી સંયમશું દિલ લાવે;
ઉપસર્ગની ફોજ હઠાવે, લીધું કેવળનાણ. વીર૦ ૭

કર્મસૂદન તપ ભાખિયું જિનરાજે, ત્રણ લોકની ઠકુરાઈ છાજે;
ફળપૂજા કહી શિવકાજે, ભવિને ઉપગાર. વીર૦ ૮

શાતા અશાતાવેદની ક્ષય કીધું, આપે અક્ષયપદ લીધું;
શુભવીરનું કારજ સીધ્યું, ભાંગે સાદિ અનંત. વીર૦ ૯

(કાવ્યં૦ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**શિવતરોર્ફલદાનપરૈર્નવૈ–ર્વરફલૈઃ કિલ પૂજય તીર્થપમ્;**
**ત્રિદશનાથનતક્રમપંકજં,–નિહતમોહમહીધરમંડલમ્. ૧**
**શમરસૈકસુધારસમાધુરૈ–રનુભવાખ્યફલૈરભયપ્રદૈઃ**
**અહિતદુઃખહરં વિભવપ્રદં, સહજસિધ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, વેદનીયકર્મદહનાય,**
**ફલં યજામહે સ્વાહા.**

(ઇતિ વેદનીયકર્મદહનાર્થં અષ્ટમ ફલપૂજા સંપૂર્ણમ્)

---

### અથ કળશ

ગાયો ગાયો ગાયો રે, મહાવીર જિનેશ્વર ગાયો.
ત્રિશલામાતા પુત્ર નગીનો, જગનો તાત કહાયો;
તપ તપતાં કેવળ પ્રગટાયો, સમવસરણ વિરચાયો રે. મ૦ ૧

રયણ સિંહાસન બેસી ચૌમુખ, કર્મસૂડણ તપ ગાયો;
આચાર દિનકરે વર્દ્ધમાનસૂરિ, ભવિ ઉપગારે રચાયો રે. મ૦ ૨

પ્રવચનસારોદ્ધાર કહાવે, સિદ્ધસેન સૂરિરાયો;
દિન ચઉસઠ્ઠિ પ્રમાણે એ તપ, ઉજમણે નિરમાયો રે. મ૦ ૩

ઉજમણાથી તપફળ વાધે, ઇમ ભાખે જિનરાયો;
જ્ઞાન ગુરુ ઉપગરણ કરાવો, ગુરુગમ વિધિ વિરચાયો રે. મ૦ ૪

આઠ દિવસ મળી ચોસઠ પૂજા, નવ નવ ભાવ બનાયો;
નરભવ પામી લાહો લીજે, પુણ્યે શાસન પાયો રે. મ૦ ૫

વિજય જિનેંદ્રસૂરીશ્વર રાજ્યે, તપગચ્છ કેરો રાયો;
ખુશાલવિજય માનવિજયવિબુધના, આગ્રહથી વિરચાયો રે. મ૦ ૬

વડઓશવાલ ગુમાનચંદસુત, શાસનરાગ સવાયો;
ગુરુભક્તિ શા ભવાનચંદ નિત્ય, અનુમોદનફળ પાયો રે. મ૦ ૭

મૃગ બળદેવમુનિ રથકારક, ત્રણ્ય હુવા એક ઠાયો;
કરણ કરાવણ ને અનુમોદન, સરિખાં ફળ નિપજાયો રે. મ૦ ૮

શ્રી વિજયસિંહ સૂરીશ્વર કેરા, સત્યવિજય બુધ ગાયો;
કપૂરવિજય તસ ખિમાવિજયજસ, વિજય પરંપર ધ્યાયો રે. મ૦ ૯

પંડિત શ્રી શુભવિજય સુગુરુ મુજ, પામી તાસ પસાયો;
તાસ શિષ્ય ધીરવિજય સલૂણા,આગમ રાગ સવાયો રે.મ૦૧૦

તસ લઘુબાંધવ રાજનગરમેં, મિથ્યાત્વપુંજ જલાયો;
પંડિત વીરવિજય કવિરચના, સંઘ સકળ સુખદાયો રે.મ૦૧૧

પહેલો ઉત્સવ રાજનગરમેં, સંઘ મળી સમુદાયો;
કરતા જેમ નંદીશ્વર દેવા, પૂરણ હર્ષ સવાયો રે.મ૦૧૨



(કવિત)

શ્રુતજ્ઞાન અનુભવ તાન મંદિર, બજાવત ઘંટો કરી,
તવ મોહપુંજ સમૂલ જલતે, ભાંગતે સગ ઠીકરી;
હમ રાજતે જગ ગાજતે દિન, અખયતૃતીયા આજથેં,
શુભવીર વિક્રમ વેદ મુનિ વસુ, ચંદ્ર વર્ષ વિરાજતે. ૧
(સંવત ૧૮૭૪)

**(ઇતિ તૃતીય દિવસેડધ્યાપનીય વેદનીયકર્મનિવારણાર્થં તૃતીય પૂજાષ્ટકં સંપૂર્ણમ્)**

---

## શ્રી આદિજિન આરતી

અપચ્છરા કરતી આરતી જિન આગે,
હાંરે જિન આગે રે જિન આગે;
હાંરે એ તો અવિચળ સુખડાં માગે,
હાંરે નાભિનંદન પાસ. અ૦ ૧

તા થેઈ નાટક નાચતી પાય ઠમકે,
હાંરે દોય ચરણે ઝાંઝર ઝમકે;
હાંરે સોવનમય ઘૂઘરી ઘમકે,
હાંરે લેતી ફૂદડી બાળ. અ૦ ૨

તાલ મૃંદગ ને વાંસળી ડફ વીણા,
હાંરે રૂડા ગાવંતી સ્વર ઝીણા;
હાંરે મધુર સુરાસુર નયણાં,
હાંરે જોતી મુખડું નિહાલ. અ૦ ૩

ધન્ય મરૂદેવા માતને પ્રભુ જાયા,
હાંરે તોરી કંચનવરણી કાયા;
હાંરે મેં તો પૂરવ પૂન્યે પાયા,
હાંરે દેખ્યો તોરો દેદાર. અ૦ ૪

પ્રાણજીવન પરમેશ્વર પ્રભુ પ્યારો,
હાંરે પ્રભુ સેવક છું હું તારો;
હાંરે ભવોભવના દુઃખડા વારો,
હાંરે તુમે દીન દયાળ. અ૦ ૫

સેવક જાણી આપનો ચિત્ત ધરજો,
હાંરે મોરી આપદા સઘળી હરજો;
હાંરે મુનિ માણેક સુખીઓ કરજો,
હાંરે જાણી પોતાનો બાળ. અ૦ ૬

---

## શ્રી મંગળ ચાર

ચારો મંગળ ચાર, આજ મહારે ચારો મંગળ ચાર;
દેખ્યો દરસ સરસ જિનજીકો, શોભા સુંદર સાર. આજ૦ ૧
છિનું છિનું છિનું મન મોહન ચરચો, ઘસી કેસર ઘનસાર. આજ૦ ૨
વિવિધ જાતિકે પુષ્પ મંગાવો, મોગર લાલ ગુલાલ. આજ૦ ૩
ધૂપ ઉખેવો ને કરો આરતી, મુખ બોલો જયકાર. આજ૦ ૪
હર્ષ ધરી આદીશ્વર પૂજો, ચોમુખ પ્રતિમા ચાર. આજ૦ ૫
હૈયે ધરી ભાવ ભાવના ભાવો, જિમ પામો ભવપાર. આજ૦ ૬
સકલચંદ સેવક જિનજીકો, આનંદઘન ઉપકાર. આજ૦ ૭

---



# अथ चतुर्थ दिवसेऽध्यापनीय मोहनीयकर्मसूदनार्थं चतुर्थ पूजाष्टक प्रारंभ

(આ પૂજામાં જોઈતી ચીજોનાં નામ)

(૧. દ્રાખનાં પાણી, ૨. બાવના ચંદન, ૩. જાય, કેવડો અને જાસુદનાં ફૂલ, ૪. દશાંગ ધૂપ, ૫. બે દિવેટનો દીપક, ૬. વ્રીહિ અખંડ, ૭. નૈવેદ્ય, ૮. ફળ.)

## ॥ अथ प्रथम जलपूजा प्रारंभ ॥

(નમોઽર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

શ્રી શુભવિજય સુગુરુ નમી, માતપિતા સમ જેહ;
બાળપણે બતલાવિયો, આગમનિધિ ગુણગેહ. ૧

ગુરુ દીવો ગુરુ દેવતા, ગુરુથી લહિયે નાણ;
નાણથકી જગ જાણિયે, મોહનીના અહિઠાણ. ૨

કષ્ટ તે કરવું સોહિલું, અજ્ઞાની પશુખેલ;
જાણપણું જગ દોહિલું, જ્ઞાની મોહનવેલ. ૩

અજ્ઞાની અવિધિ કરે, તપ જપ કિરિયા જેહ;
વિરાધક ષટ્ કાયનો, આવશ્યકમાં તેહ. ૪

મૂરખ મુખ આગમ સુણી, પડિયા મોહની પાસ;
આગમ લોપે બિહું જણા, નરય નિગોદે વાસ. ૫

મૂરખસંગ અતિ મળે, તો વસિયે વનવાસ;
પંડિતશું વાસો વસી, છેદો મોહનો પાસ. ૬

કુચ્છા મિચ્છ કષાય સવિ, ભય ધ્રુવબંધી એહ;
શેષ અધ્રુવબંધી કહી, મિચ્છ ધ્રુવોદય ગેહ. ૭

સગવીસ અધ્રુવોદય કહી, હવે અધ્રુવ સમ મિસ;
સત્તાથી દૂરે કરો, ધ્રુવસત્તા છવ્વીસ. ૮

મોહની દૂર થયે થકે, નાસે કર્મસંભાર;
કારણથી કારજ સધે, પૂજા અષ્ટ પ્રકાર. ૯

**(ઢાળ પહેલી)**

(ઓધવ ! માધવને કહેજો-એ દેશી)

જળપૂજા યુગતે કરિયે, મોહની બંધ ઠાણ હરિયે;
વિનતડી પ્રભુને કરિયે રે, ચેતન ચતુર થઈ ચૂક્યો,
નિજગુણ મોહવશે મૂક્યો રે. ચેતન૦૧

જીવ હણ્યા ત્રસ જળ ભેટી, દઈ ફાંસો મોગર કૂટી;
મુખ દાબી વાધર વેંટી રે. ચેતન૦૨

ક્લેશ શમ્યા ઉદેરણિયા, અરિહા અવગુણ મુખ ભણિયા;
બહુ પ્રતિપાલકને હણિયા રે. ચેતન૦૩

ધર્મી ધર્મથી ચૂકવિયા, સૂરિ પાઠક અવગુણ લવિયા;
શ્રુતદાયક ગુરુ હેલવિયા રે. ચેતન૦૪

નિમિત્ત વશીકરણે ભરિયો, તપસી નામ વૃથા ધરિયો;
પંડિત વિનય નવિ કરિયો રે. ચેતન૦૫

ગામ દેશ ઘર પરજાળ્યાં, પાપ કરી અન્ય શિર ઢાળ્યાં;
કપટ કરી બહુ જન વાળ્યાં રે. ચેતન૦૬



બ્રહ્મચારી થઈ ગવરાણો, પરદારાશું મૂંઝાણો;
પરધન દેખી દુહવાણો રે. ચેતન૦૭

પરદ્રોહી મિથ્યાભાષી, વિશ્વાસઘાતી કૂડશાખી;
મુનિ છંડી સેવ્યા ખાખી રે. ચેતન૦૮

મોહનીબંધ કરી ફરિયો, સિત્તેર કોડાકોડી સાગરિયો;
હવે તુમ શાસન અવતરિયો રે. ચેતન૦૯

શ્રી શુભવીર મયા કીજે, જિમ સેવક કારજ સીઝે;
વાંક ગુનો બક્ષી દીજે રે. ચેતન૦૧૦

(કાવ્યં ઉપજાતિવૃત્તમ્)

**તીર્થોદકૈર્મિશ્રિતચંદનૌઘૈઃ, સંસારતાપાહતયે સુશીતૈઃ,**
**જરાજનિપ્રાંતરજોઽભિશાંત્યૈ, તત્કર્મદાહાર્થમજં યજેઽહં. ૧**

(દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**સુરનદીજલપૂર્ણઘટૈર્ઘનૈ, – ર્ઘુસૃણમિશ્રિતવારિભૃતૈઃ પરૈઃ;**
**સ્નપય તીર્થકૃતં ગુણવારિધિં, વિમલતાં ક્રિયતાં ચ નિજાત્મનઃ ૨**
**જનમનોમણિભાજનભારયા, – શમરસૈકસુધારસધારયા;**
**સકલબોધકલારમણીયકં, – સહજસિદ્ધમહં પરિપૂજયે. ૩**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, મોહનીયબંધસ્થાનનિવારણાય,**
**જલં યજામહે સ્વાહા.**

(ઇતિ મોહનીયબંધસ્થાનનિવારણાર્થં પ્રથમ જલપૂજા સંપૂર્ણમ્)

## ।। અથ દ્વિતીય ચંદનપૂજા પ્રારંભ ।।

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

બીજી ચંદન પૂજના, પૂજો ભેળી કપૂર;
અડવીસ પયડિ માંહેથી, ચારિત્રમોહની દૂર. ૧

**(ઢાળ બીજી)**

(રાગ બિહાગ બિલાવર-ઘડી ઘડી સાંભરો સાંઈ સલૂણા-એ દેશી)

ચંદનપૂજા ચતુર રચાવે, મોહ મહીપતિ મહેલ ખણાવે; ચંદન૦
ચારિત્રમોહની મૂળ જલાવે, જિનગુણધ્યાન અનલ સળગાવે. ચં૦૧

ચાર અનંતાનુબંધી વિષધર, સુર વસુદત્ત મુનિરૂપ ધરાવે; ચં૦
ત્રણ્ય નાગ એક નાગણી મહોટી, પડિબોહણ નાગદત્ત ડસાવે. ચં૦૨

જાવજીવ ચારનું વિષ રહેવે, સજ્જનને એણીપરેં સમજાવે; ચં૦
નરક લહે સમકિતગુણ ઘાતે, અંતે સમાધિપણું નવિ પાવે. ચં૦૩

ચાળીસ સાગર કોડાકોડી, બંધ ઉદય સાસ્વાદન ભાવે; ચં૦
આઠમે ગુણઠાણે વિષસત્તા, પર્વતરેખા ક્રોધ કહાવે. ચં૦૪

આઠ ફણાલો માન મણિધર, પથ્થરથંભને કોણ નમાવે; ચં૦
ઘનવંશી મૂળ માયા નાગણી, લોભ કરમજીરંગ કોણ હઠાવે. ચં૦૫

મેં વશ કીધા મુનિ કિરિયાથી, મંત્રમણિ મહોરે વશ નાવે; ચં૦
જાંગુલી વાદીને પાણી ભરાવે, નાગદત્ત વસુદત્ત જગાવે. ચં૦૬

સામાયિક દંડક ઉચ્ચરાવે, એ સમો મંત્ર ન કો જગ આવે; ચં૦
શ્રી શુભવીરના શાસનમાંહે, નાગદત્ત અક્ષયપદ પાવે. ચં૦૭



(કાવ્યં૦ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**જિનપતેર્વરગંધસુપૂજનં, જનિજરામરણોદ્ભવભીતિહૃત્;**
**સકલરોગવિયોગવિપદ્ધરં, કુરુ કરેણ સદા નિજપાવનમ્. ૧**
**સહજકર્મકલંકવિનાશનૈ, — રમલભાવસુવાસનચંદનૈઃ**
**અનુપમાનગુણાવલિદાયકં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**અનંતાનુબંધીદહનાય, શ્રીમતે વીરજિનેન્દ્રાય,**
**ચંદનં યજામહે સ્વાહા.**

(ઇતિ અનંતાનુબંધીદહનાર્થં દ્વિતીય ચંદનપૂજા સંપૂર્ણમ્)

---

## ।। અથ તૃતીય પુષ્પપૂજા પ્રારંભ ।।

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

અપચ્ચખ્ખાણી ચોકડી, ટાળી અનાદિની ભૂલ;
પરમાતમ પદ પૂજિયે, કેતકી જાયને ફૂલ. ૧

**(ઢાળ ત્રીજી)**

(રાણીઓ રૂવે રંગમહેલમાં રે-એ દેશી)

ફૂલપૂજા જિનરાજની રે, વિરતિને ઘરબાર રે; સનેહા.
તે ગુણલોપક અપચ્ચખ્ખાણી રે, જે ક્રોધાદિક ચાર રે, સ૦
ચાર ચતુર ચિત્ત ચોરટા રે, મોહ મહીપતિ ઘેર રે સ૦ ચા૦૧

ચાળીસ સાગર કોડાકોડી રે, બંધથિતિ અનુસાર રે સ૦
ઉદયવિપાક અબાધાકાળે રે, વર્ષ તે ચાર હજાર રે સ૦ ચા૦૨

બંધઉદય ચોથે ગુણે રે, નવમે સત્તા ટાળ રે સ૦
વર્ષ લગે તે પાપ કરી રે, ન ખમાવે ગુરુ બાળ રે સ૦ ચા૦૩

તિર્યંચની ગતિ એહથી રે, પુઢવીરેખા ક્રોધ રે સ૦
અસ્થિ નમાવ્યું વરસે નમે રે, બાહુબલી નર યોધ રે સ૦ ચા૦૪

માયા મિંઢાસીંગ સારીખી રે, લોભ છે કર્દમરંગ રે સ૦
અનીતિપુરે વ્યવહારિયો રે, રણઘંટાને સંગ રે સ૦ ચા૦૫

ચાર ધુતારા વાણિયા રે, પાસેથી વાળ્યું વિત્ત રે, સ૦
રત્નચૂડ પરે શુભવીરશું રે, લાગે ચતુરનું ચિત્ત રે સ૦ ચા૦૬

(કાવ્યં દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**સુમનસાં ગતિદાયિ વિધાયિનાં, સુમનસાં નિકરૈઃ પ્રભુપૂજનમ્;**
**સુમનસાં સુમનોગુણસંગિના, જન ! વિધેહિ નિધેહિ મનોર્ચ્ચને. ૧**
**સમયસારસુપુષ્પસુમાલયા, સહજકર્મકરેણ વિશોધયા;**
**પરમયોગબલેન વશીકૃતં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, અપ્રત્યાખ્યાનીનિવારણાય,**
**પુષ્પાણિ યજામહે સ્વાહા.**

(ઇતિ અપ્રત્યાખ્યાનીનિવારણાર્થં તૃતીય પુષ્પપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ चतुर्थ धूपपूजा प्रारंभ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

પ્રત્યાખ્યાની ચોકડી, દહન કરેવા ધૂપ;
પૂજક ઊર્ધ્વગતિ લહે, વળી ન પડે ભવકૂપ. ૧



**(ઢાળ ચોથી)**

(અને હાં રે વાલ્હોજી વાયે છે વાંસળી રે-એ દેશી)

અને હાં રે ધૂપ ધરો જિન આગળે રે,
કૃષ્ણાગરૂ ધૂપ દશાંગ, શ્રેણિ ભલી ગુણઠાણની રે;
અને હાં રે ધૂપધાણું રયણે જડ્યું રે,
ઘડ્યું જાત્યમયી કનકાંગ, શ્રેણિ૦ અને હાં રે ધૂપ૦૧

અ૦ મુનિવર રૂપ ન દાખવે રે,
થિતિબંધ પૂરવની રીત. શ્રેણિ૦
અ૦ બંધોદય ગુણઠાણે પાંચમે રે,
હવે ક્ષાયક શ્રેણિ વદિત. શ્રેણિ૦ અને હાં રે ધૂપ૦૨

અ૦ સોળ સામંતને ભોળવી રે;
વચ્ચે ઘેરી હણ્યા લઈ લાગ. શ્રેણિ૦
અ૦ નાઠા આઠે સેનાપતિ રે,
નવમાને બીજે ભાગ. શ્રેણિ૦ અને હાં રે ધૂપ૦૩

અ૦ ચઉમાસા લગે એ રહે રે,
મરણે નરની ગતિ જાણ. શ્રેણિ૦
અ૦ રજરેખા સમ ક્રોધ છે રે,
કઠથંભ સમાણો માન, શ્રેણિ૦ અને હાં રે ધૂપ૦૪

અ૦ માયા ગોમૂત્ર સારખી રે,
છે લોભ તે ખંજનરંગ. શ્રેણિ૦
અ૦ મુનિવર મોહને નાસવે રે,
રહી શ્રી શુભવીરને સંગ. શ્રેણિ૦ અને હાં રે ધૂપ૦૫

(કાવ્યં૦ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**અગરુમુખ્યમનોહરવસ્તુના, સ્વનિરુપાધિગુણૌઘવિધાયિનઃ**
**પ્રભુશરીરસુગંધસુહેતુના, રચય ધૂપનપૂજનમર્હતઃ ૧**
**નિજગુણાક્ષયરૂપસુધૂપનં, સ્વગુણઘાતમલં પ્રવિકર્ષણમ્**
**વિશદબોધમનંતસુખાત્મકં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુ નિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, પ્રત્યાખ્યાનીદહનાય,**
**ધૂપં યજામહે સ્વાહા.**

(ઇતિ પ્રત્યાખ્યાનીદહનાર્થં ચતુર્થ ધૂપપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ पंचम दीपकपूजा प्रारंभ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

સંજ્વલનની ચોકડી, જબ જાયે તવ ગેહ;
જ્ઞાનદીવો પરગટ હુવે, દીપકપૂજા તેહ. ૧

**(ઢાળ પાંચમી)**

(ચંદ્રપ્રભુ જિન ચંદ્રમા રે-એ દેશી)

જગદીપકની આગળે રે, દીપકનો ઉદ્યોત;
સંજ્વલનો જ્વલતે થકે રે, ભાવદીપકની જ્યોત હો જિનજી
તેજે તરણીથી વડો રે, દોય શિખાનો દીવડો રે;
ઝળકે કેવળ જ્યોત. (એ આંકણી)૧

બંધસ્થિતિ પૂરવ પરે રે, સંજ્વલનો તિગ જાણ;
બંધ ઉદય સત્તા રહે રે, અનિયટ્ટિ ગુણઠાણ હો જિનજી. તે૦૨



લોભદશા અતિ આકરી રે, નવમે બંધ પળાય;
ઉદય ને સત્તા જાણિયે રે, જે સૂક્ષ્મ સંપરાય હો જિનજી. તે૦૩

સાહિબ શ્રેણિ સંચર્યા રે, લોભનો ખંડ પ્રચંડ;
ગુણઠાણા સરિખો કરી રે, ખેરવ્યો ખંડોખંડ હો જિનજી. તે૦૪

પક્ષ લગે ગતિ દેવની રે, જળરેખા સમ ક્રોધ;
નેત્રલતા સમ માનથી રે, ચરમ ચરણનો રોધ હો જિનજી. તે૦૫

માયા અવલેહી સમી રે, લોભ હરિદ્રા રંગ;
ક્ષાયકભાવે કેવળી રે, શ્રી શુભવીર પ્રસંગ હો જિનજી. તે૦૬

(કાવ્યં૦ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**ભવતિ દીપશિખાપરિમોચનં, ત્રિભુવનેશ્વરસદ્મનિશોભનમ્;**
**સ્વતનુકાંતિકરં તિમિરં હરં, જગતિ મંગલકારણમાતરમ્. ૧**
**શુચિમનાત્મચિદુજ્જ્વલદીપકૈ – ર્જ્વલિતપાપ પતંગસમૂહકૈઃ**
**સ્વકપદં વિમલં પરિલેભિરે, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, સંજ્વલનજ્વલનાય,**
**દીપં યજામહે સ્વાહા.**

(ઇતિ સંજ્વલનજ્વલનાર્થં પંચમ દીપકપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ षष्ठ अक्षतपूजा प्रारंभ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

નવ નોકષાય તે ચરણમાં, રાગ દ્વેષ પરિણામ;
કારણ જેહ કષાયનાં, તિણ નોકષાય તે નામ. ૧

(ઢાળ છઠ્ઠી)

(સહસાવન જઈ વસીએ ચાલોને સખી—એ દેશી)

વીર કને જઈ વસિયે, ચાલોને સખી! વીર કને જઈ વસિયે.
અક્ષતપૂજા જિનની કરતાં, અક્ષયમંદિર વસિયે;
હાસ્યાદિક ષટ્ ખટપટકારી, તાસ વદન નવિ પસિયે. ચા૦૧
હાસ્ય રતિ દશ કોડાકોડી, સાગર બંધન કસિયે;
અરતિ ને ભય, શોક, દુગંચ્છા, વીશ કોડાકોડી ખસિયે. ચા૦૨
ભય, રતિ, હાસ્ય, દુગંચ્છા અપૂરવ, શેષ પ્રમત્ત બંધ ધસિયે;
ઉદય અપૂરવ સત્તા નવમે, પંચમ ભાગે નસિયે. ચા૦૩
કાજવ ઉદ્ધરતાં મુનિ દેખે, સોહમપતિ મોહ વસિયે;
મોહે નડિયા નાણથી પડિયા, કાઉસગ્ગમાં મુનિ હસિયે. ચા૦૪
મોહની હાસ્ય વિનોદે વસતાં, જેમ તેમ મુખથી ભસિયે;
કોઈ દિન રતિ કોઈ દિન અરતિમાં, શોકમસિ લેઈ ઘસિયે. ચા૦૫
સંસારે સુખ લેશ ન દીઠું, ભયમોહની ચિહું દિશિયે;
ચરણ-દુગંચ્છાફળ ચંડાળે, જન્મ મેતારજ ઋષિયે. ચા૦૬
મોહમહીપતિ મહા તોફાને, મૂંઝાણા અહોનિશિયે;
શ્રી શુભવીર હજૂરે રહેતાં, આનંદલહેર વિલસિયે. ચા૦૭

(કાવ્યં દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**ક્ષિતિતલેઽક્ષતશર્મનિદાનકં, ગણિવરસ્ય પુરોઽક્ષતમંડલં;**
**ક્ષતવિનિર્મિતદેહનિવારણં, ભવપયોધિસમુદ્ધરણોદ્યતમ્. ૧**
**સહજભાવસુનિર્મલતંદુલૈ – ર્વિપુલદોષવિશોધકમંગલૈઃ**
**અનુપરોધસુબોધવિધાયકં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**



(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, હાસ્યષટ્કનિવારણાય,**
**અક્ષતં યજામહે સ્વાહા.**

(ઇતિ હાસ્યષટ્કનિવારણાર્થં ષષ્ઠ અક્ષતપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ सप्तम नैवेद्यपूजा प्रारंभ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

(દોહા)

આહારે વેદ-ઉદય વધે, જેહથી બહુ જંજાળ;
નિર્વેદી આગળ ઠવો, ભરી નૈવેદ્યનો થાળ. ૧

(ઢાળ સાતમી)

મળીને વિછડશો નહીં કોય રે, મનમાન્યા મોહનને.
વેદે વાહ્યો, જીવ વિષયી થયો;
ભવમાંહે ઘણું ભટકાય રે. મન૦
મોહની ઘર વસ્યો, મોહની ખોળતો;
મળ્યે મોહન ન ઓળખાય રે. મન૦ ૧
જે ગુણશ્રેણે ચડ્યા, વેદ ઉદયે પડ્યા;
આષાઢાભૂતિ મુનિરાય રે. મન૦
એમ અનેક તે ચૂક્યા, તપબળ વને મૂક્યા;
શક્યા નહીં વેદ છુપાય રે. મન૦ ૨
મહાનિશીથે કહ્યા, ભવ બહુલ લહ્યા,
વેદઉદયરૂપી રાય રે. મન૦
વેદ વિલુદ્ધા પ્રાણી, કરે સંપદહાણી,
રાવણ નમે સીતાના પાય રે. મન૦ ૩

દેવ અચ્યુતનિવાસી, પૂરવપ્રિયા પાસી,
મણુઅ નારીશું લપટાય રે. મન૦
પન્નવણાએ કહ્યા, વેદવિવશ રહ્યા,
ઘર છંડી વિદેશે જાય રે. મન૦ ૪
ગળે ફાંસો ધરે, ઝંપાપાત કરે,
માતપિતાશું ન લજ્જાય રે. મન૦
વેદ ત્રિહું ઉદયાણે, નવમે ગુણઠાણે,
મિથ્યાત્વે નપું બંધાય રે. મન૦ ૫
નવમ દૂજા સુધી, પુરુષ પ્રિયા બંધી,
હવે સત્તાથી છેદાય રે. મન૦
નર નપુંસક નારી, નવમેથી હારી,
ષટ્ ત્રણ્ય ચોથાને ભાય રે. મન૦ ૬
નરિથ્થી નપું જોડી, સાગર કોડાકોડી,
દશ પંદર વીશ કહાય રે. મન૦
વેદે નડ્યો જડ્યો, સંસારી ઘડ્યો,
નિર્વેદી ચડ્યો નહિ છાંય રે. મન૦ ૭
અબ તું સ્વામી મળ્યો, નરભવ જ ફળ્યો,
નૈવેદ્યપૂજા ફળદાય રે. મન૦
શ્રી શુભવીર હજૂરે, રહો આનંદ પૂરે,
ભવવેદન વીસરી જાય રે. મન૦ ૮

(કાવ્યં૦ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**અનશનં તુ મમાસ્ત્વિતિ બુદ્ધિના, રુચિરભોજનસંચિતભોજનમ્;**
**પ્રતિદિનં વિધિના જિનમંદિરે, શુભમતે બત ઢૌક્ય સુચેતસા. ૧**



**કુમતબોધવિરોધનિવેદકૈ – ર્વિહિતજાતિજરામરણાંતકૈઃ**
**નિરશનૈઃ પ્રચુરાત્મગુણાલયં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, વેદત્રિકસૂદનાય,**
**નૈવેદ્યં યજામહે સ્વાહા.**

(ઇતિ વેદત્રિકસૂદનાર્થં સપ્તમ નૈવેદ્યપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ अष्टम फलपूजा प्रारंभ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

મોહ મહા ભટ કેસરી, નામે તે મિથ્યાત;
ફળપૂજા પ્રભુની કરી, કરશું તેહનો ઘાત. ૧

**(ઢાળ આઠમી)**

(રાગ વસંત-ધુમાલ-અહો મેરે લલના-એ દેશી)

મોહ મહીપતિ મહેલમેં બેઠે, દેખે આયો વસંત લલના,
વીરજિણંદ રહે વનવાસે, મોહસેં ન્યારો ભગવંત,
ચતુરાંકે ચિત્ત ચંદ્રમા હો.૧
મંજરી પિંજરી કોયલ ટહુકે, ફૂલી ફળી વનરાય લલના,
ધર્મરાજ જિનરાજજી ખેલે, હોરી ગોરી અજ્જવીકાય. ચ૦૨
સંતોષ મંત્રી વડો મુખ આગે, સમકિત મંડળી ભૂપ લલના,
સામંત પંચમહાવ્રત છાજે, ગાજે માર્દવ ગજરૂપ. ચ૦૩
ચરણ કરણ ગુણ પાયદલ ચાલે, સેનાની શ્રુતબોધ લલના,
શીલાંગરથ શિર સાંઈ સુહાવે, અધ્યવસાય જસ યોધ. ચ૦૪

મોહરાય પણ ઇણે સમે આયો, માયા પ્રિયા, સુત કામ લલના,
મંત્રી લોભ ભટ દુર્દ્ધર ક્રોધા, હાસ્યાદિ ષટ્‌રથ નામ. ચ૦૫

મિથ્યાતમંડળી રાય અટારો, બંધ ઉદય નિજ ઠાણ લલના,
સમકિત મિશ્રમોહની લઘુ ભાઈ, ઉદયે સત્તમ સમ્મ જાણ. ચ૦૬

સિત્તેર સાગર કોડાકોડી, મિથ્યાત્વનો સ્થિતિબંધ લલના,
સત્તા ત્રણ્યની અડ ગુણઠાણે, માન હસ્તીએ ચાલે ધંધ. ચ૦૭

તસ રક્ષક મન જિન પલટાયો, મોહ તે ભાગ્યો જાય લલના,
ધ્યાન કેસરિયા કેવળ વરિયા, વસંત અનંત ગુણ ગાય. ચ૦૮

તે શુભવીર જિણંદે દાખ્યો, કર્મસૂદન તપ એહ લલના,
તપફળ ફળપૂજા કરી યાચો, સાચો સાંઈશું કરો નેહ. ચ૦૯

(કાવ્યં દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**શિવતરોર્ફલદાનપરૈર્નવૈ–ર્વરફલૈઃ કિલ પૂજય તીર્થપમ્;**
**ત્રિદશનાથનતક્રમપંકજં,–નિહતમોહમહીધરમંડલમ્. ૧**
**શમરસૈકસુધારસમાધુરૈ–રનુભવાખ્યફલૈરભયપ્રદૈઃ**
**અહિતદુઃખહરં વિભવપ્રદં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, દર્શનમોહનીયનિવારણાય,**
**ફલં યજામહે સ્વાહા.**

(ઇતિ દર્શનમોહનીયનિવારણાર્થં અષ્ટમ ફલપૂજા સંપૂર્ણમ્)

---



## અથ કળશ

ગાયો ગાયો ગાયો રે, મહાવીર જિનેશ્વર ગાયો.
ત્રિશલામાતા પુત્ર નગીનો, જગનો તાત કહાયો;
તપ તપતાં કેવળ પ્રગટાયો, સમવસરણ વિરચાયો રે. મ૦ ૧

રયણ સિંહાસન બેસી ચૌમુખ, કર્મસૂડણ તપ ગાયો;
આચાર દિનકરે વર્દ્ધમાનસૂરિ, ભવિ ઉપગારે રચાયો રે. મ૦ ૨

પ્રવચનસારોદ્ધાર કહાવે, સિદ્ધસેન સૂરિરાયો;
દિન ચઉસટ્ઠિ પ્રમાણે એ તપ, ઉજમણે નિરમાયો રે. મ૦ ૩

ઉજમણાથી તપફળ વાધે, ઇમ ભાખે જિનરાયો;
જ્ઞાન ગુરુ ઉપગરણ કરાવો, ગુરુગમ વિધિ વિરચાયો રે. મ૦ ૪

આઠ દિવસ મળી ચોસઠ પૂજા, નવ નવ ભાવ બનાયો;
નરભવ પામી લાહો લીજે, પુણ્યે શાસન પાયો રે. મ૦ ૫

વિજય જિનેંદ્રસૂરીશ્વર રાજ્યે, તપગચ્છ કેરો રાયો;
ખુશાલવિજય માનવિજયવિબુધના, આગ્રહથી વિરચાયો રે. મ૦ ૬

વડઓશવાલ ગુમાનચંદસુત, શાસનરાગ સવાયો;
ગુરુભક્તિ શા ભવાનચંદ નિત્ય, અનુમોદનફળ પાયો રે. મ૦ ૭

મૃગ બળદેવમુનિ રથકારક, ત્રણ્ય હુવા એક ઠાયો;
કરણ કરાવણ ને અનુમોદન, સરિખાં ફળ નિપજાયો રે. મ૦ ૮

શ્રી વિજયસિંહ સૂરીશ્વર કેરા, સત્યવિજય બુધ ગાયો;
કપૂરવિજય તસ ખિમાવિજય જસ, વિજય પરંપર ધ્યાયો રે. મ૦ ૯

પંડિત શ્રી શુભવિજય સુગુરુ મુજ, પામી તાસ પસાયો;
તાસ શિષ્ય ધીરવિજય સલૂણા,આગમ રાગ સવાયો રે.મ૦૧૦

તસ લઘુબાંધવ રાજનગરમેં, મિથ્યાત્વપુંજ જલાયો;
પંડિત વીરવિજય કવિરચના, સંઘ સકળ સુખદાયો રે.મ૦૧૧

પહેલો ઉત્સવ રાજનગરમેં, સંઘ મળી સમુદાયો;
કરતા જેમ નંદીશ્વર દેવા, પૂરણ હર્ષ સવાયો રે.મ૦૧૨

(કવિત)

શ્રુતજ્ઞાન અનુભવ તાન મંદિર, બજાવત ઘંટો કરી,
તવ મોહપુંજ સમૂલ જલતે, ભાંગતે સગ ઠીકરી;
હમ રાજતે જગ ગાજતે દિન, અખયતૃતીયા આજથેં,
શુભવીર વિક્રમ વેદ મુનિ વસુ, ચંદ્ર વર્ષ વિરાજતે. ૧
(સંવત ૧૮૭૪)

**(ઇતિ ચતુર્થ દિવસેડધ્યાપનીય મોહનીયકર્મસૂદનાર્થં ચતુર્થ પૂજાષ્ટકં સંપૂર્ણમ્)**

---

## શ્રી શાંતિજિન આરતી

જય જય આરતી શાંતિ તુમારી,
તોરા ચરણકમલકી મેં જાઉં બલિહારી. જય૦ ૧
વિશ્વસેન અચિરાજિકે નંદા,
શાંતિનાથ મુખ પૂનમચંદા. જય જય૦ ૨
ચાલીશ ધનુષ સોવનમય કાયા,
મૃગલંછન પ્રભુચરણ સુહાયા. જય જય૦ ૩



ચક્રવર્ત્તી પ્રભુ પાંચમા સોહે,
સોળમા જિનવર જગ સૌ મોહે. જય જય૦ ૪
મંગળ આરતી ભોરહિં કીજે,
જન્મ જન્મનો લાહો લીજે. જય જય૦ ૫
કરજોડી સેવક ગુણ ગાવે,
સો નર નારી અમરપદ પાવે. જય જય૦ ૬

---

## ૫. શ્રી મંગળ ચાર

ચારો મંગળ ચાર, આજ મહારે ચારો મંગળ ચાર;
દેખ્યો દરસ સરસ જિનજીકો, શોભા સુંદર સાર. આજ૦ ૧
છિનું છિનું છિનું મન મોહન ચરચો, ઘસી કેસર ઘનસાર. આજ૦ ૨
વિવિધ જાતિકે પુષ્પ મંગાવો, મોગર લાલ ગુલાલ. આજ૦ ૩
ધૂપ ઉખેવો ને કરો આરતી, મુખ બોલો જયકાર. આજ૦ ૪
હર્ષ ધરી આદીશ્વર પૂજો, ચોમુખ પ્રતિમા ચાર. આજ૦ ૫
હૈયે ધરી ભાવ ભાવના ભાવો, જિમ પામો ભવપાર. આજ૦ ૬
સકલચંદ સેવક જિનજીકો, આનંદઘન ઉપકાર. આજ૦ ૭

---

## अथ पंचम दिवसेऽध्यापनीय श्री आयुष्यकर्मसूदनार्थं पंचम पूजाष्टक प्रारंभ

(આ પૂજામાં જોઈતી ચીજોનાં નામ)

(૧. સાકરનું પાણી, ૨. કેસર, ૩. જાય અને ચંબેલીનાં ફૂલ, ૪. કુંદુરુ દશાંગ ધૂપ, ૫. ચાર દિવેટનો દીપક, ૬. અખંડ ચોખા, ૭. નૈવેદ્ય, ૮. ફળ.)

### ॥ अथ प्रथम जलपूजा प्रारंभ ॥

(નમોऽર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

પંચમ કર્મતણી કહું, પૂજા અષ્ટ પ્રકાર;
મોહરાય દરબારમાં, જીવિત કારાગાર. ૧

ચાર અઘાતી આઉખાં, બંધોદય સુવિચાર;
સત્તાએ પણ જોડિયે, અધ્રુવપદ નિરધાર. ૨

ચાર ગતિમાં જીવડો, આયુકર્મને યોગ;
બંધ-ઉદયથી અનુભવે, સુખદુખ કેરા ભોગ. ૩

ચરમશરીરી વિણ જિકે, જીવ ઇણે સંસાર;
સમય સમય બાંધે સહી, કર્મ તે સાત પ્રકાર. ૪

અંતરમુહૂર્તે આઉખું, ભવમાં એક જ વાર;
બાંધી અબાધા અનુભવી, સંચરિયા ગતિ ચાર. ૫

એમ પુદ્‌ગલપરાવર્ત્તના, કરી સંસારે અનંત;
નિર્ભયદાયક નાથજી, મળિયો તું ભગવંત. ૬

જળપૂજા યુગતે કરી, ધરી પ્રભુચરણે શીશ;
ચાર પયડીમાં સુરગતિ, દાયક ઠાણ કહીશ. ૭



**(ઢાળ પહેલી)**

(શીતલજિન સહજાનંદી-એ દેશી)

તીર્થોદક કલશા ભરિયે, અભિષેક પ્રભુને કરિયે,
પ્રાતિહારજ શોભા ધરિયે, લઘુ ગુરુ આશાતના હરિયે;
સલૂણા સંત! એ રીત કીજે, દેવઆયુ લહે ભવ બીજે. સ૦૧

પરમાતમ પૂજા રચાવે, સમતારસ ધ્યાન ધરાવે;
શોક સંતાપ અલ્પ કરાવે, સાધુ સાધ્વીને વહોરાવે. સ૦૨

ગુણી રાગ ધરે વ્રત પાળે, સમકિત ગુણને અજુવાળે;
જયણા અનુકંપા ઢાળે, કરે ગુરુવંદન ત્રણ્ય કાળે. સ૦૩

પંચાગ્નિ તાપ સહંતા, બ્રહ્મચારી વનમાં વસંતા;
કષ્ટે કરી દેહ દમંતા, બાળ તપસી નામ ધરંતા. સ૦૪

બંધ કરતો સાતમે જાણો, ઉદયે ચોથો ગુણઠાણો;
ઓઘે સુરઆયુ પ્રમાણો, સત્તાઉપશમ ગુણઠાણો. સ૦૫

લોક લોકોત્તર ગુણધારી, અંતે પરિણામ સમારી;
દેવલોકમાંહે અવતારી, શુભવીર વચન બલિહારી. સ૦૬

(કાવ્યં ઉપજાતિવૃત્તમ્)

**તીર્થોદકૈર્મિશ્રિતચંદનૌઘૈઃ, સંસારતાપાહતયે સુશીતૈઃ,**
**જરાજનિપ્રાંતરજોऽભિશાંત્યૈ, તત્કર્મદાહાર્થમજં યજેऽહં. ૧**

(દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**સુરનદીજલપૂર્ણઘટૈર્ઘનૈ, – ર્ઘુસૃણમિશ્રિતવારિભૃતૈઃ પરૈઃ;**
**સ્નપય તીર્થકૃતં ગુણવારિધિં, વિમલતાં ક્રિયતાં ચ નિજાત્મનઃ ૨**
**જનમનોમણિભાજનભારયા, – શમરસૈકસુધારસધારયા;**
**સકલબોધકલારમણીયકં, – સહજસિદ્ધમહં પરિપૂજયે. ૩**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, દેવાયુર્બંધસ્થાનનિવારણાય,**
**જલં યજામહે સ્વાહા.**

(ઇતિ દેવાયુર્બંધસ્થાનનિવારણાર્થં પ્રથમ જલપૂજા સંપૂર્ણમ્)

---

## ।। અથ દ્વિતીય ચંદનપૂજા પ્રારંભ ।।

(નમોऽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

પર્યાપ્તિ પૂરી કરી, સમકિતદૃષ્ટિ દેવ;
ન્હવણ વિલેપન કેસરે, પૂજે જિન તત્ખેવ. ૧

**(ઢાળ બીજી)**

(કોશા વેશ્યા કહે રાગીજી, મનોહર મનગમતા-એ દેશી)

દુનિયામાં દેવ ન દૂજાજી, જિનવર જયકારી,
કરું અંગવિલેપન પૂજાજી, જિનવર જયકારી;
તેમ સમકિતી સુર પૂજેજી, જિનવર જયકારી,
મિથ્યાત્વી પણ કેઈ બૂઝેજી, જિનવર જયકારી. ૧

તિહાં પહેલી ભવણ નિકાયજી, જિ૰ એક સાગર અધિકું આયજી,જિ૰
ઉત્તરથી દક્ષિણ હીણાજી, જિ૰ નવમા દોય પલિય તે ઊણાજી.જિ૰૨

વ્યંતર એક પલિયનું આયજી, જિ૰ સુણ સાહિબ ત્રીજી નિકાયજી,જિ૰
સહસ લક્ષ વરસ અધિકેરેજી, જિ૰ રવિ ચંદ્ર પલ્યોપમ પૂરેજી.જિ૰૩

ગ્રહ રિખ તારક જોડાયજી, જિ૰ પલ્ય અર્ધને ચોથે પાયજી,જિ૰
સૌધર્મે સાગર દોયજી, જિ૰ બીજે અધિકેરાં હોયજી. જિ૰૪



દોય કલ્પે સગહિય જાણોજી, જિ૰ એ પરમાયુ પરિમાણોજી,જિ૰
દશ ચૌદશ સત્તર દીજેજી, જિ૰ મહાશુક્ર લગે તે લીજેજી.જિ૰૫
હવે કીજે અધિક એક એકેજી, જિ૰ એકત્રીશ નવમે ગ્રૈવેકેજી,જિ૰
તેત્રીશ તે પંચ વિમાનેજી, જિ૰ સમકિતદૃષ્ટિ તિહાં માનેજી.જિ૰૬
શિવસાધન બાધક ટાણેજી,જિ૰ સુરસુખ તે દુઃખ કરી જાણેજી,જિ૰
કલ્યાણક રંગે ભીનાજી, જિ૰ શુભવીર વચન રસ લીનાજી.જિ૰૭

(કાવ્યં૰ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**જિનપતેર્વરગંધસુપૂજનં, જનિજરામરણોદ્ભવભીતિહૃત્;**
**સકલરોગવિયોગવિપદ્ધરં, કુરુ કરેણ સદા નિજપાવનમ્. ૧**
**સહજકર્મકલંકવિનાશનૈ, – રમલભાવસુવાસનચંદનૈઃ**
**અનુપમાનગુણાવલિદાયકં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, સુરાયુર્નિગડભંજનાય,**
**ચંદનં યજામહે સ્વાહા.**

(ઇતિ સુરાયુર્નિગડભંજનાર્થં દ્વિતીય ચંદનપૂજા સંપૂર્ણમ્)

---

## ।। અથ તૃતીય પુષ્પપૂજા પ્રારંભ ।।

(નમોऽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

ત્રીજી કુસુમની પૂજના, પૂજે નિત્ય જિનરાય;
પંડિત સંગ કરે સદા, શાસ્ત્ર ભણે ધરે ન્યાય. ૧
ન્યાયે ઉપાર્જના કરે, જયણાયુત મુનિદાન;
ભદ્રિકભાવે નવિ કરે, આરંભ નિંદા ઠાણ. ૨

પરઉપકારાદિક ગુણે, બાંધે મણુઅનું આય;
તુજ શાસન રસિયા થઈ, શિવમારગ કેઈ જાય. ૩

**(ઢાળ ત્રીજી)**

(આસણરા યોગી-એ દેશી)

કુસુમની પૂજા કર્મ નસાવે, નાગકેતુપરે ભાવે રે;
સુણજો જગસ્વામી.
આયુ નિકાચિત છે પણ તહવી, કર્મનું જોર હઠાવે રે સુ૦૧
શ્રેણિક સરિખા તુજ ગુણરાગી, કર્મની બેડી ન ભાંગી રે સુ૦
સુકુમાલિકા ઉપનય ઇહાં ભાવો, સાર્થવાહ ઘર લાગી રે સુ૦૨
ત્યાશી લાખ પૂરવ ઘરવાસે, જિનવર વિરતિ ન આવે રે સુ૦
બંધ તુરિય સત્તા ઉદયેથી, કેવળી અંતે ખપાવે રે સુ૦૩
ત્રણ્ય પલ્યોપમ યુગલિક આયુ, કલ્પતરુ ફળ લીના રે સુ૦
સંખાયુ નર શિવ અધિકારી, જાય તે ભવ વ્રત હીના રે સુ૦૪
પૂરવ કોડી ચરણફળ હારે, મુનિ અધિકેરે આય રે સુ૦
શ્રી શુભવીર અચલસુખ પાવે, ચરમ ચોમાસું જાય રે સુ૦૫

(કાવ્યં દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**સુમનસાં ગતિદાયિ વિધાયિનાં, સુમનસાં નિકરૈઃ પ્રભુપૂજનમ્;**
**સુમનસાં સુમનોગુણસંગિના, જન ! વિધેહિ નિધેહિ મનોર્ચ્ચને. ૧**
**સમયસારસુપુષ્પસુમાલયા, સહજકર્મકરેણ વિશોધયા;**
**પરમયોગબલેન વશીકૃતં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય, શ્રીમતે વીરજિનેન્દ્રાય, નરાયુર્નિવારણાય, પુષ્પાણિ યજામહે સ્વાહા.**

(ઇતિ નરાયુનિવારણાર્થં તૃતીય પુષ્પપૂજા સંપૂર્ણમ્)

---



## ॥ अथ चतुर्थ धूपपूजा प्रारंभ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

કર્મ સમિધ દહન ભણી, ધૂપઘટા જિન ગેહ;
કનક હુતાશન યોગથી, જાત્યમયી નિજ દેહ. ૧
જિનગુણ રંગ સુગંગમેં, ઢલકત ઝલકત હંસ;
આયુ કલંક ઉતારતાં, શોભે નિર્મળ વંશ. ૨
નિર્મળ વંશ નિહાળીને, કુળવંતી ઘરનાર;
પરઘર રમતો દેખીને, સમજાવે ભરતાર. ૩

**(ઢાળ ચોથી)**

જિનગુણ ધૂપઘટા વાસંતી, કુળવંતી પર દારુંગી;
મત જા રે પિયા તુજ વારુંગી.
બાલખેલમેં નવિ બતલાયો, અબ નયને લલકારુંગી. મ૦૧
માત પિતા સયણા લજવાતે, લાજત દશ દોસ ડારુંગી; મ૦
એ તુજ ખ્યાલ બુરો દુનિયામેં, ક્યા મેં મુખ દેખારુંગી ? મ૦૨
રયણી ઘોરમેં ચોર ફિરત હે, પિયુ હરરોજ પોકારુંગી; મ૦
ઇતને દિન ઓઝલમેં રહેતી, સહેતી દુનિયા ગારુંગી. મ૦૩
તીનલોક સાહિબકી આના, મેં તેરે શિર ધારુંગી; મ૦
દીપક જ્યોતસેં મંદિર રહેના, પરઘર-ચાર વિસારુંગી. મ૦૪
ચાર સજ્જાયે ફૂલ બિછાઉં, છતિયાંસે બિ લગારુંગી; મ૦
રંગમહેલમેં સહેલ કરંતાં, ગોદમેં પુત્ત રમારુંગી. મ૦૫
ગંગાનીરસેં અંગ પખારું, નાથ સગાંસે તારુંગી; મ૦
નવલ વધૂસેં પુત્તસગાઈ, મંગળ તૂર બજારુંગી. મ૦૬

નાથસેં હોતી પુત્તપનોતી, સખિયાં ગીત ઉચારુંગી; મ૦
શ્રી શુભવીર ચતુર ચોરીમેં, શિર પર લૂણ ઉતારુંગી. મ૦ ૭

(કાવ્યં૦ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**અગરુમુખ્યમનોહરવસ્તુના, સ્વનિરુપાધિગુણૌઘવિધાયિનઃ**
**પ્રભુશરીરસુગંધસુહેતુના, રચય ધૂપનપૂજનમર્હતઃ ૧**
**નિજગુણાક્ષયરૂપસુધૂપનં, સ્વગુણઘાતમલં પ્રવિકર્ષણમ્**
**વિશદબોધમનંતસુખાત્મકં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, નરાયુર્વિગમાદંતરંગકુટુંબ પ્રાપ્તયે,**
**ધૂપં યજામહે સ્વાહા.**

(ઇતિ નરાયુર્વિગમાદંતરંગકુટુંબ પ્રાપ્ત્યર્થં ચતુર્થ ધૂપપૂજા સંપૂર્ણમ્)

---

## ।। અથ પંચમ દીપકપૂજા પ્રારંભ ।।

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

(દોહા)

મનમંદિર દીપક જિસ્યો, દીપે જાસ વિવેક;
તસ તિરિઆયુ નહિ કદા, થાનક બંધ અનેક. ૧

**(ઢાળ પાંચમી)**

દીપકપૂજા જિનતણી, નિત કરતાં હો અવિવેક તે જાય કે;
અવિવેકે કરી આતમા, બંધ પાડે હો તિરિયંચનું આય કે.
અજ્ઞાની પશુ આતમા.૧

શીલ રહિત પરવંચકા, ઉપદેશે હો પોષે મિથ્યાત કે,
વણિજ કરે કૂડ તોલશું, મુખ ભાખે હો કુકર્મની વાત કે. અ૦૨



વસ્તુ ઉત્તમ હીણ જાતિશું, ભેળવીને હો વેચે નાદાન કે;
માયા કપટ કૂડ શાખિયો, કરે ચોરી હો નિત્ય આરતધ્યાન કે. અ૦૩

થઈ ઘીરોલી સાધવી, શેઠ સુંદર હો નંદન મણિયાર કે;
અવિવેકે પરભવ લહે, ગોહજાતિ હો દેડક અવતાર કે. અ૦૪

કૂડ કલંક ચઢાવતાં, નીલ કાપોત હો લેશ્યા પરિણામ કે;
શ્રીશુભવીરના નિંદકી, તિરિઆયુ હો બાંધે એણે ઠામ કે. અ૦૫

(કાવ્યં૦ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**ભવતિ દીપશિખાપરિમોચનં, ત્રિભુવનેશ્વરસદ્મનિશોભનમ્;**
**સ્વતનુકાંતિકરં તિમિરં હરં, જગતિ મંગલકારણમાતરમ્. ૧**
**શુચિમનાત્મચિદુજ્જ્વલદીપકૈ – ર્જ્વલિતપાપ પતંગસમૂહકૈઃ**
**સ્વકપદં વિમલં પરિલેભિરે, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, તિર્યગાયુર્બંધસ્થાનનિવારણાય,**
**દીપં યજામહે સ્વાહા.**

(ઇતિ તિર્યગાયુર્બંધસ્થાનનિવારણાર્થં પંચમ દીપકપૂજા સંપૂર્ણમ્)

---

## ।। અથ ષષ્ઠ અક્ષતપૂજા પ્રારંભ ।।

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

અક્ષતપૂજા પૂજીયે, અક્ષયપદ દાતાર;
પશુઆં રૂપ નિવારીને, નિજરૂપે કરનાર. ૧

**(ઢાળ છઠ્ઠી)**

(મનમોહન મેરે-એ દેશી)

તુમ અમ મેળે એકઠા, મનમોહન મેરે,
મળિયા વાર અનંત, મનમોહન મેરે;
શીઘ્રપણે કેમ સાહિબા, મ૦ આપ હુવા ભગવંત. મ૦ ૧
આળસુ મંદ પરાધીને, મ૦ અંતર પડિયો જાય, મ૦
એકલડાં મેં આચર્યાં, મ૦ તિરિય ગતિનાં આય. મ૦ ૨
એકેંદ્રીમાંહે રહ્યો, મ૦ બાવીશ વરસ હજાર, મ૦
ક્ષુલ્લકભવ સત્તર કરે, મ૦ શ્વાસોશ્વાસ મોઝાર. મ૦ ૩
બેઇંદ્રિય ગુરુ આયુથી, મ૦ જીવે વરસ તે બાર, મ૦
ઓગણપચાસ વાસરા, મ૦ તેઇંદ્રિય અવતાર. મ૦ ૪
છમાસી ચઉરિંદ્રિયે, મ૦ પલ્ય પણિંદી તીન, મ૦
બંધ કહ્યો સાસ્વાદને, મ૦ ઉદયે પંચ મલિન. મ૦ ૫
સત્તા ખસી ગઈ સાતમે, મ૦ પૂજ્ય હુઆ શુભવીર; મ૦
હું પણ મળિયો અવસરે, મ૦ પૂજું અક્ષત થઈ થિર. મ૦ ૬

(કાવ્યં દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**ક્ષિતિતલેઽક્ષતશર્મનિદાનકં, ગણિવરસ્ય પુરોઽક્ષતમંડલં;**
**ક્ષતવિનિર્મિતદેહનિવારણં, ભવપયોધિસમુદ્ધરણોદ્યતમ્. ૧**
**સહજભાવસુનિર્મલતંદુલૈ – ર્વિપુલદોષવિશોધકમંગલૈઃ**
**અનુપરોધસુબોધવિધાયકં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, તિર્યગાયુનિવારણાય,**
**અક્ષતાન્ યજામહે સ્વાહા.**

(ઇતિ તિર્યગાયુનિવારણાર્થં ષષ્ઠ અક્ષતપૂજા સંપૂર્ણમ્)

---



## ।। अथ सप्तम नैवेद्यपूजा प्रारंभ ।।

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

અણાહારી પદ મેં કર્યાં, વિગ્ગહગઈય અણંત;
નૈવેદ્યપૂજા ફળ દિયો, અણાહારી પદ સંત. ૧

**(ઢાળ સાતમી)**

આહાર કરંતા અહોનિશ માચ્યો, નાચ્યો ઇણે સંસાર,
સાંભળ વિશરામી.
નૈવેદ્ય થાળ ઠવી જિન આગે, માગું પદ અણાહાર, સાં૦
દેતાં નહીં તુજ વાર, સાં૦ તુજ સરીખો દાતાર, સાં૦
નહીં કોઈ આ સંસાર, સાં૦ ત્રિશલામાત મલ્હાર, સાં૦
મુજ અવગુણ ન વિચાર. સાં૦ ૧
મદ મચ્છર લોભી અતિ વિષયી, જીવતણો હણનાર, સાં૦
મહારંભી મિથ્યાતી ને રૌદ્રી, ચોરીનો કરનાર, સાં૦
ઘાતક જિન અણગાર, સાં૦ વ્રતનો ભંજનહાર, સાં૦
મદિરા માંસ આહાર, સાં૦ ભોજન નિશિ અંધાર, સાં૦
ગુણી નિંદાનો ઢાલ, સાં૦ લેશ્યા ધુર અધિકાર, સાં૦
નારકીમાં અવતાર, સાં૦ ઇણે લક્ષણ નિરધાર, સાં૦
અવગુણનો નહિ પાર, સાં૦ પણ આવ્યો તુજ દરબાર, સાં૦
નિજ રૂપ દિયો એકવાર, સાં૦ જિમ વિદ્યાધર ઉપગાર, સાં૦
સંજીવની બૂટી ચાર, સાં૦ સાજો કીધો ભરતાર, સા૦
શુભવીર વડો આધાર. સાં૦ ૨

(કાવ્યં૦ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**અનશનં તુ મમાસ્ત્વિતિ બુદ્ધિના, રુચિરભોજનસંચિતભોજનમ્;**
**પ્રતિદિનં વિધિના જિનમંદિરે, શુભમતે બત ઢૌક્ય સુચેતસા. ૧**
**કુમતબોધવિરોધનિવેદકૈ – ર્વિહિતજાતિજરામરણાંતકૈઃ**
**નિરશનૈઃ પ્રચુરાત્મગુણાલયં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય, શ્રીમતે વીરજિનેન્દ્રાય, નરકાયુર્બંધસ્થાનનિવારણાય, નૈવેદ્યં યજામહે સ્વાહા.**

(ઇતિ નરકાયુર્બંધસ્થાનનિવારણાર્થં સપ્તમ નૈવેદ્યપૂજા સંપૂર્ણમ્)

---

## ॥अथ अष्टम फलपूजा प्रारंभ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

બંધની બેડી ભંજવા, જિનગુણધ્યાન કુઠાર;
ફળપૂજાથી તે હુવે, ફળથી ફળ નિરધાર. ૧

**(ઢાળ આઠમી)**

ફળપૂજા વીતરાગની, કરતાં દુઃખ પળાય, સલૂણે;
અરિહાપૂજ અરોચકા, જીવ તે નરકે જાય સલૂણે. ૧

બંધ સમય ચિત્ત ચેતિયે, શ્યો ઉદયે સંતાપ, સ૦
શોક વધે સંતાપથી, શોક નરકની છાપ. સ૦ બં૦૨

ઇગ તિગ સગ દશ સત્તરુ, બાવીસ ને તેત્રીસ, સ૦
સાગર સાતે નરકમાં, નારકી પાડે ચીસ. સ૦ બં૦૩



દશવિધ દાહક વેદના, વૈતરણીનાં દુઃખ, સ૦
પરમાધામી વશ પડ્યા, ઘડીય ન પામે સુખ. સ૦ બં૦૪

જાતિસ્મરણે જાણતા, અનુભવિયા અવદાત, સ૦
તો પણ રાવણ ઝૂઝતો, લક્ષ્મણશું કરી ઘાત. સ૦ બં૦૫

પરમાધામી દેખીને, નાખે અગ્નિ મઝાર, સ૦
ચોથી નરકે બૂઝવ્યા, સીતેન્દ્રે તેણી વાર. સ૦ બં૦૬

રાય વસુ નરકે પડ્યા, સુભૂમ સરીખા વીર, સ૦
સાંભળી હૈડાં કમકમે, ધ્રૂજ વછૂટે શરીર. સ૦ બં૦૭

આદિ તુરીય બંધઉદયથી, સત્તા સાતમે ટાળ, સ૦
કર્મસૂદન તપફળ દિયો, શ્રી શુભવીર દયાળ. સ૦ બં૦૮

(કાવ્યં૦ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**શિવતરોર્ફલદાનપરૈર્નવૈ – ર્વરફલૈઃ કિલ પૂજય તીર્થપમ્;**
**ત્રિદશનાથનતક્રમપંકજં, – નિહતમોહમહીધરમંડલમ્. ૧**
**શમરસૈકસુધારસમાધુરૈ – રનુભવાખ્યફલૈરભયપ્રદૈઃ**
**અહિતદુઃખહરં વિભવપ્રદં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય, શ્રીમતે વીરજિનેન્દ્રાય, નરકાયુર્નિગડવિફલત્વાય, ફલાનિ યજામહે સ્વાહા.**

(ઇતિ નરકાયુર્નિગડવિફલત્વાર્થં અષ્ટમ ફલપૂજા સંપૂર્ણમ્)

---

## અથ કળશ

ગાયો ગાયો ગાયો રે, મહાવીર જિનેશ્વર ગાયો.
ત્રિશલામાતા પુત્ર નગીનો, જગનો તાત કહાયો;
તપ તપતાં કેવળ પ્રગટાયો, સમવસરણ વિરચાયો રે. મ૦ ૧

રયણ સિંહાસન બેસી ચૌમુખ, કર્મસૂડણ તપ ગાયો;
આચાર દિનકરે વર્દ્ધમાનસૂરિ, ભવિ ઉપગારે રચાયો રે. મ૦ ૨

પ્રવચનસારોદ્ધાર કહાવે, સિદ્ધસેન સૂરિરાયો;
દિન ચઉસઠ્ઠિ પ્રમાણે એ તપ, ઉજમણે નિરમાયો રે. મ૦ ૩

ઉજમણાથી તપફળ વાધે, ઇમ ભાખે જિનરાયો;
જ્ઞાન ગુરુ ઉપગરણ કરાવો, ગુરુગમ વિધિ વિરચાયો રે. મ૦ ૪

આઠ દિવસ મળી ચોસઠ પૂજા, નવ નવ ભાવ બનાયો;
નરભવ પામી લાહો લીજે, પુણ્યે શાસન પાયો રે. મ૦ ૫

વિજય જિનેંદ્રસૂરીશ્વર રાજ્યે, તપગચ્છ કેરો રાયો;
ખુશાલવિજય માનવિજયવિબુધના, આગ્રહથી વિરચાયો રે. મ૦ ૬

વડઓશવાલ ગુમાનચંદસુત, શાસનરાગ સવાયો;
ગુરુભક્તિ શા ભવાનચંદ નિત્ય, અનુમોદનફળ પાયો રે. મ૦ ૭

મૃગ બળદેવમુનિ રથકારક, ત્રણ્ય હુવા એક ઠાયો;
કરણ કરાવણ ને અનુમોદન, સરિખાં ફળ નિપજાયો રે. મ૦ ૮

શ્રી વિજયસિંહ સૂરીશ્વર કેરા, સત્યવિજય બુધ ગાયો;
કપૂરવિજય તસ ખિમાવિજય જસ, વિજય પરંપર ધ્યાયો રે. મ૦ ૯



પંડિત શ્રી શુભવિજય સુગુરુ મુજ, પામી તાસ પસાયો;
તાસ શિષ્ય ધીરવિજય સલૂણા,આગમ રાગ સવાયો રે.મ૦૧૦

તસ લઘુબાંધવ રાજનગરમેં, મિથ્યાત્વપુંજ જલાયો;
પંડિત વીરવિજય કવિરચના, સંઘ સકળ સુખદાયો રે.મ૦૧૧

પહેલો ઉત્સવ રાજનગરમેં, સંઘ મળી સમુદાયો;
કરતા જેમ નંદીશ્વર દેવા, પૂરણ હર્ષ સવાયો રે.મ૦૧૨

(કવિત)

શ્રુતજ્ઞાન અનુભવ તાન મંદિર, બજાવત ઘંટો કરી,
તવ મોહપુંજ સમૂલ જલતે, ભાંગતે સગ ઠીકરી;
હમ રાજતે જગ ગાજતે દિન, અખયતૃતીયા આજથેં,
શુભવીર વિક્રમ વેદ મુનિ વસુ, ચંદ્ર વર્ષ વિરાજતે. ૧

(સંવત ૧૮૭૪)

**(ઇતિ પંચમ દિવસેઽધ્યાપનીય આયુષ્યકર્મસૂદનાર્થં**
**પંચમ પૂજાષ્ટકં સંપૂર્ણમ્)**

---

## શ્રી મહાવીરસ્વામીની આરતી

જય દેવ જય દેવ, જય સુખના સ્વામી; (પ્રભુ જય૦ ૨)
તુજને વંદન કરીએ, (૨) ભવભવના ભામી. જયદેવ૦ ૧

સિદ્ધારથના સુત, ત્રિશલાના જાયા; (પ્રભુ ત્રિશલાના૦ ૨)
જસોદાના છો કંથજી, (૨) ત્રિભુવન જગ રાયા. જયદેવ૦ ૨

બાળપણામાં આપ, ગયા રમવા કાજે; (પ્રભુ ગયા૦ ૨)
દેવતાએ દીધો પડછાયો, (૨) બીવરાવવા કાજે. જયદેવ૦ ૩

એકવારનું રૂપ, લીધું છે નાગનું; (પ્રભુ લીધું છે૦ ૨)
બીજીવારનું રૂપ, (૨) લીધું બાળકનું. જયદેવ૦ ૪

બાળક બીના સઉ, પોતે નથી બીતા; (પ્રભુ પોતે૦ ૨)
દેવતાનું કાંઈ ન ચાલ્યું, (૨) હારી જતા રેતા. જયદેવ૦ ૫

એવા છે ભગવાન, મહાવીર તમે જાણો; (પ્રભુ મહાવીર૦ ૨)
વંદે છે સઉ તેને, (૨) નમે રાય રાણો. જયદેવ૦ ૬

---

## મંગળ દીવો

ચારો મંગળ ચાર, આજ ઘેર પ્રભુજી પધાર્યા.
પહેલે મંગળ પ્રભુજીને પૂજું, ઘસી કેસર ઘનસાર.
આજ ઘેર પ્રભુજી પધાર્યા.

બીજે મંગળ અગર ઉખેવું, કંઠ ઠવું ફૂલહાર.
આજ ઘેર પ્રભુજી પધાર્યા.

ત્રીજે મંગળ આરતી ઉતારું, ઘંટ બજાવું રણકાર.
આજ ઘેર પ્રભુજી પધાર્યા.

ચોથે મંગળ પ્રભુ ગુણ ગાઉં, નાચું થેઈ થેઈકાર.
આજ ઘેર પ્રભુજી પધાર્યા.

રૂપચંદ કહે નાથ નિરંજન, ચરણકમળ બલિહાર,
આજ ઘેર પ્રભુજી પધાર્યા.

---



# अथ षष्ठ दिवसेऽध्यापनीय नामकर्मसूदनार्थं षष्ठ पूजाष्टक प्रारंभ

(આ પૂજામાં જોઈતી ચીજોનાં નામ)

(૧. દૂધ અભિષેક, ૨. સુવર્ણ સાથે ઘસેલું કેસર, ૩. પંચવર્ણી ફૂલે જાળી ભરીએ, ૪. પંચાંગ ધૂપ, ૫. બે દીવેટનો દીપક, એવા એકસો ને ત્રણ દીપક કરી વંશમાલે ધરીએ, ૬. અક્ષત પંચવર્ણા (ચોખા), ૭. નૈવેદ્ય, ૮. ફળ.)

## ।। अथ प्रथम जलपूजा प्रारंभ ।।

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

(દોહા)

પ્રણમું શ્રી શંખેશ્વરો, સાહિબ સુગુણ પવિત્ત;
મુજ ગુરુ ઉપકારે કરી, ક્ષણ ક્ષણ આવે ચિત્ત. ૧

નામકરમ હવે દાખવું, ચિત્રક સરીખું જેહ;
નટ જેમ બહુ રૂપો કરે, તેમ શુભ અશુભે તેહ. ૨

ઊંચ નીચ દેહાકૃતિ, ખંપણ દેહે હોય;
કૃષ્ણ નીલ જાડો ઘણું, અશુભ નામ તે જોય. ૩

રૂપે હરિ બળ સારીખા, તે શુભ નામ વખાણ;
મધ્ય તનુ પીત ઊજળો, સુંદર રાતો વાન. ૪

જૈન ધર્મ રાતો રહે, ગાય ગુણી ગુણગ્રામ;
તેણે શુભનામ તે સંપજે, ઇતર અશુભ તે નામ. ૫

નામકર્મ દૂરે કરી, પામ્યા ભવનો પાર;
સિદ્ધ અરૂપી પદ ભણી, પૂજા અષ્ટ પ્રકાર. ૬

(ઢાળ પહેલી)

પિંડપયડિ ચૌદ પખાળવા રે લોલ, અભિષેક કરું અરિહંત જો;
જસ જ્ઞાનદશા રળિયામણી રે લોલ, કરે જ્ઞાની કરમનો અંત જો.
જ્ઞાનીની ગોઠડી મીઠડી રે લોલ. ૧

નર દેવ નિરય તિરિયા ગઇ રે લોલ, ઇગ વિગલ પણિંદી જાત જો;
તરુ, કીડો, કીડી,માખી થયો રે લોલ,શું વખાણું આપણી બુનિયાત જો.
જ્ઞાનીની ગોઠડી મીઠડી રે લોલ. ૨

તનુ ઉરલ વિઉવ્વાહારગા રે લોલ, તેજ કર્મ અનાદિનાં સાથ જો;
ત્રણ આદિ ઉપાંગને ટાળવા રે લોલ, તુજ સરીખો ન મળિયો નાથ જો.
જ્ઞાનીની ગોઠડી મીઠડી રે લોલ. ૩

ઇણે નામે બંધન સંઘાતનાં રે લોલ, પણ બંધન ગ્રાહક પાંચ જો;
ષટ્ સંઘયણ આદિ કેવલી રે લોલ, જો વજ્રઋષભનારાચ જો.
જ્ઞાનીની ગોઠડી મીઠડી રે લોલ. ૪

સંસારે ઋષભનારાચ છે રે લોલ, નારાચ અરધનારાચ જો;
કિલિ, છેવટ્ઠુ, પંચમકાલમાં રે લોલ, ગયાં રત્ન રહ્યાં તનુ કાચ જો.
જ્ઞાનીની ગોઠડી મીઠડી રે લોલ. ૫

સમચઉરસ નિગોહ સાદિયે રે લોલ, કુબડું વામણ સંઠાણ જો;
હુંડવાળાનું એકે ન પાંસરું રે લોલ, હવે વર્ણાદિ વીશ પ્રમાણ જો.
જ્ઞાનીની ગોઠડી મીઠડી રે લોલ. ૬

ગંધ વર્ણ ફરસ રસ પુગ્ગલા રે લોલ, વીશ સોળ બોલે ગ્રહવાય જો;
જીવ યોગ્ય ગ્રહણ અડ વર્ગણા રે લોલ, રાગદોષનો રસ ઘોલાય જો.
જ્ઞાનીની ગોઠડી મીઠડી રે લોલ. ૭



અનુપૂર્વી કહી ગતિ ચારની રે લોલ, જાય તાણ્યો ઋષભ ઘરનાથ જો;
શુભ અશુભ ચાલ છંડી કરી રે લોલ, શુભવીરને વળગો હાથ જો.
જ્ઞાનીની ગોઠડી મીઠડી રે લોલ. ૮

(કાવ્યં૰ ઉપજાતિવૃત્તમ્)

**તીર્થોદકૈર્મિશ્રિતચંદનૌઘૈઃ, સંસારતાપાહતયે સુશીતૈઃ,**
**જરાજનિપ્રાંતરજોઽભિશાંત્યૈ, તત્કર્મદાહાર્થમજં યજેઽહં. ૧**

(દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**સુરનદીજલપૂર્ણઘટૈર્ઘનૈ, – ર્ઘુસૃણમિશ્રિતવારિભૃતૈઃ પરૈ;**
**સ્નપય તીર્થકૃતં ગુણવારિધિં, વિમલતાં ક્રિયતાં ચ નિજાત્મનઃ ૨**
**જનમનોમણિભાજનભારયા, – શમરસૈકસુધારસધારયા;**
**સકલબોધકલારમણીયકં, – સહજસિદ્ધમહં પરિપૂજયે. ૩**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, પિંડપ્રકૃતિવિચ્છેદનાય,**
**જલં યજામહે સ્વાહા.**

(ઇતિ પિંડપ્રકૃતિવિચ્છેદનાર્થં પ્રથમ જલપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ અથ દ્વિતીય ચંદનપૂજા પ્રારંભ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

(દોહા)

દશ તિગ જિન ઘર સાચવી, પૂજીશું અરિહંત;
દશ યતિધર્મ આરાધીને, કરું થાવર દશ અંત. ૧

(ઢાળ બીજી)

સાતે શુદ્ધિ સમાચરી રે, પૂજીશું અમે રંગે લાલ;
કેસર ચંદનશું ઘસી રે, સ્વામી વિલેપન અંગે લાલ;
લાલ સુરંગી રે સાહિબો રે. ૧

ભૂ, જળ, જલણ, અનિલ, તરુ રે, થાવર પંચ પ્રકારો લાલ;
સૂક્ષ્મ નામકરમ થકી રે, ભરિયા લોક મોઝારો લાલ. લા૦ ૨
નિજ પર્યાપ્તિ પૂર્યા વિના રે, મરતા તે અપજત્તા લાલ;
સાધારણ તરુજાતિમાં રે, જીવ શરીરે અનંતા લાલ. લા૦ ૩
અંગ ઉપાંગ જે થિર નહીં રે, નામ અથિર તે દીઠો લાલ;
નાભિ હેઠે અશુભાકૃતિ રે, દુર્ભગ લોક અનીઠો લાલ. લા૦ ૪
ન ગમે જે સ્વર લોકમાં રે, દુઃસ્વર ખેદનું ધામો લાલ;
સાચું લોકને નવિ ગમે રે, વચન અનાદેય નામો લાલ. લા૦ ૫
અપજસ નામથી નિંદતા રે, ખેદ વિના લોક અનેકો લાલ;
શ્રી શુભવીરને નવિ હોવે રે, એ દશમાંહેની એકો લાલ. લા૦ ૬

(કાવ્યં દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**જિનપતેર્વરગંધસુપૂજનં, જનિજરામરણોદ્ભવભીતિહૃત્;**
**સકલરોગવિયોગવિપદ્ધરં, કુરુ કરેણ સદા નિજપાવનમ્. ૧**
**સહજકર્મકલંકવિનાશનૈ, – રમલભાવસુવાસનચંદનૈઃ**
**અનુપમાનગુણાવલિદાયકં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, સ્થાવરદશકનિવારણાય,**
**ચંદનં યજામહે સ્વાહા.**

(ઇતિ સ્થાવરદશકનિવારણાર્થં દ્વિતીય ચંદનપૂજા સંપૂર્ણમ્)

---



## ॥ अथ तृतीय पुष्पपूजा प्रारंभ ॥

(નમોऽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

(દોહા)

એ દશ પયડિ પાપની, પાપે બંધ કરંત;
ત્રસ દશ પામે જીવડો, જિમ અંશે પુણ્યવંત. ૧

(ઢાળ ત્રીજી)

રહો રહો રે રસભર દો ઘડિયાં, દો ઘડિયાં દિલસેં અડિયાં.
રહો રહો રે રસભર દો ઘડિયાં.

કુસુમની પૂજા કરી ફળ માગું, પરમાતમ પાઉં પડિયાં; રહો૦
પુણ્ય ઉદય ત્રસનામ ધરાયો, અબ તુમ વાર નહીં ઘડિયાં. રહો૦૧
વિગલેન્દ્રિ પંચેંદ્રી કહાયો, પ્રભુ ઓળખાણ હવે પડિયાં; રહો૦
બાદર નામ જે નજરે દેખે, ઉવેખે કેમ નજરે ચડિયાં. રહો૦૨
થઈ પર્યાપ્તો લબ્ધિકરણે, ચરણે આયો ન વિછડિયાં; રહો૦
એક તનુ એક જીવ કહાવે, પ્રત્યેકમાં પણ અમે વડિયાં. રહો૦૩
દંતાદિક તનુ થિર થિરનામે, તહવિ મન અમે થિર કરિયાં, રહો૦
નાભિ ઉપર તનુ શુભ સહુ દેખે, તેણે તુમ હૃદયકમળ ધરિયાં. રહો૦૪
સર્વને વહાલો સુભગથી લાગું, જબ અમ ઘર તુમ પાવડિયાં, રહો૦
સુસ્વર સુણતાં લાગે મીઠો, તુજ ગુણ આંબા મંજરિયાં. રહો૦૫
આદેયનામ વચન જગ માને, શ્રી શુભવીર મુખે ચડિયાં, રહો૦
જસ ગુણ ગાવે લોક બનાવે, તે જસનામ તે તુમ વડિયાં. રહો૦૬

(કાવ્યં દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**સુમનસાં ગતિદાયિ વિધાયિનાં, સુમનસાં નિકરૈઃ પ્રભુપૂજનમ્;**
**સુમનસાં સુમનોગુણસંગિના, જન ! વિધેહિ નિધેહિ મનોર્ચ્ચને. ૧**
**સમયસારસુપુષ્પસુમાલયા, સહજકર્મકરેણ વિશોધયા;**
**પરમયોગબલેન વશીકૃતં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, ત્રસદશકનિવારણાય,**
**પુષ્પાણિ યજામહે સ્વાહા.**

(ઇતિ ત્રસદશકનિવારણાર્થં તૃતીય પુષ્પપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ चतुर्थ धूपपूजा प्रारंभ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

ધૂપે જિનવર પૂજિયે, પ્રત્યેક દાહનહાર;
પયડિ ન જાયે મૂળથી, જબ લગ એ સંસાર. ૧

**(ઢાળ ચોથી)**

આજ ગઈ મન કેરી શંકા, જબ તુમ દર્શન દીઠજી,
દૂર ગઈ લોકસન્ના છારી, આગમ અમિય તે મીઠજી. આ૦૧

ગુરુ લઘુ અંગે એક ન હોવે, અગુરુલઘુ તે જાણજી;
સાસઉસાસ લિયે પજ્જત્તો, શ્વાસોશ્વાસ પ્રમાણજી. આ૦૨

લંબગાત્ર મુખમાં પડજીભી, પયડિ ઉદય ઉપઘાતજી,
બળિયો પણ નવિ મુખપર આવે, નામ ઉદય પરાઘાતજી. આ૦૩



તાપ કરે રવિબિંબ જે જીવા, આતપ નામ કહાયજી,
અંગ ઉપાંગ સુતાર પુતલિયાં, નિર્માણ ઘાટ ઘડાયજી. આ૦૪

વૈક્રિય સુર ખજુઓ શશિબિંબે, તાપ વિના પરકાશજી,
ઉદ્યોત નામ કરમ મેં જાણ્યું, આગમ નયન ઉજાસજી. આ૦૫

કેવલ ઊપજે ત્રિભુવન પૂજે, વર અતિશય ગંભીરજી,
જિનનામ ઉદયે સમવસરણમાં, બેઠા શ્રી શુભવીરજી. આ૦૬

(કાવ્યં દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**અગરુમુખ્યમનોહરવસ્તુના, સ્વનિરુપાધિગુણૌઘવિધાયિનઃ**
**પ્રભુશરીરસુગંધસુહેતુના, રચય ધૂપનપૂજનમર્હતઃ ૧**
**નિજગુણાક્ષયરૂપસુધૂપનં, સ્વગુણઘાતમલં પ્રવિકર્ષણમ્**
**વિશદબોધમનંતસુખાત્મકં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, પ્રત્યેકાષ્ટકપ્રકૃતિનિવારણાય,**
**ધૂપં યજામહે સ્વાહા.**

(ઇતિ પ્રત્યેકાષ્ટકપ્રકૃતિનિવારણાર્થં ચતુર્થ ધૂપપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ पंचम दीपकपूजा प्रारंभ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

વીશ કોડાકોડી સાગરુ, મૂળ ગુરુ થિતિ બંધાય;
ઉત્તરપયડિ નિહાળવા, દીપકપૂજા રચાય. ૧

(ઢાળ પાંચમી)

દીપકપૂજા જ્યોતિ જગાવું, ઉત્તરપયડિ તિમિર હરાવું;
સાહિબા તેં થિતિબંધ ખપાવ્યો, સેવકનો હવે લાગ તે ફાવ્યો;
સાહિબા સંસાર અટારો, મોહના મુજ તારો. ૧

સુહુમ વિગલતિગ બંધ અઢાર, મણુઅદુગે પન્નર અવધાર;
સંઘયણાગિઈ જુગલ કરીશ, દશ ઉપર દુગ વુદ્ધી વીશ. સા૦૨

સુરભિ મધુર શીત શુભ ચઉ ફાસા,
થિર છ સુગઈ સુરદુગ દશ ખાસા;
પીતામ્લે વળી રક્ત કષાયે, નીલ કટુક વળી કૃષ્ણ તીખાયે. સા૦૩

સાડાબાર પન્નર યુગ એકે, સાડાસત્તર વીશ ઠવિયે વિવેકે;
વૈક્રિય નિરય તિરિ ઉરલ દુગંકા,
તેઅ પણ અથિર છ તસ સાસ ચઉક્કા. સા૦૪

થાવર કુખગઈ જાતિ પણિંદી, પાપ ફરસ દુરગંધ એગિંદી;
છત્તીસ પયડિ ને વીશશું જોડી, સઘળે સાગર કોડાકોડી. સા૦૫

આહારકદુગ જિનનામ કરંતો, સાગર એક કોડાકોડી અંતો;
જો જિનનામ નિકાચિત કીજે, તો શુભવીર હુવે ભવ ત્રીજે. સા૦૬

(કાવ્યં દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**ભવતિ દીપશિખાપરિમોચનં, ત્રિભુવનેશ્વરસદ્મનિશોભનમ્;**
**સ્વતનુકાંતિકરં તિમિરં હરં, જગતિ મંગલકારણમાતરમ્. ૧**
**શુચિમનાત્મચિદુજ્જ્વલદીપકૈ – ર્જ્વલિતપાપ પતંગસમૂહકૈઃ**
**સ્વકપદં વિમલં પરિલેભિરે, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**



(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, સ્થિતિબંધનિવારણાય,**
**દીપં યજામહે સ્વાહા.**

(ઇતિ સ્થિતિબંધનિવારણાર્થં પંચમ દીપકપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ षष्ठ अक्षतपूजा प्रारंभ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

(દોહા)

વન્ન ચઉ તેઅ કમ્મણ, અગુરુ લઘુ નિર્માણ;
ઉપઘાત નવ ધ્રુવબંધી છે, અડવન્ન અધ્રુવા જાણ. ૧

(ઢાળ છઠ્ઠી)

અક્ષતપૂજા જિનની કરતાં, નામકરમ ક્ષય જાવે;
નામની સર્વ અઘાતી પયડિયાં, વરતે નિજ નિજ ભાવે રે;
પ્રાણી, અરૂપી ગુણ નીપજાવો, પૂજ્યની પૂજા રચાવો રે. પ્રા૦૧

થાવર ચઉ આતાપ છેવટ્ઠું, હુંડ નિરયદુગ જાણું;
ઇગ દુ તિ ચઉજાતિ જીઉ બાંધે, પામી પ્રથમ ગુણઠાણું રે. પ્રા૦૨

મજ્ઝાગિઈ સંઘયણ તિરિ દુગ, દોહગ તિગ ઉદ્યોત;
અશુભવિહાયોગતિ સાસ્વાદન, બંધ કહે ભગવંત રે. પ્રા૦૩

મણુઅ ઉરલદુગ ધુર સંઘયણ, ચોથે બંધ કહાવે;
અજસ અથિર દુગ છઠ્ઠે બંધે, દશમે જસ બંધાવે રે. પ્રા૦૪

અગુરુલઘુ ચઉ જિન નિરમાણ, સુરદુગ સુહગઈ કહિયે;
તસ નવ ઉરલ વિણુ તણુવંગા, વર્ણાદિક ચઉ લહિયે રે. પ્રા૦૫

સમચઉરસ પણિંદી જાતિ, બાંધે અડ ગુણઠાણે;
બંધહેતુ શુભવીર ખપાવે, ઉજ્જ્વલ ધ્યાનને ટાણે રે. પ્રા૦૬

(કાવ્યં૦ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**ક્ષિતિતલેઽક્ષતશર્મનિદાનકં, ગણિવરસ્ય પુરોઽક્ષતમંડલં;**
**ક્ષતવિનિર્મિતદેહનિવારણં, ભવપયોધિસમુદ્ધરણોદ્યતમ્. ૧**
**સહજભાવસુનિર્મલતંદુલૈ – ર્વિપુલદોષવિશોધકમંગલૈઃ**
**અનુપરોધસુબોધવિધાયકં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, નામકર્મબંધનિવારણાય,**
**અક્ષતાન્ યજામહે સ્વાહા.**

(ઇતિ નામકર્મબંધનિવારણાર્થં ષષ્ઠ અક્ષતપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ सप्तम नैवेद्यपूजा प्रारंभ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

ચઉવન્ના તેઅ કમ્મણ, નિમિત્ત અથિર થિર દોય;
અગુરુલઘુ ધ્રુવ-ઉદયિની, શેષ અધ્રુવ તે જોય. ૧

**(ઢાળ સાતમી)**

(દેખો ગતિ દૈવની રે–એ દેશી)

નૈવેદ્યપૂજા ભાવિયે રે, પુદ્ગલ આહાર ગ્રહંત;
ભાગ અસંખે આહારતા રે, નિર્જરે ભાગ અનંત,
જગતગુરુ આપજો રે, આપજો પદ અણાહાર. જ૦૧



એહ રીતે દૂરે હુવે રે, નામઉદય જબ જાય;
સુહુમતિગાયવ ધુર ગુણે રે, ઉદય કહે જિનરાય. જ૦૨
બીજે વિગલ ઇગ થાવરુ રે, ચોથે અણાઈજ્જ દોય;
પૂર્વી દુહગ વૈક્રી દુગે રે, દેવ નિરયગતિ જોય. જ૦૩
તિરિગઈ ઉદ્યોત પાંચમે રે, છટ્ઠે આહારક દોય;
ચરમ સંહનનતિગ સાતમે રે, ઋષભદુગ ઉપશમ હોય. જ૦૪
ઉરલ અથિર ખગઈ દુગા રે, પત્તેય તિગ છ સંઠાણ;
તેઅ કમ્મ ધુર સંઘયણને રે, અગુરુલઘુ ચઉ જાણ. જ૦૫
દુસર સુસર ચઉવન્ના રે, નિર્માણ ઉદય સયોગી;
સુભગાઈજ્જ જસ તસ તિગો રે, નરગઈ પણિંદી અયોગી. જ૦૬
જો જિનનામ ઉદય હુવે રે, તો તીર્થંકર લીધ;
યોગનિરોધ કરી હુઆ રે, શ્રી શુભવીર તે સિદ્ધ. જ૦૭

(કાવ્યં૦ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**અનશનં તુ મમાસ્ત્વિતિ બુદ્ધિના, રુચિરભોજનસંચિતભોજનમ્;**
**પ્રતિદિનં વિધિના જિનમંદિરે, શુભમતે બત ઢૌક્ય સુચેતસા. ૧**
**કુમતબોધવિરોધનિવેદકૈ – ર્વિહિતજાતિજરામરણાંતકૈઃ**
**નિરશનૈઃ પ્રચુરાત્મગુણાલયં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, નામકર્મઉદયવિચ્છેદનાય,**
**નૈવેદ્યં યજામહે સ્વાહા.**

(ઇતિ નામકર્મઉદયવિચ્છેદનાર્થં સપ્તમ નૈવેદ્યપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ अष्टम फलपूजा प्रारंभ ॥

(નમોऽર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

આહારકસગ જિણ નરદુગં, વૈક્રિયની અગિયાર;
એ અધ્રુવસત્તા કહી, બીજી ધ્રુવ સંસાર. ૧

**(ઢાળ આઠમી)**

(પ્રભાતે ઊઠીને માતા મુખડું જોવે–એ દેશી)

આવી રૂડી ભગતિ મેં, પહેલાં ન જાણી,
પહેલાં ન જાણી રે સ્વામી, પહેલાં ન જાણી,
સંસારની માયામાં મેં, વલોવ્યું પાણી. આવી૦ (એ આંકણી)

કલ્પતરુનાં ફળ લાવીને, જે જિનવર પૂજે;
કાળ અનાદિ કર્મ તે સંચિત, સત્તાથી ધ્રૂજે. આવી૦૧

થાવર તિરિ નિરયાયવ એ દુગ, ઇગ વિગલા લીજે;
સાધારણ નવમે ગુણઠાણે, ધુરભાગે છીજે. આવી૦૨

કેવળ પામી શિવગતિગામી, શૈલેશી ટાણે;
ચરમ સમય દો માંહે સ્વામી, અંતિમ ગુણઠાણે. આવી૦૩

બાકી નામકરમની પયડિ, સઘળી તિહાં જાવે;
અજરામર નિકલંકસ્વરૂપે, નિઃકર્મા થાવે. આવી૦૪

તે સિદ્ધકેરી પડિમા પૂજે, સિદ્ધમયી હોવે;
નાહી ધોઈ નિરમળ ચિત્તે, આરીસો જોવે. આવી૦૫

કર્મસૂદન તપ કેરી પૂજા, ફળ તે નર પાવે;
શ્રી શુભવીર સ્વરૂપ વિલોકી, શિવવહુ ઘર આવે. આવી૦૬



(કાવ્યં૰ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્‌)

**શિવતરોર્ફલદાનપરૈર્નવૈ – ર્વરફલૈઃ કિલ પૂજય તીર્થપમ્‌;**
**ત્રિદશનાથનતક્રમપંકજં, – નિહતમોહમહીધરમંડલમ્‌. ૧**
**શમરસૈકસુધારસમાધુરૈ – રનુભવાખ્યફલૈરભયપ્રદૈઃ**
**અહિતદુઃખહરં વિભવપ્રદં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, નામકર્મસત્તાવિચ્છેદનાય,**
**ફલં યજામહે સ્વાહા.**

(ઇતિ નામકર્મસત્તાવિચ્છેદનાર્થં અષ્ટમ ફલપૂજા સંપૂર્ણમ્‌)

---

### અથ કળશ

ગાયો ગાયો ગાયો રે, મહાવીર જિનેશ્વર ગાયો.
ત્રિશલામાતા પુત્ર નગીનો, જગનો તાત કહાયો;
તપ તપતાં કેવળ પ્રગટાયો, સમવસરણ વિરચાયો રે. મ૦ ૧

રયણ સિંહાસન બેસી ચૌમુખ, કર્મસૂડણ તપ ગાયો;
આચાર દિનકરે વર્દ્ધમાનસૂરિ, ભવિ ઉપગારે રચાયો રે. મ૦ ૨

પ્રવચનસારોદ્ધાર કહાવે, સિદ્ધસેન સૂરિરાયો;
દિન ચઉસઠ્ઠિ પ્રમાણે એ તપ, ઉજમણે નિરમાયો રે. મ૦ ૩

ઉજમણાથી તપફળ વાધે, ઇમ ભાખે જિનરાયો;
જ્ઞાન ગુરુ ઉપગરણ કરાવો, ગુરુગમ વિધિ વિરચાયો રે. મ૦ ૪

આઠ દિવસ મળી ચોસઠ પૂજા, નવ નવ ભાવ બનાયો;
નરભવ પામી લાહો લીજે, પુણ્યે શાસન પાયો રે. મ૦ ૫

વિજય જિનેંદ્રસૂરીશ્વર રાજ્યે, તપગચ્છ કેરો રાયો;
ખુશાલવિજય માનવિજયવિબુધના, આગ્રહથી વિરચાયો રે. મ૦ ૬
વડઓશવાલ ગુમાનચંદસુત, શાસનરાગ સવાયો;
ગુરુભક્તિ શા ભવાનચંદ નિત્ય, અનુમોદનફળ પાયો રે. મ૦ ૭
મૃગ બળદેવમુનિ રથકારક, ત્રણ્ય હુવા એક ઠાયો;
કરણ કરાવણ ને અનુમોદન, સરિખાં ફળ નિપજાયો રે. મ૦ ૮
શ્રી વિજયસિંહ સૂરીશ્વર કેરા, સત્યવિજય બુધ ગાયો;
કપૂરવિજય તસ ખિમાવિજય જસ, વિજય પરંપર ધ્યાયો રે. મ૦ ૯
પંડિત શ્રી શુભવિજય સુગુરુ મુજ, પામી તાસ પસાયો;
તાસ શિષ્ય ધીરવિજય સલૂણા,આગમ રાગ સવાયો રે.મ૦૧૦
તસ લઘુબાંધવ રાજનગરમેં, મિથ્યાત્વપુંજ જલાયો;
પંડિત વીરવિજય કવિરચના, સંઘ સકળ સુખદાયો રે.મ૦૧૧
પહેલો ઉત્સવ રાજનગરમેં, સંઘ મળી સમુદાયો;
કરતા જેમ નંદીશ્વર દેવા, પૂરણ હર્ષ સવાયો રે.મ૦૧૨

(કવિત)

શ્રુતજ્ઞાન અનુભવ તાન મંદિર, બજાવત ઘંટો કરી,
તવ મોહપુંજ સમૂલ જલતે, ભાંગતે સગ ઠીકરી;
હમ રાજતે જગ ગાજતે દિન, અખયતૃતીયા આજથેં,
શુભવીર વિક્રમ વેદ મુનિ વસુ, ચંદ્ર વર્ષ વિરાજતે. ૧
(સંવત ૧૮૭૪)

**(ઇતિ ષષ્ઠ દિવસેડધ્યાપનીય નામકર્મસૂદનાર્થં ષષ્ઠ પૂજાષ્ટકં સંપૂર્ણમ્)**

---



## શ્રી પંચજ્ઞાનની આરતી

જય પારસ દેવા, પ્રભુ જય પારસ દેવા;
સુર નર કરે તોરી સેવા, ત્રણ જગના દેવા. જયદેવ જયદેવ.૧

પહેલું રે મતિજ્ઞાન, અઠ્ઠાવીસ ભેદે; (પ્રભુ અઠ્ઠા૦)
અષ્ટકર્મને છેદે, પાપનાં દળ ભેદે. જયદેવ જયદેવ.૨

બીજું રે શ્રુતજ્ઞાન, ચૌદા વીશ જુજા; (પ્રભુ ચૌદા૦)
ચૌદ પુરવધર સુદ્ધા, ભાગે ભવ ક્ષુધા. જયદેવ જયદેવ.૩

ત્રીજી રે આરતી, અવધિજ્ઞાન કેરી; (પ્રભુ અવધિ૦)
મટાડે ભવની ફેરી, સેવા કરું તોરી. જયદેવ જયદેવ.૪

ચોથી રે આરતી, મનપર્યવ જાણો; (પ્રભુ મન૦)
દોય ભેદનો રાણો, મુક્તિ સકરાણો. જયદેવ જયદેવ.૫

પંચમી રે આરતી, કેવળ એક ભાખ્યું; (પ્રભુ કેવળ૦)
અખંડ સુખ જેણે ચાખ્યું, અજરામર રાખ્યું. જયદેવ જયદેવ.૬

આરતી રે પંચજ્ઞાન, જે કોઈ ગાશે; (પ્રભુ જે કોઈ૦)
સમકિત શુદ્ધ અભ્યાસે, સૌભાગ્ય ગુણ ગાશે; જયદેવ જયદેવ.૭

---

## મંગળ દીવો

દીવો રે દીવો પ્રભુ મંગલિક દીવો;
જ્ઞાન દીવો તુજ ચિરંજીવો. દીવો૦૧

નિશ્ચય દીવે પ્રગટે દીવો;
પ્રગટાવો ભવિ દીલમાં દીવો. દીવો૦૨

પ્રગટ દીવો જ્ઞાની પરમાત્મા;
તેને અર્પણ હો નિજ આત્મા. દીવો૦૩

બહિરાતમતા તજી પ્રભુ-શરણે.
બનો અંતર-આત્મા પ્રભુ-સ્મરણે. દીવો૦૪

પરમાતમતા નિશદિન ભાવે;
આતમ અર્પણતા તો થાવે. દીવો૦૫

આત્મભાવના સતત અભ્યાસે;
નિજ સહજાત્મસ્વરૂપ પ્રકાશે. દીવો૦૬

આત્મદૃષ્ટિ દીવો જળહળતો;
પ્રગટ્યો ઉરમાં જન્મ સફળ તો. દીવો૦૭

શ્રીમદ્ સદ્ગુરુ રાજ કૃપાથી;
સ્વરૂપ સિદ્ધિ સાધે મોક્ષાર્થી. દીવો૦૮

---



## अथ सप्तम दिवसेऽध्यापनीय गोत्रकर्मसूदनार्थं सप्तम पूजाष्टक प्रारंभ

(આ પૂજામાં જોઈતી ચીજોનાં નામ)

(૧. સાકરનું પાણી, ૨. ચંદન કેસર, ૩. વિવિધ ફૂલ, ૪. અગરબત્તી, ધૂપ, ૫. બે દિવેટનો દીપક, ૬. ગોધૂમ, અક્ષત, ૭. નૈવેદ્ય, ૮. ફળ.)

### ।। अथ प्रथम जलपूजा प्रारंभ ।।

(નમોऽર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

ગોત્રકરમ હવે સાતમું, વ્યાપ્યું ઇણે સંસાર;
ગોત્રકરમ છેદ્યા વિના, નવિ પામે ભવ પાર. ૧
ચક્ર દંડ સંયોગથી, ઘડતો ઘટ કુંભાર;
ઘી ભરિયો ઘટ એકમેં, બીજે મદિરા છાર. ૨
ઊંચ નીચ ગોત્રે કરી, ભરિયો આ સંસાર;
કર્મ દહન કરવા ભણી, પૂજા અષ્ટ પ્રકાર. ૩

**(ઢાળ પહેલી)**

(મેં કીનો નહીં, પ્રભુ બિન ઓરશું રાગ-એ દેશી)

કેસરવાસિત કનક-કળશશું, જળપૂજા અભિષેક;
સમકિતરંગે સદ્ગુરુ-સંગે, ધરતો વિનય વિવેક.
મેં કીનો સહી, યા રીત ગોતકો બંધ.
યા રીત ગોતકો બંધ.મેં૦૧

બહુશ્રુતભક્તિ કરતાં સઘળા, પૂજ્યા યુગપરધાન;
ગીતારથ એકાકી રહેતાં, પામે જગ બહુમાન.મેં૦૨

અજ્ઞાની ટોળે પણ ભોળે, બોળે પથ્થર નાવ;
આલોયણ દેતો ભદ્રકને, પામે વિરાધક ભાવ. મેં૦૩
બૌદ્ધગુરુને બાણે હણતો, પગ અણફરસી રાય;
અજ્ઞાની મુનિ ઉગ્રવિહારી, બાજીગરને ન્યાય. મેં૦૪
મંડુઆ શ્રાવકને કહે સ્વામી, હોયે જિનધર્મ આશાત;
અણજાણ્યો શ્રુત અર્થ વદંતાં, સાચી ગુરુગમ વાત. મેં૦૫
જ્ઞાની ગુરુની સેવા કરતાં, આરાધે જિનધર્મ;
અણુવ્રત ધરતો તપ અનુસરતો, નિર્મળ ગુણ ગ્રહે ધર્મ. મેં૦૬
ભણે ભણાવે વળી જિનઆગમ, આશાતન વરજંત;
શ્રી શુભવીર જિનેશ્વરભક્તે, ઉત્તમ ગોત્ર બાધંત. મેં૦૭

(કાવ્યં૦ ઉપજાતિવૃત્તમ્)

**તીર્થોદકૈર્મિશ્રિતચંદનૌઘૈઃ, સંસારતાપાહતયે સુશીતૈઃ,**
**જરાજનિપ્રાંતરજોઽભિશાંત્યૈ, તત્કર્મદાહાર્થમજં યજેઽહં. ૧**

(દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**સુરનદીજલપૂર્ણઘટૈર્ઘનૈ, — ર્ઘુસૃણમિશ્રિતવારિભૃતૈઃ પરૈ;**
**સ્નપય તીર્થકૃતં ગુણવારિધિં, વિમલતાં ક્રિયતાં ચ નિજાત્મનઃ ૨**
**જનમનોમણિભાજનભારયા, — શમરસૈકસુધારસધારયા;**
**સકલબોધકલારમણીયકં, — સહજસિદ્ધમહં પરિપૂજયે. ૩**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, ગોત્રબંધનિવારણાય,**
**જલં યજામહે સ્વાહા.**

(ઇતિ ગોત્રબંધનિવારણાર્થં પ્રથમ જલપૂજા સંપૂર્ણમ્)

---



## ॥ અથ દ્વિતીય ચંદનપૂજા પ્રારંભ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

જ્ઞાનાદિક ગુણ નવિ હણે, બંધ ઉદયમેં કોય;
તિણે અઘાતી તે કહી, ગોત્રની પયડિ દોય. ૧

**(ઢાળ બીજી)**

(પ્રતિમા લોપે પાપિયા, યોગવહન ઉપધાન જિનજી-એ દેશી)

જિનતનુ ચંદન પૂજતાં, ઉત્તમ કુળ અવતાર, જિનજી;
ગોત્રવડે પ્રાણી વડો, માન લહે સંસાર; જિનજી;
તું સુખિયો સંસારમાં.૧
ઉત્તમકુળના ઊપન્યા, સૂત્રે કહ્યા અણગાર, જિનજી;
વાચક સૂરિ પદવી લહે, ઊંચ ગોત્ર અવતાર; જિનજી. તું૦૨
ઉગ્રભોગ વળી રાજવી, હરિવંશે જિનદેવ, જિનજી;
વાસવ કલ્પે આવતાં, ચક્રી હરિ બળદેવ; જિનજી. તું૦૩
નીચગોત્ર થાવરસમા, મણિ હીરો ઝલકંત, જિનજી;
ગંગા ક્ષીરસમુદ્રનાં, યમુના જળ વદંત; જિનજી. તું૦૪
કલ્પતરુ સહકારનાં, કેતકી પત્ર ને ફૂલ, જિનજી;
મંગળ કારણ શિર ધરે, મંદ પવન અનુકૂળ; જિનજી. તું૦૫
એમ સંસારે પ્રાણિયા, ઉત્તમ ગોત્ર વિશેષ, જિનજી;
માન લહે મઘવા વળી, બાહુબળી ભરતેશ; જિનજી. તું૦૬
ધર્મરયણની યોગ્યતા, ઊંચ ગોત્રે કહાય, જિનજી;
શ્રી શુભવીર જિનેશ્વરુ, સિદ્ધારથકુળ જાય; જિનજી. તું૦૭

(કાવ્યં દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**જિનપતેર્વરગંધસુપૂજનં, જનિજરામરણોદ્ભવભીતિહૃત્;**
**સકલરોગવિયોગવિપદ્ધરં, કુરુ કરેણ સદા નિજપાવનમ્. ૧**
**સહજકર્મકલંકવિનાશનૈ, – રમલભાવસુવાસનચંદનૈઃ**
**અનુપમાનગુણાવલિદાયકં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય, શ્રીમતે વીરજિનેન્દ્રાય, ઉચ્ચૈર્ગોત્રાતીતાય, ચંદનં યજામહે સ્વાહા.**

(ઇતિ ઉચ્ચૈર્ગોત્રાતીતાર્થં દ્વિતીય ચંદનપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ तृतीय पुष्पपूजा प्रारंभ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

જિનવર ફૂલે પૂજતાં, ઊંચ ગોત્ર બંધાય;
ઉત્તમકુળમાં અવતરી, કર્મ રહિત તે થાય. ૧

**(ઢાળ ત્રીજી)**

(સુણ ગોવાલણી ! ગોરસડાં—એ દેશી)

સુણ દયાનિધિ, ઉત્તમ કુળ અવતરતાં પાર ન આવિયો;
સદ્ગુરુ મળ્યે, તુજ આગમ અજવાળે મુજ સમજાવિયો.

સમકિતસંજુત વ્રત આચરતાં, જિનપૂજા ફૂલપગર ભરતાં,
શ્રાવક મુનિ દશમું ગુણ ધરતા, ઊંચગોત્ર તણો બંધ જ કરતા.સુ૦૧

તુમે સત્તાઉદયે અનુભવિયો, શૈલેશીકરણ કરી ખવિયો,
તે રસ ચખવી મુજ હેલવિયો, એક ખામી જે નવિ ભેળવિયો.સુ૦૨



એક સમયે એક જ બંધાયે, તિણે તે અધ્રુવબંધી થાયે;
સત્તોદય અધ્રુવ કહેવાયે, સુખિયા થઈએ જબ એ જાયે.સુ૦૩

લઘુબંધે અડમુહૂરત કરિયો, ઊંચ ગોત્રે ગુરુ ઠિઈ આચરિયો;
દશ કોડાકોડી સાગરિયો, દશશેં વરસે ભોગવી ફરિયો.સુ૦૪

હવે મેં તુજ આણા શિર ધરિયો, થઈ અંતકોડાકોડી સાગરિયો;
મોટો દરિયો પણ મેં તરિયો, શુભવીર પ્રભુ સેવન ફળિયો.સુ૦૫

(કાવ્યં દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**સુમનસાં ગતિદાયિ વિધાયિનાં, સુમનસાં નિકરૈઃ પ્રભુપૂજનમ્;**
**સુમનસાં સુમનોગુણસંગિના, જન ! વિધેહિ નિધેહિ મનોર્ચ્ચને. ૧**
**સમયસારસુપુષ્પસુમાલયા, સહજકર્મકરેણ વિશોધયા;**
**પરમયોગબલેન વશીકૃતં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય, શ્રીમતે વીરજિનેન્દ્રાય, ઉચ્ચૈર્ગોત્રસ્થિતિવિચ્છેદનાય, પુષ્પાણિ યજામહે સ્વાહા.**

(ઇતિ ઉચ્ચૈર્ગોત્રસ્થિતિવિચ્છેદનાર્થં તૃતીય પુષ્પપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ चतुर्थ धूपपूजा प्रारंभ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

પયડિ દોય અઘાતિની, ગોત્ર કરમની એહ;
નીચ ગોત્ર કારણ કહું, જે અનુભવિયાં તેહ. ૧

(ઢાળ ચોથી)

(ગાયો ગૌતમ ગોત્ર મુણીંદ, રસ વૈરાગ ઘણો આયો-એ દેશી)

જિનવર અંગે પૂજા ધૂપ, ધૂપગતિ ઊંચે ભાવી,
પામી પંચેદ્રીનાં રૂપ, નીચગતિ મુજ કેમ આવી. ૧
કહિયે કારણ સુણજો દેવ, તુજ આગમરસ નવિ ભાવ્યો;
ન કરી બહુશ્રુત કેરી સેવ, અરુચિપણું અંતર લાવ્યો. ૨
ભણે ભણાવે મુનિવર જેહ, નિંદા તેહ તણી ભાખી;
પરગુણ ઢાંકી અવગુણ લેહ, કૂડી વાત તણો સાખી. ૩
વિણ દીઠી અણસાંભળી વાત, લોકવચ્ચે ચલવે પાપી;
ચાડી કરતાં પાડી જાતિ, વાડી ગુણતણી કાપી. ૪
ગુણ અવગુણ મેં સરિખા કીધ, અરિહાભક્તિ નવિ કીધી;
ઉત્તમ કુળ જાતિ પ્રસિદ્ધ, વાહ્યો મદ ગારવ રિદ્ધિ. ૫
નીચ ઠાણ સેવંતા નાથ, બંધે નીચ ગોત્ર કરિયો;
શ્રી શુભવીરનો ઝાલ્યો હાથ, સહેજે ભવસાયર તરિયો. ૬

(કાવ્યં દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**અગરુમુખ્યમનોહરવસ્તુના, સ્વનિરુપાધિગુણૌઘવિધાયિનઃ**
**પ્રભુશરીરસુગંધસુહેતુના, રચય ધૂપનપૂજનમર્હતઃ ૧**
**નિજગુણાક્ષયરૂપસુધૂપનં, સ્વગુણઘાતમલં પ્રવિકર્ષણમ્**
**વિશદબોધમનંતસુખાત્મકં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, નીચૈર્ગોત્રબંધસ્થાનોચ્છેદનાય,**
**ધૂપં યજામહે સ્વાહા.**

(ઇતિ નીચૈર્ગોત્રબંધસ્થાનોચ્છેદનાર્થં ચતુર્થ ધૂપપૂજા સંપૂર્ણમ્)

---



## ॥ अथ पंचम दीपकपूजा प्रारंभ ॥

(નમોऽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

(દોહા)

કાગપ્રસંગે હંસ નૃપ, બાણ પ્રાણ પરિહાર;
ગંગાજળ જળધિ મળે, નીચ ઠાણ સુવિચાર. ૧

(ઢાળ પાંચમી)

(જૂગટું કોઈ રમશો નહીં રે-એ દેશી)

ફાનસ દીપક જ્યોતિ ધરી રે, પૂજા રચું મનોહાર, પ્રભુજી,
નીચ કુળે હવે નહીં રે રહું રે,
પૂજા અરુચિ ભાવે કરી રે, નીચ કુળે અવતાર. પ્રભુ૦૧

તુજ આગળ નવિ દીપ ધર્યો રે, નાપિત હાથ મશાલ, પ્રભુ૦
માતંગ જુંગિત જાતિ કહી રે, કાઢે અશુચિ ખાલ. પ્રભુ૦૨

માળી ગોવાળી કોળી તેલી રે, મોચી ને શુચિકાર, પ્રભુ૦
ત્રણ વનેચર પાપિયા રે, હોય અફાસ વિચાર. પ્રભુ૦૩

વણીમગ માહણ રાંક કુલી રે, ભિક્ષુક કુળ અવતાર, પ્રભુ૦
જિનદર્શન નવિ શીશ નમે રે, તે શિર વહેતા ભાર. પ્રભુ૦ ૪

ગર્દભ જંબુક નીચ તિરિ રે, કિલ્વિષિયા જે દેવ, પ્રભુ૦
ઝાડુ દિયે સુર આગળે રે, પરભવ નિંદક ટેવ. પ્રભુ૦ ૫

જીવ મરીચિ કુળમદથી રે, વિપ્ર ત્રિદંડિક થાય, પ્રભુ૦
શ્રી શુભવીર જિનેશ્વરુ રે, દેવાનંદા ઘર જાય. પ્રભુ૦ ૬

(કાવ્યં દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**ભવતિ દીપશિખાપરિમોચનં, ત્રિભુવનેશ્વરસદ્મનિશોભનમ્;**
**સ્વતનુકાંતિકરં તિમિરં હરં, જગતિ મંગલકારણમાતરમ્. ૧**
**શુચિમનાત્મચિદુજ્જ્વલદીપકૈ – ર્જ્વલિતપાપ પતંગસમૂહકૈઃ**
**સ્વકપદં વિમલં પરિલેભિરે, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, નીચૈર્ગોત્રોદયનિવારણાય,**
**દીપં યજામહે સ્વાહા.**

(ઇતિ નીચૈર્ગોત્રોદયનિવારણાર્થં પંચમ દીપકપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ षष्ठ अक्षतपूजा प्रारंभ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

નીચકુલોદય જિનમતિ, દૂર થકી દરબાર;
તુજ મુખ દરશન દેખતાં, લોક વડો વ્યવહાર. ૧

**(ઢાળ છઠ્ઠી)**

(વંદો વીર જિનેશ્વર રાયા-એ દેશી)

અક્ષતપૂજા ગોધૂમ કેરી, નીચૈર્ગોત્ર વિખેરી રે,
તુજ આગમપુર સુંદર શેરી, વક્ર નહીં ભવ ફેરી રે. અ૦૧

સાસાયણ લગે બંધ કહાવે, પાંચમે ઉદયે લાવે રે,
ગુણઠાણું જબ છઠ્ઠું આવે, ઉદયથી નીચ ખપાવે રે. અ૦૨



હરિકેશી ચંડાલે જાયા, સંયમધર મુનિરાયા રે,
નીચગોત્ર ઉદયેથી પલાયા, ઊંચકુલે શ્રુત ગાયા રે. અ૦૩
સમય અયોગી ઉપાંતે આવે, સત્તા નીચ ખપાવે રે,
અધ્રુવબંધી ઉદય કહાવે, ધ્રુવસત્તા તિરિભાવે રે. અ૦૪
સાતઈયા દોય ભાગ લઘેરી, જીવવિપાકી વડેરી રે,
વીશ કોડાકોડી સાગર કેરી, એ થિતિબંધ ઘણેરી રે. અ૦૫
એ થિતિબંધ કરંતાં સ્વામી, તુમ સેવા નવિ પામી રે,
શ્રી શુભવીર મળ્યા વિસરામી, હવે કિમ રાખું ખામી રે. અ૦૬

(કાવ્યં દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**ક્ષિતિતલેઽક્ષતશર્મનિદાનકં, ગણિવરસ્ય પુરોઽક્ષતમંડલં;**
**ક્ષતવિનિર્મિતદેહનિવારણં, ભવપયોધિસમુદ્ધરણોદ્યતમ્. ૧**
**સહજભાવસુનિર્મલતંદુલૈ – ર્વિપુલદોષવિશોધકમંગલૈઃ**
**અનુપરોધસુબોધવિધાયકં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, નીચૈર્ગોત્રસત્તાસ્થિતિબંધનિવારણાય,**
**અક્ષતાન્ યજામહે સ્વાહા.**

(ઇતિ નીચૈર્ગોત્રસત્તાસ્થિતિબંધનિવારણાર્થં ષષ્ઠ અક્ષતપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ सप्तम नैवेद्यपूजा प्रारंभ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

નૈવેદ્યપૂજા સાતમી, સાત ગતિ અપમાન;
કરવા વરવા શિવગતિ, વિવિધ જાતિ પકવાન. ૧

**(ઢાળ સાતમી)**

(રાગ સારંગ—હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં—એ દેશી)

મીઠાઈ મેવા જિનપદ ધરતાં, અણાહારી પદ લીજીયે;
જિનરાજની પૂજા કીજીયે;
વિગ્રહગતિમાં વાર અનંતી, પામે પણ નવિ રીઝીયે. જિ૦૧
ઊંચ નીચ ગોત્રે તે હોવે, કારણ દૂર કરીજીયે; જિ૦
અરિહા આગે રાગે માગો, સેવકને શિવ દીજીયે. જિ૦૨
અગુરુલઘુપદ ગોત્રવિનાશી, પામ્યા બંધન છીજીયે; જિ૦
યોગ વિયોગી રહત અયોગી, ચરમ તિભાગ ઘટીજીયે. જિ૦૩
આત્મપ્રદેશમયી અવગાહન, શિવક્ષેત્રે તે રહીજીયે; જિ૦
બત્રીશ અંગુલ લઘુ અવગાહન, ખેત્રસમી ગુરુ લીજીયે. જિ૦૪
મસ્તકસમ સઘળે લોકાંતે, ગુરુગમભાવ પતીજીયે; જિ૦
અગુરુલઘુ અવગાહન એકે, સિદ્ધ અનંત નમીજીયે. જિ૦૫
ફરસિત દેશ પ્રદેશ અસંખહ, ગુણ અનંત ઠવીજીયે; જિ૦
શ્રી શુભવીર જિનેશ્વર આગમ, અમૃતનો રસ પીજીયે. જિ૦૬

(કાવ્યં દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**અનશનં તુ મમાસ્ત્વિતિ બુદ્ધિના, રુચિરભોજનસંચિતભોજનમ્;**
**પ્રતિદિનં વિધિના જિનમંદિરે, શુભમતે બત ઢૌક્ય સુચેતસા. ૧**
**કુમતબોધવિરોધનિવેદકૈ — ર્વિહિતજાતિજરામરણાંતકૈઃ**
**નિરશનૈઃ પ્રચુરાત્મગુણાલયં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, અગુરુલઘુગુણપ્રાપણાય,**
**નૈવેદ્યં યજામહે સ્વાહા.**



(ઇતિ અગુરુલઘુગુણપ્રાપણાર્થં સપ્તમ નૈવેદ્યપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ अष्टम फलपूजा प्रारंभ ॥

(નમોઽર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

ગોત્રકરમ નાશે કરી, સિદ્ધ હુઆ મહારાજ;
ફળપૂજા તેહની કરી, માગો અવિચળ રાજ. ૧

**(ઢાળ આઠમી)**

(કેરબાની દેશી)

મેં બી સેવક તોરા પાયકા, દુનિયાકે સાંઈ, મેં૦
સેવક હમ કેઈ કાલકા, દુનિયાકે સાંઈ,
મેં બી સેવક તોરા પાયકા, (એ આંકણી)

સુણિયે દેવાધિદેવા, ફળપૂજાકી સેવા;
દીજિયે શિવફળ રાજિયે. દુનિયા કે સાંઈ, મેં૦

પરિશાટન થઈ, અફુસમાણ ગઈ;
જીત્યો જગત કેરી બાજિયે. દુનિયા કે સાંઈ, મેં૦ ૧

ગોત્રકરમ હરી, જ્યોતસેં જ્યોત મળી;
આપ બિરાજો રંગમહેલમેં. દુનિયા કે સાંઈ, મેં૦

સુખ અનંત લહે, સેવક દૂર રહે,
લાજિયે અમો સારા શહેરમેં. દુનિયા કે સાંઈ, મેં૦ ૨

સંસારસુખ લીયો, વગ્ગ અનંત કીયો;
તો ભી ન એક પ્રદેશમેં. દુનિયા કે સાંઈ, મેં૦

સિધ્ધકો સુખ લીનો, તાકો એકાંશ કીનો,
માવે ન લોકાકાશમેં. દુનિયા કે સાંઈ, મેં૦ ૩

તાકો જો અંશ દેવે, તામેં ક્યા હાનિ હોવે;
સાહિબ ગરીબ નિવાજિયે. દુનિયા કે સાંઈ, મેં૦

મહેર નજર જોવે, સેવક કામ હોવે;
લોક લોકોત્તર છાજિયે. દુનિયા કે સાંઈ, મેં૦ ૪

કર્મ કઠિન જડ્યો, સાંયુંકે મુખ ચડ્યો;
બાત કરત હમ લાજિયે. દુનિયા કે સાંઈ, મેં૦

આપ હી તેજે ગાયો, કર્મ-પડલ છાયો,
ઇતનો અંતર ભાંજિયે. દુનિયા કે સાંઈ, મેં૦ ૫

શ્રેણિક આદે નવા, ઓબી સાંયુકી સેવા;
જિનપદ લેત બિરાજિયે. દુનિયા કે સાંઈ, મેં૦

સાચી ભગતિ કહી, કારણ યોગ સહી;
કારજ કોડી દિવાજિયે. દુનિયા કે સાંઈ, મેં૦ ૬

કર્મસૂદન તપે, નામ પ્રભુકો જપે;
જાગિયે જ્ઞાન અવાજિયે. દુનિયા કે સાંઈ, મેં૦

કોઈ ન નામ લેવે, સ્વામી આશિષ દેવે;
શ્રી શુભવીર બળે ગાજિયે. દુનિયા કે સાંઈ, મેં૦ ૭

(કાવ્યં દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**શિવતરોર્ફલદાનપરૈર્નવૈ–ર્વરફલૈઃ કિલ પૂજય તીર્થપમ્;**
**ત્રિદશનાથનતક્રમપંકજં,–નિહતમોહમહીધરમંડલમ્. ૧**



**શમરસૈકસુધારસમાધુરૈ–રનુભવાખ્યફલૈરભયપ્રદૈઃ**
**અહિતદુઃખહરં વિભવપ્રદં, સહજસિધ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, ગોત્રાતીતાય**
**ફલાનિ યજામહે સ્વાહા.**

(ઇતિ ગોત્રાતીતાર્થં અષ્ટમ ફલપૂજા સંપૂર્ણમ્)

---

## અથ કળશ

ગાયો ગાયો ગાયો રે, મહાવીર જિનેશ્વર ગાયો.
ત્રિશલામાતા પુત્ર નગીનો, જગનો તાત કહાયો;
તપ તપતાં કેવળ પ્રગટાયો, સમવસરણ વિરચાયો રે. મ૦ ૧

રયણ સિંહાસન બેસી ચૌમુખ, કર્મસૂડણ તપ ગાયો;
આચાર દિનકરે વર્દ્ધમાનસૂરિ, ભવિ ઉપગારે રચાયો રે. મ૦ ૨

પ્રવચનસારોધ્ધાર કહાવે, સિધ્ધસેન સૂરિરાયો;
દિન ચઉસઠ્ઠિ પ્રમાણે એ તપ, ઉજમણે નિરમાયો રે. મ૦ ૩

ઉજમણાથી તપફળ વાધે, ઇમ ભાખે જિનરાયો;
જ્ઞાન ગુરુ ઉપગરણ કરાવો, ગુરુગમ વિધિ વિરચાયો રે. મ૦ ૪

આઠ દિવસ મળી ચોસઠ પૂજા, નવ નવ ભાવ બનાયો;
નરભવ પામી લાહો લીજે, પુણ્યે શાસન પાયો રે. મ૦ ૫

વિજય જિનેંદ્રસૂરીશ્વર રાજ્યે, તપગચ્છ કેરો રાયો;
ખુશાલવિજય માનવિજયવિબુધના, આગ્રહથી વિરચાયો રે. મ૦ ૬

વડઓશવાલ ગુમાનચંદસુત, શાસનરાગ સવાયો;
ગુરુભક્તિ શા ભવાનચંદ નિત્ય, અનુમોદનફળ પાયો રે. મ૦ ૭

મૃગ બળદેવમુનિ રથકારક, ત્રણ્ય હુવા એક ઠાયો;
કરણ કરાવણ ને અનુમોદન, સરિખાં ફળ નિપજાયો રે. મ૦ ૮

શ્રી વિજયસિંહ સૂરીશ્વર કેરા, સત્યવિજય બુધ ગાયો;
કપૂરવિજય તસ ખિમાવિજય જસ, વિજય પરંપર ધ્યાયો રે. મ૦ ૯

પંડિત શ્રી શુભવિજય સુગુરુ મુજ, પામી તાસ પસાયો;
તાસ શિષ્ય ધીરવિજય સલૂણા,આગમ રાગ સવાયો રે.મ૦૧૦

તસ લઘુબાંધવ રાજનગરમેં, મિથ્યાત્વપુંજ જલાયો;
પંડિત વીરવિજય કવિરચના, સંઘ સકળ સુખદાયો રે.મ૦૧૧

પહેલો ઉત્સવ રાજનગરમેં, સંઘ મળી સમુદાયો;
કરતા જેમ નંદીશ્વર દેવા, પૂરણ હર્ષ સવાયો રે.મ૦૧૨

(કવિત)

શ્રુતજ્ઞાન અનુભવ તાન મંદિર, બજાવત ઘંટો કરી,
તવ મોહપુંજ સમૂલ જલતે, ભાંગતે સગ ઠીકરી;
હમ રાજતે જગ ગાજતે દિન, અખયતૃતીયા આજથેં,
શુભવીર વિક્રમ વેદ મુનિ વસુ, ચંદ્ર વર્ષ વિરાજતે. ૧
(સંવત ૧૮૭૪)

**(ઇતિ સપ્તમ દિવસેઽધ્યાપનીય ગોત્રકર્મસૂદનાર્થં સપ્તમ પૂજાષ્ટકં સંપૂર્ણમ્)**

---



## આરતી

જયદેવ જયદેવ, જય પંચ પરમ પદ સ્વામી,
પ્રભુ પંચ પરમ પદ સ્વામી;
મોહાદિક હણ્યાથી (૨), અનંત ગુણધામી. જયદેવ જયદેવ૦૧

લોકાલોક પ્રકાશક, સૂર્ય પ્રગટ જ્ઞાની, (પ્રભુ સૂર્ય૦)
આરતી કરી જીવ પામે (૨), શિવપદ સુખખાણી. જયદેવ જયદેવ૦૨

પહેલી આરતી પ્રભુની, જિજ્ઞાસુ કરતા; (પ્રભુ જિજ્ઞાસુ૦)
નિજપદ લક્ષ લહીને (૨), મિથ્યામતિ હરતા. જયદેવ જયદેવ૦૩

બીજી આરતી પ્રભુની, સમકિતી કરતા. (પ્રભુ સમકિતી૦)
પ્રભુ સમ નિજ ચિદ્રૂપને (૨), અંતર અનુભવતા. જયદેવ જયદેવ૦ ૪

ત્રીજી આરતી પ્રભુની, શાંત સુધા ઝરતા, (પ્રભુ શાંત૦)
રત્નત્રય ઉજ્જવલથી (૨), ધર્મ ધ્યાન ધરતા. જયદેવ જયદેવ૦૫

ચોથી આરતી પ્રભુની, શ્રેણિ ક્ષપક ચડતા, (પ્રભુ શ્રેણિ૦)
શુકલધ્યાન વર યોગે (૨), મોહ શત્રુ હણતા. જયદેવ જયદેવ૦૬

પંચમી આરતી પ્રભુની, કેવલ શ્રી વરતા. (પ્રભુ કેવલ૦)
ધન્ય ધન્ય સહજાત્મા (૨), સિદ્ધિ સદન વસતા. જયદેવ જયદેવ૦૭

શુદ્ધ ચિદાત્મની આરતી, આત્માર્થી કરતા, (પ્રભુ આત્માર્થી૦)
શ્રી ગુરુરાજ કૃપાથી (૨), ભવજલધિ તરતા. જયદેવ જયદેવ.૮

---

## મંગળ દીવો

ચારો મંગળ ચાર, આજ ઘેર પ્રભુજી પધાર્યા.
પહેલે મંગળ પ્રભુજીને પૂજું, ઘસી કેસર ઘનસાર.
આજ ઘેર પ્રભુજી પધાર્યા.

બીજે મંગળ અગર ઉખેવું, કંઠ ઠવું ફૂલહાર.
આજ ઘેર પ્રભુજી પધાર્યા.

ત્રીજે મંગળ આરતી ઉતારું, ઘંટ બજાવું રણકાર.
આજ ઘેર પ્રભુજી પધાર્યા.

ચોથે મંગળ પ્રભુ ગુણ ગાઉં; નાચું થેઈ થેઈકાર.
આજ ઘેર પ્રભુજી પધાર્યા.

રૂપચંદ કહે નાથ નિરંજન, ચરણકમળ બલિહાર;
આજ ઘેર પ્રભુજી પધાર્યા.

---



## अथ अष्टम दिवसेऽध्यापनीय अंतरायकर्मसूदनार्थं अष्टम पूजाष्टक प्रारंभ

(આ પૂજામાં જોઈતી ચીજોનાં નામ)

(૧. પંચામૃત જળ, ૨. કેસર, ૩. માલતી જાઈનાં ફૂલ. ૪. અષ્ટાંગ ધૂપ, ૫. દિવેટનો દીપક, એમજ વળી અહીં એકસો ને અઠ્ઠાવન દીપકની શ્રેણી વંશમાલે ધરિયે, ૬. તાંદુલના નંદાવર્ત રકેબીમાં કરીએ, ૭. નૈવેદ્ય, ૮. ફળ.)

### ॥ अथ प्रथम जलपूजा प्रारंभ ॥

(નમોઽર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

શ્રી શંખેશ્વર શિર ધરી, પ્રણમી શ્રીગુરુ પાય;
વાંછિતપદ વરવા ભણી, ટાળીશું અંતરાય. ૧

જિમ રાજા રીઝ્યો થકો, દેતાં દાન અપાર;
ભંડારી ખીજ્યો થકો, વારંતો તેણી વાર. ૨

તેમ એ કર્મ ઉદયથકી, સંસારી કહેવાય;
ધર્મ કરમ સાધન ભણી, વિઘન કરે અંતરાય. ૩

અરિહાને અવલંબને, તરિયે ઇણ સંસાર;
અંતરાય ઉચ્છેદવા, પૂજા અષ્ટ પ્રકાર. ૪

**(ઢાળ પહેલી)**

(મારી અંબાના વડલા હેઠે, ભર્યાં સરોવર લહેરો લે છે રે-એ દેશી)

જળપૂજા કરી જિનરાજ, આગળ વાત વીતી કહો રે;
કહેતાં નવિ આણો લાજ, કર જોડીને આગળ રહો રે.જ૦૧

જિનપૂજાનો અંતરાય, આગમ લોપી નિંદા ભજી રે;
વિપરીત પ્રરૂપણા થાય, દીનતણી કરુણા તજી રે. જ૦૨

તપસી ન નમ્યા અણગાર, જીવતણી મેં હિંસા સજી રે;
નવિ મળિયો આ સંસાર, તુમ સરિખો રે શ્રીનાથજી રે. જ૦૩

રાંક ઉપર કીધો કોપ, માઠાં કર્મ પ્રકાશિયાં રે;
ધરમે મારગનો લોપ, પરમારથ કે'તાં હાંસિયા રે. જ૦૪

ભણતાંને કર્યો અંતરાય, દાન દિયંતાં મેં વારિયાં રે;
ગીતારથને હેલાય, જૂઠ બોલી ધન ચોરિયાં રે. જ૦૫

નર પશુઆં બાળક દીન, ભૂખ્યાં રાખી આપે જમ્યો રે;
ધર્મવેળાએ બળહીન, પરદારાશું રંગે રમ્યો રે. જ૦૬

કૂડે કાગળિયે વ્યાપાર, થાપણ રાખીને ઓળવી રે;
વેચ્યાં પરદેશ મોઝાર, બાળ કુમારિકા ભોળવી રે. જ૦૭

પંજરિયે પોપટ દીધ, કેતી વાત કહું ઘણી રે;
અંતરાયકરમ એમ કીધ, તે સવિ જાણો છો, જગધણી રે. જ૦૮

જળે પૂજંતી દ્વિજનારી, સોમસિરી મુગતિ વરી રે;
શુભવીર જગત-આધાર, આણા મેં પણ શિર ધરી રે. જ૦૯

(કાવ્યં૦ ઉપજાતિવૃત્તમ્)

**તીર્થોદકૈર્મિશ્રિતચંદનૌઘૈઃ, સંસારતાપાહતયે સુશીતૈઃ,**
**જરાજનિપ્રાંતરજોઽભિશાંત્યૈ, તત્કર્મદાહાર્થમજં યજેઽહં. ૧**

(દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**સુરનદીજલપૂર્ણઘટૈર્ઘનૈ, — ર્ઘુસૃણમિશ્રિતવારિભૃતૈઃ પરૈ;**
**સ્નપય તીર્થકૃતં ગુણવારિધિં, વિમલતાં ક્રિયતાં ચ નિજાત્મનઃ ૨**



**જનમનોમણિભાજનભારયા, — શમરસૈકસુધારસધારયા;**
**સકલબોધકલારમણીયકં, — સહજસિદ્ધમહં પરિપૂજયે. ૩**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, વિઘ્નસ્થાનકોચ્છેદનાય,**
**જલં યજામહે સ્વાહા.**

(ઇતિ વિઘ્નસ્થાનકોચ્છેદનાર્થં પ્રથમ જલપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ द्वितीय चंदनपूजा प्रारंभ ॥

(नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः)

**(દોહા)**

શીતળગુણ જેમાં રહ્યો, શીતળ પ્રભુમુખ રંગ;
આત્મ શીતળ કરવા ભણી, પૂજો અરિહા અંગ. ૧
અંગવિલેપન પૂજના, પૂજો ધરી ઘનસાર;
ઉત્તરપયડિ પંચમાં, દાન વિઘન પરિહાર. ૨

**(ઢાળ બીજી)**

કરપી ભૂંડો સંસારમાં રે, જેમ કપિલા નાર;
દાન ન દીધું મુનિરાજને રે, શ્રેણિકને દરબાર. કરપી૦ ૧

કરપી શાસ્ત્ર ન સાંભળે રે, તેણે નવિ પામે ધર્મ;
ધર્મ વિના પશુ પ્રાણિયા રે, છંડે નહીં કુકર્મ. કરપી૦ ૨

દાનતણા અંતરાયથી રે, દાનતણો પરિણામ;
નવિ પામે ઉપદેશથી રે, લોક ન લે તસ નામ. કરપી૦ ૩

કૃપણતા અતિ સાંભળી રે, નાવે ઘર અણગાર;
વિશ્વાસી ઘર આવતાં રે, કલ્પે મુનિ આચાર. કરપી૦ ૪

કરપી લક્ષ્મીવંતને રે, મિત્ર સજ્જન રહે દૂર;
અલ્પધની ગુણ દાનથી રે, વંછે લોક પંડૂર. કરપી૦ ૫
કલ્પતરુ કનકાચલે રે, નવિ કરતા ઉપકાર;
તેથી મરુધર રૂડો કેરડો રે, પંથક છાંય લગાર. કરપી૦ ૬
ચંદનપૂજા ધન વાવરે રે, ક્ષય ઉપશમ અંતરાય;
જિમ જયસૂર ને શુભમતિ રે, ક્ષાયિક ગુણ પ્રગટાય. કરપી૦ ૭
શ્રાવક દાન ગુણે કરી રે, તુંગિયાભંગ દુવાર;
શ્રી શુભવીરે વખાણિયા રે, પંચમ અંગ મોઝાર. કરપી૦ ૮

(કાવ્યં દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**જિનપતેર્વરગંધસુપૂજનં, જનિજરામરણોદ્ભવભીતિહૃત્;**
**સકલરોગવિયોગવિપદ્ધરં, કુરુ કરેણ સદા નિજપાવનમ્. ૧**
**સહજકર્મકલંકવિનાશનૈ, – રમલભાવસુવાસનચંદનૈઃ**
**અનુપમાનગુણાવલિદાયકં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, દાનાંતરાયનિવારણાય,**
**ચંદનં યજામહે સ્વાહા.**

(ઇતિ દાનાંતરાયનિવારણાર્થં દ્વિતીય ચંદનપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ અથ તૃતીય પુષ્પપૂજા પ્રારંભ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

હવે ત્રીજી સુમનસતણી, સુમનસ કરણ સ્વભાવ;
ભાવ સુગંધ કરણ ભણી, દ્રવ્ય કુસુમ પ્રસ્તાવ. ૧



માલતી ફૂલે પૂજતી, લાભ વિઘન કરી હાણ;
વણિક સુતા લીલાવતી, પામી પદ નિર્વાણ. ૨

**(ઢાળ ત્રીજી)**

(ઓરા ઓરાજી આવો રે, કહું એક વાતલડી-એ દેશી)

મનમંદિર આવો રે, કહું એક વાતલડી;
અજ્ઞાની સંગે રે, રમિયો રાતલડી. મન૦૧
વ્યાપાર કરેવા રે, દેશ વિદેશ ચલે;
પરસેવા હેવા રે, કોડી ન એક મળે. મન૦૨
રાજગૃહી નયરે રે, દ્રુમક એક ફરે;
ભિક્ષાચરવૃત્તિએ રે, દુઃખે પેટ ભરે. મન૦૩
લાભાંતરાયે રે, લોક ન તાસ દિયે;
શિલ્લા પાડંતો રે, પહોતો સાતમિયે. મન૦૪
ઢંઢણ અણગારો રે, ગોચરી નિત્ય ફરે;
પશુઆં અંતરાયે રે, આહાર વિના વિચરે. મન૦૫
આદીશ્વર સાહિબ રે, સંયમભાવ ધરે;
વરસીતપ પારણું રે, શ્રેયાંસરાય ઘરે. મન૦૬
મિથ્યાત્વે વાહ્યો રે, આરતધ્યાન કરે;
તુજ આગમવાણી રે, સમકિતી ચિત્ત ધરે. મન૦૭
જેમ પૂણિયો શ્રાવક રે, સંતોષ ભાવ ધરી;
નિત્ય જિનવર પૂજે રે, ફૂલપગર ભરી. મન૦૮
સંસારે ભમતાં રે, હું પણ આવી ભળ્યો;
અંતરાય નિવારક રે, શ્રી શુભવીર મળ્યો. મન૦૯

(કાવ્યં૦ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**સુમનસાં ગતિદાયિ વિધાયિનાં, સુમનસાં નિકરૈઃ પ્રભુપૂજનમ્;**
**સુમનસાં સુમનોગુણસંગિના, જન ! વિધેહિ નિધેહિ મનોર્ચ્ચને. ૧**
**સમયસારસુપુષ્પસુમાલયા, સહજકર્મકરેણ વિશોધયા;**
**પરમયોગબલેન વશીકૃતં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, લાભાંતરાયોચ્છેદનાય,**
**પુષ્પાણિ યજામહે સ્વાહા.**

(ઇતિ લાભાંતરાયોચ્છેદનાર્થં તૃતીય પુષ્પપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ चतुर्थ धूपपूजा प्रारंभ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

કર્મ કઠિન કઠ દાહવા, ધ્યાન હુતાશન યોગ;
ધૂપે જિન પૂજી દહો, અંતરાય જે ભોગ. ૧
એક વાર જે ભોગમાં, આવે વસ્તુ અનેક;
અશન પાન વિલેપને, ભોગ કહે જિન છેક. ૨

**(ઢાળ ચોથી)**

(રાગ— આશાવરી-છેડો નાંજી એ દેશી)

બાજી બાજી બાજી ભૂલ્યો બાજી,ભોગ વિઘનઘન ગાજી, ભૂલ્યો૦
આગમજ્યોત ન તાજી, ભૂલ્યો૦ કર્મ કુટિલવશ કાજી, ભૂલ્યો૦
સાહિબ સુણ થઈ રાજી, ભૂલ્યો બાજી૦ (એ આંકણી)
કાળ અનાદિ ચેતન રઝળે, એકે વાત ન સાજી;
મયણા ભયણી ન રહે છાની, મળિયા માતપિતાજી. ભૂ૦૧



અંતરાય થાનક સેવનથી, નિર્ધન ગતિ ઉપરાજી,
કૂપની છાયા કૂપ સમાવે, ઇચ્છા તેમ સવિ ભાંજી. ભૂ૦૨
નૈગમ એક નારી ધૂતી પણ, ઘેબર ભૂખ ન ભાગી;
જમી જમાઈ પાછો વળિયો, જ્ઞાનદિશા તવ જાગી. ભૂ૦૩
કબહી કષ્ટે ધનપતિ થાવે, અંતરાયફળ આવે;
રોગી પરવશ અન્ન અરુચિ, ઉત્તમ ધાન ન ભાવે. ભૂ૦૪
ક્ષાયિકભાવે ભોગની લબ્ધે, પૂજા ધૂપ વિશાળા;
વીર કહે ભવ સાતમે સિદ્ધા, વિનયંધર ભૂપાળા. ભૂ૦૫

(કાવ્યં૦ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**અગરુમુખ્યમનોહરવસ્તુના, સ્વનિરુપાધિગુણૌઘવિધાયિનઃ**
**પ્રભુશરીરસુગંધસુહેતુના, રચય ધૂપનપૂજનમર્હતઃ ૧**
**નિજગુણાક્ષયરૂપસુધૂપનં, સ્વગુણઘાતમલં પ્રવિકર્ષણમ્**
**વિશદબોધમનંતસુખાત્મકં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, ભોગાંતરાયદહનાય,**
**ધૂપં યજામહે સ્વાહા.**

(ઇતિ ભોગાંતરાયદહનાર્થં ચતુર્થ ધૂપપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ पंचम दीपकपूजा प्रारंभ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાયોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

ઉપભોગ વિઘન પતંગિયો, પડત જગત જીઉ જ્યોત;
ત્રિશલાનંદન આગળે, દીપકનો ઉદ્યોત. ૧

ભોગવી વસ્તુ ભોગવે, તે કહિયે ઉપભોગ;
ભૂષણ ચીવર વલ્લભા, ગેહાદિક સંયોગ. ૨

**(ઢાળ પાંચમી)**

(રાગ કાફી-અરનાથકું સદા મોરી વંદના-એ દેશી)

જિનરાજકું સદા મોરી વંદના, વંદના વંદના વંદના રે, જિ૦
ઉપભોગાંતરાય હઠાવી, ભોગીપદ મહાનંદના રે, જિ૦
અંતરાય ઉદયે સંસારી, નિર્ધન ને પરછંદના રે. જિ૦૧

દેશવિદેશે ઘર ઘર સેવા, ભીમસેન નરિંદના રે, જિ૦
સુણિય વિપાક સુખી ગિરનારે, હેલક તેહ મુણીંદના રે. જિ૦૨

બાવીશ વરસ વિયોગે રહેતી, પવનપ્રિયા સતી અંજના રે, જિ૦
નળ દમયંતી સતી સીતાજી, ષટ્માસી આક્રંદના રે. જિ૦૩

મુનિવરને મોદક પડિલાભી, પછી કરી ઘણી નિંદના રે, જિ૦
શ્રેણિક દેખે પાઉસ નિશિયે, મમ્મણશેઠ વિડંબના રે. જિ૦૪

ઇમ સંસારવિડંબન દેખી, ચાહું ચરણ જિનચંદના રે, જિ૦
ચકવી ચાહે ચિત્ત તિમિરારિ, ભોગી ભ્રમર અરવિંદના રે. જિ૦૫

જિનમતિ ધનસિરિ દોઉ સાહેલી, દીપક પૂજી અખંડના રે, જિ૦
શિવ પામી તિમ ભવિ પદ પૂજો, શ્રી શુભવીર જિણંદના રે. જિ૦૬

(કાવ્યં દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**ભવતિ દીપશિખાપરિમોચનં, ત્રિભુવનેશ્વરસદ્મનિશોભનમ્;**
**સ્વતનુકાંતિકરં તિમિરં હરં, જગતિ મંગલકારણમાતરમ્. ૧**
**શુચિમનાત્મચિદુજ્જ્વલદીપકૈ – ર્જ્વલિતપાપ પતંગસમૂહકૈઃ**
**સ્વકપદં વિમલં પરિલેભિરે, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**



(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય, શ્રીમતે વીરજિનેન્દ્રાય, તુર્યવિઘ્નોચ્છેદનાય, દીપં યજામહે સ્વાહા.**

(ઇતિ તુર્યવિઘ્નોચ્છેદનાર્થં પંચમ દીપકપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ षष्ठ अक्षतपूजा प्रारंभ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

વીર્ય વિઘન ઘનપડલસેં, અવરાણું રવિતેજ;
કાળ ગ્રીષ્મ સમજ્ઞાનથી, દીપે આત્મ સતેજ. ૧
અક્ષત શુદ્ધ અખંડશું, નંદાવર્ત્ત વિશાળ;
પૂરી પ્રભુ સન્મુખ રહી, થુણિયે જગત દયાળ. ૨

**(ઢાળ છટ્ઠી)**

(સફળ ભઈ મેરી આજુકી ઘરિયાં-એ દેશી)

જિણંદા પ્યારા મુણીંદા પ્યારા, દેખોરી જિણંદા ભગવાન,
દેખોરી જિણંદા પ્યારા. (એ આંકણી)

ચરમ પયડિકો મૂલ વિખરિયાં, ચરમ તીરથ-સુલતાન; દે૦
દર્શન દેખત મગન ભયે હૈ, માગત ક્ષાયિક દાન. દે૦૧

પંચમ વિઘનકો ખય ઉપશમસેં, હોવત હમ નહીં લીન; દે૦
પાંગળ બળહીણા દુનિયામેં, વીરો સાલવી દીન. દે૦૨

હરિ બળ ચક્રી શક્ર જ્યું બળી એ, નિર્બળકુળ અવતાર; દે૦
બાહુબળી બળ અક્ષય કીનો, ધન ધન વાલીકુમાર. દે૦૩

સફળ ભયો નર જન્મ હમેરો, દેખત જિનદેદાર; દે૦
લોહચમક જ્યું ભગતિસેં હળિયે, પારસ સાંઈ વિચાર. દે૦૪

કીરયુગલ વ્રીહિ ચંચુમેં ધરતે, જિન પૂજત ભયે દેવ; દે૦
અક્ષતસેં અક્ષયપદ દેવે, શ્રી શુભવીરકી સેવ. દે૦૫

(કાવ્યં૦ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**ક્ષિતિતલેऽક્ષતશર્મનિદાનકં, ગણિવરસ્ય પુરોऽક્ષતમંડલં;**
**ક્ષતવિનિર્મિતદેહનિવારણં, ભવપયોધિસમુદ્ધરણોદ્યતમ્. ૧**
**સહજભાવસુનિર્મલતંદુલૈ – ર્વિપુલદોષવિશોધકમંગલૈઃ**
**અનુપરોધસુબોધવિધાયકં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, વીર્યાંતરાયદહનાય,**
**અક્ષતાન્ યજામહે સ્વાહા.**

(ઇતિ વીર્યાંતરાયદહનાર્થં ષષ્ઠ અક્ષતપૂજા સંપૂર્ણમ્)

---

## ।। अथ सप्तम नैवेद्यपूजा प्रारंभ ।।

(નમોऽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

નિર્વેદી આગળ ધરો, શુચિ નૈવેદ્યનો થાળ;
વિવિધજાતિ પકવાનશું, શાળિ અમૂલક દાળ. ૧

અણાહારીપદ મેં કર્યાં, વિગ્ગહ ગઇઅ અનંત;
દૂર કરો ઇમ કીજિયે, દિયો અણાહારી ભદંત. ૨



**(ઢાળ સાતમી)**

અખિયનમેં અવિકારા, જિણંદા તેરી અખિયનમેં અવિકારા.

રાગ દ્વેષ પરમાણુ નિપાયા, સંસારી સવિકારા; જિ૦
શાંતરુચિ પરમાણુ નિપાયા, તુજ મુદ્રા મનોહારા. જિ૦૧

દ્રવ્ય ગુણ પરજાય ને મુદ્રા, ચઉગુણ ચૈત્ય ઉદારા; જિ૦
પંચ વિઘન ઘન પડળ પલાયા, દીપત કિરણ હજારા. જિ૦૨

કર્મ વિનાશી સિદ્ધસ્વરૂપી, ઇગતીસ ગુણ ઉપચારા; જિ૦
વરણાદિક વીશ દૂર પલાયા, આગઇ પંચ નિવારા. જિ૦૩

તીન વેદકા છેદ કરાયા, સંગરહિત સંસારા; જિ૦
અશરીરી ભવબીજ દહાયો, અંગ કહે આચારા. જિ૦૪

અરૂપી પણ રૂપારોપણસેં, ઠવણા અનુયોગ દ્વારા; જિ૦
વિષમકાલ જિનબિંબ જિનાગમ, ભવિયણકું આધારા. જિ૦૫

મેવા મીઠાઈ થાળ ભરીને, ષટ્રસ ભોજન સારા; જિ૦
મંગળ તૂર બજાવત આવો, નર નારી કર થારા. જિ૦૬

નૈવેદ્ય ઠવી જિન આગે માગો, હલિ નૃપ સુર અવતારા; જિ૦
ટાળી અનાદિ આહારવિકારા, સાતમે ભવ અણાહારા. જિ૦૭

સગવિહ શુદ્ધિ સાતમી પૂજા, સગગઇ સગભયહારા, જિ૦
શ્રી શુભવીર વિજય પ્રભુ પ્યારા, જિન આગમ જયકારા. જિ૦૮

(કાવ્યં૦ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**અનશનં તુ મમાસ્ત્વિતિ બુદ્ધિના, રુચિરભોજનસંચિતભોજનમ્;**
**પ્રતિદિનં વિધિના જિનમંદિરે, શુભમતે બત ઢૌક્ય સુચેતસા. ૧**

**કુમતબોધવિરોધનિવેદકૈ – ર્વિહિતજાતિજરામરણાંતકૈઃ**
**નિરશનૈઃ પ્રચુરાત્મગુણાલયં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, સિદ્ધપદપ્રાપણાય,**
**નૈવેદ્યં યજામહે સ્વાહા.**

(ઇતિ સિદ્ધપદપ્રાપણાર્થં સપ્તમ નૈવેદ્યપૂજા સંપૂર્ણમ્)

---

## ॥ अथ अष्टम फलपूजा प्रारंभ ॥

(નમોઽર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

અષ્ટ કર્મદળ ચૂરવા, આઠમી પૂજા સાર;
પ્રભુ આગળ ફળ પૂજતાં, ફળથી ફળ નિર્ધાર. ૧

ઇંદ્રાદિક પૂજા ભણી, ફળ લાવે ધરી રાગ;
પુરુષોત્તમ પૂજી કરી, માગે શિવફળ ત્યાગ. ૨

**(ઢાળ આઠમી)**

(રાગ ધનાશ્રી-ગિરુઆ રે ગુણ તુમ તણા-એ દેશી)

પ્રભુ તુજ શાસન અતિ ભલું, માને સુરનર રાણો રે;
મિચ્છ અભવ્ય ન ઓળખે, એક અંધો એક કાણો રે. પ્ર૦૧

આગમવયણે જાણીયે, કર્મ તણી ગતિ ખોટી રે;
તીસ કોડાકોડી સાગરુ, અંતરાય થિતિ મોટી રે. પ્ર૦૨



ધ્રુવબંધી ઉદયી તથા, એ પાંચે ધ્રુવસત્તા રે;
દેશઘાતિની એ સહી, પાંચે અપરિયત્તા રે. પ્ર૦૩

સંપરાય બંધે કહી, સત્તા ઉદયે થાકી રે;
ગુણઠાણું લહી બારમું, નાઠી જીવ વિપાકી રે. પ્ર૦૪

જ્ઞાન મહોદય તેં વર્યો, ઋદ્ધિ અનંત વિલાસી રે;
ફળપૂજા ફળ આપીએ, અમે પણ તેહના આશી રે. પ્ર૦૫

કીરયુગલશું દુર્ગતા, નારી જેમ શિવ પામી રે;
અમે પણ કરશું તેહવી, ભક્તિ ન રાખું ખામી રે. પ્ર૦૬

સાચી ભક્તે રીઝવી, સાહિબ દિલમાં ધરશું રે;
ઉત્સવ રંગવધામણાં, મનવાંછિત સવિ કરશું રે. પ્ર૦૭

કર્મસૂદન તપતરુ ફળે, જ્ઞાન અમૃતરસ ધારા રે;
શ્રી શુભવીરને આશરે, જગમાં જય જયકારા રે. પ્ર૦૮

(કાવ્યં૦ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

**શિવતરોર્ફલદાનપરૈર્નવૈ–ર્વરફલૈઃ કિલ પૂજય તીર્થપમ્;**
**ત્રિદશનાથનતક્રમપંકજં,–નિહતમોહમહીધરમંડલમ્. ૧**
**શમરસૈકસુધારસમાધુરૈ–રનુભવાખ્યફલૈરભયપ્રદૈઃ**
**અહિતદુઃખહરં વિભવપ્રદં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે વીરજિનેન્દ્રાય, અષ્ટકર્મોચ્છેદનાય,**
**ફલં યજામહે સ્વાહા.**

(ઇતિ અષ્ટકર્મોચ્છેદનાર્થં અષ્ટમ ફલપૂજા સંપૂર્ણમ્)

---

## અથ કળશ

ગાયો ગાયો ગાયો રે, મહાવીર જિનેશ્વર ગાયો.
ત્રિશલામાતા પુત્ર નગીનો, જગનો તાત કહાયો;
તપ તપતાં કેવળ પ્રગટાયો, સમવસરણ વિરચાયો રે. મ૦ ૧

રયણ સિંહાસન બેસી ચૌમુખ, કર્મસૂડણ તપ ગાયો;
આચાર દિનકરે વર્દ્ધમાનસૂરિ, ભવિ ઉપગારે રચાયો રે. મ૦ ૨

પ્રવચનસારોદ્ધાર કહાવે, સિદ્ધસેન સૂરિરાયો;
દિન ચઉસટ્ઠિ પ્રમાણે એ તપ, ઉજમણે નિરમાયો રે. મ૦ ૩

ઉજમણાથી તપફળ વાધે, ઇમ ભાખે જિનરાયો;
જ્ઞાન ગુરુ ઉપગરણ કરાવો, ગુરુગમ વિધિ વિરચાયો રે. મ૦ ૪

આઠ દિવસ મળી ચોસઠ પૂજા, નવ નવ ભાવ બનાયો;
નરભવ પામી લાહો લીજે, પુણ્યે શાસન પાયો રે. મ૦ ૫

વિજય જિનેંદ્રસૂરીશ્વર રાજ્યે, તપગચ્છ કેરો રાયો;
ખુશાલવિજય માનવિજયવિબુધના, આગ્રહથી વિરચાયો રે. મ૦ ૬

વડઓશવાલ ગુમાનચંદસુત, શાસનરાગ સવાયો;
ગુરુભક્તિ શા ભવાનચંદ નિત્ય, અનુમોદનફળ પાયો રે. મ૦ ૭

મૃગ બળદેવમુનિ રથકારક, ત્રણ્ય હુવા એક ઠાયો;
કરણ કરાવણ ને અનુમોદન, સરિખાં ફળ નિપજાયો રે. મ૦ ૮

શ્રી વિજયસિંહ સૂરીશ્વર કેરા, સત્યવિજય બુધ ગાયો;
કપૂરવિજય તસ ખિમાવિજય જસ, વિજય પરંપર ધ્યાયો રે. મ૦ ૯



પંડિત શ્રી શુભવિજય સુગુરુ મુજ, પામી તાસ પસાયો;
તાસ શિષ્ય ધીરવિજય સલૂણા,આગમ રાગ સવાયો રે.મ૦૧૦

તસ લઘુબાંધવ રાજનગરમેં, મિથ્યાત્વપુંજ જલાયો;
પંડિત વીરવિજય કવિરચના, સંઘ સકળ સુખદાયો રે.મ૦૧૧

પહેલો ઉત્સવ રાજનગરમેં, સંઘ મળી સમુદાયો;
કરતા જેમ નંદીશ્વર દેવા, પૂરણ હર્ષ સવાયો રે.મ૦૧૨

(કવિત)

શ્રુતજ્ઞાન અનુભવ તાન મંદિર, બજાવત ઘંટો કરી,
તવ મોહપુંજ સમૂલ જલતે, ભાંગતે સગ ઠીકરી;
હમ રાજતે જગ ગાજતે દિન, અખયતૃતીયા આજથેં,
શુભવીર વિક્રમ વેદ મુનિ વસુ, ચંદ્ર વર્ષ વિરાજતે. ૧
(સંવત ૧૮૭૪)

**(ઇતિ અષ્ટમ દિવસેડધ્યાપનીય અંતરાયકર્મસૂદનાર્થં અષ્ટમ પૂજાષ્ટકં સંપૂર્ણમ્)**

---

## શ્રી મહાવીરસ્વામીની આરતી

જય દેવ જય દેવ, જય સુખના સ્વામી; (પ્રભુ જય૦ ૨)
તુજને વંદન કરીએ, (૨) ભવભવના ભામી. જયદેવ૦ ૧

સિદ્ધારથના સુત, ત્રિશલાના જાયા; (પ્રભુ ત્રિશલાના૦ ૨)
જસોદાના છો કંથજી, (૨) ત્રિભુવન જગ રાયા. જયદેવ૦ ૨

બાળપણામાં આપ, ગયા રમવા કાજે; (પ્રભુ ગયા૦ ૨)
દેવતાએ દીધો પડછાયો, (૨) બીવરાવવા કાજે. જયદેવ૦ ૩

એકવારનું રૂપ, લીધું છે નાગનું; (પ્રભુ લીધું છે૦ ૨)
બીજીવારનું રૂપ, (૨) લીધું બાળકનું. જયદેવ૦ ૪

બાળક બીના સઉ, પોતે નથી બીતા; (પ્રભુ પોતે૦ ૨)
દેવતાનું કાંઈ ન ચાલ્યું, (૨) હારી જતા રેતા. જયદેવ૦ ૫

એવા છે ભગવાન, મહાવીર તમે જાણો; (પ્રભુ મહાવીર૦ ૨)
વંદે છે સઉ તેને, (૨) નમે રાય રાણો. જયદેવ૦ ૬

---

## શ્રી મંગળ ચાર

ચારો મંગળ ચાર, આજ મહારે ચારો મંગળ ચાર;
દેખ્યો દરસ સરસ જિનજીકો, શોભા સુંદર સાર. આજ૦ ૧
છિનું છિનું છિનું મન મોહન ચરચો, ઘસી કેસર ઘનસાર. આજ૦ ૨
વિવિધ જાતિકે પુષ્પ મંગાવો, મોગર લાલ ગુલાલ. આજ૦ ૩
ધૂપ ઉખેવો ને કરો આરતી, મુખ બોલો જયકાર. આજ૦ ૪
હર્ષ ધરી આદીશ્વર પૂજો, ચોમુખ પ્રતિમા ચાર. આજ૦ ૫
હૈયે ધરી ભાવ ભાવના ભાવો, જિમ પામો ભવપાર. આજ૦ ૬
સકલચંદ સેવક જિનજીકો, આનંદઘન ઉપકાર. આજ૦ ૭

---



(અહીં આઠે કર્મનું મૂળ ઉચ્છેદવાને અર્થે, પ્રત્યેક કર્મ આશ્રયી ઉપવાસથકી માંડી ને અષ્ટકવલપર્યંતનું તપ દિન આઠ સુધી કરવું, તેને કર્મસૂદનતપ કહે છે. તે તપ આઠ કર્મનું ચોસઠ દિવસપર્યંત કરવું, તેનો યંત્ર લખીએ છીએ.)

| કર્મની સંખ્યાના અંક | જે કર્મસૂદન આશ્રયી તપ કરવું, તે કર્મના નામનું કોષ્ટક | ઉપવાસ | એકાસણું | એકસીથ | એકલઠાણું | એકદાતી | નીવી | આયંબિલ | અષ્ટકવલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | જ્ઞાનાવરણીયકર્મ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૮ |
| ૨ | દર્શનાવરણીયકર્મ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૮ |
| ૩ | વેદનીયકર્મ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૮ |
| ૪ | મોહનીયકર્મ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૮ |
| ૫ | આયુઃકર્મ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૮ |
| ૬ | નામકર્મ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૮ |
| ૭ | ગોત્રકર્મ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૮ |
| ૮ | અંતરાયકર્મ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૮ |

**ઇતિ પંડિત શ્રી વીરવિજયજી કૃત**
**ચોસઠ પ્રકારી પૂજા સમાપ્ત**

---

શ્રી રૂપવિજયજી કૃત

# ૬. શ્રી પંચજ્ઞાનની પૂજા

(વિધિ)

એક પીઠ ઉપર પવિત્રપણે કુંકુમના ૫૧ સાથિઆ કરીએ, તે ઉપર અક્ષત પૂરીએ, તે ઉપર નાગરવેલનાં પત્ર એકેક મૂકીએ, તે ઉપર સોપારી, બદામ, પૈસો, ફળ, ફૂલ, નૈવેદ્ય મૂકીએ, ૫૧ દીવા કરીએ, ૫ નાળીએર મૂકીએ, ઘી ખાંડસહિત પંચ ગોલક થાપીએ, ત્રિવેદિકા પીઠ થાપી સ્વસ્તિક કરી અક્ષત ફળ ધરીએ, પંચતીર્થોની પ્રતિમા થાપીએ, પછી સ્નાત્ર ભણાવીએ, પછી પૂજા ભણાવીએ. હવે પહેલી પૂજાના ૨૮ સાથિઆ, બીજીના ૧૪, ત્રીજીના ૬, ચોથીના ૨, પાંચમીનો ૧ સાથિઓ નંદાવર્તનો કરીએ, ૫ શ્રીફળ મૂકીએ, એની પાંચ પીઠ થાપીએ. ન હોય તો એક મોટી પીઠ ઉપર ભેળા પાંચ થાપીએ. ઇતિ વિધિ.

## ॥ अथ प्रथम श्री मतिज्ञानपूजा प्रारंभ ॥

(નમોऽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

(દોહા)

સકલ કુશલ કમલાવલી, ભાસક ભાણ સમાન;
શ્રી શંખેશ્વર પાસના, ચરણ નમી ધરી ધ્યાન. ૧

કર્મતિમિરભર ટાળવા, જ્ઞાન તે અભિનવ સૂર;
જ્ઞાની જ્ઞાનબળે લહે, સ્વપર સ્વભાવ પંડુર. ૨



શ્રદ્ધામૂળ ક્રિયા કહી, તેહનું મૂળ તે જ્ઞાન;
તેહથી શિવસુખ બહુ જના, પામ્યા ધરી એક તાન. ૩

અસંખ્ય ભેદ કિરિયાતણા, ભાખ્યા શ્રી અરિહંત;
જ્ઞાનમૂલ સફલા સવે, પંચભેદ તસ તંત. ૪

મઇ સુઅ ઓહિ મણપજ્જવા, પંચમ કેવલ જાણ;
પૂજા કરતાં તેહની, લહીએ પંચમ નાણ. ૫

જાણે કેવલે કેવળી, શ્રુતથી કરે વખાણ;
ચઉ મૂંગા શ્રુત બોલતું, ભાખે ત્રિભુવનભાણ. ૬

પંચ જ્ઞાન અનુક્રમે લહી, જેહ થયા અરિહંત;
અષ્ટ પ્રકારે પૂજતાં, લહીએ જ્ઞાન અનંત. ૭

(ઢાળ પહેલી)

પરમપુરુષ પરમાતમા રે, પુરિસાદાણિ પાસ;
જિનેસર પૂજિયે.
જળ ચંદન કુસુમે કરી રે, પૂજો ધરી ઉલ્લાસ. જિ૦૧

જાસ પસાયે નિરમળું રે, પ્રગટ હોયે મઇનાણ; જિ૦
ભેદ અઠ્ઠાવીશ તેહના રે, સમજો ચતુર સુજાણ. જિ૦૨

દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવથી રે, ચઉહા છે મઇનાણ; જિ૦
દ્રવ્યથી મઇનાણી લહે રે, દ્રવ્ય છક્ક પરિમાણ. જિ૦૩

ક્ષેત્રથી લોકાલોકને રે, કાલથી તિવિહા કાલ; જિ૦
ભાવથી પાંચે ભાવને રે, જાણે આદેશે રસાલ. જિ૦૪

જિન ઉત્તમ મુખ પદ્મની રે, વાણી સુણી લહે બોધ; જિ૦
શુદ્ધ ચિદાનંદ રૂપથી રે, કરી નિજ આતમ શોધ. જિ૦૫

(કાવ્યં૦ શાર્દૂલવિક્રીડિતંવૃત્તમ્)

**અષ્ટાવિંશતિધા (૨૮) મતિશ્રુતમપિ પ્રોક્તં મનુ (૧૪) સમ્મિતમ્**
**ષોઢા (૬) ચાવધિ રૂપીદ્રવ્યવિષયં જ્ઞાનં નિદાનં શ્રિયાઃ**
**શ્રીમનપર્યવસંજ્ઞિકં ચ દ્વિવિધં (૨) કૈવલ્ય (૧) મદ્વૈતિકં**
**જ્ઞાનં પંચવિધં યજેહમનિશં સિદ્ધ્યંગનારાધનમ્ ૧**

(અથ મંત્ર)

**ૐ નમો જ્ઞાનાય લોકાલોકપ્રકાશકાય, નવતત્ત્વસ્વરૂપાય,**
**અનંતદ્રવ્યગુણપર્યાયમયાય મતિશ્રુતાવધિમનઃપર્યવકેવલજ્ઞાનાય,**
**જલં ૧, ચંદનં ૨, પુષ્પં ૩, ધૂપં ૪, દીપં ૫,**
**અક્ષતં ૬, નૈવેદ્યં ૭, ફલં ૮, યજામહે સ્વાહા.**

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

એક જીવ અંગીકરી, છાસઠ સાગર ઠાણ;
અંતરમુહૂર્ત્ત જઘન્યથી, વરતે થિર મઇનાણ. ૧

**(ઢાળ બીજી)**

(ચંદજસા જિનરાજિયો, મનમોહન મેરે—એ દેશી)

શ્રી જિનરાજની પૂજના, મનમોહન મેરે,
કરી થિર મન કરી સાર. મનમોહન મેરે;
ધૂપ દીપ અક્ષત ધરી, મન૦ નૈવેદ્ય ફળ મનોહાર. મન૦૧
શ્રુતવાસિત મતિજ્ઞાનના, મન૦ ભેદ અઠ્ઠાવીશ જોય; મન૦
અસ્સુય નિસ્સિય મઇતણા, મન૦ ચઉહા બુદ્ધિ હોય. મન૦૨
શ્રોતૃ ઘ્રાણ રસ ફરસથી, મન૦ વ્યંજનાવગ્રહ ચ્યાર, મન૦
અત્થુગ્ગહ ઈહા વળી, મન૦ અપાય ધારણા સાર. મન૦૩
પંચ ઇંદ્રી મન મેલતાં, મન૦ ચોવીશ ભેદ સુહાય; મન૦
અડવીસ ભેદ ઉભય મળી, મન૦ ભાખે શ્રી જિનરાય. મન૦૪



ત્રણસેં છત્રીશ પણ કહ્યા, મન૦ શ્રુતનિશ્રિત મઇ ભેદ; મન૦
શ્રી જિનવર સેવા થકી, મન૦ પાપ તાપ હોય છેદ. મન૦૫
સમકિત મઇ સુઅ સંપજે, મન૦ ત્રણ્યે એકે કાલ; મન૦
જિન ઉત્તમ પદ પદ્મની, મન૦ સેવના રૂપ રસાલ. મન૦૬

(ઇતિ પ્રથમ શ્રી મતિજ્ઞાન પૂજા સમાપ્ત)

## ॥ અથ દ્વિતીય શ્રી શ્રુતજ્ઞાનપૂજા પ્રારંભ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

શ્રુત અક્ષર એકેકના, સ્વપર ભાગ વિચાર;
કરતાં પજ્જવની કહી, રાશિ અનંતી સાર. ૧
શરધાવંત સુસંયમી, ગુરુકુળવાસી સાધ;
શ્રુત અભ્યાસ કરી ભજે, તરે સંસાર અગાધ. ૨

**(ઢાળ ત્રીજી)**

જિનવર જગગુરુ જગઉપકારી, પૂજો ભાવે નરનારી રે;
શ્રુતના અધિકારી. (એ ટેક)
જિનવર ભગતે શરધા આવે, તેહથી શ્રુતરસ બહુ પાવે રે.શ્રુ૦૧
છાસઠ સાગર સુઅથિતિ જાણો,એક જીવ ઉકીઠ્ઠ પ્રમાણો રે;શ્રુ૦
અનાદિ અનંત પ્રવાહથી જાણો, સેવો શ્રુત અનુભવ આણો રે.શ્રુ૦૨
ચઉ ભેદ સુઅનાણના સાર, ભાખે જિનવર ગણધાર રે,શ્રુ૦
અહવા વીશ ભેદ પણ જાણો, થિર શરધા હિયડે આણો રે.શ્રુ૦૩

અર્થથી શ્રી અરિહંતે વખાણ્યું, સૂત્રે ગણધર વિરચાણું રે;શ્રુ૦
એ શ્રુત ભાવધર્મ દાતાર, પૂજી લહો ભવજળ પાર રે.શ્રુ૦૪

શ્રુતદાયક જિનરાજને ધ્યાવો,જિમ અતિશય જ્ઞાનને પાવો રે;શ્રુ૦
શ્રુતફળ વિરતિ, વિરતિફળ ધ્યાન,ધ્યાને લહે સમયિકજ્ઞાન રે.શ્રુ૦૫

ક્ષમાવિજય જિન ઉત્તમજ્ઞાને, શિવસુંદરી વરે એકતાનેરે;શ્રુ૦
શ્રી ગુરુ પદપદ્મે દિલ રાખે, ચિદ્રૂપવિજય સુખ ચાખેરે.શ્રુ૦૬

(કાવ્યં૦ શાર્દૂલવિક્રીડિતંવૃત્તમ્)

**અષ્ટાવિંશતિધા (૨૮) મતિશ્રુતમપિ પ્રોક્તં મનુ (૧૪) સમ્મિતમ્**
**ષોઢા (૬) ચાવધિ રૂપીદ્રવ્યવિષયં જ્ઞાનં નિદાનં શ્રિયાઃ**
**શ્રીમનપર્યવસંજ્ઞિકં ચ દ્વિવિધં (૨) કૈવલ્ય (૧) મદ્વૈતિકં**
**જ્ઞાનં પંચવિધં યજેહમનિશં સિદ્ધ્યંગનારાધનમ્ ૧**

(અથ મંત્ર)

**ૐ નમો જ્ઞાનાય લોકાલોકપ્રકાશકાય, નવતત્ત્વસ્વરૂપાય,**
**અનંતદ્રવ્યગુણપર્યાયમયાય મતિશ્રુતાવધિમનઃપર્યવકેવલજ્ઞાનાય,**
**જલં ૧, ચંદનં ૨, પુષ્પં ૩, ધૂપં ૪, દીપં ૫,**
**અક્ષતં ૬, નૈવેદ્યં ૭, ફલં ૮, યજામહે સ્વાહા.**

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

શ્રુતથી શરધા થિર રહે, શરધાથી વ્રત સાર;
વ્રતથી શિવસુખ પામીએ, તિણે શ્રુત જગદાધાર. ૧

શ્રુતવિણ જે કિરિયા કરે, તે સંસારનું મૂળ;
શ્રુતઉપયોગે જે ક્રિયા, તે શિવપદ અનુકૂળ. ૨



**(ઢાળ ચોથી)**

તુમે આગમ પૂજા કરજો રે, હો મનમાન્યા મોહનિયા.
તુમે ભવસાયરને તરજો રે; હો મનમાન્યા મોહનિયા.
એ આગમ અમૃત દરિયો રે, હો મનમાન્યા મોહનિયા.
એ તો સ્યાદ્વાદરસ ભરિયો રે. હો મનમાન્યા મોહનિયા. ૧

સુઅ અંગ અનંગ પ્રકારે રે હો૦ તિમ બદ્ધ અબદ્ધ વિચારે રે હો૦
કાલિક ઉત્કાલિક જાણો રે હો૦ દોય ભેદ કહે જિનભાણો રે હો૦૨

અગ્યાર અંગ મનરંગે રે હો૦ શ્રુત પૂજો અધિક ઉમંગે રે; હો૦
વળી બાર ઉપાંગ રસાળા રે હો૦ પૂજી લહો મંગળમાળા રે. હો૦૩

પયન્ના દશ ગુણખાણી રે હો૦ પ્રત્યેક બુદ્ધ મુનિવાણી રે; હો૦
ખટ્ છેદસૂત્ર ગુણભરિયારે હો૦એ તો ચરણકરણ ગુણદરિયા રે.હો૦૪

મૂળ સૂત્ર ચ્યાર અનુસરજો રે હો૦ સંસારસમુદ્રને તરજો રે, હો૦
નંદી ને અનુયોગદ્વારા રે હો૦ પૂજી લહો ભવજળપારા રે. હો૦૫

ભાવપૂજા પંચ પ્રકારો રે હો૦ દ્રવ્યપૂજા ભેદ અપારો રે; હો૦
પ્રભુવદનપદ્મની વાણી રે હો૦ ચિદ્રૂપ સુધારસ ખાણી રે. હો૦૬

(ઇતિ દ્વિતીય શ્રી શ્રુતજ્ઞાન પૂજા સમાપ્ત)

## ॥ અથ તૃતીય શ્રી અવધિજ્ઞાનપૂજા પ્રારંભ ॥

**(દોહા)**

અવધિજ્ઞાન આરાધતાં, કરજો ત્રિકરણ જોગ;
ભાવવિશુદ્ધિ ચિત્ત ધરી, ટાળો કર્મના રોગ. ૧

ત્રણ જ્ઞાનધર જિનવરા, ત્રિભુવનને હિતકાર;
પૂજી પદકજ તેહના, પામો ભવજળપાર. ૨

**(ઢાળ પાંચમી)**

હાંરે વાલા ભાવભગતિ મનમાં ધરી,
જિનપૂજા કરો મન સંવરીજી રે;
ભાવે પૂજો રે મનમોહના. (એ દેશી)
હાંરે વાલા ખયઉપશમ ભાવે કરી,
પરિણતિ કરી જ્ઞાનરસે ભરીજી રે. ભાવે૦૧

હાંરે વાલા ત્રણજ્ઞાની જિનરાજિયા,
વિલસે નિજ ગુણ સત્તા ભરીજી રે; ભાવે૦
હાંરે વાલા અનુગામી પમુહા લહો,
ખટ્ ભેદ ઓહિના દિલ ધરીજી રે. ભાવે૦૨

હાંરે વાલા જનમ સમે જિનરાજને,
ચળે આસન સુરના થરહરીજી રે; ભાવે૦
હાંરે વાલા ચોસઠ સુરપતિ અવધિએ,
જિન જનમ્યા લહી જઈ સુરગિરિજી રે; ભાવે૦૩

હાંરે વાલા રજત કનક ને રત્નના,
કળશા ખીરોદકથી ભરીજી રે; ભાવે૦
હાંરે વાલા ન્હવણ ઉચ્છવ જિનનો કરે,
સમકિત ગુણ નિર્મલતા કરીજી રે. ભાવે૦ ૪

હાંરે વાલા મિથ્યાસુર અવધિ લહે,
જે પૂજે જિન ભગતે ખરીજી રે; ભાવે૦
હાંરે વાલા જિન ઉત્તમ પદપદ્મની,
પૂજા ચિદ્રૂપ વિજયે કરીજી રે. ભાવે૦૫



(કાવ્યં૦ શાર્દૂલવિક્રીડિતંવૃત્તમ્)

**અષ્ટાવિંશતિધા (૨૮) મતિશ્રુતમપિ પ્રોક્તં મનુ (૧૪) સમ્મિતમ્ ષોઢા (૬) ચાવધિ રૂપીદ્રવ્યવિષયં જ્ઞાનં નિદાનં શ્રિયાઃ શ્રીમનપર્યવસંજ્ઞિકં ચ દ્વિવિધં (૨) કૈવલ્ય (૧) મદ્વૈતિકં જ્ઞાનં પંચવિધં યજેહમનિશં સિદ્ધ્યંગનારાધનમ્ ૧**

(અથ મંત્ર)

**ૐ નમો જ્ઞાનાય લોકાલોકપ્રકાશકાય, નવતત્ત્વસ્વરૂપાય, અનંતદ્રવ્યગુણપર્યાયમયાય મતિશ્રુતાવધિમનઃપર્યવકેવલજ્ઞાનાય, જલં ૧, ચંદનં ૨, પુષ્પં ૩, ધૂપં ૪, દીપં ૫, અક્ષતં ૬, નૈવેદ્યં ૭, ફલં ૮, યજામહે સ્વાહા.**

(નમોऽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવથી, ઉત્કૃષ્ટ અવધિજ્ઞાન;
મનુજગતિમાં પામીએ, વધતે શુચિ પ્રણિધાન. ૧
લોકાવધિ અવધિ લગે, પડિવાઈ પણ હોય;
તદુપરિ અવધિ જે હોયે, અપડિવાઈ તે જોય. ૨

**(ઢાળ છઠ્ઠી)**

નિર્મળ કરી મન વચ કાયા, છંડી સવિ મમતા માયા;
પરમાતમ ધ્યાન સુહાયા, ઓહિજિન પૂજીએ મનરંગે,
જિમ રમીએ સમકિત સંગે. ઓહિજિન૦ ૧

ખેત્ર કાલથી ઓહિનાણી, ચઉહા લહે વુઢ્ઢિ ને હાણી;
ઇમ કહે જિન કેવળનાણી. ઓહિજિન૦ ૨

દ્રવ્યથી દુગ વુઢ્ઢિ વખાણી, ભાવથી ખટ્ વૃદ્ધિ જાણી;
સમુદાઈ ચઉહા કહાણી. ઓહિજિન૦ ૩

જિનવર નાણી ગુણખાણી, પૂજો મન ઊલટ આણી;
વરીએ જિમ શિવ પટરાણી. ઓહિજિન૦ ૪

જિનવર ઉત્તમ ગુણ ગાવો, પ્રભુના પદ પદ્મ વધાવો;
જિમ રૂપવિજય પદ પાવો. ઓહિજિન૦ ૫

(ઇતિ તૃતીય શ્રી અવધિજ્ઞાન પૂજા સમાપ્ત)

## ॥ अथ चतुर्थ श्री मनःपर्यवज्ञानपूजा प्रारंभ ॥

**(દોહા)**

અપ્રમત્ત મુનિવર ગુણી, નિર્મળ ચારિત્રવંત;
ચઢતે સંજમ થાનકે, લહે મનપજ્જવ તંત. ૧

જિનવર જગગુરુ જગધણી, જબ સંયમ ગ્રહે સાર;
મણપજ્જવ તવ ઊપજે, ચોથું જ્ઞાન ઉદાર. ૨

**(ઢાળ સાતમી)**

અપ્રમત્ત ગુણઠાણમાં રે, મનમોહના રે લાલ.
વર્ત્તતા શ્રી અરિહંત રે; જગસોહના રે લાલ.
સંયમઠાણ વિશુધ્ધતા રે મ૦ લહે મનપજ્જવ તંત રે. જ૦૧

ઋજુમતિ વિપુલમતિ તથા રે મ૦ મણપજ્જવ દોય ભેદ રે; જ૦
દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવથી રે મ૦ ચઉહા કહે ગતખેદ રે. જ૦૨

સન્નિપણિંદીના લહે રે મ૦ મનનતણા પરજાય રે; જ૦
નરક્ષેત્રે મણનાણથી રે મ૦ જાણે જે નિરમાય રે. જ૦૩

અઢી અંગુલ ન્યૂનાધિકા રે મ૦ ક્ષેત્રથી જાણો દોય રે; જ૦
પલ્ય અસંખ્ય ભાગ કાળથી રે મ૦ ગતિઆગતિ લહે સોય રે. જ૦૪



ખમણ દમણ ગુણસાગરુ રે મ૦ જિન ઉત્તમ મહારાજ રે; જ૦
તસ પદપદ્મને પૂજતાં રે મ૦ લહો ચિદ્‌રૂપ સમાજ રે. જ૦૫

(કાવ્યં૦ શાર્દૂલવિક્રીડિતંવૃત્તમ્)

**અષ્ટાવિંશતિધા (૨૮) મતિશ્રુતમપિ પ્રોક્તં મનુ (૧૪) સમ્મિતમ્**
**ષોઢા (૬) ચાવધિ રૂપીદ્રવ્યવિષયં જ્ઞાનં નિદાનં શ્રિયાઃ**
**શ્રીમનપર્યવસંજ્ઞિકં ચ દ્વિવિધં (૨) કૈવલ્ય (૧) મદ્વૈતિકં**
**જ્ઞાનં પંચવિધં યજેહમનિશં સિધ્દ્યંગનારાધનમ્ ૧**

(અથ મંત્ર)

**ૐ નમો જ્ઞાનાય લોકાલોકપ્રકાશકાય, નવતત્ત્વસ્વરૂપાય,**
**અનંતદ્રવ્યગુણપર્યાયમયાય મતિશ્રુતાવધિમનઃપર્યવકેવલજ્ઞાનાય,**
**જલં ૧, ચંદનં ૨, પુષ્પં ૩, ધૂપં ૪, દીપં ૫,**
**અક્ષતં ૬, નૈવેદ્યં ૭, ફલં ૮, યજામહે સ્વાહા.**

(નમોઽર્હત્‌સિધ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

અલખ અસંગ અભંગ જસ, જોગારાધન ખાસ;
સંયમતણી વિશુધ્ધતા, કરી તોડે ભવપાશ. ૧

ચરણ કરણ ગુણ આગરા, શરધાવંત સુધીર;
મણપજ્જવનાણી મુણિ, નમતાં ટળે ભવપીર. ૨

**(ઢાળ આઠમી)**

અને હાંરે સંયમઠાણ વિશુધ્ધતા રે, અપ્રમત્ત ગુણઠાણ;
ફરસી પાસપ્રભુ લહ્યા રે, મણપજ્જવ વરનાણ,
પૂજા કરો જિનરાજની રે. (એ ટેક) ૧

અને હાંરે સંજમઠાણ અનંતના રે, ઉલંઘી અહિઠાણ;
ફરસતા શુદ્ધ સંયમ ગુણે રે, ધ્યાયે ધર્મનું ઝાણ. પૂજા૦૨
અને હાંરે આણા અપાય વિપાકથીરે, સંઠાણ વિચય પ્રકાર;
ધ્યાતા ધ્યાન સોહામણું રે, સાધ્યપદે મનોહાર. પૂજા૦૩
અને હાંરે અપ્રમત્તગુણ ભૂમિકા રે, આલંબન ગ્રહી ચાર;
દશધા સંયમ પાળતા રે, ભાવદયા ભંડાર. પૂજા૦૪
અને હાંરે ભાવથકી મનોદ્રવ્યના રે, લહે પરજાય અનંત;
ગુણશ્રેણી પગથાલિએ રે, નિત ચઢતા ભગવંત. પૂજા૦૫
અને હાંરે ક્ષમાવિજય જિનરાજના રે, ઉત્તમ એ અવદાત;
તસ પદપદ્મ પૂજા કરી રે, લહો ચિદ્રૂપ વિખ્યાત. પૂજા૦૬

(ઇતિ ચતુર્થ શ્રી મનઃપર્યવજ્ઞાન પૂજા સમાપ્ત)

## ॥ अथ पंचम श्री केवलज्ञानपूजा प्रारंभ ॥

**(દોહા)**

સકલ વિભાવ ઉપાધિના, કારક ઘાતી ચાર;
ક્ષય કરી કેવળ પામિયા, જિનવર જગદાધાર. ૧
પૂજો ધ્યાવો ધ્યાનમાં, સોહંપદ કરો જાપ;
ચિદાનંદ પદ સંપજે, હોય ધ્યેયપદ આપ. ૨

**(ઢાળ નવમી)**

વીતરાગ પરમાતમા રે, ખીણમોહી અરિહંત; સલૂણા,
ક્ષપકશ્રેણિ અંગી કરી રે, કરી ઘાતી ચઉ અંત. સલૂણા,
પંચમજ્ઞાનને પૂજીએ રે, પંચમ ગતિ દાતાર. સલૂણા. ૧



કેવળકમળાને વર્યા રે, કેવળ દરિસણ સાથ; સ૦
લોકાલોક પ્રકાશતા રે, જે થયા ત્રિભુવનનાથ. સ૦ ૨
ચારે જ્ઞાનતણી પ્રભા રે, એહમાં સયલ સમાય; સ૦
તારા ઉડુ ગ્રહ ચંદ્રની રે, ભા રવિમાં લય થાય. સ૦ ૩
એકસમે અરિહા મુણે રે, ષટ્દ્રવ્ય ગુણ પરજાય; સ૦
અનંત વીરજની શક્તિએ રે, વ્યાપકતા તે ઠરાય. સ૦ ૪
જ્ઞેય પ્રમાણે જ્ઞાનના રે, અહવા છે પરજાય; સ૦
બૃહત્કલ્પના ભાષ્યમાં રે, કહે સોહમ ગણરાય. સ૦ ૫
કેવળજ્ઞાન કળા ભર્યા રે, જિન ઉત્તમ મહારાજ; સ૦
તસ પદપદ્મની પૂજના રે, કરતાં ચિદ્રૂપ રાજ. સ૦ ૬

(કાવ્યં શાર્દૂલવિક્રીડિતંવૃત્તમ્)

**અષ્ટાવિંશતિધા (૨૮) મતિશ્રુતમપિ પ્રોક્તં મનુ (૧૪) સમ્મિતમ્**
**ષોઢા (૬) ચાવધિ રૂપીદ્રવ્યવિષયં જ્ઞાનં નિદાનં શ્રિયાઃ**
**શ્રીમનપર્યવસંજ્ઞિકં ચ દ્વિવિધં (૨) કૈવલ્ય (૧) મદ્વૈતિકં**
**જ્ઞાનં પંચવિધં યજેહમનિશં સિધ્દ્યંગનારાધનમ્ ૧**

(અથ મંત્ર)

**ૐ નમો જ્ઞાનાય લોકાલોકપ્રકાશકાય, નવતત્ત્વસ્વરૂપાય,**
**અનંતદ્રવ્યગુણપર્યાયમયાય મતિશ્રુતાવધિમનઃપર્યવકેવલજ્ઞાનાય,**
**જલં ૧, ચંદનં ૨, પુષ્પં ૩, ધૂપં ૪, દીપં ૫,**
**અક્ષતં ૬, નૈવેદ્યં ૭, ફલં ૮, યજામહે સ્વાહા.**

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

શમ[૧] દમ[૨] ઉપરતિ[૩] નિત કરે, ચોથી તિતિક્ષા[૪] સાર;
સમાધાન[૫] શ્રદ્ધા[૬] કરી, લહે કેવળ ચિદ્કાર. ૧

પરમજ્યોતિ પાવનકરણ, પરમાતમ પરધાન;
કેવળજ્ઞાન પૂજા કરી, પામો કેવળજ્ઞાન. ૨

**(ઢાળ દશમી)**

(વારી જાઉં શ્રી અરિહંતની—એ દેશી)

પૂજા શ્રી અરિહંતની, કરીએ ધરીએ એકતાન; મોહન.
નાગકેતુ પરે નિરમળી, પામો કેવળજ્ઞાન. મોહન. પૂ૦ ૧
પૂજક પૂજ્યની પૂજના, કરતાં પૂજ્ય તે થાય; મોહન.
કેવળકમળા પામીને, અજરામર પદ ઠાય. મોહન. પૂ૦ ૨
બંધ ઉદય ઉદીરણા, સત્તા કર્મ ખપાય; મોહન.
સિદ્ધ બુદ્ધ પરમાતમા, અકલ અસંગ અમાય. મોહન. પૂ૦ ૩
જ્ઞાનાનંદી આતમા, પામી મહોદય ઠાય. મોહન.
સાદિ અનંત સુખ અનુભવે, વાચ્ય અગમ્ય કહાય. મોહન. પૂ૦ ૪
અનંતગુણી કેવળી પ્રભુ, શ્રી શંખેશ્વર પાસ. મોહન.
તસ પદપદ્મ પૂજી કરી, લહો ચિદ્રૂપ ઉલ્લાસ. મોહન. પૂ૦ ૫

(કાવ્યં શાર્દૂલવિક્રીડિતંવૃત્તમ્)

**જ્ઞાનં સ્યાત્ કુમતાંધકારતરણિર્જ્ઞાનં જગલ્લોચનં,**
**જ્ઞાનં નીતિતરંગિણીકુલગિરિર્જ્ઞાનં કષાયાપહં;**
**જ્ઞાનં નિર્વૃત્તિવશ્યમંત્રમમલં જ્ઞાનં મનઃપાવનં,**
**જ્ઞાનં પંચવિધં યજેહમનિશં સ્વર્ગાપવર્ગપ્રદમ્. ૧**

(અથ મંત્ર)

**ૐ નમો જ્ઞાનાય લોકાલોકપ્રકાશકાય,**
**જલં ૧, ચંદનં ૨, પુષ્પં ૩, ધૂપં ૪, દીપં ૫,**
**અક્ષતં ૬, નૈવેદ્યં ૭, ફલં ૮, યજામહે સ્વાહા.**

(ઇતિ પંચમ શ્રી કેવલજ્ઞાનપૂજા સમાપ્ત)



## કળશ

(ઢાળ અગ્યારમી રાગ—ધન્યાશ્રી)

પૂજો પૂજો રે ભવિ પંચજ્ઞાન નિત પૂજો;
પંચજ્ઞાન પૂજન સમ ઘટમાં, ઓર ન સાધન દૂજો રે. ભ૦ ૧

મઇ સુઅ ઓહિ ને મનઃપર્યવ, કેવળ પંચમ જાણો;
અઠ્ઠાવીશ ચઉદસ ષટ દુગ ઇગ, ભેદ પ્રમાણ વખાણો રે. ભ૦ ૨

જ્ઞાન આરાધન સાધન સિદ્ધિનું, સાધી કર્મ ખપાયા;
કેવલકમલા પામી અનંતી, સિદ્ધિએ સિદ્ધ સુહાયા રે. ભ૦ ૩

જ્ઞાન જ્ઞાનીની સેવા કરતાં, ચિર સંચિત અઘ જાય;
પુણ્ય મહોદય કમળા વિમળા, ઘટમાં પરગટ થાય રે. ભ૦ ૪

શ્રી વિજયદેવ સૂરીશ્વર પાટે, વિજયસિંહ સૂરિરાયા;
તાસ શિષ્ય શ્રી સત્યવિજય ગણિ, સંવેગ મારગ ધ્યાયા રે. ભ૦ ૫

શિષ્ય કપૂર ખિમા જિન ઉત્તમ, વિજયપદે સોહાયા;
શ્રી ગુરુ પદ્મવિજય પદપંકજ, નમતાં શ્રુત બહુ પાયા રે. ભ૦ ૬

ઋષિ ગજ દિગ્ગજ ચંદ સંવત્સરે, જ્ઞાન ભગતિ મન લાયા;
નેમીશ્વર કલ્યાણક દિવસે, પંચજ્ઞાન ગુણ ગાયા રે. ભ૦ ૭

તપગચ્છ વિજયદિણેંદ્ર સૂરીશ્વર, દીપે તેજે સવાયા;
તસ રાજ્યે ભવિજન હિતકાજે, રૂપવિજે ગુણ ગાયા રે. ભ૦ ૮

**(ઇતિ શ્રી રૂપવિજયજી કૃત પંચજ્ઞાનની પૂજા સમાપ્ત)**

## શ્રી પંચજ્ઞાનની આરતી

જય પારસ દેવા, પ્રભુ જય પારસ દેવા;
સુર નર કરે તોરી સેવા, ત્રણ જગના દેવા. જયદેવ જયદેવ.૧

પહેલું રે મતિજ્ઞાન, અઠ્ઠાવીસ ભેદે; (પ્રભુ અઠ્ઠા૦)
અષ્ટકર્મને છેદે, પાપનાં દળ ભેદે. જયદેવ જયદેવ.૨

બીજું રે શ્રુતજ્ઞાન, ચૌદા વીશ જુજા; (પ્રભુ ચૌદા૦)
ચૌદ પુરવધર સુદ્ધા, ભાગે ભવ ક્ષુધા. જયદેવ જયદેવ.૩

ત્રીજી રે આરતી, અવધિજ્ઞાન કેરી; (પ્રભુ અવધિ૦)
મટાડે ભવની ફેરી, સેવા કરું તોરી. જયદેવ જયદેવ.૪

ચોથી રે આરતી, મનપર્યવ જાણો; (પ્રભુ મન૦)
દોય ભેદનો રાણો, મુક્તિ સકરાણો. જયદેવ જયદેવ.૫

પંચમી રે આરતી, કેવળ એક ભાખ્યું; (પ્રભુ કેવળ૦)
અખંડ સુખ જેણે ચાખ્યું, અજરામર રાખ્યું. જયદેવ જયદેવ.૬

આરતી રે પંચજ્ઞાન, જે કોઈ ગાશે; (પ્રભુ જે કોઈ૦)
સમકિત શુદ્ધ અભ્યાસે, સૌભાગ્ય ગુણ ગાશે; જયદેવ જયદેવ.૭

## મંગળ દીવો

દીવો રે દીવો પ્રભુ મંગલિક દીવો;
જ્ઞાન દીવો તુજ ચિરંજીવો. દીવો૦૧

નિશ્ચય દીવે પ્રગટે દીવો;
પ્રગટાવો ભવિ દીલમાં દીવો. દીવો૦૨



પ્રગટ દીવો જ્ઞાની પરમાત્મા;
તેને અર્પણ હો નિજ આત્મા. દીવો૦૩

બહિરાતમતા તજી પ્રભુ-શરણે.
બનો અંતર-આત્મા પ્રભુ-સ્મરણે. દીવો૦૪

પરમાતમતા નિશદિન ભાવે;
આતમ અર્પણતા તો થાવે. દીવો૦૫

આત્મભાવના સતત અભ્યાસે;
નિજ સહજાત્મસ્વરૂપ પ્રકાશે. દીવો૦૬

આત્મદૃષ્ટિ દીવો જળહળતો;
પ્રગટ્યો ઉરમાં જન્મ સફળ તો. દીવો૦૭

શ્રીમદ્ સદ્ગુરુ રાજ કૃપાથી;
સ્વરૂપ સિદ્ધિ સાધે મોક્ષાર્થી. દીવો૦૮

શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય કૃત

# ૭. શ્રી નવપદજીની પૂજા

(નવપદપૂજા પ્રારંભ વિધિ)

આ પૂજામાં જે જે ચીજો અવશ્ય જોઈએ, તેમાંની કેટલીક ચીજોનાં નામ લખીએ છીએ.

દૂધ, દધિ, ઘૃત, શર્કરા, શુદ્ધ જળ એ પંચામૃત તથા કેસર, સુગંધી ચંદન, કપૂર, કસ્તૂરી, અમર, રોલી, મૌલી, છૂટાં ફૂલ, ફૂલોની માળા, ફૂલોના ચંદ્રવા, ધૂપ, તંદુલ પ્રમુખ નવ જાતિના ધાન્ય, નવ પ્રકારનાં ફળ, નવ પ્રકારનાં નૈવેદ્ય, નવ પ્રકારની પક્વ વસ્તુ, મિશ્રી, પતાસાં ઓલા પ્રમુખ, તથા અંગલૂહણાને વાસ્તે સફેદ વસ્ત્ર, અને પહેરાવવાને વાસ્તે ઉત્તમ રેશમી વસ્ત્ર, વાસક્ષેપ, ગુલાબજળ, અત્તર, ઇત્યાદિક બીજા પણ નવ નવ નાલીના કળશ, નવ રકેબી, પરાત (ત્રાંસ), તસલા, આરતી, મંગળદીપક, ભગવાનની આંગી, સમવસરણ ઇત્યાદિક સર્વ વસ્તુ પ્રથમથી ઠીક કરીને રાખવી. એ થકી પૂજામાં વિઘ્ન ન હોય. એ સંક્ષેપ વિધિ કહ્યો. વિશેષ વિધિ ગુરુ થકી જાણવો.

(કળશ ઢાલન વિધિ)

૧. ચૈત્ર તથા આશ્વિન માસમાં એ પૂજાઓ ભણાય, ત્યારે નવ સ્નાત્રિયા કરીએ, મોટા કળશ પ્રમુખમાં પંચામૃત ભરીએ, સ્થાપનામાં શ્રીફળ તથા રોકડ નાણું ધરીએ, તેને ગુરુની પાસે મંત્રાવી કેસરથી તિલક કરે, કંકણદોરો હાથે બાંધે. ડાબા હાથમાં સ્વસ્તિક કરીને વિધિ સંયુક્ત સ્નાત્ર ભણાવે. પછી શ્રી અરિહંતપદમાં તાંદુલ, ધૂપ, દીપ, નૈવેદ્ય પ્રમુખ અષ્ટદ્રવ્ય, વાસક્ષેપ, નાગરવેલ પ્રમુખનાં પાન, રકેબીમાં ધરીને તે રકેબી



હાથમાં રાખે. નવ કળશને મૌલીસૂત્ર બાંધી કુંકુમના સ્વસ્તિક કરી, પંચામૃતથી ભરીને તે કળશો હાથમાં લઈ, પ્રથમ શ્રી અરિહંતપદની પૂજા ભણે. તે સંપૂર્ણ ભણી રહ્યા પછી મોટી પરાતમાં (થાલમાં) પ્રતિમાજીને પધરાવે. પછી ''ૐ હ્રીં નમો અરિહંતાણં'' એ પ્રમાણે કહેતો થકો, શ્રી અરિહંતપદની પૂજા કરે, અષ્ટદ્રવ્ય અનુક્રમે ચઢાવે. ઇતિ પ્રથમપદપૂજા વિધિ.

૨. બીજું સિદ્ધપદ રક્ત વર્ણે છે, માટે ઘઉં રકેબીમાં ધરી શ્રીફળ તથા અષ્ટ દ્રવ્ય લઈને નવ કળશ પંચામૃતથી ભરીને બીજી પૂજા ભણે. તે સંપૂર્ણ થયાથી ''ૐ હ્રીં નમો સિદ્ધસ્સ'' એમ કહી કળશ ઢોળે, અષ્ટ દ્રવ્ય ચઢાવે. ઇતિ દ્વિતીયપદ પૂજા વિધિ.

૩. ત્રીજું આચાર્યપદ પીળે વર્ણે છે, માટે ચણાની દાળ, અષ્ટ દ્રવ્ય, શ્રીફળ પ્રમુખ લઈ નવ કળશ પંચામૃતથી ભરીને ત્રીજી પૂજાનો પાઠ ભણે. તે સંપૂર્ણ થયાથી ''ૐ હ્રીં નમો આયરિયાણં'' એમ કહી કળશ ઢોળે, અષ્ટ દ્રવ્ય ચઢાવે. ઇતિ તૃતીયપદ પૂજા વિધિ.

૪. ચોથું ઉપાધ્યાયપદ નીલવર્ણે છે, માટે મગ પ્રમુખ તથા અષ્ટ દ્રવ્ય લઈને પૂર્વોક્ત વિધિએ પૂજા ભણી સંપૂર્ણ થયાથી ''ૐ હ્રીં નમો ઉપાધ્યાયેભ્યઃ'' એમ કહીને કળશ ઢોળે, અષ્ટ દ્રવ્ય ચઢાવે. ઇતિ ચતુર્થપદ પૂજા વિધિ.

૫. પાંચમું શ્રી સાધુપદ શ્યામવર્ણે છે, માટે અડદ પ્રમુખ લઈ બીજો સર્વ પૂર્વોક્ત વિધિ કરી પૂજા ભણે, તે સંપૂર્ણ થયાથી ''ૐ હ્રીં નમો સર્વસાધુભ્યઃ'' કહે. ઇતિ પંચમપદ પૂજા વિધિ.

૬. છઠ્ઠું દર્શનપદ શ્વેતવર્ણે છે, માટે તાંદુલ પ્રમુખ લઈ ''ૐ હ્રીં નમો દંસણસ્સ'' કહેવું. બીજો સર્વ પૂર્વોક્ત વિધિ કરવો. ઇતિ ષષ્ઠપદ પૂજા વિધિ.

૭. સાતમું જ્ઞાનપદ શ્વેત વર્ણે છે, માટે ચાવલ પ્રમુખ લઈ ''ૐ હ્રીં નમો નાણસ્સ'' કહેવું. બીજો સર્વ પૂર્વોક્ત વિધિ કરવો. ઇતિ સપ્તમપદ પૂજા વિધિ.

૮. આઠમું ચારિત્રપદ પણ શ્વેતવર્ણે છે, માટે ચોખા પ્રમુખ લઈ ''ૐ હ્રીં નમો ચારિત્તસ્સ'' કહેવું. બીજો સર્વ પૂર્વોક્ત વિધિ કરવો. ઇતિ અષ્ટમપદ પૂજા વિધિ.

૯. નવમું તપપદ શ્વેતવર્ણે છે, માટે ચોખા પ્રમુખ લઈ પૂર્વોક્ત વિધિ કરીને ''ૐ હ્રીં નમો તવસ્સ'' કહી કળશ ઢોળે, અષ્ટ દ્રવ્ય ચઢાવે. પછી અષ્ટ પ્રકારી પૂજા કરે, આરતી કરે. ઇતિ શ્રી નવમપદ પૂજા વિધિ.

(ઇતિ નવપદપૂજા વિધિ સમાપ્ત)

## ।। अथ प्रथम श्री अरिहंतपदपूजा प्रारंभ ।।

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

(કાવ્યં ઇંદ્રવજ્રાવૃત્તમ્)

**ઉપ્પન્નસન્નાણમહોમયાણં, સપ્પાડિહેરાસણસંઠિયાણં;**
**સદ્દેસણાણંદિયસજ્જણાણં, નમો નમો હોઉ સયા જિણાણં ૧**

(ભુજંગપ્રયાતવૃત્તમ્)

નમોઽનંતસંત પ્રમોદ પ્રદાન,
પ્રધાનાય ભવ્યાત્મને ભાસ્વતાય;
થયા જેહના ધ્યાનથી સૌખ્યભાજા,
સદા સિદ્ધચક્રાય શ્રીપાળરાજા. ૧

કર્યાં કર્મ દુર્મર્મ ચકચૂર જેણે,
ભલાં ભવ્ય નવપદ ધ્યાનેન તેણે;
કરી પૂજના ભવ્ય ભાવે ત્રિકાળે,
સદા વાસિયો આતમા તેણે કાળે. ૨



જિકે તીર્થંકર કર્મ ઉદયે કરીને,
દીએ દેશના ભવ્યને હિત ધરીને;
સદા આઠ મહા પાડિહારે સમેતા,
સુરેશે નરેશે સ્તવ્યા બ્રહ્મપુત્તા. ૩

કર્યા ઘાતિયાં કર્મ ચારે અલગ્ગાં,
ભવોપગ્રહી ચાર જે છે વિલગ્ગાં;
જગત પંચકલ્યાણકે સૌખ્ય પામે,
નમો તેહ તીર્થંકરા મોક્ષકામે. ૪

**(ઢાળ-ઉલાલાની દેશી)**

તીર્થપતિ અરિહા નમું, ધર્મ ધુરંધર ધીરોજી;
દેશના અમૃત વરસતા, નિજ વીરજ વડ વીરોજી. ૧

વર અખય નિર્મળ જ્ઞાન ભાસન, સર્વ ભાવ પ્રકાશતા,
નિજ શુદ્ધ શ્રદ્ધા આત્મભાવે, ચરણથિરતા વાસતા;
જિનનામ કર્મ પ્રભાવ અતિશય, પ્રાતિહારજ શોભતા,
જગજંતુ કરુણાવંત ભગવંત, ભવિક જનને થોભતા. ૨

**(પૂજા. ઢાળ- શ્રીપાળના રાસની)**

ત્રીજે ભવ વરસ્થાનક તપ કરી, જેણે બાંધ્યું જિન નામ,
ચોસઠ ઇંદ્રે પૂજિત જે જિન, કીજે તાસ પ્રણામ રે;
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો, જેમ ચિરકાળે નંદો રે.
ભવિકા, સિદ્ધચક્ર પદ વંદો. ૧ (એ આંકણી)

જેહને હોય કલ્યાણક દિવસે, નરકે પણ અજવાળું;
સકલ અધિક ગુણ અતિશય ધારી, તે જિન નમી અઘ ટાળું રે.
ભવિકા, સિ૦ ૨

જે તિહું નાણ સમગ્ગ ઉપ્પન્ના, ભોગકરમ ક્ષીણ જાણી;
લેઈ દીક્ષા શિક્ષા દિયે જનને, તે નમિયે જિનનાણી રે.
ભવિકા, સિ૦ ૩

મહાગોપ મહામાહણ કહિયે, નિર્યામક સથ્થવાહ;
ઉપમા એહવી જેહને છાજે, તે જિન નમિયે ઉત્સાહ રે.
ભવિકા, સિ૦ ૪

આઠ પ્રાતિહારજ જસ છાજે, પાંત્રીશ ગુણયુત વાણી;
જે પ્રતિબોધ કરે જગ જનને, તે જિન નમિયે પ્રાણી રે.
ભવિકા, સિ૦ ૫

**(ઢાળ)**

અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાય રે;
ભેદ છેદ કરી આતમા, અરિહંતરૂપી થાય રે. ૧

વીર જિનેશ્વર ઉપદિશે, સાંભળજો ચિત્ત લાઈ રે;
આતમધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે.
વીર જિનેશ્વર ઉપદિશે૦ ૨

(શ્રી અરિહંતપદ કાવ્યમ્-ઇંદ્રવજાવૃત્તમ્)

**નિયંતરંગારિગણે સુનાણે, સપ્પાડિહેરાઈસયપ્પહાણે;**
**સંદેહસંદોહરયં હરંતો, ઝાએહ નિચ્ચંપિ જિણેરહંતો. ૧**

(કાવ્યમ્—દ્રુતવિલંબિતવૃત્તમ્)

વિમલકેવલભાસનભાસ્કરં, જગતિ જંતુમહોદયકારણં;
જિનવરં બહુમાનજલૌઘનં, શુચિમનાઃસ્નપયામિ વિશુદ્ધયે. ૧

સ્નાત્ર કરતાં જગદ્ગુરુ શરીરે, સકલદેવે વિમલ કળશ નીરે;
આપણાં કર્મમલ દૂર કીધાં, તેણે તે વિબુધ ગ્રંથે પ્રસિદ્ધા. ૨



હર્ષ ધરી અપ્સરાવૃંદ આવે, સ્નાત્ર કરી એમ આશિષ પાવે;
જિહાં લગે સુરગિરિ જંબુદીવો, અમતણા નાથ દેવાધિદેવો. ૩

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે જિનેન્દ્રાય, અરિહંતપદ પ્રાપણાય,**
**અષ્ટદ્રવ્યાણિ યજામહે સ્વાહા.**

(ઇતિ પ્રથમ શ્રી અરિહંતપદ પૂજા સમાપ્ત)

---

## ॥ અથ દ્વિતીય શ્રી સિદ્ધપદપૂજા પ્રારંભ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

(કાવ્યમ્ ઇંદ્રવજાવૃત્તમ્)

**સિદ્ધાણમાણં દરમાલયાણં, નમો નમોઽણંત ચઉક્કયાણં**

(ભુજંગપ્રયાતવૃત્તમ્)

કરી આઠ કર્મ ક્ષયે પાર પામ્યા,
જરાજન્મ મરણાદિ ભય જેણે વામ્યા;
નિરાવરણ જે આત્મરૂપે પ્રસિદ્ધા,
થયા પાર પામી સદા સિદ્ધબુદ્ધા. ૧

ત્રિભાગોન દેહાવગાહાત્મદેશા,
રહ્યા જ્ઞાનમય જાત વર્ણાદિ લેશ્યા;
સદાનંદ સૌખ્યાશ્રિતા જ્યોતિરૂપા,
અનાબાધ અપુનર્ભવાદિ સ્વરૂપા. ૨

(ઢાળ–ઉલાલાની દેશી)

સકલ કરમમલ ક્ષય કરી, પૂરણ શુદ્ધ સ્વરૂપોજી,
અવ્યાબાધ પ્રભુતામયી, આતમ સંપત્તિ ભૂપોજી. ૧

જેહ ભૂપ આતમ સહજ સંપત્તિ, શક્તિ વ્યક્તિપણે કરી,
સ્વદ્રવ્યક્ષેત્ર સ્વકાળભાવે, ગુણ અનંતા આદરી;
સુસ્વભાવ ગુણપર્યાય પરિણતિ, સિદ્ધસાધન પરભણી;
મુનિરાજ માનસહંસ સમવડ, નમો સિદ્ધ મહાગુણી. ૨

(પૂજા. ઢાળ-શ્રીપાળના રાસની)

સમયપએસંતર અણફરસી, ચરમ તિભાગ વિશેષ;
અવગાહન લહી જે શિવ પહોતા, સિદ્ધ નમો તે અશેષ રે.
ભવિકા, સિદ્ધચક્ર પદ વંદો. ૬

પૂર્વ પ્રયોગ ને ગતિપરિણામે, બંધનછેદ અસંગ;
સમય એક ઊર્ધ્વગતિ જેહની, તે સિદ્ધ પ્રણમો રંગ રે.
ભવિકા, સિ૦ ૭

નિર્મળ સિદ્ધશિલાની ઉપરે, જોયણ એક લોગંત;
સાદિ અનંત તિહાં સ્થિતિ જેહની, તે સિદ્ધ પ્રણમો સંત રે.
ભવિકા, સિ૦ ૮

જાણે પણ ન શકે કહી પુરગુણ, પ્રાકૃત તેમ ગુણ જાસ;
ઉપમા વિણ નાણી ભવમાંહે, તે સિદ્ધ દિયો ઉલ્લાસ રે.
ભવિકા, સિ૦ ૯



જ્યોતિશું જ્યોતિ મળી જસ અનુપમ, વિરમી સકલ ઉપાધિ;
આતમરામ રમાપતિ સમરો, તે સિદ્ધ સહજ સમાધિ રે.
ભવિકા, સિ૦ ૧૦

(ઢાળ)

રૂપાતીત સ્વભાવ જે, કેવળ દંસણ નાણી રે;
તે ધ્યાતા નિજ આતમા, હોયે સિદ્ધ ગુણખાણી રે.
વીર જિનેશ્વર ઉપદિશે૦ ૩

(શ્રી સિદ્ધપદ કાવ્યમ્-ઇંદ્રવજ્રાવૃત્તમ્)

**દુટ્ઠટ્ઠકમ્માવરણપ્પમુક્કે, અનંતનાણાઈ સિરીચઉક્કે;**
**સમગ્ગલોગગ્ગ પયત્થસિદ્ધે ઝાએહ નિચ્ચંપિ સમગ્ગસિદ્ધે. ૨**

(કાવ્યમ્—દ્રુતવિલંબિતવૃત્તમ્)

વિમલકેવલભાસનભાસ્કરં, જગતિ જંતુમહોદયકારણં;
જિનવરં બહુમાનજલૌઘનં, શુચિમનાઃસ્નપયામિ વિશુદ્ધયે. ૧

સ્નાત્ર કરતાં જગદ્‌ગુરુ શરીરે, સકલદેવે વિમલ કળશ નીરે;
આપણાં કર્મમલ દૂર કીધાં, તેણે તે વિબુધ ગ્રંથે પ્રસિદ્ધા. ૨

હર્ષ ધરી અપ્સરાવૃંદ આવે, સ્નાત્ર કરી એમ આશિષ પાવે;
જિહાં લગે સુરગિરિ જંબુદીવો, અમતણા નાથ દેવાધિદેવો. ૩

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે જિનેન્દ્રાય, સિદ્ધપદ પ્રાપણાય,**
**અષ્ટદ્રવ્યાણિ યજામહે સ્વાહા.**

(ઇતિ દ્વિતીય શ્રી સિદ્ધપદ પૂજા સમાપ્ત)

## ॥ अथ तृतीय श्री आचार्यपद पूजा प्रारंभ ॥

(નમોऽર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

(કાવ્યમ્–ઇંદ્રવજ્રાવૃત્તમ્)

**સૂરીણ દૂરીકયકુગ્ગહાણં, નમો નમો સૂરસમપ્પહાણં.**

(ભુજંગપ્રયાતવૃત્તમ્)

નમું સૂરિરાજા, સદા તત્ત્વતાજા,
જિનેંદ્રાગમે પ્રૌઢ સામ્રાજ્ય ભાજા;
ષટ્‌વર્ગ વર્ગિત ગુણે શોભમાના,
પંચાચારને પાલવે સાવધાના. ૧

ભવિ પ્રાણીને દેશના દેશ કાળે,
સદા અપ્રમત્તા યથાસૂત્ર આલે;
જિકે શાસનાધાર દિગ્દંતિકલ્પા,
જગે તે ચિરંજીવજો શુદ્ધ જલ્પા. ૨

**(ઢાળ-ઉલાલાની દેશી)**

આચારજ મુનિપતિ ગણિ, ગુણ છત્રીશી ધામોજી;
ચિદાનંદ રસ સ્વાદતા, પરભાવે નિઃકામોજી. ૧

નિઃકામ નિર્મળ શુદ્ધ ચિદ્‌ઘન, સાધ્ય નિજ નિરધારથી;
નિજ જ્ઞાન દર્શન ચરણ વીરજ, સાધના વ્યાપારથી;
ભવિજીવ-બોધક તત્ત્વશોધક, સયલ ગુણ સંપત્તિધરા;
સંવર સમાધિ ગતઉપાધિ, દુવિધ તપગુણ આગરા. ૨



**(પૂજા. ઢાળ–શ્રીપાળના રાસની)**

પંચ આચાર જે સુધા પાળે, મારગ ભાખે સાચો;
તે આચારજ નમિયે તેહશું, પ્રેમ કરીને જાચો રે.
ભવિકા, સિદ્ધચક્ર પદ વંદો. ૧૧

વર છત્રીશ ગુણે કરી સોહે, યુગપ્રધાન જન મોહે;
જગબોહે ન રહે ખિણ કોહે, સૂરિ નમું તે જોહે રે.
ભવિકા, સિ૦ ૧૨

નિત્ય અપ્રમત્ત ધર્મ ઉવએસે, નહિ વિકથા ન કષાય;
જેહને તે આચારજ નમિયે, અકલુષ અમલ અમાય રે.
ભવિકા, સિ૦ ૧૩

જે દિયે સારણ વારણ ચોયણ, પડિચોયણ વળી જનને;
પટધારી ગચ્છથંભ આચારજ, તે માન્યા મુનિ મનને રે.
ભવિકા, સિ૦ ૧૪

અત્થમિયે જિન સૂરજ કેવળ,-ચંદે જે જગદીવો;
ભુવન-પદારથ-પ્રકટન-પટુ તે, આચારજ ચિરંજીવો રે.
ભવિકા, સિ૦ ૧૫

**(ઢાળ)**

ધ્યાતા આચારજ ભલા, મહામંત્ર શુભધ્યાની રે;
પંચ પ્રસ્થાને આતમા, આચારજ હોય પ્રાણી રે.
વીર જિનેશ્વર ઉપદિશે૦ ૪

(શ્રી આચાર્યપદ કાવ્યમ્-ઇંદ્રવજ્રાવૃત્તમ્)

**નનંસુહં નહિ પીયા ન માયા, જેદંતિ જિવાન્હિ સૂરિસપાયા;**
**તમ્હાહુ તે ચેવ સયા ભજેહ, જં મુખ્ખ સુખ્ખાઇં લહુ લહેહ. ૩**

(કાવ્યમ્—દ્રુતવિલંબિતવૃત્તમ્)

વિમલકેવલભાસનભાસ્કરં, જગતિ જંતુમહોદયકારણં;
જિનવરં બહુમાનજલૌઘનં, શુચિમનાઃસ્નપયામિ વિશુદ્ધયે. ૧

સ્નાત્ર કરતાં જગદ્ગુરુ શરીરે, સકલદેવે વિમલ કળશ નીરે;
આપણાં કર્મમલ દૂર કીધાં, તેણે તે વિબુધ ગ્રંથે પ્રસિદ્ધા. ૨

હર્ષ ધરી અપ્સરાવૃંદ આવે, સ્નાત્ર કરી એમ આશિષ પાવે;
જિહાં લગે સુરગિરિ જંબુદીવો, અમતણા નાથ દેવાધિદેવો. ૩

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,
શ્રીમતે જિનેન્દ્રાય, આચાર્યપદ પ્રાપણાય,
અષ્ટદ્રવ્યાણિ યજામહે સ્વાહા.**

(ઇતિ તૃતીય શ્રી આચાર્યપદ પૂજા સમાપ્ત)

---

## ॥ અથ ચતુર્થ શ્રી ઉપાધ્યાયપદ પૂજા પ્રારંભ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

(કાવ્યમ્—ઇંદ્રવજ્રાવૃત્તમ્)

**સુતત્થવિત્થારણતપ્પરાણં, નમો નમો વાયગ કુંજરાણં.**

(ભુજંગપ્રયાતવૃત્તમ્)

નહીં સૂરિ પણ સૂરિગણને સહાયા,
નમું વાચકા ત્યક્ત મદમોહમાયા;
વળી દ્વાદશાંગાદિ સૂત્રાર્થ દાને,
જિકે સાવધાના નિરુદ્ધાભિમાને. ૧

ધરે પંચને વર્ગ વર્ગિત ગુણૌઘા,
પ્રવાદી દ્વીપોચ્છેદને તુલ્યસિંઘા;



ગણિ ગચ્છ સંધારણે સ્તંભભૂતા,
ઉપાધ્યાય તે વંદિયે ચિત્ પ્રભુતા. ૨

**(ઢાળ—ઉલાલાની દેશી)**

ખંતિજુઆ મુત્તિજુઆ, અજ્જવ મદ્દવ જુત્તાજી,
સચ્ચં સોયં અકિંચણા, તવ સંજમ ગુણરત્તાજી. ૧

જે રમ્યા બ્રહ્મ સુગુત્તિગુત્તા, સમિતિસમિતા શ્રુતધરા,
સ્યાદ્વાદવાદે તત્ત્વવાદક, આત્મપર-વિભજનકરા;
ભવભીરુ સાધન-ધીર શાસન-વહન ધોરી મુનિવરા;
સિદ્ધાંત વાયણ દાન સમરથ, નમો પાઠક પદધરા. ૨

**(પૂજા. ઢાળ—શ્રીપાળના રાસની)**

દ્વાદશ અંગ સજ્ઝાય કરે જે, પારગ ધારગ તાસ;
સૂત્ર અર્થ વિસ્તાર રસિક તે, નમો ઉવજ્ઝાય ઉલ્લાસ રે.
ભવિકા, સિદ્ધચક્ર પદ વંદો. ૧૬

અર્થ સૂત્રને દાન વિભાગે, આચારજ ઉવજ્ઝાય;
ભવ ત્રીજે જે લહે શિવસંપદ્, નમિયે તે સુપસાય રે.
ભવિકા, સિ૦ ૧૭

મૂરખ શિષ્ય નિપાઈ જે પ્રભુ, પાહાણને પલ્લવ આણે;
તે ઉવજ્ઝાય સકલ જન પૂજિત, સૂત્ર અર્થ સવિ જાણે રે.
ભવિકા, સિ૦ ૧૮

રાજકુંવર સરિખા ગણચિંતક, આચારજ પદ યોગ;
જે ઉવજ્ઝાય સદા તે નમતાં, નાવે ભવભય સોગ રે.
ભવિકા, સિ૦ ૧૯

બાવનાચંદન રસ સમ વયણે, અહિત તાપ સવિ ટાળે;
તે ઉવજ્ઝાય નમીજે જે વળી, જિનશાસન અજુવાળે રે.
ભવિકા, સિ૦ ૨૦

(ઢાળ)

તપ-સજ્ઝાયે રત સદા, દ્વાદશ અંગનો ધ્યાતા રે;
ઉપાધ્યાય તે આતમા, જગબંધવ જગભ્રાતા રે.
વીર જિનેશ્વર ઉપદિશે૦ ૫

(શ્રી ઉપાધ્યાયપદ કાવ્યમ્-ઇંદ્રવજ્રાવૃત્તમ્)

**સુતત્થસંવેગમયં સુએણં, સંનીરખીરામયવિસુએણં;**
**પીનંતિ જે તે ઉવજ્ઝાયરાએ, ઝાએહ નિચ્ચંપિ કયપ્પસાએ. ૪**

(કાવ્યમ્—દ્રુતવિલંબિતવૃત્તમ્)

વિમલકેવલભાસનભાસ્કરં, જગતિ જંતુમહોદયકારણં;
જિનવરં બહુમાનજલૌઘનં, શુચિમનાઃસ્નપયામિ વિશુદ્ધયે. ૧
સ્નાત્ર કરતાં જગદ્‌ગુરુ શરીરે, સકલદેવે વિમલ કળશ નીરે;
આપણાં કર્મમલ દૂર કીધાં, તેણે તે વિબુધ ગ્રંથે પ્રસિદ્ધા. ૨
હર્ષ ધરી અપ્સરાવૃંદ આવે, સ્નાત્ર કરી એમ આશિષ પાવે;
જિહાં લગે સુરગિરિ જંબુદીવો, અમતણા નાથ દેવાધિદેવો. ૩

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે જિનેન્દ્રાય, ઉપાધ્યાયપદ પ્રાપણાય,**
**અષ્ટદ્રવ્યાણિ યજામહે સ્વાહા.**

(ઇતિ ચતુર્થ શ્રી ઉપાધ્યાયપદ પૂજા સમાપ્ત)



## ॥ अथ पंचम श्री मुनिपद पूजा प्रारंभ ॥

(નમોઽર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

(કાવ્યમ્ ઇંદ્રવજ્રાવૃત્તમ્)

**સાહૂણ સંસાહિઅ સંજમાણં, નમો નમો સુદ્ધદયાદમાણં.**

(ભુજંગપ્રયાતવૃત્તમ્)

કરે સેવના સૂરિ વાયગ ગણિની,
કરું વર્ણના તેહની શી મુણિની;
સમેતા સદા પંચ સમિતિ ત્રિગુપ્તા,
ત્રિગુપ્તે નહીં કામભોગેષુ લિપ્તા. ૧
વળી બાહ્ય અભ્યંતર ગ્રંથિ ટાળી,
હોયે મુક્તિને યોગ્ય ચારિત્ર પાળી;
શુભાષ્ટાંગ યોગે રમે ચિત્ત વાળી,
નમું સાધુને તેહ નિજ પાપ ટાળી. ૨

**(ઢાળ-ઉલાલાની દેશી)**

સકલ વિષય વિષ વારીને, નિઃકામી નિઃસંગીજી;
ભવ દવ તાપ શમાવતા, આતમ સાધન રંગીજી. ૧
જે રમ્યા શુદ્ધ સ્વરૂપ રમણે, દેહ નિર્મમ નિર્મદા,
કાઉસગ્ગ મુદ્રા ધીર આસન, ધ્યાન અભ્યાસી સદા;
તપ તેજ દીપે કર્મ ઝીપે, નૈવ છીપે પરભણી,
મુનિરાજ કરુણાસિંધુ ત્રિભુવન,-બંધુ પ્રણમું હિત ભણી. ૨

**(પૂજા. ઢાળ—શ્રીપાળના રાસની)**

જેમ તરુફૂલે ભમરો બેસે, પીડા તસ ન ઉપાવે;
લેઈ રસ આતમ સંતોષે, તેમ મુનિ ગોચરી જાવે રે.
ભવિકા, સિદ્ધચક્ર પદ વંદો. ૨૧

પંચ ઇંદ્રિયને જે નિત્ય ઝીપે, ષટ્કાયક પ્રતિપાલ;
સંયમ સત્તર પ્રકારે આરાધે, વંદું તેહ દયાળ રે. ભ૦૨૨

અઢાર સહસ્સ શીલાંગના ધોરી, અચળ આચાર ચરિત્ર;
મુનિ મહંત જયણાયુત વંદી, કીજે જન્મ પવિત્ર રે. ભ૦૨૩

નવવિધ બ્રહ્મગુપ્તિ જે પાળે, બારસવિહ તપશૂરા;
એહવા મુનિ નમિયે જો પ્રગટે, પૂરવ પુણ્ય અંકૂરા રે. ભ૦૨૪

સોનાતણી પરે પરીક્ષા દીસે, દિનદિન ચઢતે વાને;
સંજમ ખપ કરતા મુનિ નમિયે, દેશ કાળ અનુમાને રે. ભ૦૨૫

**(ઢાળ)**

અપ્રમત્ત જે નિત્ય રહે, નવિ હરખે નવિ શોચે રે;
સાધુ સુધા તે આતમા, શું મૂંડે શું લોચે રે.
વીર જિનેશ્વર ઉપદિશે૦ ૧

(શ્રી મુનિપદ કાવ્યમ્-ઇંદ્રવજ્રાવૃત્તમ્)

**ખંતેય દંતેય સુગુત્તિગુત્તો, મુત્તેય સંતે ગુણજોગજુત્તો;**
**ગયપ્પમાએ ગયમોહમાએ, ઝાએહ નિચ્ચં મુણિરાયપાએ. ૫**

(કાવ્યમ્—દ્રુતવિલંબિતવૃત્તમ્)

વિમલકેવલભાસનભાસ્કરં, જગતિ જંતુમહોદયકારણં;
જિનવરં બહુમાનજલૌઘનં, શુચિમનાઃસ્નપયામિ વિશુદ્ધયે. ૧

સ્નાત્ર કરતાં જગદ્ગુરુ શરીરે, સકલદેવે વિમલ કળશ નીરે;
આપણાં કર્મમલ દૂર કીધાં, તેણે તે વિબુધ ગ્રંથે પ્રસિદ્ધા. ૨

હર્ષ ધરી અપ્સરાવૃંદ આવે, સ્નાત્ર કરી એમ આશિષ પાવે;
જિહાં લગે સુરગિરિ જંબુદીવો, અમતણા નાથ દેવાધિદેવો. ૩



(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે જિનેન્દ્રાય, મુનિપદ પ્રાપણાય,**
**અષ્ટદ્રવ્યાણિ યજામહે સ્વાહા.**

(ઇતિ પંચમ શ્રી મુનિપદ પૂજા સમાપ્ત)

---

## ॥ અથ ષષ્ઠ શ્રી સમ્યગ્દર્શનપદ પૂજા પ્રારંભ ॥

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

(કાવ્યમ્—ઇંદ્રવજ્રાવૃત્તમ્)

**જિણુત્તતત્તે રૂઇલખ્ખણસ્સ, નમો નમો નિમ્મલદંસણસ્સ.**

(ભુજંગપ્રયાતવૃત્તમ્)

વિપર્યાસ હઠવાસનારૂપ મિથ્યા,
ટળે જે અનાદિ અછે જેમ પથ્યા;
જિનોક્તે હોયે સહજથી શ્રદ્ધાનં,
કહિયે દર્શનં તેહ પરમં નિધાનં. ૧

વિના જેહથી જ્ઞાન અજ્ઞાનરૂપં,
ચરિત્રં વિચિત્રં ભવારણ્યકૂપં;
પ્રકૃતિ સાતને ઉપશમે ક્ષય તે હોવે,
તિહાં આપરૂપે સદા આપ જોવે. ૨

**(ઢાળ—ઉલાલાની દેશી)**

સમ્યગ્દર્શન ગુણ નમો, તત્ત્વ પ્રતીત સ્વરૂપો જી;
જસુ નિરધાર સ્વભાવ છે, ચેતન ગુણ એ અરૂપો જી. ૧

જે અનુપ શ્રદ્ધા ધર્મ પ્રગટે, સયલ પર ઈહા ટળે,
નિજ શુદ્ધ સત્તા પ્રગટ અનુભવ,-કરણ રુચિતા ઉચ્છળે;
બહુમાન પરિણતિ વસ્તુતત્ત્વે, અહવ તસુ કારણપણે,
નિજ સાધ્ય દૃષ્ટે સર્વ કરણી, તત્ત્વતા સંપત્તિ ગણે. ૨

**(પૂજા. ઢાળ—શ્રીપાલના રાસની)**

શુદ્ધ દેવ ગુરુ ધર્મ પરીક્ષા, સદ્દહણા પરિણામ;
જેહ પામીજે તેહ નમીજે, સમ્યગ્દર્શન નામ રે.
ભવિકા, સિદ્ધચક્ર પદ વંદો. ૨૬

મલ ઉપશમ ક્ષય-ઉપશમ ક્ષયથી, જે હોય ત્રિવિધ અભંગ;
સમ્યગ્દર્શન તેહ નમીજે, જિન ધર્મે દૃઢ રંગ રે. ભ૦ ૨૭

પંચ વાર ઉપશમિય લહીજે, ક્ષય-ઉપશમિય અસંખ;
એક વાર ક્ષાયિક તે સમકિત; દર્શન નમિયે અસંખ રે. ભ૦૨૮

જે વિણ નાણ પ્રમાણ ન હોવે, ચારિત્ર તરુ નવિ ફળીઓ;
સુખ નિર્વાણ ન જે વિણ લહીએ, સમકિત દર્શન બળીઓ રે. ભ૦૨૯

સડસઠ્ઠ બોલે જે અલંકરીઓ, જ્ઞાન ચારિત્રનું મૂળ;
સમકિત દર્શન તે નિત્ય પ્રણમું, શિવપંથનું અનુકૂળ રે. ભ૦૩૦

**(ઢાળ)**

શમ સંવેગાદિક ગુણા, ક્ષયઉપશમ જે આવે રે;
દર્શન તેહિ જ આતમા, શું હોય નામ ધરાવે રે.
વીર જિનેશ્વર ઉપદિશે૦ ૭

(શ્રી સમ્યગ્દર્શનપદ કાવ્યમ્-ઇંદ્રવજ્રાવૃત્તમ્)

**જં દવત્થિકાયેસુ સદ્દહાણં, તં દંસણં સવ્વગુણપ્પહાણં;**
**કુગ્ગહિ વાહી ઉવયંતિ જેણં, જહા વિધેણ રસાયણેણં. ૬**



(કાવ્યમ્—દ્રુતવિલંબિતવૃત્તમ્)

વિમલકેવલભાસનભાસ્કરં, જગતિ જંતુમહોદયકારણં;
જિનવરં બહુમાનજલૌઘનં, શુચિમનાઃસ્નપયામિ વિશુદ્ધયે. ૧

સ્નાત્ર કરતાં જગદ્ગુરુ શરીરે, સકલદેવે વિમલ કળશ નીરે;
આપણાં કર્મમલ દૂર કીધાં, તેણે તે વિબુધ ગ્રંથે પ્રસિદ્ધા. ૨

હર્ષ ધરી અપ્સરાવૃંદ આવે, સ્નાત્ર કરી એમ આશિષ પાવે;
જિહાં લગે સુરગિરિ જંબુદીવો, અમતણા નાથ દેવાધિદેવો. ૩

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે જિનેન્દ્રાય, સમ્યક્દર્શનપદ પ્રાપણાય,**
**અષ્ટદ્રવ્યાણિ યજામહે સ્વાહા.**

(ઇતિ ષષ્ઠ શ્રી સમ્યક્દર્શનપદ પૂજા સમાપ્ત)

---

## ।। अथ सप्तम श्री सम्यग्ज्ञान पद पूजा प्रारंभ ।।

(નમોऽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

(કાવ્યમ્—ઇંદ્રવજ્રાવૃત્તમ્)

**અન્નાણ સંમોહતમોહરસ્સ નમો નમો નાણદિવાયરસ્સ.**

(ભુજંગપ્રયાતવૃત્તમ્)

હોયે જેહથી જ્ઞાન શુદ્ધ પ્રબોધે,
યથાવર્ણ નાસે વિચિત્રાવબોધે;
તેણે જાણિયે વસ્તુ ષડ્દ્રવ્યભાવા,
ન હુયે વિતત્થા નિજેચ્છા સ્વભાવા. ૧

હોયે પંચ મત્યાદિ સુજ્ઞાન ભેદે,
ગુરૂપાસ્તિથી યોગ્યતા તેહ વેદે;
વળી જ્ઞેય હેય ઉપાદેય રૂપે,
લહે ચિત્તમાં જેમ ધ્વાંત પ્રદીપે. ૨

**(ઢાળ–ઉલાલાની દેશી)**

ભવ્ય નમો ગુણ જ્ઞાનને, સ્વપર પ્રકાશક ભાવે જી;
પરજય ધર્મ અનંતતા, ભેદાભેદ સ્વભાવે જી. ૧
જે મુખ્ય પરિણતિ સકલ જ્ઞાયક, બોધ ભાવ વિલચ્છના,
મતિ આદિ પંચ પ્રકાર નિર્મળ, સિદ્ધ સાધન લચ્છના;
સ્યાદ્વાદસંગી તત્ત્વરંગી, પ્રથમ ભેદાભેદતા,
સવિકલ્પ ને અવિકલ્પ વસ્તુ, સકલ સંશય છેદતા. ૨

**(પૂજા. ઢાળ–શ્રીપાળના રાસની)**

ભક્ષ્યાભક્ષ્ય ન જે વિણ લહીયે, પેય-અપેય-વિચાર;
કૃત્ય અકૃત્ય ન જે વિણ લહીયે, જ્ઞાન તે સકલ આધાર રે.
ભવિકા, સિદ્ધચક્ર પદ વંદો. ૩૧

પ્રથમ જ્ઞાન ને પછી અહિંસા, શ્રી સિદ્ધાંતે ભાખ્યું;
જ્ઞાનને વંદો જ્ઞાન મ નિંદો, જ્ઞાનીએ શિવસુખ ચાખ્યું રે. ભ૦૩૨

સકલ ક્રિયાનું મૂળ જે શ્રદ્ધા, તેહનું મૂળ જે કહિયે;
તેહ જ્ઞાન નિત નિત વંદીજે, તે વિણ કહો કેમ રહિયે રે. ભ૦૩૩

પંચ જ્ઞાનમાંહી જેહ સદાગમ, સ્વપરપ્રકાશક જેહ;
દીપક પરે ત્રિભુવન-ઉપકારી, વળી જેમ રવિ શશિ મેહ રે. ભ૦૩૪



લોક ઊર્ધ્વ અધો તિર્યગ્ જ્યોતિષ, વૈમાનિક ને સિદ્ધ;
લોકાલોક પ્રગટ સવિ જેહથી, તેહ જ્ઞાને મુજ શુદ્ધિ રે. ભ૦૩૫

**(ઢાળ)**

જ્ઞાનાવરણી જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાય રે;
તો હુએ એહિજ આતમા, જ્ઞાનઅબોધતા જાય રે.
વીર જિનેશ્વર ઉપદિશે૦ ૮

(શ્રી સમ્યગ્જ્ઞાનપદ કાવ્યમ્)

(ઇંદ્રવજ્રાવૃત્તમ્)

**નાણં પહાણં નયચક્કસિદ્ધં, તતવ્વબોહિક્કમયં પસિદ્ધં;**
**ધરેહ ચિત્તાવસએ ફુરંતં, માણિક્કદીઓ વ તમોહરંતં. ૭**

(કાવ્યમ્–દ્રુતવિલંબિતવૃત્તમ્)

વિમલકેવલભાસનભાસ્કરં, જગતિ જંતુમહોદયકારણં;
જિનવરં બહુમાનજલૌઘનં, શુચિમનાઃસ્નપયામિ વિશુદ્ધયે. ૧
સ્નાત્ર કરતાં જગદ્ગુરુ શરીરે, સકલદેવે વિમલ કળશ નીરે;
આપણાં કર્મમલ દૂર કીધાં, તેણે તે વિબુધ ગ્રંથે પ્રસિદ્ધા. ૨
હર્ષ ધરી અપ્સરાવૃંદ આવે, સ્નાત્ર કરી એમ આશિષ પાવે;
જિહાં લગે સુરગિરિ જંબુદીવો, અમતણા નાથ દેવાધિદેવો. ૩

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે જિનેન્દ્રાય, સમ્યક્જ્ઞાનપદ પ્રાપણાય,**
**અષ્ટદ્રવ્યાણિ યજામહે સ્વાહા.**

(ઇતિ સપ્તમ શ્રી સમ્યગ્જ્ઞાનપદ પૂજા સમાપ્ત)

## ॥ अथ अष्टम श्री चारित्रपद पूजा प्रारंभ ॥

(નમોऽર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

(કાવ્યમ્ – ઇંદ્રવજ્રાવૃત્તમ્)

**આરાહિઅખંડિઅ સક્કિઅસ્સ, નમો નમો સંજમવીરિઅસ્સ.**

(ભુજંગપ્રયાતવૃત્તમ્)

વળી જ્ઞાન ફળ ચરણ ધરીએ સુરંગે,
નિરાશંસતા દ્વારરોધ પ્રસંગે,
ભવાંભોધિ સંતારણે યાનતુલ્યં,
ધરું તેહ ચારિત્ર અપ્રાપ્ત મૂલ્યં. ૧

હોયે જાસ મહિમાથકી રંક રાજા,
વળી દ્વાદશાંગી ભણી હોય તાજા;
વળી પાપ રૂપોપિ નિઃપાપ થાય,
થઈ સિદ્ધ તે કર્મને પાર જાય. ૨

**(ઢાળ-ઉલાલાની દેશી)**

ચારિત્રગુણ વળી વળી નમો, તત્ત્વરમણ જસુ મૂલોજી;
પરરમણીયપણું ટળે, સકલ સિદ્ધિ અનુકૂલોજી. ૧

પ્રતિકૂળ-આસ્રવ-ત્યાગ સંયમ, તત્ત્વથિરતા દમમયી,
શુચિ પરમ ખંતિ મુત્તિ દશ પદ, પંચ સંવર ઉપચઈ;
સામાયિકાદિક ભેદ ધર્મે, યથાખ્યાતે પૂર્ણતા;
અકષાય અકલુષ અમલ ઉજ્જ્વલ, કામકશ્મલ-ચૂર્ણતા. ૨

**(પૂજા. ઢાળ – શ્રીપાળના રાસની)**

દેશવિરતિ ને સર્વવિરતિ જે, ગૃહી યતિને અભિરામ;
તે ચારિત્ર જગત જયવંતું, કીજે તાસ પ્રણામ રે.
ભવિકા, સિદ્ધચક્ર પદ વંદો. ૩૬



તૃણપરે જે ષટ્‌ખંડ સુખ છંડી, ચક્રવર્તી પણ વરીયો;
તે ચારિત્ર અક્ષયસુખ કારણ, તે મેં મનમાંહે ધરીયો રે. ભ૦૩૭

હુઆ રાંક પણ જેહ આદરી, પૂજિત ઇંદ્ર નરિંદે;
અશરણ-શરણ ચરણ તે વંદું, પૂર્યું જ્ઞાન આનંદે રે. ભ૦૩૮

બાર માસ પર્યાયે જેહને, અનુત્તર સુખ અતિક્રમિયે;
શુક્લ શુક્લ અભિજાત્ય તે ઉપરે, તે ચારિત્રને નમિયે રે. ભ૦૩૯

ચય તે આઠ કરમનો સંચય, રિક્ત કરે જે તેહ;
ચારિત્ર નામ નિરૂત્તે ભાખ્યું, વંદું તે ગુણગેહ રે. ભ૦૪૦

**(ઢાળ)**

જાણ ચારિત્ર તે આતમા, નિજ સ્વભાવમાં રમતો રે,
લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહવને નવિ ભમતો રે.
વીર જિનેશ્વર ઉપદિશે૦ ૯

(શ્રી ચારિત્રપદ કાવ્યમ્)

(ઇંદ્રવજ્રાવૃત્તમ્)

**સુસંવરં મોહનિરોધસારં, પંચપ્પયારં વિગમાઇયારં;**
**મૂલોત્તરાણેગગુણં પવિત્તં, પાલેહ નિચ્ચંપિ હુ સચ્ચરિત્તં. ૮**

(કાવ્યમ્—દ્રુતવિલંબિતવૃત્તમ્)

વિમલકેવલભાસનભાસ્કરં, જગતિ જંતુમહોદયકારણં;
જિનવરં બહુમાનજલૌઘનં, શુચિમનાઃસ્નપયામિ વિશુદ્ધયે. ૧

સ્નાત્ર કરતાં જગદ્‌ગુરુ શરીરે, સકલદેવે વિમલ કળશ નીરે;
આપણાં કર્મમલ દૂર કીધાં, તેણે તે વિબુધ ગ્રંથે પ્રસિદ્ધા. ૨

હર્ષ ધરી અપ્સરાવૃંદ આવે, સ્નાત્ર કરી એમ આશિષ પાવે;
જિહાં લગે સુરગિરિ જંબુદીવો, અમતણા નાથ દેવાધિદેવો. ૩

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે જિનેન્દ્રાય, ચારિત્રપદ પ્રાપણાય,**
**અષ્ટદ્રવ્યાણિ યજામહે સ્વાહા.**

(ઇતિ અષ્ટમ શ્રી ચારિત્રપદ પૂજા સમાપ્ત)

---

## ।। अथ नवम श्री तपपद पूजा प्रारंभ ।।

(નમોઽર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

(કાવ્યમ્ – ઇંદ્રવજ્રાવૃત્તમ્)

**કમ્મદુમોમ્મૂલણકુંજરસ્સ, નમો નમો તિવ્વતવોભરસ્સ.**

(માલિની વૃત્તમ્)

ઇય નવપયસિદ્ધં, લદ્ધિવિજ્ઝાસમિદ્ધં,
પયડિયસુરવગ્ગં, હ્રીઁતિરેહાસમગ્ગં;
દિસવઈસુરસારં, ખોણિપીઢાવયારં,
તિજગવિજયચક્કં, સિદ્ધચક્કં નમામિ. ૧

(ભુજંગપ્રયાતવૃત્તમ્)

ત્રિકાલિકપણે કર્મ કષાય ટાળે,
નિકાચિતપણે બાંધીયાં તેહ બાળે;
કહ્યું તેહ તપ બાહ્ય અંતર દુભેદે,
ક્ષમાયુક્ત નિર્હેતુ દુર્ધ્યાન છેદે. ૧

હોયે જાસ મહિમાથકી લબ્ધિ સિદ્ધિ,
અવાંછકપણે કર્મ આવરણ શુદ્ધિ;
તપો તેહ તપ જે મહાનંદ હેતે,
હોયે સિદ્ધિસીમંતિની જિમ સંકેતે. ૨



ઇસ્યા નવપદ ધ્યાનને જેહ ધ્યાવે,
સદાનંદ ચિદ્રૂપતા તેહ પાવે;
વળી જ્ઞાનવિમલાદિ ગુણરત્નધામા,
નમું તે સદા સિદ્ધચક્ર પ્રધાના. ૩

(માલિની વૃત્તમ્)

ઇમ નવપદ ધ્યાવે, પરમ આનંદ પાવે,
નવ ભવ શિવ જાવે, દેવ નરભવ પાવે;
જ્ઞાનવિમલ ગુણ ગાવે, સિદ્ધચક્રપ્રભાવે,
સવિ દુરિત સમાવે, વિશ્વ જયકાર પાવે. ૪

**(ઢાળ – ઉલાલાની દેશી)**

ઇચ્છારોધન તપ નમો, બાહ્ય અભ્યંતર ભેદે જી,
આતમસત્તા એકતા, પરપરિણતિ ઉચ્છેદે જી. ૧

ઉચ્છેદ કર્મ અનાદિ સંતતિ, જેહ સિદ્ધપણું વરે,
યોગ સંગે આહાર ટાળી, ભાવ અક્રિયતા કરે;
અંતરમુહૂરત તત્ત્વ સાધે, સર્વ સંવરતા કરી,
નિજ આત્મસત્તા પ્રગટ ભાવે, કરો તપ ગુણ આદરી. ૨

**(ઢાળ – ઉલાલાની દેશી)**

એમ નવપદ ગુણ મંડલં, ચઉનિક્ષેપ પ્રમાણે જી;
સાત નયે જે આદરે, સમ્યગ્‌જ્ઞાને જાણે જી. ૩

નિર્ધાર સેતી ગુણી ગુણનો, કરે જે બહુમાન એ,
તસુ કરણ ઈહા તત્ત્વરમણે, થાય નિર્મળ ધ્યાન એ;
એમ શુદ્ધ સત્તા ભળ્યો ચેતન, સકળ સિદ્ધિ અનુસરે,
અક્ષય અનંત મહંત ચિદ્‌ઘન, પરમ આનંદતા વરે. ૪

(પૂજા. ઢાળ—શ્રીપાળના રાસની)

જાણંતા ત્રિહું જ્ઞાને સંયુત, તે ભવ મુક્તિ જિણંદ;
જેહ આદરે કર્મ ખપેવા, તે તપ શિવતરુ કંદ રે.
ભવિકા, સિદ્ધચક્ર પદ વંદો૦ ૪૧

કર્મ નિકાચિત પણ ક્ષય જાયે, ક્ષમા સહિત જે કરતાં;
તે તપ નમિયે જેહ દીપાવે, જિનશાસન ઉજમંતાં રે. ભ૦૪૨

આમોસહિ પમુહા બહુ લબ્ધિ, હોવે જાસ પ્રભાવે;
અષ્ટ મહાસિદ્ધિ નવ નિધિ પ્રગટે, નમિયે તે તપ ભાવે રે. ભ૦૪૩

ફળ શિવસુખ મોટું સુર નરવર-સંપત્તિ જેહનું ફૂલ;
તે તપ સુરતરુ સરિખો વંદું, સમ મકરંદ અમૂલ રે. ભ૦૪૪

સર્વ મંગળમાં પહેલું મંગળ, વરણવીએ જે ગ્રંથે;
તે તપપદ ત્રિહું કાળ નમીજે, વર સહાય શિવપંથે રે. ભ૦૪૫

એમ નવપદ થુણતો તિહાં લીનો, હુઓ તન્મય શ્રીપાળ;
સુજસ વિલાસે ચોથે ખંડે, એહ અગ્યારમી ઢાળ રે. ભ૦૪૬

(ઢાળ)

ઇચ્છારોધે સંવરી, પરિણતિ સમતા યોગે રે;
તપ તે એહિ જ આતમા, વર્તે નિજ ગુણ ભોગે રે.
વીર જિનેશ્વર ઉપદિશે૦ ૧૦

આગમ નોઆગમતણો, ભાવ તે જાણો સાચો રે;
આતમભાવે થિર હોજો, પરભાવે મત રાચો રે. વી૦૧૧

અષ્ટક સકલ સમૃદ્ધિની, ઘટમાંહે ઋદ્ધિ દાખી રે;
તેમ નવપદ ઋદ્ધિ જાણજો, આતમરામ છે સાખી રે. વી૦૧૨



યોગ અસંખ્ય છે જિન કહ્યા, નવપદ મુખ્ય તે જાણો રે;
એહતણે અવલંબને, આતમધ્યાન પ્રમાણો રે. વી૦૧૩

ઢાળ બારમી એહવી, ચોથે ખંડે પૂરી રે;
વાણી વાચક જસતણી, કોઈ નયે ન અધૂરી રે. વી૦૧૪

(શ્રી તપપદ કાવ્યમ્)

(ઇંદ્રવજાવૃત્તમ્)

**બજ્ઝં તહાબ્ભિંતરભેયમેયં, કષાય દુજ્ઝેય કુકમ્મભેયં;**
**દુખ્ખખ્ખયત્થે કયપાવનાસં, તવેણ દાહાગમયં નિરાસં. ૯**

(કાવ્યમ્—દ્રુતવિલંબિતવૃત્તમ્)

વિમલકેવલભાસનભાસ્કરં, જગતિ જંતુમહોદયકારણં;
જિનવરં બહુમાનજલૌઘનં, શુચિમનાઃસ્નપયામિ વિશુદ્ધયે. ૧

સ્નાત્ર કરતાં જગદ્‌ગુરુ શરીરે, સકલદેવે વિમલ કળશ નીરે;
આપણાં કર્મમલ દૂર કીધાં, તેણે તે વિબુધ ગ્રંથે પ્રસિદ્ધા. ૨

હર્ષ ધરી અપ્સરાવૃંદ આવે, સ્નાત્ર કરી એમ આશિષ પાવે;
જિહાં લગે સુરગિરિ જંબુદીવો, અમતણા નાથ દેવાધિદેવો. ૩

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,**
**શ્રીમતે જિનેન્દ્રાય, તપપદ પ્રાપણાય,**
**અષ્ટદ્રવ્યાણિ યજામહે સ્વાહા.**

(ઇતિ નવમ શ્રી તપપદ પૂજા સમાપ્ત)

---

## અથ કળશ

ઇય સયલ સુખકર ગુણપુરંદર, સિદ્ધચક્ર પદાવલી,
સવિ લબ્ધિ વિદ્યા સિદ્ધિમંદિર, ભવિક પૂજો મનરૂલી;

ઉવજ્ઝાયવર શ્રી રાજસાગર, જ્ઞાનધર્મ સુરાજતા;
ગુરુ દીપચંદ સુચરણ સેવક દેવચંદ સુશોભતા. ૧
(ઇતિ શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય કૃત નવપદપૂજા સમાપ્ત)

---

## આરતી

જયદેવ જયદેવ, જય પંચ પરમ પદ સ્વામી,
પ્રભુ પંચ પરમ પદ સ્વામી;
મોહાદિક હણ્યાથી (૨), અનંત ગુણધામી. જયદેવ જયદેવ૦૧

લોકાલોક પ્રકાશક, સૂર્ય પ્રગટ જ્ઞાની, (પ્રભુ સૂર્ય૦ ૨)
આરતી કરી જીવ પામે (૨), શિવપદ સુખખાણી. જયદેવ જયદેવ૦૨

પહેલી આરતી પ્રભુની, જિજ્ઞાસુ કરતા; (પ્રભુ જિજ્ઞાસુ૦ ૨)
નિજપદ લક્ષ લહીને (૨), મિથ્યામતિ હરતા. જયદેવ જયદેવ૦૩

બીજી આરતી પ્રભુની, સમકિતી કરતા. (પ્રભુ સમકિતી૦ ૨)
પ્રભુ સમ નિજ ચિદ્રૂપને (૨), અંતર અનુભવતા. જયદેવ જયદેવ૦ ૪

ત્રીજી આરતી પ્રભુની, શાંત સુધા ઝરતા, (પ્રભુ શાંત૦ ૨)
રત્નત્રય ઉજ્જ્વલથી (૨), ધર્મ ધ્યાન ધરતા. જયદેવ જયદેવ૦૫

ચોથી આરતી પ્રભુની, શ્રેણિ ક્ષપક ચડતા, (પ્રભુ શ્રેણિ૦ ૨)
શુક્લધ્યાન વર યોગે (૨), મોહ શત્રુ હણતા. જયદેવ જયદેવ૦૬

પંચમી આરતી પ્રભુની, કેવલ શ્રી વરતા. (પ્રભુ કેવલ૦ ૨)
ધન્ય ધન્ય સહજાત્મા (૨), સિદ્ધિ સદન વસતા. જયદેવ જયદેવ૦૭

શુદ્ધ ચિદાત્મની આરતી, આત્માર્થી કરતા, (પ્રભુ આત્માર્થી૦ ૨)
શ્રી ગુરુરાજ કૃપાથી (૨), ભવજલધિ તરતા. જયદેવ જયદેવ.૮

---



## મંગળ દીવો

ચારો મંગળ ચાર, આજ ઘેર પ્રભુજી પધાર્યા.
પહેલે મંગળ પ્રભુજીને પૂજું, ઘસી કેસર ઘનસાર.
આજ ઘેર પ્રભુજી પધાર્યા.

બીજે મંગળ અગર ઉખેવું, કંઠ ઠવું ફૂલહાર.
આજ ઘેર પ્રભુજી પધાર્યા.

ત્રીજે મંગળ આરતી ઉતારું, ઘંટ બજાવું રણકાર.
આજ ઘેર પ્રભુજી પધાર્યા.

ચોથે મંગળ પ્રભુ ગુણ ગાઉં, નાચું થેઈ થેઈકાર.
આજ ઘેર પ્રભુજી પધાર્યા.

રૂપચંદ કહે નાથ નિરંજન, ચરણકમળ બલિહાર,
આજ ઘેર પ્રભુજી પધાર્યા.

---

શ્રી ધનવિજયજી કૃત

# ૮. શ્રી બાર ભાવનાની પૂજા

(તેર જણે અથવા એક જણે તમામ પૂજામાં અષ્ટ દ્રવ્ય લઈ ઊભા રહેવું. દરેક પૂજા પૂરી થયે કાવ્ય મંત્ર બોલી અષ્ટ દ્રવ્ય ચઢાવવાં. અષ્ટ દ્રવ્યનાં નામ—ન્હવણ, વિલેપન, પુષ્પ, ધૂપ, દીપ, અક્ષત, નૈવેદ્ય અને ફળ.)

## ।। अथ प्रथम पूजा प्रारंभ ।।

**(અનિત્ય ભાવના)**

(નમોઽર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

કુમતિ તિમિર દલ ખંડવા, હરવા મોહ અન્નાણ;
શાસનનાયક જગ જયો, વર્દ્ધમાન જિનભાણ. ૧
કર્મ-લતા-વિતાન ગહન, પ્રસર્યો મોહ અંધાર;
ભમતા ભવિ ભવ-કાનને, જગગુરુ તારણહાર. ૨
ભાવી આતમભાવના, પામી કેવલનાણ;
બેસી કનક સિંહાસને, એણી પરે કરે વખાણ. ૩
દાન શિયલ તપ ભાવના, ધર્મના ચાર પ્રકાર;
તેમાં પણ ભવિ દાખિયો, ભાવ વડો સંસાર. ૪
ભાવના ભવદુઃખનાશિની, ભાવના સમકિતમૂલ;
ધર્મવૃક્ષને સિંચવા, ભાવના વારિ અમૂલ. ૫
ભાવે ભરતેસર તર્યો, ભાવે તર્યો ભુજંગ;
ભાવે લંકાપતિ તર્યો, ભાવે તર્યો કુરંગ. ૬



દાન શિયલ તપ નવિ હુએ, તો નિજ શક્તિ વિચાર;
કપટ રહિત ભવિ ભાવિયે, તો તરિયે સંસાર. ૭
દંત વિનાનો ચાવવો, ગુરુ વિનાનો જ્ઞાન;
મન વિનાનો મેળ જ્યું, વિના ભાવના ધ્યાન. ૮
ભાવ વિના તે જાણીએ, દાનાદિક શુભ ઠાણ;
રસ સ્વાદ ફલ નવિ દીએ, જેમ અલૂણું ધાન. ૯
આત્મભાવના ભાવીને, પામ્યા જ્ઞાયક ઠાય;
તસુ પદપદ્મની પૂજના, કીજે ભવિ સુખદાય. ૧૦
દુગ તિગ અડ પણ ભેદથી, પૂજા અનેક પ્રકાર;
ભાવપૂજા અધિકી કહી, મહાનિશીથ મઝાર. ૧૧
તિણ કારણ પૂજા રચું, ભાવના રસ સમુદાય;
પૂજા કરતાં પૂજ્યની, પૂજ્ય તે પોતે થાય. ૧૨
અડવિધ વસ્તુ મેળવી, પૂજાદીઠ ઉદાર;
ભાવી પૂજા ભાવના, પૂજો જિનપદ સાર. ૧૩

**(ઢાળ)**

(ચંદ્રપ્રભુ મુખચંદ સખી મોયે દેખન દે—એ દેશી)

ચરમ તીર્થપતિ ચંદ્રમા, સખી પૂજન દે,
શિવ સજની વરરાજ, સખી મોયે પૂજન દે;
સાદિ અનંત સુખ લાડલો, સખી પૂજન દે,
તારણ તરણ જિહાજ, સખી મોયે પૂજન દે. ૧

નવણ વિલેપણ પુષ્પથી, સ૦ જિન પુર ધૂપપ્રદીપ; સ૦ મો૦
અક્ષત નૈવેદ્ય ફલ અડવિધે, સ૦ કરી જિનરાજ સમીપ. સ૦ મો૦૨

અનિત્ય ભાવના ભાવીએ, સ૦ પામવા નિત્ય સ્વભાવ; સ૦ મો૦
નિત્ય એક જિન સેવના, સ૦ ભવજલતારણ નાવ. સ૦ મો૦૩

ડાભઅણી જલબિંદુ જ્યું, સ૦ અનિત્યપણું સંસાર; સ૦ મો૦
ઉપની વસ્તુ સવિ કારમી, સ૦ ઇંદ્રધનુષ અનુસાર. સ૦ મો૦૪

ચંચલ ચપલા જેમ જાણીએ, સ૦ તન ધન જોબન રંગ; સ૦ મો૦
ઇંદ્રજાલ જિમ સોહીએ, સ૦ એ કૃત્રિમ સહુ સંગ. સ૦ મો૦૫

સુખ સંપદ્ સંસારની, સ૦ જેવો જલધિ કલ્લોલ; સ૦ મો૦
ઠાર ત્રેહ સંધ્યારંગ સો, સ૦ એ જોબન રંગરોલ. સ૦ મો૦૬

જલતરંગ સો જાણીએ, સ૦ આયુ અથિર સંસાર; સ૦ મો૦
તનુશોભા દેખી કારમી, સ૦ બૂઝ્યો સનત્કુમાર. સ૦ મો૦૭

જિન ચક્રી હરિબલ જિસ્યા, સ૦ થિર ન રહ્યા જગ કોય; સ૦ મો૦
રાય કીર્ત્તિધર સમજિયો, સ૦ સૂર્યગ્રહણને જોય. સ૦ મો૦૮

વૃષભ જરાકુલ દેખકે, સ૦ બૂઝ્યો કરકંડુ ભૂપ; સ૦ મો૦
ભાવી અરણિકાસુત ભાવના, સ૦ કેવલકમલા સ્વરૂપ. સ૦ મો૦૯

પ્રથમ ભાવના ભાવી પૂજીએ, સ૦ ત્રિશલાનંદન વીર; સ૦ મો૦
સૂરિ રાજેન્દ્ર શિવ સેજમાં, સ૦ પોઢે ધન મુનિ ધીર. સ૦ મો૦૧૦

(અથ કાવ્યં)

**સકલમંગલકેલિનિકેતનં, શમદમાદિગુણાવલિમંડનં,**
**વિશદભાવનભાવિનિજાત્મનં, વિમલઅષ્ટવિધિપ્રભુપૂજનં. ૧**



(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે,**
**જન્મજરામૃત્યુ-નિવારણાય શ્રીમતે અર્હતાય,**
**જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા.**

## ॥ અથ દ્વિતીય પૂજા પ્રારંભ ॥

### (અશરણ ભાવના)

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

ભવદીવો ઘટવટ્ટડી, આયુ તેલાધાર;
જમરા પવન ઝકોલ હે, રહત કેતી વાર. ૧

કાલ અચાનક ગલ ગ્રહે, મરણ સમે જિણ વાર;
શરણ એક જિનરાજ વિણ, કોઈ ન રાખણહાર. ૨

એહવી અશરણ ભાવના, ભાવી હૃદય મઝાર;
અષ્ટવિધે પ્રભુ પૂજીએ, જિમ તરીએ સંસાર. ૩

**(ઢાળ)**

(રાગ કાફી—ઝુમખડાની દેશી)

અશરણ ભાવના ભાવીએ રે, બીજી ભવિ સુખકાર;
જિનપદ પૂજીએ રે.

ધર્મ વિના જગ જીવને રે, કોઈ ન રાખણહાર. જિનપદ૦ ૧

માત પિતા સુત બાંધવા રે, નારી કુટુંબ પરિવાર; જિન૦
ટગમગ જોતાં જીવને રે, કાલ કરે સંહાર. જિન૦ ૨

મરણભીતથી જીવડો રે, જો પેસે પાતાલ; જિન૦
ગિરિ દરિ જલધિ વનમાં વસે રે, તોપણ હરે તિહાં કાલ. જિન૦ ૩

હય ગય રથ પાયક ખડાં રે, રાય રાણા કરે સેવ; જિન૦
ચૌદ રત્ન નવ નિધ ધણી રે, કાલે ખાધા દેવ. જિન૦ ૪

કૂડ કપટ કરી મેલવ્યો રે, માલ મુલક ધન રાજ; જિન૦
નંદ જ્યું સોવન ડુંગરી રે, આખર નાવે કાજ. જિન૦ ૫

રાય સુભૂમ ષટ્ ખંડ ધણી રે, બૂડ્યો ચરમ જિહાજ; જિન૦
શરણ ન જાતાં નરકમાં રે, દેવ ગયા સવિ ભાજ. જિન૦ ૬

દ્વિપાયન દહી દ્વારિકા રે, માત પિતા સુત ધામ; જિન૦
બલવંત હરિ હલધર જિસ્યા રે, રાખી ન શક્યા તામ. જિન૦ ૭

જન્મ જરા મરણાદિકે રે, અશરણ-શરણ અનાથ; જિન૦
ધર્મ એક જિનરાજનો રે, અશરણ શરણ સનાથ. જિન૦ ૮

ત્રિશલાનંદન વીરજી રે, ચરણ શરણ શણગાર; જિન૦
ધન મુનિ શરણે રાખીએ રે, જિમ વસુદત્ત કુમાર. જિન૦ ૯

(અથ કાવ્યં)

**સકલમંગલકેલિનિકેતનં, શમદમાદિગુણાવલિમંડનં,**
**વિશદભાવનભાવિનિજાત્મનં, વિમલઅષ્ટવિધિપ્રભુપૂજનં. ૧**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે,**
**જન્મજરામૃત્યુ-નિવારણાય શ્રીમતે અર્હતાય,**
**જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા.**



## ॥ अथ तृतीय पूजा प्रारंभ ॥

### (સંસાર ભાવના)

(નમોऽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

જિનપૂજા વિણ જીવડે, સવિ સંસારના ભાવ;
જન્મ જરા દુઃખ અનુભવ્યાં, ચરણ શરણ વિણ નાવ. ૧
ભાવી સંસારની ભાવના, તજી સંસારવિભાવ;
અષ્ટવિધે પ્રભુ પૂજતાં, પામે સહજ સ્વભાવ. ૨

(ઢાળ)

(બાલપણે જોગી હુઆ, માઈ ભિક્ષા દોને—એ દેશી)

ચૌદ રાજકે લોકમાં, જિયા ખેલત બાજી;
કર્મ પરિણામ ભૂપાલ તે, બહુ હોત હે રાજી. ૧
કબહુક ભૂજલ જલણમાં, વાયુ વનમાં વસિયો;
કબહુક નર્ક નિગોદમાં, દુઃખપંજર ફસિયો. ૨
બિ તિ ચઉરિંદ્રી યોનિમાં, બહુ કાલ તે ભમિયો;
સર્પ શિયાલ હરિ કરિ તણા, ભવ તિર્યંચ રમિયો. ૩
માનવકો ભવ પાયકે, શૂદ્ર માતંગ સરજ્યો;
બ્રાહ્મણ ક્ષત્રી વૈશ્યમાં, જાતિમાનમાં ગરજ્યો. ૪
રૂપ કુરૂપ ધની નિર્ધની, સોભાગી દોભાગી;
સંયોગ વિયોગ દુઃખ અનુભવ્યાં, થયો કામિનીરાગી. ૫
દેવભવે વિનોદમાં, વિષયારસ રસિયો;
નારી ચકોરા અપ્સરા, મોહમંત્રમાં કસિયો. ૬

માત પિતા મરીને હુવો, પ્રિયા પુત્ર સંબંધ;
ભાઈ બહિન નર નારીના, કર્યા બહુલા પ્રબંધ. ૭

જાતિ યોનિ સવિ અનુભવ્યાં, કીધા સર્વ આહાર;
સર્વ તનુ તનમાં વસ્યો, કીધા સવિ શણગાર. ૮

દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવથી, ભેદ બાદર સુહમા;
પુગ્ગલપરિયટ્ટ અનંતના, કીધા બહુલા ભવમાં. ૯

પાપ શ્રુત ભણી હરસિયો, દીધાં પાપનાં દાન;
ધર્મકાજ પશુને હણી, કીધાં જાગનાં થાન. ૧૦

કુગુરુ પાખંડીએ ભોળવ્યો, નિજ મતમાં ગરધ્યો;
જિનપૂજા દ્રવ્ય ભાવમાં, હિંસા ધર્મ તે સરધ્યો. ૧૧

ઇમ સંસારસ્વરૂપનો, કહું કહાંલો વિચાર;
ભવનાટકથી ઊભગ્યો, આવ્યો નાથ દુવાર. ૧૨

ત્રિશલાનંદન વીરજી, નેહનજરે નિહાળો;
ધન મુનિવર સંસારનાં, ભવદુઃખડાં ટાળો. ૧૩

(અથ કાવ્યં)

**સકલમંગલકેલિનિકેતનં, શમદમાદિગુણાવલિમંડનં,**
**વિશદભાવનભાવિનિજાત્મનં, વિમલઅષ્ટવિધિપ્રભુપૂજનં. ૧**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે,**
**જન્મજરામૃત્યુ-નિવારણાય શ્રીમતે અર્હતાય,**
**જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા.**



## ॥ अथ चतुर्थ पूजा प्रारंभ ॥

### (એકત્વ ભાવના)

(નમોऽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

(દોહા)

ચોથી એકત્વ ભાવના, ભાવો આતમરાય;
અષ્ટવિધે પ્રભુ પૂજીએ, અક્ષય સુખ જિમ થાય. ૧

(ઢાળ)

(કિસકે એ ચેલે, કિસકે પૂત—એ દેશી)

કિસકે સાજન કિસકે પૂત, જીવ એકાકી તું અબધૂત;
જિન પૂજ લે, અરિહા આતમ સિદ્ધિ કાજ. જિ૦ (એ આંકણી)
સાચી એક જિનરાજકી સેવ, અવર સબે પરભાવકી ટેવ. જિ૦૧
આયા અકેલા જાયગા એક, માલ મુલક સબ મૂકી નેક; જિ૦
માત પિતા સુત સજ્જન લોક, આપ સવારથ મિલિયા ફોક. જિ૦૨
સંપત્ સમે સેવે તુજ પાય, વિપત્ સમે સબ નાસી જાય; જિ૦
દવ બળતો દેખી કરે દોડ, જિમ પંખી તરુવાસકું છોડ. જિ૦૩
હય ગય રથ લખ ચુલસી જાસ, છન્નું ક્રોડ પાયકદલ ખાસ; જિ૦
ચોસઠ સહસ્ત્ર વર પદ્મણી નાર, છોડ ચલે એકિલા નિરધાર. જિ૦૪
તીન ભુવનમાં કંટક આણ, મનમાં ધરતા ગર્વ ગુમાન; જિ૦
ત્રાગા વિણ નાગા ગયે કાન, રાવણ સરિખે બહુત રાજાન. જિ૦૫
આંગણ લગે નિજ નારી ધાય, ડેલી લગે આવે ભગિની માય; જિ૦
સ્વજન કુટુંબ શમશાને વેરાય, હંસ અકેલો પરલોકે જાય. જિ૦૬
બહુ મિલે ખટપટ બહુ થાય, નિત્ય એકાકી રહે સુખદાય; જિ૦
એકલપણું ભાવી નમિરાય, ચરણશરણ લહી સિદ્ધબુદ્ધ થાય. જિ૦૭

વિધિપૂર્વક પૂજી જિનઅંગ, એકલ ભાવે જીતી અનંગ; જિ૦
મધુસૂદન ગયો મુક્તિ મઝાર, એકત્વ ભાવના ભાવી અપાર. જિ૦૮

અમે પણ તે વિધ સાધવા કાજ, જયણાએ પૂજીએ જિનરાજ; જિ૦
ત્રિશલાનંદન શ્રીમહાવીર, ધન મુનિ તારજો ભવોદધિતીર. જિ૦૯

(અથ કાવ્યં)

**સકલમંગલકેલિનિકેતનં, શમદમાદિગુણાવલિમંડનં,**
**વિશદભાવનભાવિનિજાત્મનં, વિમલઅષ્ટવિધિપ્રભુપૂજનં. ૧**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે,**
**જન્મજરામૃત્યુ-નિવારણાય શ્રીમતે અર્હતાય,**
**જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા.**

## ॥ અથ પંચમ પૂજા પ્રારંભ ॥

### (અન્યત્વ ભાવના)

(નમોડર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

જો ચાહો નિજ સુખ ભણી, તો પૂજો અરિહંત;
અન્યત્વ ભાવના ભાવીએ, જિમ જલથી જલકંત. ૧
નિજ સ્વરૂપ વરવા ભણી, છાંડી મોહ જંજાલ;
મનોહર આઠે દ્રવ્યથી, પૂજો જગતદયાલ. ૨

**(ઢાળ)**

(સાંભળજો મુનિ સંજમરાગે—એ દેશી)

જિનપૂજા જુગતે કરો પ્રાણી, સમકિત ગુણ સહલાણી રે;
રાયપસેણીએ સુર સુરિયાભે, કરી નાટિક પૂજા ગુણખાણી રે. જિ૦૧



જોજન એકનું મંડલ લેખી, ગંધોદક વરસાવે રે;
જલનાં થલનાં પાંચે વરણાં, ફૂલ પગર પથરાવે રે. જિ૦૨

રત્નપીઠ રચી કનક સિંહાસન, તિહાં બેસી સુર ભાવે રે;
જિન અનુ જાણી નાટિક વિરચે, ભવનાં પાપ ખપાવે રે. જિ૦૩

દાહિણ વામ ભુજાથી પ્રગટે, રૂપે અનંગ જીપંતા રે;
એકસો અઠ અઠ કુમર કુમારી, સવિ શિણગાર સોહંતા રે. જિ૦૪

માદલ ભુંગલ તાલ તંબૂરા, સાર સતાર સોહાવે રે;
ધપમપ ધોંધોં ધુધુકટ ધુધુકટ, પખાવજી વજાવે રે. જિ૦૫

તનનન તનનન રીરી રીરી તાને, તાથૈ તાન મિલાવે રે;
રાગરાગણી વીણ વંસરી, સ્વર સંચારી ગાવે રે. જિ૦૬

ઠમક ઠમક પગલાં ઠમકંતી, ઘુઘરી છમ છમકંતી રે;
વિચ વિચ ઇંદ્રાણી વલી નાચે, સોવન ચૂડી ખલકંતી રે. જિ૦૭

હાવભાવ કરી અંગ મોડંતી, પરિ પરિ ગાત્ર વિલોતી રે;
ઘૂંઘટનો પટ દૂર કરીને, વળી વળી જિનમુખ જોતી રે. જિ૦૮

અન્યત્વ ભાવના રાગે ગાવે, જિન ગુણ ગાન મિલાઈ રે;
આપ સવારથ સહુ જગ મિલિયો, નહીં કોઈ કોઈનો સહાઈ રે. જિ૦૯

પંથસિરે પંથી જિમ મિલિયાં, હાટ મિલ્યાં હટવારિ રે;
રાત પડે પંખી વળી મિલિયાં, ઊડી ઊડી જાય સવારિ રે. જિ૦૧૦

નિજ નિજ સ્વારથ સહુને વહાલો, વિન સ્વારથ કરે સ્વારી રે;
રાય પ્રદેશી વિષ દેઈ માર્યો, જુઓ સૂરિકંતા નારી રે. જિ૦૧૧

ચૂલણીએ નિજ અંગજ હણિયો, લાખનો ઘર નીપજાઈ રે;
ભરત બાહુબળ બેહુ લડિયા, જુઓ બાંધવની સગાઈ રે. જિ૦૧૨

કોણિક શ્રેણિક બાંધી મારે, જુઓ જુઓ પુત્ર સનેહા રે;
આતમ ભાવથી જુજુઆ સબહી, પુદ્ગલ ભાવ શબ દેહા રે. જિ૦૧૩

પંચમી ભાવના ભાવત સુંદર, મરુદેવા શિવ વ્યાપી રે;
ત્રિશલાનંદન ગૌતમ શિષ્યને, કેવલકમલા આપી રે. જિ૦૧૪

અમને તિમ પ્રભુ રંગ મિલાવો, શિવ શહેજાં વિલસાવો રે;
કર જોડી સુર વિનતિ કરીને, કરે સુરલોક સધાવો રે. જિ૦૧૫

ઇણી પેરે જે ભવિ ભાવના પૂજા, ભાવી જિનપદ ફરસે રે;
ધનવિજય નરસુરસુખ અનુભવી, સાદિ અનંતસુખ વિલસે રે. જિ૦૧૬

(અથ કાવ્યં)

**સકલમંગલકેલિનિકેતનં, શમદમાદિગુણાવલિમંડનં,**
**વિશદભાવનભાવિનિજાત્મનં, વિમલઅષ્ટવિધિપ્રભુપૂજનં. ૧**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે,**
**જન્મજરામૃત્યુ-નિવારણાય શ્રીમતે અર્હતાય,**
**જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા.**

## ॥ अथ षष्ठ पूजा प्रारंभ ॥

### (અશુચિ ભાવના)

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

અશુચિ ભાવને ટાળવા, પામવા શુદ્ધ સ્વભાવ;
અષ્ટવિધે જિન પૂજીએ, તારક ભવજલનાવ. ૧



**(ઢાળ)**

(વગડાનો વાસી રે વસિયો વેગલો—એ દેશી)

જિનપડિમા પૂજીને પાતિક હરીએ રે,
ભાવના ભાવી રે સહજાનંદની;
છટ્ઠી ભાવના અશુચિ ભરી આ કાયા રે,
ફોગટ શી માયા રે કરવી અસારની.

વાદલની છાયા રે છેવટ છારની,
સ્થિર નાંહિ કાયા રે ત્રિવિધ વિકારની;
ચંચલ તરુ છાયા રે જોવન વારની,
સાચી એક છાયા રે ધર્મ સહકારની. ૧

મદિરા જંત્રને ધોતાં ગંગાનીરે રે,
તોપણ તાસ છિદ્ર રે શુદ્ધ હુવે નહીં;
કપૂરે વાસિત લસણ ન હુવે સુગંધી રે,
દુર્જન ના લહે રે સજ્જનતા સહી.
વા૦ સ્થિ૦ ચં૦ સા૦ ૨

તિમ નર નારીની દુર્ગંધતા ભરી દેહી રે,
ગંધોદક માટી રે સ્નાન વિલેપને;
બાવનાચંદન સરસ સુગંધે ચરચે રે,
તોપણ દુર્ગંધી રે સુગંધી ના બને.
વા૦ સ્થિ૦ ચં૦ સા૦ ૩

દુર્ગંધ દૂરથી દેખી મુહ મચકોડે રે,
પણ નવિ જાણે રે નિજ તનુ એ ભર્યો;

નવ દ્વાદશ નર નારીનાં વહે દ્વાર રે,
કફ મલ મૂત્ર નગરનાં ખાલ પેરે વર્યો.
વા૦ સ્થિ૦ ચં૦ સા૦ ૪

માંસ રુધિર મેદા રસ અસ્થિ મજ્જા રે,
નર બીજા કૃમિ વાલાદિકે થોથલી;
ચર્મ જડિત મોહ રાયના ઘરની ચેટી રે,
રોગાદિક પેટી રે કર્મની કોથલી.
વા૦ સ્થિ૦ ચં૦ સા૦ ૫

ઈણ વિધ ગંદી કાયા દેખી નાચ્યો રે,
માચ્યો વલી રૂપે રે નિજ પર નારને;
કનક પૂતલી ભોજન ભરી ષટ્ માસ રે,
મલ્લિ મિત્ર બૂઝયા રે દેખી દુર્ગંધને.
વા૦ સ્થિ૦ ચં૦ સા૦ ૬

ઊંધે મસ્તક ઝૂલ્યો ગર્ભાવાસ રે,
કૃમિ પરે વસીયો રે મલમાં જીવડો;
વીર્ય રુધિરનો કીધો પ્રથમ આહાર રે,
હવે મુનિતનુ દેખી રે થાય દુગંછિયો.
વા૦ સ્થિ૦ ચં૦ સા૦ ૭

પણ જિનશાસન વાસન ભાવને પામી રે,
આતમ આરામી રે તજી પરભાવના;
દર્શન દેખત મગન ભયો હવે નાથ રે,
ત્રિશલાનંદન આગે રે કીજે એક જાચના.
વા૦ સ્થિ૦ ચં૦ સા૦ ૮



કાલ અનાદિ અશુચિભાવને ટાળી રે,
સાદિ અનંત દીજે રે તુજ પદવાસના;
ધન મુનિવર મહાનંદ કુંવર પરે તારી રે,
ભવનાં દુઃખ વારો રે પ્રભુ નિજ દાસનાં.
વા૦ સ્થિ૦ ચં૦ સા૦ ૯

(અથ કાવ્યં)

**સકલમંગલકેલિનિકેતનં, શમદમાદિગુણાવલિમંડનં,**
**વિશદભાવનભાવિનિજાત્મનં, વિમલઅષ્ટવિધિપ્રભુપૂજનં. ૧**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે,**
**જન્મજરામૃત્યુ-નિવારણાય શ્રીમતે અર્હતાય,**
**જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા.**

## ॥ अथ सप्तम पूजा प्रारंभ ॥

### (આસ્રવ ભાવના)

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

અશુભાસ્રવ ત્યાગન ભણી, ભજી શુભ આસ્રવ જીવ;
અરિહાની પૂજા કરો, અષ્ટ પ્રકાર સદીવ. ૧

**(ઢાળ)**

(ઓધવ માધવને કેજો—એ દેશી)

અરિહા પૂજા અલબેલી, કામકુંભ ચિત્રાવેલી,
શિવસજની ક્રીડા કેલિ રે, ચેતન ચતુર ચેતો ચિત્તમેં;
નિજ ગુણ મોહ વસે નિગમે રે. ચેતન૦ ૧

આસ્રવ ભાવના સંવરીએ, જિનપૂજા જુગતે વરીએ;
વિનતિ પ્રભુ આગલ કરીએ રે. ચેતન૦ ૨

હુંસે હિંસાનો રસિયો, પરદુઃખ દેખી હું હસિયો;
પર અવગુણ દેખણ ધસિયો રે. ચેતન૦ ૩

મિથ્યા વયણે જન ઠગિયા, જૂઠ ભખી અવગુણ લવિયા;
ધરમી ધર્મગુરુ હેલવિયા રે. ચેતન૦ ૪

પરધન ચોરી સપરાણો, પરનારી સંગ લલચાણો;
પરિગ્રહ પાપથી મૂંઝાણો રે. ચેતન૦ ૫

મહાઆરંભ પરિગ્રહ મેલ્યા, કૂડ કપટ કરી છલ ખેલ્યાં;
પાપ કરી પર શિર ઠેલ્યાં રે. ચેતન૦ ૬

પાંચે આસ્રવની પેટી, મોહરાય ઘરની ચેટી;
ઇંદ્રી પંચ વિષય ભેટી રે. ચેતન૦ ૭

દશમે અંગે જિન ભાખ્યા, પાંચે આસ્રવ કહી દાખ્યા;
કટુક વિપાકી ફળ ચાખ્યાં રે. ચેતન૦ ૮

અવ્રતી લગે એકંદરિયા, પાપથાનક અઢારે વરિયાં;
ભાખે ભગવઈ ગણધરિયા રે. ચેતન૦ ૯

સુનંદશેઠ જિમ નિસ્તરિયો, આસ્રવ ભાવથી તિમ ડરિયો;
મેં પણ પ્રભુ શરણો ધરિયો રે. ચેતન૦ ૧૦

વાંછિત દાન હવે દીજે, વીર પ્રભુ કરુણા કીજે;
ધન મુનિ અરજી ચિત્ત લીજે રે. ચેતન૦ ૧૧



(અથ કાવ્યં)

**સકલમંગલકેલિનિકેતનં, શમદમાદિગુણાવલિમંડનં,**
**વિશદભાવનભાવિનિજાત્મનં, વિમલઅષ્ટવિધિપ્રભુપૂજનં. ૧**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે,**
**જન્મજરામૃત્યુ-નિવારણાય શ્રીમતે અર્હતાય,**
**જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા.**

## ॥ अथ अष्टम पूजा प्रारंभ ॥

### (સંવર ભાવના)

(નમોઽર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

પાતિક પંક પખાલવા, કર સંવરની પાલ;
અષ્ટ દ્રવ્યે પ્રભુ પૂજીને, મેટો ભવદુઃખજાલ. ૧

**(ઢાળ)**

(સિદ્ધાચલ શિખરે દીવો રે—એ દેશી)

સજી સોળ સુંદર શિણગારા રે, પ્રભુપદ પૂજું અલબેલા,
મેટું મિથ્યા ધામ અંધારા રે; પ્ર૦
કરી સંવર અંગ પખાલા રે, પ્ર૦
ઘસી કેસર ઉપશમ ઘોલા રે. પ્ર૦ ૧

પંચાચાર કુસુમની અંગી રે, પ્ર૦
ધરું ધ્યાન ઘટા ધૂપ સંગી રે; પ્ર૦
જતના દીપક માલ જગાવું રે, પ્ર૦
અક્ષત આઠમી ભાવના ભાવું રે. પ્ર૦ ૨

ધરી સમકિત સુખડી થાલ રે, પ્ર૦
ભાવું ભાવના ફલ સુવિશાલ રે; પ્ર૦
પ્રભુ જન્મમરણ દુઃખ મોટાં રે, પ્ર૦
સહી તે અમ લાગે ખોટાં રે. પ્ર૦ ૩
શત્રુ મિત્ર માન અપમાને રે, પ્ર૦
લાભાલાભ તે સુખદુઃખ ટાણે રે; પ્ર૦
જો સમભાવે મન રાખું રે, પ્ર૦
તો મોક્ષ તણાં ફલ ચાખું રે. પ્ર૦ ૪
ધન પરિગ્રહ મમતા છંડી રે, પ્ર૦
લેશું સંજમ સમ દમ મંડી રે; પ્ર૦
સહુ આશા દાસી વારી રે, પ્ર૦
થાશું એકલમલ્લ વિહારી રે. પ્ર૦ ૫
સવિ જીવને હિત ચિત્ત ખમશું રે, પ્ર૦
વળી અલિક વચન નવિ લવશું રે; પ્ર૦
પરિહરશું પરનાં વિત્ત રે, પ્ર૦
રહીશું શત્રુમિત્રે સમચિત્ત રે. પ્ર૦ ૬
હણશું કામકટક દલ પૂરો રે, પ્ર૦
ધરી શિયલ સન્નાહ સનૂરો રે; પ્ર૦
કરશું પરિગ્રહનો પરિહાર રે, પ્ર૦
જિમ કીધો શ્રી મહાવીર રે. પ્ર૦ ૭
ઈમ ભાવી વિજય નરિંદો રે, પ્ર૦
થયો શિવસુંદરીનો ઇંદો રે; પ્ર૦
અમને પણ તે સુખ વહાલો રે, પ્ર૦
જો હાથ હવે પ્રભુ ઝાલો રે. પ્ર૦ ૮



હાથી મુખથી દાણો નિકસે રે, પ્ર૦
સવિ કીડી કુટુંબને પોષે રે; પ્ર૦
તિમ નેહનજર ટૂંક નીરખો રે, પ્ર૦
થાય ધનમુનિ તુજ પદ સરખો રે. પ્ર૦ ૯

(અથ કાવ્યં)

**સકલમંગલકેલિનિકેતનં, શમદમાદિગુણાવલિમંડનં,**
**વિશદભાવનભાવિનિજાત્મનં, વિમલઅષ્ટવિધિપ્રભુપૂજનં. ૧**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે,**
**જન્મજરામૃત્યુ-નિવારણાય શ્રીમતે અર્હતાય,**
**જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા.**

## ॥ अथ नवम पूजा प्रारंभ ॥

### (નિર્જરા ભાવના )

(નમોऽર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

કનક-કાટ આગે જલે, મિણ ગલે જિમ તાપ;
અષ્ટવિધે પ્રભુ પૂજતાં, ટાલીએ ભવદુઃખ પાપ. ૧

**(ઢાળ)**

(હરિ આવજો મંદિરિયે રંગ માણવા રે—એ દેશી)

સહિયાં નવમી તે નિર્જર ભાવના રે,
ભાવી કરીએ પ્રભુપદ પૂજના રે;
ગુરુ આગલ પાપ આલોચના રે,
કરીએ વિનય વૈયાવચ્ચ એકમના રે. સ૦ ૧

તપસી કુલ ગણ સંઘ સાધર્મીનો રે,
શિષ્ય દુર્બલ બાલ ગીલાણનો રે;
અરિહા આચારજ વાચક તણો રે,
વર્ત્તક થવિર વળી વૃદ્ધ સાધુનો રે. સ૦ ૨

ચૈત્ય ભક્તિ કરતાં બહુ નિર્જરા રે,
ભાખે દશમે અંગે જિન ગણધરા રે;
દશ દોય તે મુનિપડિમા વરા રે,
સિંહક્રીડિત તપ અતિ સુંદરા રે. સ૦ ૩

કર્મસૂડણ તપ કનકાવલી રે,
ગુણ રયણ સંવત્સર આવલી રે;
જોગ ઉપધાન વહીએ મન બલી રે,
શ્રુત આરાધો શ્રુત સાંભળી રે. સ૦ ૪

ખંધક મેઘકુમાર મુનિરાજિયા રે,
ચૌદ સહસ અણગાર વડભાગિયા રે;
ધન્ય ધનો મુનિ તપ વાસિયા રે,
સ્વયં મુખે તે વીર પ્રશંસિયા રે. સ૦ ૫

ઇમ ભાવના ભક્તિ અમે પૂજીએ રે,
ત્રિશલાનંદન મહિર કીજીએ રે;
જરા નેહનજર ભર રીઝીએ રે,
ધન મુનિને શિવપદ દીજીએ રે. સ૦ ૬

(અથ કાવ્યં)

**સકલમંગલકેલિનિકેતનં, શમદમાદિગુણાવલિમંડનં,**
**વિશદભાવનભાવિનિજાત્મનં, વિમલઅષ્ટવિધિપ્રભુપૂજનં. ૧**



(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે,**
**જન્મજરામૃત્યુ-નિવારણાય શ્રીમતે અર્હતાય,**
**જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા.**

## ॥ अथ दशम पूजा प्रारंभ ॥

**(ધર્મદુર્લભ ભાવના )**

(નમોડર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

ધર્મથી સંવર નિર્જરા, ધર્મથી શિવપદ સાર;
ધર્મકારણ જિનરાજની, પૂજા અષ્ટ પ્રકાર. ૧

**(ઢાળ)**

(આજ ઉજમ છે રે અધિકો—એ દેશી)

સહજાનંદ પદ રે નીકો, ધર્મધુરંધર શ્રી જિનજીકો;
ભવજલ તારણરે નાવા, ભાખ્યો દશવિધ સહજ સ્વભાવા. સ૦૧

વાંચ્છિત સુખની રે દાતા, સુરુતરુ સમ જસ છે અવદાતા;
દુર્ગતિ પડતાં રે ધારે, ધર્મ તે કહીએ ચાર પ્રકારે. સ૦૨

સુકૃત કરણી રે ખેત, શોધો કરુણારસ સંકેત;
મિથ્યા સાલને રે કાઢો, કુગુરુ કંથેર કુમત કુસ વાઢો. સ૦૩

સુમતા ખેડે રે ખડીએ, કિરિયા ખાતર ક્ષેત્રે ભરીએ;
સમકિત બીજને રે વાવો, ધર્મતરુ તિહાં ઊગે સભાવો. સ૦૪

વાડ સંતોષની રે કીજે, ઉપશમનીરે મૂલ સિંચીજે;
ક્રોધ માનાદિક રે ચોરા, વારો વાનર અનંગના સોરા. સ૦૫

અનુભવ ફૂલડે રે ફૂલે, ધર્મતરુ શિવસુખ-ફલ ઝૂલે;
તે ફલ ચાખો રે સજના, જો પૂજો જિનભાવની ભજના. સ૦૬
શુક પરિવ્રાજક રે સિદ્ધો, અર્જુનમાલી શિવપદ લીધો;
દશમી ભાવનાનો રસિયો, રાયપ્રદેશી સુરપદ વસિયો. સ૦૭
ધર્મસુધારસ રે પીવા, ત્રિશલાનંદન પૂજું સદીવા;
ધર્મની સેવા રે સારી, દુપસહ લગે ધન મુનિ ભવતારી. સ૦૮

(અથ કાવ્યં)

**સકલમંગલકેલિનિકેતનં, શમદમાદિગુણાવલિમંડનં,**
**વિશદભાવનભાવિનિજાત્મનં, વિમલઅષ્ટવિધિપ્રભુપૂજનં. ૧**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે,**
**જન્મજરામૃત્યુ-નિવારણાય શ્રીમતે અર્હતાય,**
**જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા.**

## ॥ अथ एकादश पूजा प्रारंभ ॥

### (લોકસ્વરૂપ ભાવના)

(નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

**(દોહા)**

અષ્ટ દ્રવ્ય શુભ મેલવી, જો પૂજે જિનભૂપ;
જ્ઞાનનયન પામી કરી, દેખે લોકસ્વરૂપ. ૧

**(ઢાળ)**

(પ્રભુની ચાકરી રે—એ દેશી)

ત્રિશલાનંદન સેવીએ રે, ભાષક લોકાલોક સ્વરૂપ;
પ્રભુપદ પૂજીએ રે.
એ પ્રભુની પૂજા વિના રે, ભમિયો ચૌદ રાજ ભવકૂપ. પ્ર૦૧



પગ પહોળા કટિ કર ધરી રે, સોહે ઊર્ધ્વ પુરુષ આકાર; પ્ર૦
સાત રાજ સાધિક મલી રે, તિરછો અધો લોક વિસ્તાર. પ્ર૦૨
દેશ ઊણ ઊર્ધ્વ લોકનો રે, ભાખ્યો સાત રાજનો માન; પ્ર૦
ચૌદ રાજ ત્રસ નાડીનો રે, વિસ્તર એક રાજ પરિમાણ. પ્ર૦૩
ધર્માધર્મ આકાશના રે, પુદ્ગલ જીવના દેશ પ્રદેશ; પ્ર૦
કાજલ કૂપ જ્યું પૂરિયો રે, જીવ અજીવ દ્રવ્યાદિ અશેષ. પ્ર૦૪
નિરય-ભવણ અધોલોકમાંરે, તિર્યક્ નર તિરિયંચ સુર દોય; પ્ર૦
ઉર્ધ્વ સુરાલય સોહતા રે, કલ્પ કલ્પાતીત ભેદે હોય. પ્ર૦૫
સિદ્ધશિલા શિર ઊજલી રે, વિસ્તર લાખ જોયણપણયાલ; પ્ર૦
સિદ્ધ જોયણને છેડલે રે, સોહે સાદિ અનંત થિત કાલ. પ્ર૦૬
કેવલનાણ દંસણધરા રે, શોભિત અજર અમર અકલંક; પ્ર૦
અનંત ચતુષ્ટય ભોગનો રે, સ્વાદે શિવવહુ સંગ નિશંક. પ્ર૦૭
સિદ્ધસ્થાનક જોવા ભણી રે, સાહિબા મુજ મન હરષ અપાર; પ્ર૦
લોકસ્વરૂપ ઇગ્યારમી રે, ભાવું ભાવના ભક્તિ ઉદાર. પ્ર૦૮
વાર અનંતી જીવડો રે, ફરસ્યો છાલીવાટક ન્યાય; પ્ર૦
ભુવનભાનુ ભવ સાંભળી રે, બૂઝ્યો ચંદ્રમૌલી મહારાય. પ્ર૦૯
લોકાંતિક થાવા ભણી રે, પૂજું પ્રભુપદ નિજ ઉછરંગ; પ્ર૦
ભક્તિવશે લેશું અમે રે, ધન મુનિ પ્રભુપદવી અતિ ચંગ. પ્ર૦૧૦

(અથ કાવ્યં)

**સકલમંગલકેલિનિકેતનં, શમદમાદિગુણાવલિમંડનં,**
**વિશદભાવનભાવિનિજાત્મનં, વિમલઅષ્ટવિધિપ્રભુપૂજનં. ૧**

(અથ મંત્ર)

**ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે,**
**જન્મજરામૃત્યુ-નિવારણાય શ્રીમતે અર્હતાય,**
**જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા.**

## ॥ अथ द्वादश पूजा प्रारंभ ॥

### (બોધિદુર્લભ ભાવના)

(નમોઽર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ)

(દોહા)

બોધિરત્ન વિણ જીવડો, ભમિયો લોક મઝાર;
બોધિરત્ન કાજે ચતુર, પૂજો જિનપદ સાર. ૧

(ઢાળ)

(કૈસે તેને જંબુકો મેરુ કંપાયો—એ દેશી)

નાથ તેરો દર્શન દુર્લભ પાયો, મોકું કર્મ નઠારે નચાયો; ના૦

ભવ ભવ ભટકત દશ દૃષ્ટાંતે, દુલ્લહો નરભવ પાયો;
આર્જ ક્ષેત્ર, ઉત્તમ કુલ જાતિ, દુલ્લહી નીરોગી કાયો. ના૦૧

પાંચું ઇંદ્રી પ્રવડી પામી, દુલ્લહો ધન સંપ્રદાયો;
સદ્‌ગુરુ જોગ સિદ્ધાંત સાંભળવું, દુર્લભ ચિત્ત સમજાયો. ના૦૨

સદ્દહણા શુદ્ધિ જિનસૂત્રની, દુક્કર અંગ ધરાયો;
સામગરી સઘલી લહી સુંદર, મૂઢ પ્રમાદે હરાયો. ના૦૩

કુગુરુ કુદેવ કુધર્મ પ્રસંગે, દુર્લભ બોધ પઠાયો;
રત્ન ચિંતામણિ દેવનો દીધો, જેમ ગમારે ગમાયો. ના૦૪

બોધિ રયણ વિણ હું બહુ ભટક્યો, હવે પ્રભુ શરણે આયો;
ત્રિશલાનંદન બોધિ ભાવના, માગું હું શીશ નમાયો. ના૦૫

હરિ હરદેવ કુદેવથી ઉભગી, તુજ સેવા મન ભાયો;
કરુણાનજર હવે પ્રભુની લહીને, સુગુરુ સુદેવ દિલ ધાયો. ના૦૬

બોધિ રયણ દેઈ શ્રેણિકને પ્રભુ, નિજ ગુણઠાણે છાયો;
દાયક તેમ દયા કરી દીજે, ધન મુનિ દાન સવાયો. ના૦૭



### (અથ સર્વોપરી ગીતં)

(નિશદિન જોઉં તારી વાટડી ઘરે આવોને ઢોલા—એ દેશી)

ત્રિશલાનંદન વીરજી મનમંદિર આવો;
ભાવના ભક્તિથી વીનવું ટૂંક નજર મિલાવો. ત્રિ૦ ૧

મૈત્રી પ્રમોદ કારુણ્યતા મધ્યસ્થસ્વભાવો;
હિત-ચિંતન કરી સાહિબા મૈત્રી ભાવ બતાવો. ત્રિ૦ ૨

ગુણ ગુણી પક્ષ પ્રમોદતા પ્રભુ તેહ કરાવો;
દુખિયાનાં દુઃખ કાપવા જરા કરુણા લાવો. ત્રિ૦ ૩

શત્રુ મિત્ર સમચિત્તતા મધ્યસ્થ સહાવો;
દુષ્ટબુદ્ધિ પ્રાણી ઉપરે દુષ્ટ ના ધરું દાવો. ત્રિ૦ ૪

ચૌદ રાજના ચોકમાં પ્રભુ આગલ ચાવો;
નાટિક નાચ્યો નાથજી રીઝી મોજ અપાવો. ત્રિ૦ ૫

રીઝો નહીં તો જગધણી નાટિક વર્જાવો;
સહજાનંદ વિલાસનાં સુખડાં દિખલાવો. ત્રિ૦ ૬

સૂરિ રાજેન્દ્ર મનમોહના દાસ આશ પુરાવો;
ધન મુનિવર તારક પ્રભુ સાચો નામ ધરાવો. ત્રિ૦ ૭

(અથ કાવ્યં)

**સકલમંગલકેલિનિકેતનં, શમદમાદિગુણાવલિમંડનં,**
**વિશદભાવનભાવિનિજાત્મનં, વિમલઅષ્ટવિધિપ્રભુપૂજનં. ૧**

(અથ મંત્ર)

**ॐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે,**
**જન્મજરામૃત્યુ-નિવારણાય શ્રીમતે અર્હતાય,**
**જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા.**

---

## અથ કળશ

(રાગ—ધન્યાશ્રી)

ગાયો ગાયો ગાયો રે, પ્રભુ વીર જિનેશ્વર ગાયો.
ભાવના સુરતરુ પુષ્પની માલા, ગૂંથી સ્તવન સહાયો;
ભાવપૂજાએ પ્રભુ કંઠ ઠવીને, મુજ મન અતિ હરષાયો રે. પ્ર૦ ૧

પાંચ કવડી ને અઢાર ફુલડે, કુમારપાલ નરરાયો;
દેશ અઢારનો રાજ લહીને, ગણધરપદવી પાયો રે. પ્ર૦ ૨

પૂર્વ ભવ ઉપકાર સંભારી, મનોહર બિંબ ભરાયો;
મોહની મૂરત સોહની સૂરત, થિરપુર નયરે સોહાયો રે. પ્ર૦ ૩

જિનપડિમા જિન સરખી બોલી, સકલ સૂત્ર સમુદાયો;
જે જિનપ્રતિમા લોપે પાપી, નવ દંડકમેં જાયો રે. પ્ર૦ ૪

જિનઆગમ જિનપડિમા પૂજા, પંચમ કાલ સહાયો;
દ્રવ્ય ભાવ ભવિ ભાવના ભાવે, સાચો મુક્તિ ઉપાયો રે. પ્ર૦ ૫

સોહમગણમેં પાટ પરંપર, ચારિત્ર પાત્ર કહાયો;
જગતચંદ્ર સૂરિ જગ ચાવો, તપાબિરુદ ધરાયો રે. પ્ર૦ ૬

તાસ પરંપર પાટે સોહે, દેવસૂરિ દિનરાયો;
પ્રભ સૂરિવર રત્નસૂરીશ્વર, ક્ષમાદેવેન્દ્ર પટદાયો રે. પ્ર૦ ૭

કલ્યાણ વિબુધ પ્રમોદ તણે પટ, કિરિયાશુદ્ધિ સવાયો;
વિજયરાજેન્દ્ર સૂરીશ્વર રાજ્યે, એ અધિકાર રચાયો રે. પ્ર૦ ૮

થિરપુર નયરમેં રહી ચોમાસું, ધર્મધ્યાન દિલ ધ્યાયો;
સાણંદ સંઘના આગ્રહે કરીને, પૂજાનો ભાવ બનાયો રે. પ્ર૦ ૯



સંવત ગુણ શ્રુતિ ગ્રહ શશી વર્ષે, માસ આસોજ સુહાયો;
વદિ દશમી દિન પૂજા બનાવી, પૂર્ણાનંદ પદ પાયો રે. પ્ર૦૧૦

વિજયદેવ પરંપર વિબુધા, જિનપૂજન ઉજમાયો;
કૃષ્ણગંગ ભાવ મોહન મૃગમદ, ચતુર ચરણચિત્ત લાયો રે. પ્ર૦૧૧

ભાવનાપૂજા ભવિ ભણશે ગુણશે, તસ ઘર નવનિધ થાયો;
ધનવિજય જિનશાસન સોહવા, મંગલ પડહ વજાયો રે. પ્ર૦૧૨

**(ઇતિ શ્રી ધનવિજયજી કૃત દ્વાદશભાવના પૂજા સંપૂર્ણમ્)**

---

## શ્રી મહાવીરસ્વામીની આરતી

જય દેવ જય દેવ, જય સુખના સ્વામી; (પ્રભુ જય૦ ૨)
તુજને વંદન કરીએ, (૨) ભવભવના ભામી. જયદેવ૦ ૧

સિદ્ધારથના સુત, ત્રિશલાના જાયા; (પ્રભુ ત્રિશલા૦ ૨)
જસોદાના છો કંથજી, (૨) ત્રિભુવન જગ રાયા. જયદેવ૦ ૨

બાળપણામાં આપ, ગયા રમવા કાજે; (પ્રભુ ગયા૦ ૨)
દેવતાએ દીધો પડછાયો, (૨) બીવરાવવા કાજે. જયદેવ૦ ૩

એકવારનું રૂપ, લીધું છે નાગનું; (પ્રભુ લીધું૦ ૨)
બીજીવારનુ રૂપ, (૨) લીધું બાળકનું. જયદેવ૦ ૪

બાળક બીના સઉ, પોતે નથી બીતા; (પ્રભુ પોતે૦ ૨)
દેવતાનુ કાંઈ ન ચાલ્યું, (૨) હારી જતા રેતા. જયદેવ૦ ૫

એવા છે ભગવાન, મહાવીર તમે જાણો; (પ્રભુ મહાવીર૦ ૨)
વંદે છે સઉ તેને, (૨) નમે રાય રાણો. જયદેવ૦ ૬

---

## મંગળ દીવો

ચારો મંગળ ચાર, આજ ઘેર પ્રભુજી પધાર્યા.
પહેલે મંગળ પ્રભુજીને પૂજું, ઘસી કેસર ઘનસાર.
આજ ઘેર પ્રભુજી પધાર્યા.

બીજે મંગળ અગર ઉખેવું, કંઠ ઠવું ફૂલહાર.
આજ ઘેર પ્રભુજી પધાર્યા.

ત્રીજે મંગળ આરતી ઉતારું, ઘંટ બજાવું રણકાર.
આજ ઘેર પ્રભુજી પધાર્યા.

ચોથે મંગળ પ્રભુ ગુણ ગાઉં, નાચું થેઈ થેઈકાર.
આજ ઘેર પ્રભુજી પધાર્યા.

રૂપચંદ કહે નાથ નિરંજન, ચરણકમળ બલિહાર,
આજ ઘેર પ્રભુજી પધાર્યા.

---



## ક્ષમાપના

હે ભગવાન! હું બહુ ભૂલી ગયો, મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં. તમારાં કહેલાં અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહીં. તમારાં પ્રણીત કરેલાં ઉત્તમ શીલને સેવ્યું નહીં. તમારાં કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં. હે ભગવન્! હું ભૂલ્યો, આથડ્યો, રઝળ્યો અને અનંત સંસારની વિટંબનામાં પડ્યો છું. હું પાપી છું. હું બહુ મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છું. હે પરમાત્મા! તમારાં કહેલાં તત્ત્વ વિના મારો મોક્ષ નથી. હું નિરંતર પ્રપંચમાં પડ્યો છું. અજ્ઞાનથી અંધ થયો છું. મારામાં વિવેકશક્તિ નથી અને હું મૂઢ છું, હું નિરાશ્રિત છું, અનાથ છું. નીરાગી પરમાત્મા! હું હવે તમારું, તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વ પાપથી મુક્ત થઉં એ મારી અભિલાષા છે. આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાત્તાપ કરું છું. જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે. તમે નીરાગી, નિર્વિકારી, સચ્ચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છો. હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું. એક પળ પણ તમારાં કહેલાં તત્ત્વની શંકા ન થાય, તમારાં કહેલાં રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ! હે સર્વજ્ઞ ભગવાન! તમને હું વિશેષ શું કહું? તમારાથી કંઈ અજાણ્યું નથી. માત્ર પશ્ચાત્તાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઇચ્છું છું. —ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

વિ૰ સં૰ ૧૯૪૧ —શ્રીમદ્ રાજચંદ્ર

## શ્રી સનાતન જૈનધર્મ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, સ્ટે. અગાસ
## સંક્ષિપ્ત પરિચય

પરમ જ્ઞાનાવતાર પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના પરમ આજ્ઞાંકિત શ્રી લઘુરાજસ્વામી (પ્રભુશ્રીજી)ના નિમિત્તે આ આશ્રમની સ્થાપના વિક્રમ સંવત ૧૯૭૬ માં થઈ. મુનિશ્રી લઘુરાજસ્વામીની છત્રછાયા નીચે આ આશ્રમની ઉત્પત્તિ થઈ, તેથી ભક્તજનોએ શરૂઆતમાં આ આશ્રમનું નામ ''શ્રી લઘુરાજ આશ્રમ'' રાખ્યું, પરંતુ પોતાનું નામ કે સ્થાપના સરખી પણ નહીં રાખવાની ઇચ્છાવાળા કેવળ નિઃસ્પૃહ અને પરમ ગુરુભક્ત મહર્ષિ મુનિશ્રીએ એમ સૂચવ્યું કે શ્રીમદ્જીના આ સ્થૂળ કીર્તિસ્તંભનું નામ ''શ્રી સનાતન જૈન ધર્મ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ'' રાખવું. તેથી તે પ્રમાણે આ આશ્રમનું નામ રાખવામાં આવ્યું. આ આશ્રમ સનાતન જૈન ધર્મની પુષ્ટિ માટે જ છે.

આ આશ્રમમાં દાખલ થતાં પ્રથમ એક ભવ્ય પ્રવેશદ્વાર છે, જેના ઉપર ''ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે'' એમ મોટા અક્ષરે અંકિત થયેલ છે. દરવાજામાં પ્રવેશ કરતાં સામે એક નયનરમ્ય દેરાસર છે, જેમાં નીચે શ્વેતાંબર અને ઉપર દિગંબર દેરાસર છે. તેના ભૂમિગૃહમાં (ભોંયરામાં) શ્રીમદ્ રાજચંદ્રજીની આરસપાષાણની શરીરપ્રમાણ પદ્માસન મુદ્રાના પ્રતિમાજી બિરાજે છે. આ પ્રતિમાજીની એક બાજુ પ્રણવ મંત્ર ૐકારની સ્થાપના છે તથા બીજી બાજુ શ્રીમદ્ રાજચંદ્રજીના પાદુકાજીની સ્થાપના છે. આ દેરાસરની જમણી બાજુ એક ભવ્ય સભામંડપ છે, જેમાં પ્રતિદિન ભક્તિ, સત્સંગ, પૂજા, સત્શ્રવણ આદિ નિમિત્તે સેંકડો મુમુક્ષુઓ સાથે બેસીને આત્મસાધના કરે છે. આ દેરાસરના ચોગાનમાં દેરાસરની સામે મુખ્ય પ્રવેશદ્વારની ઉપર બીજે માળે એક પુસ્તકાલય છે. ત્રીજે મજલે ખુલ્લી અગાસીની વચમાં સુંદર આરસની દેરીમાં શ્રીમદ્ રાજચંદ્રજીની ઊભા કાયોત્સર્ગની ધ્યાનમુદ્રામાં પંચધાતુની પ્રતિમા બિરાજે છે.

દેરાસરવાળા આ ભક્તિસંકુલમાં દાખલ થતાં ડાબી બાજુએ એક વ્યાખ્યાનમંદિરમાં શ્રીમદ્જીનો પદ્માસન મુદ્રામાં ભવ્ય ચિત્રપટ સ્થાપન કરેલ છે. ત્યાં મુખ્યત્વે સ્ત્રી સમુદાય સ્વાધ્યાય, અભ્યાસ કરે છે. આ વ્યાખ્યાનમંદિરની ઉપર શાંતિસ્થાન છે જ્યાં શ્રીમદ્ રાજચંદ્રજીના સુંદર ચિત્રપટની સ્થાપના કરેલ છે. અહીં પર્યુષણ આદિ પર્વોમાં પ્રતિક્રમણ થાય છે. ત્યાંથી પૂર્વમાં આવતાં 'શ્રી રાજમંદિર' છે, જેમાં શ્રીમદ્ રાજચંદ્રજીના તથા પ.પૂ. લઘુરાજસ્વામીના (પ્રભુશ્રીજીના) સુંદર ચિત્રપટોની સ્થાપના તેમજ આજ્ઞાનો શિલાલેખ છે. ત્યાંથી



પૂર્વમાં પૂ.શ્રી બ્રહ્મચારીજીનો નિવાસખંડ છે, જ્યાં તેઓશ્રીના બે ચિત્રપટોની સ્થાપના કરેલ છે. ત્યાંથી પૂર્વમાં આગળ જતાં પ.પૂ. પ્રભુશ્રીજીનો નિવાસખંડ છે જ્યાં તેઓશ્રી સં. ૧૯૯૨ના વૈશાખ સુદ ૮ના દિને સમાધિસ્થ થયા હતા. ત્યાં તેઓશ્રીની પાટ અને ગાદી તેમજ લાકડી ઇત્યાદિ સ્મૃતિચિહ્ન તરીકે દર્શનાર્થે તેઓશ્રીના સુંદર ચિત્રપટની સાથે મૂકવામાં આવ્યા છે.

દેરાસરના ચોગાનની બહાર ઈશાન દિશા તરફ દેરીમાં પ.પૂ. પ્રભુશ્રીજીના પાદુકાજીની સ્થાપના તેમના અગ્નિસંસ્કાર સ્થળે કરેલ છે. તેનાથી આગળ જતાં પૂ.શ્રી બ્રહ્મચારીજીના અગ્નિસંસ્કાર સ્થળે દેરીમાં તેમના પાદુકાજીની સ્થાપના કરેલ છે.

હાલના સભામંડપમાં શ્રીમદ્જીનો કાયોત્સર્ગ મુદ્રાનો તેમના કદ પ્રમાણેનો ભવ્ય ચિત્રપટ સ્થાપિત કરેલ છે. હાલનો સભામંડપ પર્વના દિવસોમાં નાનો પડતો હોવાથી તેના સમાંતરે કરોડોના ખર્ચે આરસ-પહાણનો એક ૧૨૦'×૮૦'નો નૂતન સભામંડપ બાંધવામાં આવ્યો છે. કુલ ૧૭,૦૦૦ સ્કે.ફીટના આ સભામંડપમાં આશરે ૩૦૦૦ મુમુક્ષુઓ એક સાથે બેસીને ભક્તિ-સ્વાધ્યાય કરી શકે છે. આ નૂતન સભામંડપમાં શ્રીમદ્જીનો કાયોત્સર્ગ મુદ્રાનો ૧૩ ફુટ ઊંચાઈનો ભવ્ય વિશાળ ચિત્રપટ સ્થાપિત કરેલ છે.

પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ પ્રભુશ્રીજીને કહેલું કે ''મુનિ, દુષમકાળ છે માટે જડભરત જેવા થઈને વિચરજો. રિદ્ધિ, સિદ્ધિ પ્રગટશે તેને ઓળંગી જજો. આ કાળના જીવો પાકા ચીભડાં જેવા છે. કડકાઈ સહન કરી શકે તેવા નથી, માટે કલ્યાણમૂર્તિ બનશો તો ઘણા જીવોનું તમારા દ્વારા કલ્યાણ થશે.''

સંવત ૧૯૭૬ થી ૧૯૯૨ સુધી આશ્રમમાં રહી પ.પૂ. પ્રભુશ્રીજીએ એક અનન્ય ભક્તિ ક્રમ ગોઠવી આપ્યો છે, જેનું આરાધન છેલ્લા લગભગ ૯૫ વર્ષથી અવિરત રીતે તેઓની આજ્ઞા પ્રમાણે આશ્રમમાં ચાલુ છે. આ આશ્રમની ભૂમિ પ.પૂ. પ્રભુશ્રીજીના ચરણસ્પર્શથી તેમજ નિવાસથી પાવન થઈ છે અને આજે પણ તેમની પવિત્ર ચેતનાથી સ્પર્શાયેલા પરમાણુઓનો આશ્રમમાં અનુભવ થાય છે.

**પ્રાતઃકાળમાં ૪-૦૦ વાગ્યાથી શરૂ થઈ રાત્રિના ૯-૩૦ વાગ્યા સુધી નીચે પ્રમાણે ભક્તિના કાર્યક્રમો ચાલે છેઃ—**

પ્રાતઃકાળમાં ૪-૦૦ થી ૬-૩૦ ભક્તિના પદો, આલોચના પાઠ, મંત્રસ્મરણ, ચૈત્યવંદન તથા સ્તવનો.

| | | |
|---|---|---|
| સવારના | ૯-૦૦ થી ૧૧-૪૫ | શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની પૂજા અથવા અન્ય પૂજા. |
| મધ્યાહ્નમાં | ૨-૦૦ થી ૪-૧૫ | ભક્તિના પદો તથા વચનામૃત વાંચન આદિ. |
| સાંજના | ૬-૦૦ થી ૬-૧૫ | દેવવંદન તથા ૪ સ્થળોએ આરતી-મંગળદીવો. |
| રાત્રિના | ૭-૧૫ થી ૯-૩૦ | ભક્તિના પદો, મંત્રસ્મરણ, શ્રી આત્મસિદ્ધિ-શાસ્ત્રની ભક્તિ તથા ઉપદેશામૃત અને બોધામૃત-માંથી વાંચન. |

(પર્વના દિવસોમાં કાર્યક્રમમાં તેમજ ઋતુ અનુસાર સમયમાં ફેરફાર કરવામાં આવે છે.)

આ આશ્રમમાં મધ્યસ્થ વાતાવરણ હોવાથી શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી, વૈષ્ણવ સંપ્રદાયના તથા અન્ય સંપ્રદાયના પરંતુ આત્માને ઓળખવાની ભાવનાવાળા જિજ્ઞાસુ જીવો આવે છે અને રહે છે. આ પવિત્ર સત્સંગધામ, તીર્થશિરોમણી એવા આશ્રમની આ એક આગવી વિશિષ્ટતા છે.

પૂ. શ્રી બ્રહ્મચારીજીના દેહોત્સર્ગ સંવત ૨૦૧૦ માં થયાને આજે ઘણા વર્ષ થયા છતાં અને કોઈ ઉત્તરાધિકારી નહીં હોવા છતાં પણ આ આશ્રમમાં જ્ઞાનીની આજ્ઞા અનુસાર ભક્તિ, સત્સંગનો નિશ્ચિત કાર્યક્રમ એકધારો પ્રવર્તી રહ્યો છે. આ આશ્રમમાં આવનાર તથા રહેનાર દરેક મુમુક્ષુ ભાઈ-બહેનોએ ભક્તિ સ્વાધ્યાયના કાર્યક્રમમાં હાજરી આપી ભાગ લેવો આવશ્યક છે. દરેકે માત્ર આત્માર્થે સત્સંગ, ત્યાગ, ભક્તિ આદિ અર્થે રહેવાનું છે. કોઈ પણ વિષયકષાય કે પ્રમાદ અર્થે આશ્રમમાં રહેવાની મનાઈ છે.

સંવત ૧૯૫૪ માં પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીની વસો ગામે સ્થિતિ હતી ત્યારે પરમકૃપાળુદેવ ત્યાં પધાર્યા હતા. તે વખતે પ.પૂ. પ્રભુશ્રીજીને પરમકૃપાળુદેવે, જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનો આત્માર્થે સાધન માગે તેને સાત વ્યસન અને સાત અભક્ષ્ય વસ્તુઓ આદિના ત્યાગપૂર્વક નિત્યનિયમના પાઠો સાથે ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'' મંત્ર આપવાની આજ્ઞા કરી હતી. આ પ્રમાણે પરમકૃપાળુદેવે વર્તમાન કાળમાં મોક્ષમાર્ગ પ્રગટ કર્યો તથા તેને જગતમાં પ્રવર્તાવવાનો અધિકાર પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીને આપ્યો. આ અધિકારને અનુસરીને પ્રભુશ્રીજીએ આશ્રમ માટે આ આરાધના ક્રમ યોજ્યો છે. આ વિષે પૂ.શ્રી બ્રહ્મચારીજી બોધામૃત ભાગ-૩ પત્રાંક ૯૮૦માં જણાવે છે કે :—

**''પ.પૂ. પ્રભુશ્રીજીએ જે કાર્યક્રમ આશ્રમ માટે ગોઠવ્યો છે તે બહુ દીર્ઘદૃષ્ટિ વાપરી ચોક્કસ કર્યો છે. તેમાં રસ ન આવે તેટલી જીવને મુમુક્ષુતાની ખામી છે. પોતાની કલ્પનાએ પ્રવર્તવામાં આવે તેમાં તેને કંઈક રસ જણાય, પણ સ્વચ્છંદ પોષાય છે અને તે સંસારનું કારણ છે એમ વિચારી જ્ઞાનીપુરુષને માર્ગે મનને વાળવું એ જ હિતકારી છે. ન માને તો મનને હઠ કરી ક્રમમાં જોડવું હિતકર છે.''**



***પ.પૂ. પ્રભુશ્રીજીએ પોતાના દેહોત્સર્ગના થોડા દિવસ અગાઉ સં. ૧૯૯૨ના ચૈત્ર વદ ૫ ના પવિત્ર દિવસે આ આજ્ઞાધર્મની સોંપણી પૂ.શ્રી બ્રહ્મચારીજીને કરી હતી. પૂ.શ્રી બ્રહ્મચારીજીના દેહોત્સર્ગ ધર્મસ્થાને એ નિત્યનિયમની આજ્ઞા તથા સ્મરણમંત્ર વિષે સમજણ આપતો પ.પૂ. પ્રભુશ્રીજીના ઉપદેશબોધ સાથે એક શિલાલેખ મૂકવામાં આવ્યો છે. આ શિલાલેખમાં બતાવ્યા પ્રમાણે આજે પણ ઘણા સત્સાધકો ''સંતના (પ્રભુશ્રીજીના) કહેવાથી કૃપાળુદેવની આજ્ઞા મારે માન્ય છે'' (ઉ૦ પૃ૦ ૨૭૩) એવી ભાવના કરી એ સ્થાનેથી પરમ-કૃપાળુદેવની પ્રત્યક્ષ આજ્ઞા શ્રદ્ધાપૂર્વક માન્ય કરી, આરાધવાનો નિયમ લે છે.***

આશ્રમમાં સાત વ્યસન, સાત અભક્ષ્ય, કંદમૂળ, રાત્રિભોજનનો સર્વથા ત્યાગ રાખવો. બ્રહ્મચર્ય પાલન આશ્રમમાં આવનાર અને રહેનાર માટે અનિવાર્ય અને આવશ્યક છે. આશ્રમનો એ મૂળભૂત પાયો છે. આ આશ્રમ સંબંધી પ. પૂ. પ્રભુશ્રીજી ઉપદેશામૃતમાં જણાવે છે :—

**''આ જગા કેવી છે, જાણો છો? દેવસ્થાનક છે! અહીં જેણે આવવું તેણે લૌકિકભાવ બહાર, દરવાજા બહાર મૂકીને આવવું, અહીં આત્માનું યોગબળ વર્તે છે.'' (પૃ૦ ૨૬૯) ''આ આશ્રમમાં કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રની આણ વર્તે છે. તે મહાન અદ્ભુત જ્ઞાની છે. આ પુણ્યભૂમિનું માહાત્મ્ય જુદું જ છે. અહીં રહેનારા જીવો પણ પુણ્યશાળી છે.'' (પૃ૦ ૪૩૩)**

આશ્રમમાં મુમુક્ષુઓને રહેવા અને જમવાની સારી વ્યવસ્થા છે. પર્વના દિવસોમાં હજારોની સંખ્યામાં મુમુક્ષુઓ આવી લાભ લે છે.

આશ્રમના પુસ્તક વેચાણ વિભાગમાં આશ્રમથી પ્રકાશિત થયેલા ૧૨૦ થી વધારે પ્રકાશનોનું વેચાણ થાય છે, જેમાં શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળ હસ્તક ચાલતી શ્રીમદ્ રાજચંદ્ર જૈનશાસ્ત્રમાળાના નામે પ્રકાશિત થયેલા શાસ્ત્રોનો પણ સમાવેશ થાય છે. (એ પુસ્તકોની સૂચિ આ પુસ્તકમાં આપેલ છે.)

વહીવટી કાર્યાલયની ઉપર પહેલે માળે નમૂનેદાર જૈન સાહિત્ય સંગ્રહ સ્થાન

છે. જ્યાં ૫૦૦ થી વધુ શાસ્ત્રોનો સંગ્રહ છે, જેમાં ઘણાં શાસ્ત્રો હસ્તલિખિત છે. આ શાસ્ત્રો વધારે સમય ટકે તે માટે એ બધાને લેમીનેટ કરી વ્યવસ્થિત રીતે રાખવામાં આવેલ છે.

આ આશ્રમનું સંચાલન સંવત ૧૯૮૦ના ચૈત્ર સુદ ૫, તા. ૯-૪-૧૯૨૪ના રોજ પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીએ કરેલ ટ્રસ્ટડીડ પ્રમાણે અને ત્યારબાદ ગુજરાત રાજ્યના માનનીય ચેરીટી કમિશનરશ્રીએ બનાવી આપેલ 'સ્કીમ'ની કલમોને આધીન ટ્રસ્ટીમંડળ દ્વારા કરવામાં આવે છે. સુજ્ઞ વાચક સારી રીતે સમજી શકશે કે પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી સ્થાપિત આ આશ્રમમાં તેઓશ્રીની આજ્ઞા અનુસાર શ્રી સનાતન જૈન ધર્મની પ્રણાલી માન્ય છે. ધર્મનો એ ધોરીમાર્ગ અહીં સતત વહેતો રહે તે માટે આશ્રમનું ટ્રસ્ટીમંડળ તેમજ અન્ય સમજુ મુમુક્ષુવર્ગ હંમેશાં સજાગપણે પ્રયત્નશીલ છે, તેમ છતાંયે મિથ્યા માન્યતાવાળાઓનું પરિબળ પણ ચોતરફ દૃષ્ટિગોચર થાય છે. આ સંજોગોમાં આશ્રમની સત્ પ્રણાલીમાં હસ્તક્ષેપ કરી તેના મૂળ ધ્યેય અને આદર્શને નુકસાન પહોંચાડવાની ચેષ્ટા કરતા આવા તત્ત્વોથી ચેતતા રહેવાની અને વખત આવ્યે તેનો પ્રતિકાર કરવાની આપણા સૌની પવિત્ર ફરજ છે. આશ્રમનું અસ્તિત્વ જ જેને આધારે ટકી રહ્યું છે એવા આ પ્રાણપ્રશ્નના રક્ષણ માટે ટ્રસ્ટીમંડળ આપ સૌનો સહકાર વાંચ્છે છે. આત્મકલ્યાણના એક અનન્ય સ્થાન તરીકે જેઓ આ તીર્થભૂમિને ગણે છે તેઓ (આપણા આ આશ્રમના સૌ વ્યવહાર અને પરમાર્થના હિતચિંતક) તરફથી સંપૂર્ણ સહયોગ મળશે જ, એવી ટ્રસ્ટીમંડળ શ્રદ્ધા રાખે છે.

અંતમાં ફરીથી જણાવવાનું કે શ્રી સનાતન જૈન વીતરાગ માર્ગની ઉપાસના અને આરાધના અર્થે જ આ આશ્રમ છે. આ મૂળ ધ્યેયને સન્માન આપી ભાવપૂર્વક ટેકો આપી સર્વ મુમુક્ષુઓ આ આશ્રમનું ગૌરવ વધારે એવી નમ્ર વિનંતી છે.

**આશ્રમના સંપર્ક માટે :–** શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, સ્ટેશન અગાસ
(આણંદથી ખંભાત લાઈન ઉપર ત્રીજું સ્ટેશન)
પોસ્ટ : બોરીઆ-૩૮૮૧૩૦ વાયા : આણંદ (પશ્ચિમ રેલ્વે)
ટેલીફોન : ૦૨૬૯૨-૨૮૧૭૭૮ ફેક્સ : ૦૨૬૯૨-૨૮૧૩૭૮
E-mail ID: info@agasashram.org



## શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસના પ્રકાશનો
## ગુજરાતી પ્રકાશન

| | |
|---|---|
| ૧. અધ્યાત્મરસ-તરંગ | રૂા. ૪/- |
| ૨. આશ્રમ પરિચય-અમૃત મહોત્સવ | રૂા. ૫/- |
| ૩. આઠ દૃષ્ટિની સજ્ઝાય | રૂા. ૩/- |
| ૪. આત્મસિદ્ધિ શાસ્ત્ર (અર્થ સહિત) -શ્રીમદ્ રાજચંદ્રના હસ્તાક્ષરમાં | રૂા.૧૨૫/- |
| ૫. આત્મસિદ્ધિ-વિવેચન | રૂા. ૩/- |
| ૬. આત્મસિદ્ધિશાસ્ત્ર | રૂા. ૨/- |
| ૭. આત્મસિદ્ધિશાસ્ત્ર (અર્થ સહિત) | રૂા. ૫/- |
| ૮. આત્મસિદ્ધિશાસ્ત્ર 'રાજ' જ્યોતિ-મહાભાષ્ય | રૂા. ૩૦/- |
| ૯. આલોચનાદિ પદ સંગ્રહ | રૂા. ૪/- |
| ૧૦. આલોચનાદિ પદ સંગ્રહ (સંક્ષિપ્ત) | રૂા. ૫/- |
| ૧૧. કર વિચાર તો પામ | રૂા. ૭/- |
| ૧૨. મોટું કેલેન્ડર | રૂા.૧૦૦/- |
| નાનું કેલેન્ડર | રૂા. ૧૦/- |
| ૧૩. ચૈત્યવંદન ચોવીશી | રૂા. ૫/- |
| ૧૪. જ્ઞાનમંજરી | રૂા. ૪/- |
| ૧૫. તત્ત્વજ્ઞાન (શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત) | રૂા. ૩/- |
| ૧૬. તત્ત્વજ્ઞાન-તરંગિણી | રૂા. ૧૨/- |
| ૧૭. તીર્થપરિચય | રૂા. ૨૦/- |
| ૧૮. ધર્મામૃત | રૂા. ૧૫/- |
| ૧૯. નાની છ પુસ્તિકાઓનો સેટ | રૂા. ૧૦/- |
| ૨૦. નાની ત્રણ પુસ્તિકાઓનો સેટ :- | |
| નિત્યક્રમ : પ્રાતઃકાળ | રૂા. ૨/- |
| નિત્યક્રમ : મધ્યાહ્નકાળ | રૂા. ૨/- |
| નિત્યક્રમ : સાયંકાળ | રૂા. ૨/- |
| ૨૧. નિત્યક્રમ | રૂા. ૧૦/- |
| ૨૨. નિત્યનિયમાદિ પાઠ (ભાવાર્થ સહિત) | રૂા.૧૦/- |
| ૨૩. નિયમસાર - કળશ | રૂા. ૫/- |
| ૨૪. પત્રશતક-(શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત) | રૂા.૫/- |
| ૨૫. પરમાત્મપ્રકાશ | રૂા. ૧૦/- |
| ૨૬. પંચાસ્તિકાય | રૂા. ૧/- |
| ૨૭. પૂજાસંચય | રૂા. ૧૦/- |
| ૨૮. પ્રત્યક્ષ સત્પુરુષ પરમકૃપાળુદેવ શ્રીમદ્-રાજચંદ્ર | રૂા. ૫/- |
| ૨૯. મુનિ પ્રત્યે | રૂા. ૫/- |
| ૩૦. મોક્ષમાળા (ભાવનાબોધ સહિત) | રૂા. ૫/- |
| ૩૧. રાજપદ (શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત) | રૂા. ૩/- |
| ૩૨. રાજપ્રશ્ન | રૂા. ૨૦/- |
| ૩૩. વિહરમાન જિન-સ્તવન | રૂા. ૩/- |
| ૩૪. શ્રીમદ્ રાજચંદ્ર (વચનામૃત) | રૂા. ૧૦/- |
| ૩૫. શ્રીમદ્ રાજચંદ્ર (વચનામૃત) ત્રણ ભાગમાં મોટા ટાઈપમાં | રૂા. ૫૦/- |
| ૩૬. શ્રીમદ્ રાજચંદ્ર (વચનામૃત) આર્ટ પેપર | રૂા.૧૦૦/- |
| ૩૭. શ્રીમદ્ રાજચંદ્ર આત્મકથા | રૂા. ૬/- |
| ૩૮. શ્રીમદ્ રાજચંદ્ર ઉપદેશછાયા | રૂા. ૩/- |
| ૩૯. કાવ્ય-અમૃત ઝરણા (ભાવાર્થ સહિત) | રૂા. ૪/- |
| ૪૦. શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા | રૂા. ૫/- |
| ૪૧. શ્રીમદ્ રાજચંદ્ર જીવનચરિત (સંક્ષિપ્ત) | રૂા. ૧/- |
| ૪૨. શ્રીમદ્ રાજચંદ્ર જીવન-સાધના | રૂા. ૧૦/- |
| ૪૩. શ્રીમદ્ રાજચંદ્ર નિર્વાણ શતાબ્દી-સ્મારક ગ્રંથ | રૂા. ૧૦/- |
| ૪૪. શ્રીમદ્ લઘુરાજસ્વામી (પ્રભુશ્રીજી) ઉપદેશામૃત | રૂા. ૧૦/- |
| ૪૫. શ્રીમદ્ લઘુરાજસ્વામી (પ્રભુશ્રીજી)નું જીવનચરિત્ર | રૂા. ૩/- |
| ૪૬. સમયસાર | રૂા. ૮/- |
| ૪૭. સમયસાર 'અમૃતજ્યોતિ' મહાભાષ્ય ભાગ-૧ અને ભાગ-૨ (સેટ) | રૂા. ૬૦/- |
| ૪૮. સમાધિ - સાધના | રૂા. ૫/- |
| ૪૯. સમાધિ - સોપાન | રૂા. ૧૦/- |
| ૫૦. સહજસુખ-સાધન | રૂા. ૧૦/- |
| ૫૧. સાક્ષાત્ સરસ્વતી | રૂા. ૨/- |
| ૫૨. સુબોધ સંગ્રહ (સ્ત્રી-નીતિબોધક ગરબાવલી સહિત) | રૂા. ૩/- |
| ૫૩. શ્રી સોભાગ પ્રત્યે | રૂા. ૫/- |
| ૫૪. સ્નાત્રપૂજા | રૂા. ૧/- |
| ૫૫. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા | રૂા. ૧૫/- |
| ૫૬. શ્રીમદ્ રાજચંદ્ર જીવનકથા (સચિત્ર) | રૂા. ૧૦/- |
| ૫૭. ઉપદેશામૃત દૃષ્ટાંતકથાઓ | રૂા. ૩/- |
| ૫૮. ગાંધીજીના પ્રશ્નો અને શ્રીમદ્જીના ઉત્તર (અંગ્રેજી અનુવાદ સાથે) | રૂા. ૨/- |
| ૫૯. પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજી સાર્ધ શતાબ્દી-સ્મારકગ્રંથ | રૂા. ૫૦/- |
| ૬૦. સદ્ધા પરમ દુલ્લહા | રૂા. ૫/- |
| ૬૧. અનિત્ય પંચાશત્ તથા હૃદયપ્રદીપ | રૂા. ૨/- |

**देवनागरी लिपि (भाषा गुजराती) में प्रकाशित**

| | | |
|---|---|---|
| १. | आत्मसिद्धि शास्त्र | रु. २/- |
| २. | आलोचनादि पद संग्रह (संक्षिप्त) | रु. ५/- |
| ३. | चैत्यवंदन चौवीशी | रु. ७/- |
| ४. | तत्त्वज्ञान | रु. २/- |
| ५. | नित्यक्रम | रु. ८/- |
| ६. | नित्यक्रमकी तीन पुस्तिकाएँ | रु. ६/- |
| ७. | पूजासंचय | रु. ७/- |

**हिन्दी अनुवाद**

| | | |
|---|---|---|
| १. | आत्मसिद्धिशास्त्र (अर्थ सहित) | रु. ५/- |
| २. | कर विचार तो पाम | रु. ७/- |
| ३. | नित्यनियमादि पाठ (भावार्थयुक्त) | रु. ८/- |
| ४. | पत्रशतक | रु. ३/- |
| ५. | मोक्षमाला (भावनाबोध सहित) | रु. ५/- |
| ६. | श्रीमद् राजचंद्र | रु.१०/- |
| ७. | श्रीमद् राजचंद्र उपदेशछाया | रु. ३/- |
| ८. | श्रीमद् राजचंद्र - जीवनकला | रु. ५/- |
| ९. | श्रीमद् राजचंद्र जीवनचरित्र (संक्षिप्त) | रु. १/- |
| १०. | श्रीमद् राजचंद्र जीवन-साधना | रु.१०/- |
| ११. | छोटी छह पुस्तिकाओंका सेट | रु.१०/- |
| १२. | उपदेशामृत | रु.१०/- |
| १३. | श्रीमद् राजचंद्र जीवनकथा (सचित्र) | रु.१०/- |
| १४. | गांधीजीके प्रश्न तथा श्रीमद्जीके उत्तर (अंग्रेजी अनुवादके साथ) | रु.१/- |
| १५. | मोक्षमाला प्रवेशिका | रु.५/- |

**English Publications**

| | | |
|---|---|---|
| 1. | Shrimad Rajchandra : A Life | Rs.10/- |
| 2. | Shrimad Rajchandra : A Pictorial Biography | Rs.10/- |
| 3. | The Self Realization (Atmasiddhi) | Rs.10/- |
| 4. | Bhavana Bodh | Rs. 2/- |
| 5. | Nityakram (Roman English) | Rs.10/- |
| 6. | Small Books Set (Five Books) | Rs.10/- |
| 7. | Laghurajswami Life | Rs. 5/- |
| 8. | Brahmchariji Life | Rs. 5/- |
| 9. | Apoorva Avsar | Rs. 5/- |
| 10. | Jeevankala | Rs.10/- |
| 11. | Mokshamala | Rs.10/- |
| 12. | Introduction of Ashram | Rs. 5/- |

**શ્રી લઘુરાજ સ્મારક ગ્રંથમાળા**

| | | |
|---|---|---|
| ૧. | ગ્રંથ યુગલ (લઘુયોગવાસિષ્ઠસાર અને સમાધિશતક) | રૂા. ૪/- |
| ૨. | તત્ત્વાર્થસાર | રૂા. ૧/- |
| ૩. | પ્રજ્ઞાવબોધ (મોક્ષમાળા-પુસ્તક ચોથું) | રૂા. ૮/- |
| ૪. | બોધામૃત ભાગ ૧ | રૂા.૧૦/- |
| ૫. | બોધામૃત ભાગ ૨ (વચનામૃત વિવેચન) | રૂા.૧૦/- |
| ૬. | બોધામૃત ભાગ ૩ (પત્રસુધા) | રૂા.૧૦/- |
| ૭. | પૂ.શ્રી બ્રહ્મચારીજી જન્મશતાબ્દી-સ્મારક ગ્રંથ | રૂા. ૮/- |
| ૮. | પ. પૂ. બ્રહ્મચારીજી : જીવનરેખા | રૂા. ૧/- |
| ૯. | મોક્ષમાળા - પ્રવેશિકા | રૂા. ૫/- |
| ૧૦. | મોક્ષમાળા વિવેચન | રૂા. ૫/- |
| ૧૧. | શ્રીમદ્ રાજચંદ્ર અર્ધશતાબ્દી-સ્મારક ગ્રંથ | રૂા.૧૦/- |

**श्री परमश्रुतप्रभावक मण्डल संचालित श्रीमद् राजचंद्र जैन शास्त्रमाला**

| | | |
|---|---|---|
| १. | इष्टोपदेश | रु. १२/- |
| २. | इष्टोपदेश (संक्षिप्त) | रु. ३/- |
| ३. | क्रियाकोष | रु.३६/- |
| ४. | गोम्मटसार कर्मकाण्ड | रु.२१/- |
| ५. | गोम्मटसार जीवकाण्ड | रु.३०/- |
| ६. | ज्ञानार्णव | रु.२१/- |
| ७. | तत्त्वसार | रु.१५/- |
| ८. | द्रव्यानुयोगतर्कणा | रु.२४/- |
| ९. | न्यायावतार | रु.१२/- |
| १०. | परमात्मप्रकाश (संक्षिप्त) | रु. ५/- |
| ११. | परमात्मप्रकाश और योगसार | रु.३०/- |
| १२. | पञ्चास्तिकाय | रु.१८/- |
| १३. | पुरुषार्थसिद्ध्युपाय | रु.१२/- |
| १४. | प्रवचनसार | रु.३३/- |
| १५. | प्रशमरतिप्रकरण | रु. ९/- |
| १६. | बृहद्द्रव्यसंग्रह | रु.२१/- |
| १७. | लब्धिसार (क्षपणासार गर्भित) | रु.४२/- |
| १८. | सप्तभंगीतरंगिणी | रु. ९/- |
| १९. | सभाष्यतत्त्वार्थाधिगमसूत्र (मोक्षशास्त्र) | रु.३०/- |
| २०. | समयसार | रु.३३/- |
| २१. | स्याद्वादमञ्जरी | रु.१८/- |
| २२. | स्वामिकार्त्तिकेयानुप्रेक्षा | रु.३९/- |
| २३. | અધ્યાત્મ રાજચંદ્ર | રૂા.૩૦/- |
| २४. | અષ્ટપ્રાભૃત | રૂા.૧૨/- |
| २५. | આત્માનુશાસન | રૂા.૧૫/- |

**(વિસ્તૃત સૂચીપત્ર જોઈએ તો મંગાવવું.)**



**આ ગ્રંથના પ્રકાશનમાં સહયોગ આપનાર દાતાઓની નામાવલી**

| રકમ | નામ | ગામ |
|---|---|---|
| ૧૧,૫૫૫ | શ્રી પારસભાઈ એમ. જૈન તથા ભાવનાબેન પી. જૈન | અગાસ આશ્રમ |
| ૧૧,૦૦૦ | શ્રી ઉમેશભાઈ કેશવભાઈ પટેલ | ધામણ-U.S.A. |
| ૧૧,૦૦૦ | શ્રી માધવીબેન ઉમેશભાઈ પટેલ | ધામણ-U.S.A. |
| ૫,૦૦૧ | શ્રી અભયકુમાર નવરતનભાઈ મહેતા | સુરત |
| ૫,૦૦૦ | શ્રી રામભાઈ કરશનભાઈ પટેલ હા. ભવનભાઈ રામભાઈ પરિવાર | કોલાસણા |
| ૩,૦૦૦ | શ્રી હરસુખભાઈ દેસાઈ હા. નીતિનભાઈ દેસાઈ | મુંબઈ |
| ૨,૯૨૧ | શ્રી ખુશીબેન ઉમેશભાઈ પટેલ | ધામણ-U.S.A. |
| ૨,૫૦૦ | શ્રી જાનવીબેન ઉમેશભાઈ પટેલ | ધામણ-U.S.A. |
| ૨,૧૧૧ | શ્રી સ્મીતાબેન વસંતભાઈ શાહ | મુંબઈ |
| ૨,૦૦૦ | શ્રી સંજયભાઈ ભૂપેન્દ્રભાઈ શાહ | અંધેરી |
| ૨,૦૦૦ | શ્રી મણીલાલ મૂલચંદભાઈ શાહ | મુંબઈ |
| ૧,૫૦૦ | શ્રી જયાબેન વિપીનભાઈ શાહ | ઈન્દોર |
| ૧,૧૧૧ | શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન મંદિર, હા. પ્રેમરાજજી | યવત્માલ |
| ૧,૧૧૧ | શ્રી ધનવંતીબેન લક્ષ્મીચંદ છેડા | કચ્છ-ગોધરા |
| ૧,૦૦૧ | શ્રી મંજુલાબેન હિંમતલાલ શાહ | અગાસ આશ્રમ |
| ૧,૦૦૧ | શ્રી શીલાબેન દિપકભાઈ શાહ | અગાસ આશ્રમ |
| ૧,૦૦૧ | શ્રી જયાબેન વીસનજી મારૂ | બીદડા |
| ૧,૦૦૧ | શ્રી કુસુમબેન હસમુખભાઈ શાહ | મુંબઈ |
| ૧,૦૦૧ | શ્રી સ્મીતાબેન વિપુલભાઈ શાહ | સીંગાપોર |
| ૧,૦૦૦ | સ્વ૦ ડૉ. પ્રવીણચંદ્ર અમૃતલાલ શાહ હા. શ્રી જિતેન્દ્રભાઈ એ. શાહ | પાલનપુર |
| ૧,૦૦૦ | શ્રી કૃતિકાબેન કલ્પેશભાઈ પટેલ | લંડન |
| ૧,૦૦૦ | શ્રી કલ્પેશભાઈ પટેલ | લંડન |

| | | |
|---|---|---|
| ૧,૦૦૦ | શ્રી જયકુમાર કલ્પેશભાઈ પટેલ | લંડન |
| ૧,૦૦૦ | શ્રી મિહીરકુમાર કલ્પેશભાઈ પટેલ | લંડન |
| ૧,૦૦૦ | શ્રી નમિતા વિક્રમભાઈ ફીરોદીયા | અહમદનગર |
| ૧,૦૦૦ | શ્રી નિર્મળાબેન રમણભાઈ ભક્ત | બાજીપુરા |
| ૧,૦૦૦ | શ્રી લક્ષ્મીબેન મોતીભાઈ ભક્ત | સિસોદરા |
| ૧,૦૦૦ | શ્રી રાજ મહેન્દ્રભાઈ શાહ | હૈદ્રાબાદ |
| ૯૦૧ | શ્રી કુસુમબેન કનુભાઈ દેસાઈ | ઘાટકોપર |
| ૯૦૧ | શ્રી મોનાબેન નીખીલભાઈ ગાંધી | કાંદીવલી |
| ૫૫૧ | શ્રી હંસાબેન વિનયકાંત શેઠ | મુંબઈ |
| ૫૦૧ | શ્રી કાંતિલાલ દેવજીભાઈ દેઢીયા | ઘાટકોપર |
| ૫૦૧ | શ્રી ધનવંતીબેન કાંતિલાલ દેઢીયા | ઘાટકોપર |
| ૫૦૧ | શ્રી મણીબેન રામુભાઈ પટેલ | ખરવાસા |
| ૫૦૧ | શ્રી હસમુખભાઈ શંભુલાલ માસ્તર પરિવાર | સુરત |
| ૫૦૧ | શ્રી લીલાબેન જે. રાવ અમીન | વીરસદ |
| ૫૦૧ | શ્રી વાલીબેન જગુભાઈ પટેલ પરિવાર | U.S.A. |
| ૫૦૧ | શ્રી લતાબેન મહેન્દ્રભાઈ પટેલ પરિવાર | બારડોલી |
| ૫૦૦ | શ્રીમદ્ રાજચંદ્ર મુમુક્ષુ મંડળ | મીરારોડ |
| ૫૦૦ | શ્રી માસુમી સમીરભાઈ પટેલ | મુંબઈ |
| ૫૦૦ | શ્રી ઈન્દ્રકુમાર ઓટરમલજી સાટીયા | હુબલી |
| ૫૦૦ | શ્રી આઈ. સી. ટી. ઇન્ડસ્ટ્રીઝ | મુંબઈ |
| ૫૦૦ | શ્રી કંચનબેન અજીતભાઈ ગાંધી | વડોદરા |
| ૫૦૦ | શ્રી સેફાલીબેન કિરીટભાઈ પટેલ | અગાસ આશ્રમ |
| ૫૦૦ | શ્રી પ્રતીકકુમાર કિરીટભાઈ પટેલ | U.S.A. |
| ૫૦૦ | સ્વ૦ સુરેશકુમાર શાંતિલાલજી જૈન હા. રમણલાલ જૈન | ભેંસવાડા |
| ૫૦૦ | શ્રી સીતાબેન જીવણભાઈ ભક્ત | નવસારી |
| ૫૦૦ | શ્રી રીયાનકુમાર શિરીષભાઈ પટેલ | નવસારી |
| ૫૦૦ | શ્રી દૂધીબેન ગુલાબભાઈ પટેલ | સડોદરા |
| ૫૦૦ | શ્રી સવિતાબેન રાવજીભાઈ પટેલ | અગાસ આશ્રમ |